વજહે દીન

*

મૂળ લેખક ફારસીમાં

સૈયદના દાઈ નાસિર ખુશરૂ (રહે.)

*

ભાષાંતર કર્તા

ડૉ. ગુલામ અબ્બાસ દલાલ

એમ. એ. પી. એચ. ડી.

*

પ્રસ્તાવના :

ડૉકટર કલ્પના દેસાઈ

એમ. એ. પી. એચ. ડી.

ક્યુરેટર, પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ મુંબઈ

*

: પ્રકાશક–પ્રાપ્તિસ્થાન :

દારૂલ ઈલ્મ પ્રકાશન

૧૬, ઈમામવાડા રોડ, કરીમાબાદ, બિલ્ડીંગ નં. ૨

૪થા માળે, રૂમ નં. ૯૩, મુંબઈ ૪૦૦ ૦૦૯

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૧

મૂલ્ય : રૂા. ૫૧=૦૦

*

સૈયદના દાઈ નાસિર ખુશરૂ રહે. ની

અમર કૃતિ

વજહે દીન

*

ભાષાંતર કર્તા :

ડૉ. ગુલામ અબ્બાસ દલાલ એમ. એ, ટી; ડી; પી એચ ડી.

*

પ્રકાશક-પ્રાપ્તિસ્થાન :

દારૂલ ઇલ્મ પ્રકાશન

નૂરદીન ગુલામહુસેન દરેડિયા

૧૬, ઇમામવાડા રોડ, કરીમાબાદ.

બિલ્ડીંગ નં. ૨, ૪થા માળે.

રૂમ નં. ૯૩, મુંબઇ-૪૦૦૦૦૯.

મુદ્રક :

રાકેશ પ્રિન્ટીંગ પ્રેસ

મુ. સાદરા, તા. દહેગામ,

જી. અમદાવાદ, પી. નં. ૩૮૨૩૨૦

માત્ર થોડો જ સમય મહેરબાન

મારા પ્રથમ પુસ્તક 'સફરનામા'ને મળેલી સફળતાએ અને હકીમ નાસિર ખુસ્રૂ અલવીની આ બીજી અતિ વિખ્યાત કૃતિ 'વજહે-દીન'નો ગુજરાતી તરજુમો કરવાની પ્રેરણા આપી છે. આશા છે કે સાહિત્યપ્રેમી વાંચકો, મારા પ્રથમ સાહસ જેમ આ સાહસને પણ વધાવી લેશે.

"ગર કબૂલ ઉફતદ ઝહે ઇઝઝો શરફ."

"સફરનામા"માં હકીમ અલવીએ, ઇસ્લામી મુલ્કોમાં પોતે કરેલા પ્રવાસનું વર્ણન કર્યું છે. આ પુસ્તકમાં તેમણે ઇસ્લામ મઝહબ અને તેના ઉસૂલો, રોઝા, નમાઝ, ઝકાત, હજ, જેહાદ, ઇત્યાદિ બાબતોની તન્ઝીલ (ઝાહિર) અને તાવીલ (બાતિન), સમજણો આપી છે.

કોઈ પણ ધાર્મિક પુસ્તકનો તેની મૂળ ભાષામાંથી બીજી ભાષામાં તરજુમો કરવો, અનુવાદક માટે સહેલું કાર્ય નથી. આ કિતાબમાં આવતા કેટલાક શબ્દો એવા છે કે જેનો ગુજરાતી ભાષામાં તરજુમો કરી શકાય તેમ નથી.

દાખલા તરીકે—નાતિક, અસાસ, ઈમામ, હુજ્જત, અકલેકુલ, નફસેકુલ, જદ, ફત્હ, ખ્યાલ ઇત્યાદી. મેં પણ આવા શબ્દોનો તરજુમો ન કરતા, તેને મૂળ ભાષામાં જ રહેવા દીધા છે. છતાં કેટલીક ઠેકાણે આવા શબ્દો મારી શક્તિ પ્રમાણે સરળ ભાષામાં સમજાવવાનો પ્રયત્ન કીધો છે.

આ પુસ્તક ગુજરાતી સાહિત્ય પુસ્તક નથી. એટલા માટે તે શુદ્ધ ગુજરાતી ભાષામાં લખાયું નથી. તેમ જ શબ્દોની જોડણી બાબત પણ ખાસ ધ્યાન આપવામાં આવ્યું નથી. મુસ્લિમ વાંચકો સહેલાઈથી સમજી શકે તે કારણે મેં આ પુસ્તકમાં ઉર્દૂ–ગુજરાતી (મિશ્રણ) ઝબાન વાપરી છે.

"વજહે–દીન" મૂળ ફારસી ભાષામાં લખાયું હતું. બાદમાં તેનો અરબી તરજુમો પણ થયો હતો. બર્લિન (જરમની)થી શિરકત કાવ્યાની નામની પ્રકાશન સંસ્થાએ હિ. સ. ૧૩૪૩માં આ કિતાબની આવૃત્તિઓ બહાર પાડેલી હતી. એમ કહેવાય છે કે જર્મન અને ફ્રેંચ ભાષામાં પણ આનો તરજુમો થયો છે પણ હાલમાં તે ક્યાંયે મળતી નથી.

પ્રસ્તાવના લખવા બદલ હું "પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ"ના ક્યૂરેટર મારા માનવંત બ્હેન ડૉકટર કુમારી કલ્પના દેસાઈનો અંતઃકરણથી આભાર માનું છું. કલ્પના-બ્હેન મારી દરેક પ્રવૃત્તિમાં રસ લે છે અને મારા સંશોધન કાર્યમાં પણ મને ઉપયોગી માર્ગદર્શન આપે છે. ઈશ્વર તેમને દીર્ઘ આયુષ્ય આપે.

મારા અઝીઝ દોસ્ત ભાઈ નૂરૂદ્દીન દરેડિયાને ભલા હું કેમ ભૂલું ? આ સાહિત્યપ્રેમી મિત્રનો પણ હું ખરા દિલથી આભાર માનું છું જેમણે શ્રમ અને કષ્ટ લઈ આ કિતાબ પ્રગટ કરવાની જવાબદારી ઉપાડી લીધી છે. પરવરદિગાર ભાઈ નૂરૂદ્દીનને લાંબી જિંદગી બક્ષે અને ઈસ્માઈલી જમાતની સેવા કરવાની તૌફીક આપે.

ફારસી અને ઉર્દૂ ભાષાની તાલીમ મેં બાલ્યાવસ્થામાં મશહૂર નાટ્યકાર મરહૂમ આગા હશ્ર કાશ્મીરી પાસેથી લીધી છે. ત્યારપછી સેંટ ઝેવ્યર્સ કોલેજમાં, વિદ્યાર્થી-જીવન દરમિયાન ફારસી ભાષાના પ્રખર પ્રોફેસરો, સઈદ રઝા, નમાઝી, અને ખલીલ દેહદસ્તી પાસેથી મને ઈરાની ઝબાન શિખવાનો અમૂલ્ય લાભ મળ્યો. તદુપરાંત ઈસ્માઈલ યુસુફ કોલેજના પ્રિન્સિપલ ડોકટર બઝલુર્રેહમાન અને પ્રોફેસર ઇબ્રાહીમ સાયાની પાસેથી પણ મેં ફારસીની તાલીમ લીધી છે. આ પ્રસંગે હું મારા ઉસ્તાદોને અંજલી આપવાની તક લઉં છું.

અંતમાં આશા રાખું છું કે વાંચકો આ પુસ્તકમાંથી પવિત્ર ઇસ્લામ મઝહબ બાબત જાણકારી મેળવી તે પર અમલ કરશે, કિતાબમાં રહેલી ખામીઓને નઝરઅંદાઝ કરશે અને સફરનામા જેમ આ પુસ્તકનો પણ સ્વીકાર કરી મને બીજા ફારસી પુસ્તકોનો પણ અનુવાદ કરવાની તક અને ઉત્તેજન આપશે. ખુદાહાફિઝ.

—ગુલામઅબ્બાસ દલાલ

For M/s. A HIRALAL AND CO.
Proprietor

૭૮૬
―――
૧૧૦

હકીમ નાસિર ખુસરૂ અલવી કૃત ‘વજહેદીન’

લેખક અને કિતાબ વિષે થોડુંક.

‘હકીમ નાસિર ખુસરૂ અલવી જેઓ ‘હુજ્જત’નો લકબ ધરાવતા હતા, તેમણે પોતાની જગવિખ્યાત કિતાબ ‘સફરનામા’ની શરૂઆતમાં પોતાનું પૂરૂં નામ “અબુ મોઃઅય્યન બિન નાસિર બિન ખુસરૂ અલ કહ્દિયાની અલ મરૂઝી” જણાવેલું છે. તેમના જન્મ અને મરણની તારીખ બાબતમાં ઇરાની અને યુરોપીયન ઇતિહાસવેત્તાઓ એક મંત નથી. પરંતુ કેટલાક સનદવંતા પુસ્તકો ઉપરથી જાણવા મળે છે કે હકીમ નાસિરનો જન્મ હિ. સ. ૩૯૪માં થયો હતો અને હિ. સ. ૪૮૧માં તેઓ વફાત થયા હતા. આ હિસાબે તેઓની ઉમર ૮૭ વરસની ગણાય. પણ કેટલાક લેખકો તેઓની ઉંમર ૧૪૦ની બતાવે છે. પરંતુ આ કહેવાનો મજબૂત પુરાવો મળતો નથી.

હકીમ નાસિર મક્કા, મદીના, જીદ્દા, ઇરાક, મિસ્ર, યમન વગેરે દેશોની અને શહેરોની લાંબી મુસાફરી કરી પોતાના પ્રખ્યાત શહેર ખુરાસાનમાં ઠરીઠામ થયા હતા.

મિસ્રમાં તેઓને ફાતેમી ઇમામ અલ મુસ્તનસિર

બિલ્લાહ (અ. સ.)નો ભવ્ય દરબાર જોવા મળ્યો હતો જેની સંપૂર્ણ વિગત તેઓએ 'સફરનામા'માં આપેલી છે.

મિસ્રમાં હકીમ નાસિરે ઈસમાઈલી મઝહબનો સ્વીકાર કર્યો હતો અને પોતાના વતન પાછા ફર્યા પછી તેની તબલીગ પણ શરૂ કરી હતી. તેઓ પોતાને ઇમામ અલ મુસ્તનસિર (અ. સ.)ના હુજ્જત કહેવડાવતા અને કહેતા:

મર ઉકોલ્લારા બ ખુરાસાન મનમ
બર સફહા હુજ્જતે મુસતનસિરી

(હું ખુરાસાનના અકલમંદોની હરોળમાં મુસતનસિરી હુજ્જત છું.)

કમભાગ્યે ખુરાસાન વાસીઓને નાસિરની પ્રવૃત્તિઓ અને ઈસ્માઈલી મઝહબનો પ્રચાર ગમ્યો નહીં. બગદાદના અબ્બાસી ખલીફાઓ કે જેઓ તે સમયમાં ઇરાનમાં કેટલાક પ્રાંતો પર વર્ચસ્વ ધરાવતા હતા. તેઓએ પણ નાસિર તરફ અણગમો દેખાડયો. આ કારણે તેઓને ખુરાસાનથી હિજરત કરવી પડી. પોતાની જિંદગીના છેલ્લા દિવસો તેઓએ એકાંતમાં ગાળ્યા.

હકિમ નાસિર ખુસરૂ અનેક પુસ્તકો લખી ગયા છે. ઝાદુલ મુસાફિરીન સફરનામા, સઆદતનામા, રોશનાઈનામા, દીવાને અશઆરે નાસિર ખુસરૂ, ખુસ્તાનુલ ઉલખ્વાને અખ્વાન, દલીલુલ મુતહુહરીન, અને વજહેદીન. આ ઉપરાંત

બીજી કેટલીક કિતાબો કે જે આજ સુધી પ્રગટ થઈ નથી. તે પણ નાસિર ખુસરૂની લખેલી માનવામાં આવે છે. જેવી કે અકલીતે આઝમ, કાનૂને આઝમ, દસ્તૂરે આઝમ, અલ મુસ્તવફી દર ઇલ્મે યુનાન અને કનઝુલ હકાએક.

'વજહેદીન'ના લેખક નાસિર પોતે જ છે કે કેમ તે વિષે પણ કેટલાકોને શંકા છે, પરંતુ વજહેદીન એ નાસિરની જ કૃતિ છે એ માનવાને મજબૂત કારણો છે. 'બયાનૂલ અદયાન' નામે એક કિતાબમાં વજહેદીનનો ઉલ્લેખ થયેલો છે અને તેમાં તેના લેખકે મજકુર કિતાબ હકીમ નાસિર ખુસરૂની હોવાનું લખેલું છે.

"વજહેદીન" ઈસ્માઈલી મઝહબની માન્યતાઓ અને તેના ઉસૂલોને લગતી કિતાબ છે. જેણે "ઝાદુલ મુસાફરીન" વાંચી હશે તેને વજહેદીનમાં નાસિરની ભાષા, શૈલી, વિચારો અને માન્યતાઓનો તરત જ ખિયાલ આવી જશે. સારાંશ આ બન્ને કિતાબો એકબીજાથી ઘણેભાગે મળતી આવે છે.

ઘણા સમય પહેલાં એક રશિયન સંશોધકને વજહેદીનની હસ્તલીખિત પ્રત તુર્કસ્તાનમાંથી મળી આવેલી અને તેને તે પ્રત પેટ્રોગ્રાડના મ્યુઝિયમને ભેટ કરી દીધેલી.

જ્યારે ઈરાનમાં આ વાત પ્રસરી તો તરત જ ઈરાની સાહિત્યકારો અને ફારસી ભાષાના પ્રેમીઓએ વજહેદીનને પ્રગટ કરવાનું બીડું ઝડપ્યું. અરબી-ફારસી ભાષાના નિષ્ણાત પ્રોફેસર એડવર્ડજી. બ્રાઉને આ કામ પાર પાડવા

માટે ઉદાર દિલથી નાણાનો ઉપયોગ કર્યો. સૈયદ હસનનકી આદાએ પેટ્રોગ્રાડના મ્યુઝિયમમાં જઈ હસ્તલિખિત પ્રતના ફોટોગ્રાફ લીધા અને ત્યાંથી બર્લીન જઈ પહોંચ્યા.

હિજરી સન ૧૩૪૩માં રબીઉલ અવ્વલના મહીનામાં બર્લીનના કાવ્યાની પ્રેસમાંથી વજહેદીનની પ્રથમ આવૃત્તિ છપાઈને બહાર પડી અને જોતજોતામાં બધી નકલો વેચાઈ પણ ગઈ. આ પુસ્તક પ્રગટ કરવામાં ઈસ્માઈલી મઝહબના જાણકાર મીરઝાં મોહમ્મદ કઝવીની એ ઘણી જહેમત ઉપાડી હતી.

વજહેદીન શરૂઆત—મૂળ પ્રસ્તાવના

જગતનો સર્જનહાર કોણ છે? તે જાણવાની કોશિષ કરનાર અને તેના અણઉકેલ ભેદોને ઉકેલનારને અમે જણાવીએ છીએ કે ખુદાતઆલાએ ઈનસાનને ઉમીદ (આશા) અને ડર (નિરાશા) મેળવવા માટે જ પયદા કર્યા છે. ખુદાએ ઈન્સાનને સારા કામો માટે બહિશ્તમાં જગ્યા આપવાની ઉમીદ અને નઠારા કર્મો માટે દોઝખમાં ધકેલવાનો ડર બતાવેલો છે. મતલબ કે ઈન્સાનના દિલમાં જન્નતની ઉમીદ અને જહન્નમનો ડર તેને સારા કામો કરવા પ્રેરે છે અને બૂરા કામોથી દૂર રહેવાની ચેતવણી આપે છે.

રસુલે અક્રમ મોહમ્મદ મુસ્તફા (સ. અ. વ.) ઇન્સાનને ખુદા તરફ બોલાવે છે અને તેને ખુદાના ફરમાન મુજબ વર્તવાની શિખામણ આપે છે. તેના સામે ત્રણ ચીઝ રજુ

કરવામાં આવે છે. (૧) ઉમીદ જેના ઉપર બન્ને જગતની સલામતી અને નજાતીનો પાયો રચાયો છે. (૨) તલવાર જેનાથી કાપાકાપી અને ખૂનામરકી થાય છે અને તે બન્ને જગતની સુખશાંતિનો નાશ કરે છે. (૩) શરીઅત કે, જે હલાલ અને હરામનો તફાવત સમજાવે છે. જેથી બન્ને જગતમાં સુખશાંતિ અને આરામ મળે છે.

હવે જે ઇન્સાન ખુદાના એહકામોની નાફરમાની કરી ઈમામુઝ ઝમાન (અ. સ.)ની તલવારથી મરી જાય છે, તેનું ન આ જગતમાં ઠેકાણુ છે. ન તે જગતમાં. જે શખ્સ ખુદાના ફરમાન મુજબ ચાલે છે–એટલે જન્નત મેળવવાની ઉમીદમાં સારા કામો કરવામાં રચ્યોપચ્યો રહે છે, તે બન્ને જહાનમાં સલામતી અને નજાતી પામે છે. પરંતુ જે શખ્સ તલવારની બીકથી ઈસ્લામ કબુલ કરે છે. તેને ફક્ત આ જગતમાં જ સલામતી મળે છે, પેલા જગતમાં નજાતી મળતી નથી.

આ ઉપરથી ખુલ્લુ તરી આવે છે કે, જે ઇન્સાન તલવારની બીકથી ઈસ્લામ સ્વીકારે છે તેને બહિશ્તની આશા રાખવી વ્યર્થ છે. આથી ઉલ્ટુ બહિસ્તની ઉમીદ રાખીને જે ઈન્સાન ઈસ્લામ કબુલે છે. અને આ ફાની જગતને તુચ્છ ગણી પોતાનો સમય નેકી, સચ્ચાઈ અને ઇબાદતમાં ગુઝારે છે, તેના બન્ને ભવ સુધરી જાય છે.

ઈન્સાન વિચાર કરે તો સમજી શકશે કે આ જગતમાં

તે જે કંઈ કામ વગર સમજ અને વગર વિચારે કરશે તો તે તેના માટે આફત સમાન થઇ પડશે. એટલું જ નહીં પણ તેને તેના કામોનો કોઈ પણ બદલો મળશે નહીં પણ જો તે સમજી વિચારીને કામ કરશે તો તેને તેનો બદલો જરૂર મળશે.

આથી હરેક મુસલમાનને મોહમ્મદ મુસ્તફા (સ. અ. વ.) ની શરીઅત જાણ્યું અને તે મુજબ અમલ કરવું જરૂરી છે જેથી કરીને તે પોતાના આમાલનો બદલો બીજા જગતમાં મેળવી શકે અને દોઝખના અઝાબથી છૂટકારો પામી શકે.

કેટલાક લોકોએ ઈમામઅલી (અ. સ.)ની તલવાર 'ઝુલફિકાર ના ડરથી ઇસ્લામ મઝહબનો સ્વીકાર કર્યો છે, પરંતુ તેઓ દીનના ઉસુલોથી નાવાકિફ છે, ઈસ્લામ મઝહબમાં તહારત, રોઝા, નમાઝ ઝકાત, હજ, જેહાદ વલાયતની મહત્તા અને હકીકત શું છે તે તેઓને સમજાવવા ખાતિર મેં આ કિતાબ લખેલી છે.

વળી મેં આ કિતાબનુ નામ 'વજહેદીન' અર્થાત દીનનો ચહેરો એટલા માટે રાખ્યું છે ઈનસાન હરેક વસ્તુને તેના ચહેરા ઉપરથી ઓળખી શકે છે.

હરેક સમજદાર ઇન્સાન આ કિતાબ વાંચી ઇસ્લામ વિષેની માહિતી મેળવી શકશે, એટલું જ નહીં પણ શરીઅત પ્રમાણે ચાલી તે ઉપર અમલ પણ કરી શકશે, જેથી ખુદા તેને ખરેખર ફિરદૌસમાં ઊંચો દરજ્જો બક્ષે છે.

પ્રસ્તાવના

શ્રી ગુલામ અબ્બાસ દલાલે કરેલા વજહે-દીનના અનુવાદની પ્રસ્તાવના લખતાં મને ઘણો આનંદ થાય છે. ઈરાનના પ્રખ્યાત ફિલસુફ કવિ શ્રી હકીમ નાસિર ખુસરૂ અલવી લિખીત વજહે-દીનમાં ઇસ્લામના ઉસૂલોને સ્પષ્ટ અને સચોટ રીતે લોકોને સમજાવવામાં આવ્યા છે દીને ઇસ્લામને સાચી રીતે સમજી શકાય એ માટે દરેક ઉસૂલના શાબ્દિક અને માર્મિક અર્થ આ પુસ્તકમાં આપવામાં આવ્યા છે. ધર્મનુ હાર્દ ન પકડાય તો વ્યક્તિની ધાર્મિકતા ધર્માધતામાં પરિણમી શકે છે. આ દૃષ્ટિએ વજહે-દીન ઘણું જ અગત્યનું પુસ્તક છે અને એનું ગુજરાતી ભાષાંતર કરીને શ્રી દલાલે ગુજરાતી જનતાને એક અમૂલ્ય ભેટ આપી છે.

શ્રી દલાલનો પરિચય હવે ગુજરાતી વાંચકોને કરાવવાની જરૂર નથી. એમણે કરેલો "સફરનામાં"નો અનુવાદ ઘણાયે વાંચ્યો હશે. તેઓ ફારસી સાહિત્યના આજીવન અભ્યાસી રહ્યા છે અને ફારસી સાહિત્યના કેટલાક અમૂલ્ય પુસ્તકોનો લાભ ગુજરાતી વાંચકોને આપવાનું કાર્ય એમણે હાથ ધર્યું છે. આ કાર્યમાં એમની પૂરેપૂરી સફળતા ચાહું છું આશા છે કે આવા એક ફારસી પુસ્તકોના અનુવાદ તેઓ જનતાના લાભાર્થે પ્રસિદ્ધ કરશે.

આ પુસ્તકનું પ્રકાશન કરવા માટે શ્રી નુરૂદીન દરેડિયાને અભિનંદન.

ડૉકટર કલ્પના દેસાઈ M. A. Ph. D.
ક્યૂરેટર પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ
મુંબઈ.

અર્પણ

મારા મરહૂમ મિત્ર અને બાળપણના સાથી, કોમ સેવક, દાનવીર અબ્દુલકાદર એહમદઅલી ધોલકાવાલા, પ્રોપ્રાયટર બોમ્બે સ્ટેશનરી માર્ટને મારી આ કિતાબ વજહેદીન સહૃદય અર્પણ કરૂં છું. અલ્લાહુતઆલા મરહૂમના આત્માને અમર શાંતી બખ્શે–આમીન.

ગુલામ અબ્બાસ

અનુક્રમણિકા

પ્રકરણ	પાના
૧. ઈમામ (અ. સ.)ની મૌજુદગી	૧
૨. ખરા અને ખોટા દાવાદાર વિષે	૮
૩. ઈલ્મ	૨૫
૪. જન્નત અને તેનો દરવાજો અને તેની ચાવી	૨૮
૫. જહન્નમ અને તેની ચાવી બાબત	૩૫
૬. રૂહાની આલમ	૪૨
૭. આલમે ફાની—નાશવંત જગત	૪૮
૮. પયગમ્બરોની સંખ્યા દુનિયામાં મોકલવા બાબત	૫૩
૯. કુર્આને મજીદની સાબીતિ અને તાવીલ	૬૧
૧૦. શરીઅત અને ઝાહિર અને બાતિન	૭૦
૧૧. કલમએ ઈખ્લાસ 'લા ઈલાહા ઈલ્લલ્લાહ'	૭૭
૧૨. સૂરએ ઈખ્લાસ અને તેની તાવીલ	૧૦૧
૧૩. અકિન્તો બિલ્લાહ મિનશ્શયતા નિર્રજીમ	૧૦૬
૧૪. બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ	૧૧૧
૧૫. વઝુ અને તેની તાવીલ	૧૧૯
૧૬. તયમ્મુમ કરવા બાબત	૧૩૦

૧૭. જનાબતના ગુસ્લ ૧૩૪

૧૮. અઝાન ૧૩૬

૧૯. કિતા બુસ્સલાત નમાઝ ભાગ ૧લો. ૧૪૧

૨૦. પાંચ નમાઝ, તેની રકઆતોની ગણત્રી અને
દરેકનાં સમયની તાવીલ વિષે ૧૫૮

૨૧. નમાઝની રકઆત બાબતમાં ઉમ્મતમાં મતભેદ
હોવા વિષે. ૧૭૫

૨૨. જુમોઆની નમાઝ બાબત ૧૮૨

૨૩. ઈદુલ ફિત્ર બાબત રમઝાનઈદ ૧૮૫

૨૪. ઈદુલ અઝહા અને તેની નમાઝ વિષે બકરીઈદ ૧૮૭

૨૫. સૂર્ય અને ચંદ્રના ગ્રહણની નમાઝ વિષે ૧૮૯

૨૬. જનાઝાની નમાઝ બાબત ૧૯૨

૨૭. રૂકુઅ સુજૂદ ઈત્યાદી નમાઝના બીજા અરકાનો વિષે ૧૯૬

૨૮. "વ લિલ્લા હિલ હમ્દ" અને ઝકાત વિષે ૨૦૨

૨૯ સોના ચાંદી પર ઝકાત અને તેની સમજણ વિષે ૨૧૪

૩૦. જાનવરો પર ઝકાત અને તેની સમજણ ૨૧૮

૩૧. ખેતીવાડી અને સમજણ બાબત ૨૩૧

૩૨. ઝકાતુલ ફિત્ર બાબત ૨૩૯

૩૩. રોઝા રાખવાની ફરજ અને તેનું રહસ્ય ૨૫૩

૩૪. હજ બાબત ૨૬૯

૩૫. જેહાદનો ગૂઢાર્થ ૨૭૭

૩૬. હાજર ઈમામની તાબેદારી બાબત ૨૮૯

૩૭. હયઝ માસિક (માંદગી) બાબત ૨૯૮

૩૮. ઈસ્તેબરા બાબત ૩૦૨

૩૯ નમાજમાં પહેરવાનાં કપડાં અને દાગીના બાબત ૩૦૫

૪૦. ઝાનીને સઝા–સંગસાર કરવા બાબત ૩૦૯

૪૧. અકુદરતી કામો કરવા બાબત ૩૧૮

૪૨. આકિલાને ખૂનનો બદલો આપવા બાબત ૩૨૪

૪૩. ગુનાહ કબીરા (મોટા ગુનાહો) અને તેની તાવીલ બાબત ૩૩૦

૪૪. હરામ અને હલાલ ગોશ્ત વિષે થોડીક સમજણ ૩૩૮

૪૫. દરજ્જાલ બાબત ૩૪૫

૪૬. નિકાહ અને સિફ્રાર બાબત ૩૫૧

૪૭. વાજબાત બાબત ૩૬૧

૪૮. એહલે કિતાબથી જઝીયો લેવા બાબત ૩૬૯

૪૯. કાલુ ઈન્નાલિલ્લાહ વ ઈન્ના ઈલય્હે રાજેઉન સંકેત બાબત ૩૭૨

૫૦. રસુલિલ્લાહ (સ. અ. વ.) અને આપની ઉપર સલવાત બોલવું જરૂરી છે તે બાબત ૩૭૬

૫૧. લા હૌલાવ લાકુંવતા ઈલ્લા બિલ્લાહિલ અલીઈલ અઝીમ ૩૮૦

પ્રકરણુ (૧)

વજહે દીન

ઈમામ (અ.સ.)ની મૌજુદગી બાબત.

ખુદા તઆલાના ફરમાન મુજબ ઈમામ (અ.સ.) હર ઝમાનમાં મૌજુદ હોય છે. અને તેના પુરાવા ઘણા છે. અય લોકો ખુદાએ કરીમે ઈન્સાનને બીજા હયવાનો પર શ્રેષ્ઠ બનાવ્યો અને તેને અકલની દૌલત અતા કીધી જે હયવા-નોમાં નથી. ઈન્સાન પોતાને મળેલી સમજશક્તિનો ઉપયોગ કઈ રીતે કરે અને તેને કઈ રીતે વિકસાવે તેની સમજ આપવા પરવરદિગારે આલમે જગતમાં એક એવા શખ્સને પયદા કર્યો કે, જે ઈલાહી ઈલ્હામથી ઈન્સાનને ખરા–ખોટા સારા–નરસા, હલાલ–હરામ નેક-બદ ઈત્યાદી વચ્ચે શું ફરક છે તે બતાવી ઈન્સાનને સિરાતે મુસ્તકીમં એટલે સીધા રસ્તા તરફ વાળે અને ખોટા માર્ગે જવાથી બચાવે.

આ જગતમાં આપણે અનેક પ્રકારની વસ્તુઓ જોઈએ છીએ. ઝમીન ઉપર ઝાડ ઊગે છે અને અનાજ પાકે છે.

આકાશમાં સૂર્ય ઊગે છે અને અસ્ત પામે છે. અંધારી રાત્રે તારા ઝગમગે છે. ચાંદશિતલ પ્રકાશ આપે છે. વાદળો વરસાદ લાવે છે. દિવસ પછી રાત અને રાત પછી દિવસ આવે છે. એક ઋતુ પછી બીજી ઋતુ આવે છે, આ બધું કેવી રીતે થાય છે અને કોણ કરે છે? ખુદાના ફરમાનથી ફરિશ્તાઓ જેઓને જુદા જુદા કામો સોંપવામાં આવેલા છે આ કામ સમયસર બજાવતા રહે છે.

હવે જ્યારે ખુદાએ ઇન્સાનને પયદા કરી સમજ-શક્તિ આપી તો પછી ખુદાતઆલા ઇન્સાનને પોતાને મળેલી સમજશક્તિનો ઉપયોગ કેવા રીતે કરવો તે બતાવવા માટે તેના તરફ કોઈ હાદી ન મોકલાવે? જો તે એમ ન કરે તો ખુદા કંજુસ કહેવાય. (મઆઝલ્લાહ) પરંતુ ખુદા તો રહીમ અને કરીમ છે. આ ઉપરથી જાણી શકાય છે કે ઈન્સાનને પોતાની અકલનો ઉપયોગ કરવાની તાલીમ આપવા માટે ખુદાને એક એવા શખ્સને પયદા કરવાની જરૂર જણાઈ કે જે બધા ઈન્સાનો કરતાં ચઢિયાતો હોય. આ અશરફુલ ઈન્સાન તે જ પયગમ્બર.

જેમ હયવાનોમાં ઇન્સાન શ્રેષ્ઠ કહેવાય તેમજ ઇન્સાનોમાં સર્વ શ્રેષ્ઠ ઈન્સાનને કહેવાય છે કે જે બીજાઓ કરતાં વધારે ઈલ્મ જાણતો હોય છે, ખુદાના ફરમાન લોકો તરફ પહોંચાડતા હોય છે અને જેણે અલ્લાહ તરફથી વહી એટલે ફરિસ્તા મારફત સંદેશો આવતો હોય છે, જેમ ખુદાતઆલા

કુરઆને મજીદમાં ફરમાવે છે–'**અવ અજી બતુમ અન જાઅકુમ ઝિકરૂન મિન રબ્બેકુમ અલા રજોલિન મિનકુમ લેતુયુનઝેરકુમ વલેતત્તકુ વલઅલ્લકુમ તુરહમુન**'' (અઅરાફ ૬૩)

અર્થાત : 'શું તમને આ વાતની નવાઈ લાગે છે કે તમારામાંથી એકના હાથમાં તમારા પરવરદિગારના તરફથી તમારા તરફ ઝિક્ર પહોંચી, હેતુ એ કે તમને તે સાવચેત કરે અને તમે પરહેઝગાર બનો અને તમારા ઉપર રહેમત છવાય ?'

અય લોકો ! જાણી લ્યો કે પયગમ્બર પોતાના જ સમયના હોય અને વસીતો પયગમ્બરના હોય પણ જ્યારે પયગમ્બર અને તેના વસી ન હોય ત્યારે શું ? યાદ રાખો અય લોકો ! હું તમને ફરી ફરીને કહું છું કે જ્યારે પયગમ્બર અને તેના વસી ન હોય ત્યારે દુનિયાની પીઠપર હર ઝમાનામાં ઈમામ તો હોય જ. ઈમામથી દુનિયા કદી ખાલી ન હોય. જ્યાં સુધી દુનિયા કાયમ હોય ત્યાં સુધી રસુલે અકરમ (સ.અ.વ.)ના કાયમ મુકામ (પ્રતિનિધિ) પણ નક્કી હોય જ હું તો એટલા સુધી કહું છું કે ખુદાની ખિલકત એટલે આખા જગતના ભેદોના જાણકાર એકલા ઈમામ જ છે.

જે કોઈ હકના ઈમામને છોડીને ઈમામતનો દાવો કરે તેના માટે હલાકી સિવાય બીજુ કંઈ જ નથી વળી

કેટલાક એવો પણ સવાલ કરે છે કે ઈમામ શા માટે હોવા જોઈએ?

અય લોકો! આ વાત ધ્યાનથી સાંભળો. જેમ જાનવરોના ટોળાની દેખરેખ માટે એક ઉપરીની જરૂર હોય છે કે જે ઉપરી ઢોરઢાંકરને દિવસ દરમિયાન ચરાવવા વગડામાં લઇ જાય છે અને સાંજ પડતા સહીસલામત પાછા ઘેર લઈ આવે છે. જેમ આ ઉપરી પોતાના પાળેલા જાનવરોની ફાડી ખાનારા પ્રાણીઓથી રક્ષા કરે છે તેવી જ રીતે ઈન્સાનને સીધા રસ્તા પર ચલાવવા માટે દીનના ઉસુલો જાળવવા માટે, અલ્લાહતઆલાના ફરમાનો સાચવવા માટે જગતમાં સુલેહશાંતિ સ્થાપવા માટે ઈમામનું હોવું જરૂરી છે. જો ન હોય તો લોકો મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)ની શરીઅતનો મનફાવતો અર્થ કરી એક બીજાનું ગળું કાપતા થઈ જાય, એટલું જ નહીં પણ આખા જગતમાં અંધાધુંધી ફેલાઇ જાય પરંતુ રસુલિલ્લાહ (સ.અ.વ.) તો એમ ફરમાવી ગયા છે કે,

"બોઇસ્તોલે સલાહે દુનિયાકુમ વઆખેરતકુમ"

અર્થાત : હું તમારી દુનિયા અને આખરતની બેહતરી માટે આવ્યો છું.

કોઈ એમ કહે છે કે આજકાલ દરેક ફિરકાના જુદા જુદા ઈમામ છે. *અને તેઓ એકબીજાના વિરોધી હોવા છતાં જગતમાં સુલેહ અને શાંતિ છે. ઉપરાંત બે ફિરકાના

બન્ને ઇમામો એકી સાથે સાચા હોઈ શકે નહીં

આ સવાલના જવાબમાં મારે ફક્ત એટલું જ કહેવાનું છે કે આવા કહેવાતા ઇમામોના ફિરકામાં સુલેહશાંતિ એટલા માટે છે કે તેઓ હકના ઇમામોની પયરવી કરી રહ્યાં છે અને તેથી જ હકના ઈમામની કેટલીક ખાસિયતો તેમનામાં છે પણ આ ઇમામો સાચા છે એમ તો ન જ કહી શકાય તેઓ સાચા હોવાનો દાવો ભલે કરતા હોય પણ તેમના આચારવિચાર તેમની વર્તનુક અને રહેણીકરણી તેમને ચોક્કસ ઉઘાડા પાડી દે છે. એટલું જ નહીં પણ તેઓનું જૂઠાણુ અને બૂરા ચાલચલન પણ કહી દે છે કે તેઓ અને તેઓના અનુયાયીઓ ખોટા છે જેમ કુરઆને મજીદમાં ખુદા ફરમાવે છે.–'**વઈન્નઝ ઝાલેમીના બઅઝોહુમ અવલીયાએ બઅઝીન વલ્લાહો વલીયુલ મુત્તકીન.**"

(ખરેખર ઝુલમગારો એકબીજાના મળતીયાઓ છે જ્યારે ખુદા મુત્તકીનનો વલી છે.)

ખોટા ઈમામતો એવા ઝાડના પાંદડા જેવા છે કે જે ઝાડ ઉપર ઉગ્યા હોય તેને શોભાવે પણ તેને સાચવી શકે નહીં. ત્યારે હકના ઈમામ તો ઝાડના ફળ જેવા છે જે ઝાડ ઉપર શોભા આપવા ઉપરાંત તેને સાચવી પણ શકે છે, અર્થાત એક ફલના બીજથી બીજુ ઝાડ ઊગી શકે છે જ્યારે એક પાંદડાથી બીજુ ઝાડ ઊગી શકતું નથી. ઉપરાંત

તમે જુઓ કે બગીચાનો માળી આવા ફલફૂલ વગરના ઝાડોને કાપી નાખી તેના લાકડાં બાળવાના કામમાં લે છે. ખુદા આ વાતની ઝિકર કુરઆનમાં આ પ્રમાણે કરે છે,

"વ મસલો કલેમતિન ખબીસતીન શજરિન ખબીસતે નિજતુસ્સત મિન ફવકિલ અર્દે માલહા મિન કરાર" (ઈબ્રાહીમ : ૨૬)

(નાપાક સિધ્ધાંતની સરખામણી નાપાક ઝાડ જેવી છે કે જેને ઝમીન પરથી છેવટે ઉખાડી દેવામાં આવશે તેના માટે કોઈ સ્થિરતા નથી.)

*અનુવાદકની નોંધ: અહીંયા હકીમ નાસિર અબ્બાસી અને ઉમવી ખલીફાઓ તરફ ઈશારો કરે છે કે જેઓ બગદાદ અને સ્પેનમાં, અનુક્રમે, ખિલાફત કરતા હતા જ્યારે ફાતેમી ઈમામો મિસ્રના સર્વોપરી સુલતાન હતા.

ત્યારે આવું પાક અને નફીસ ઝાડ તો રસુલે ખુદા (સ.અ.વ.)નું જ હોઈ શકે છે. જેના મૂળિયા એટલા મજબૂત છે કે દીનના દુશ્મનો તેને કોઈ કાળે ઉખેડી શકવાના નથી જેની ડાળીઓ (રસુલિલ્લાહ (સ.અ.વ.)ના ફરઝંદો) આસ્માન સાથે જોડાએલાં છે અર્થાત ઈમામોને અલ્લાહ સુબ્હાનહુ તરફથી તાઈદ મળતી રહે છે અને તેઓ હિકમતે ઈલાહીનું ઈલ્મ પોતાના અનુયાયીઓને આપતાં રહે છે. જે નસીબદારો આ ઝાડના ફળ ખાવા ભાગ્યશાળી થાય છે, તેઓને અબદી (હંમેશાની) જીંદગી હાંસિલ થાય છે.

ઉપર જણાવેલી દલીલોથી સાબિત થયું કે હકના ઈમામ તે જ હોય શકે કે જેના ફરઝંદો પણ ઈમામ હોય અને જેની વંશાવળી કદી તુટે નહીં. આથી ઊલટું ખોટા ઈમામનો વંશ કદી પણ કાયમ રહેતો નથી. તેમજ તેઓનો દાવો પણ ખોટો સાબિત થાય છે જેમ કુરઆનમાં કહેવાયું છે
'ઇન્ના આતયના કલ કવસર ફસલ્લે લેરબ્બેકા વનહર ઈન્ના શાનેઅકા હુવલ અબ્તર'

(અય મુહમ્મદ! અમે તમને કવસર ભેટ આપી. તમારા પરવરદિગારના માટે તમે નમાઝ પઢો અને કુરબાની આપો. બેશક તમારા દુશ્મનો નિર્વંશ રહેશે.)

પ્રકરણ (૨)

ખરા અને ખોટા દાવાદાર વિષે

કોઈ શખ્સ એમ કહે કે મારી માન્યતા ખરી છે અને મારા વિરોધીઓ ખોટા છે તો તેનો આ વિચાર બરાબર નથી. તેનું એવું કથન એમ સાબિત કરે છે કે તેનો દાવો ખરો નથી. કેમકે તે જો સાચો હોય તો તેનો કોઇ વિરોધી હોય જ નહીં. અથવા તે જો પોતાના વિરોધીઓની દલીલ જૂઠી ઠરાવી શકયો હોય તો તેના ખરાપણાનો પૂરાવો તરી આવે.

એવી જ રીતે જ્યારે કોઈ બે જણ દાવો કરતા હોય છે અને તેઓ એમ કરવામાં એકબીજાને ખોટાં પાડતાં હોય છે ત્યારે જણાઇ આવે છે કે તેઓ બન્ને ખોટા છે પણ તેઓ એકબીજાનાં વિરુદ્ધમાં જે કંઈ બોલે છે તે ખરૂં છે.'

આ ઉપરથી જાણી શકાય છે કે જેમ બધા દાવા ખરા હોતા નથી તેમ ખોટા પણ હોતા નથી. ખરૂં ખોટું,

હક અને બાતિલ તો ઈમામ (અ.સ.)ની મઅરેફતથી જ જાણી શકાય છે.

ઈસ્લામના ૭૩ ફિરકાઓ છે, તેમાંથી ફક્ત એક જ ફિરકો એવો છે કે જે બાકીના બોંતેર ફિરકાને એમ કહે છે કે, ઈમામ રસુલે અકરમ (સ.અ.વ.)ના વારસદાર ઈમામ અલી (અ.સ.)અને મવલાતના ફાતેમા (અ.સ.)ના વાલિદ પછી દિકરા મુસલસલ (એક પછી બીજા) હોવા જોઇએ. એટલું નહીં પણ દીને મોહમ્મદીને જીવંત રાખવા માટે તે હયાત પણ હોવા જોઈએ, પછી ભલે તે લોકોથી છૂપાએલા હોય.

આથી ઉલટું બોંતેર ફિરકાવાલાઓ એક અવાજે આ ફિરકાનો વિરોધ કરી કહે છે કે તમારી આ માન્યતા કે ઈમામુઝઝમાન હયાત છે અને તે આલે રસુલમાંથી છે તે સદંતર ખોટી છે. અય લોકો હવે જ્યારે ઈસ્લામના બોંતેર ફિરકાઓ આ એક ફિરકાનો વિરોધ કરે છે તો નક્કી માની લયો કે આ એક ફિરકાના લોકો જે કહે છે તે જ ખરૂં છે. અને બીજા બધા ખોટા છે. વળી જ્યારે આ બોંતેર ફિરકાવાલાઓ કહે છે કે અમે બધા હક ઉપર છે તો મને તેઓને માત્ર એટલું જ કહેવાનું છે ફકત દાવો કરવાથી હક સાબિત થતું નથી. ખરા તો તેઓ છે કે જેઓ પોતાનો દાવો દાખલાદલીલ સાથે રજૂ કરે વળી સાથે સાથે તે દાવાને ખરો સાબિત કરીને દેખાડે.

રસુલે કરીમ (સ.અ.વ.) પછી ઈસ્લામમાં બે મોટા

ફિરકા પડી ગયા એક જુથ (ઈમામિયહ) એમ કહેવા લાગ્યો કે રસુલિલ્લાહ પછી ઈમામત રસુલિલ્લાહના વારસદારોને જ મળવી જોઈએ જ્યારે બીજાઓ કહેવા લાગ્યાં કે પયગમ્બર પછી તેઓની ઉમ્મતમાંથી જે સૌથી વધુ આલિમ અને પરહેઝગાર હોય તે ઈમામ હોઈ શકે છે. પોતાની દલીલમાં તેઓ કુરઆને પાકની આ આયત રજૂ કરે છે "યા અય્યો હલલઝીના આમનુ અતીઉલ્લાહા વ અતીઉર્રસુલા વ ઉલિલ અમ્ર મિનકુમ' (અય ઈમાનવાલાઓ ખુદાની તાઅત કરો ખુદાના રસુલની તાઅત કરો અને તેઓમાનાં ઉલિલ અમ્રની તાઅત કરો).

શીઆઓ એમ કહે છે કે 'ઉલિલ અમ્ર' રસુલિલ્લાહ (સ.અ.વ.)ની નસલમાંથી જ હોવા જોઈએ ત્યારે બીજા મુસલમાનોનુ માનવું છે કે 'ઊલિલ અમ્ર' રસુલિલ્લાહ (સ.અ.વ.)ના ફરઝંદોમાંથી પણ હોય શકે અને બાહરનાયે હોઈ શકે, અમે તમારા આ મત સાથે મળતા છીએ પણ જ્યારે તમે એમ કહો છો કે ઈમામ બાહરના પણ હોઈ શકે છે ત્યારે અમે એમાં સહમત થતાં નથી વધુમાં તમને તમારા ઈમામ ખરા છે તે સાબિત કરવા માટે અમારા સાથે હુજ્જત કરવાની પણ જરૂર રહે છે.

આ વાતની વિરૂધમાં બીજા મુસલમાનો રસુલિલ્લાહ (સ.અ.વ)ની આ હદીસ રજુ કરે છે 'અલ ઓલેમાઓ વરસતુ અંબિયા' (વિદ્વાનો પયગમ્બરોના વારસદારો છે)'

ત્યારે શિઆઓ એમ કહે છે કે આ હદીસજ એમ પુરવાર કરે છે કે રસુલિલ્લાહ (સ.અ.વ.)ના વારસદારો સિવાય કોઈ આલિમ નથી. તેના વિરૂધમાં એવું કહેવાય છે કે દરેક આલિમ રસુલિલ્લાહનો વારિસ ગણાય.

શિઆ કહે છે કે તમે કબુલ કરો છો કે આલિમો રસુલિલ્લાહ (સ.અ.વ.)ની નસલમાંથી છે તો અમે તમારી આ વાતને ટેકો આપીએ છીએ પણ જ્યારે તમે એમ કહો છો કે આલિમો રસુલિલ્લાહના વારસદારો સિવાય બીજા પણ હોઈ શકે તો અમે તમારી વાત માનવા તૈયાર નથી.

જે શખ્સ એમ કહે કે ઇમામ રસુલિલ્લાહ (સ.અ.વ.) ના ફરઝંદો સિવાય બાહરના પણ હોઈ શકે છે તો હું તેને પુછીશ કે તુ મુસલમાન છે કે મુમિન' તે કહેશે કે હું મુસલમાન અને મુમિન બન્ને છુ" પછી હું તેને સવાલ કરીશ 'તું પોતાને કયા આધારે મુસલમાન અને મુમિન કહેવડાવે છે?' તે જવાબ આપશે 'હું મુસલમાન એટલા માટે છું કે હું એક જ ખુદાને માનું છું અને તેના સિવાય બીજા કોઇ ખુદાની બંદગી કરતો નથી. હું મુમિન એટલા માટે છું કે હું ખુદાને ખરો માનું છું કેમકે તેણે મને નેક કામોના બદલ જન્નત અને બુરાકામોના બદલ જહન્નમ આપવાની કબુલાત આપી છે.'

તેનો આ ખુલાસો સાંભળી હું કહીશ 'યહુદી' ઈસાઈ

અને ઝરદુશતીઓ પણ તારા કહેવા પ્રમાણે જ કહે છે. તેઓ પણ એકજ ખુદાની બંદગી કરે છે, એટલું જ નહીં પણ જન્નત અને દોઝખમાં પણ માને છે ત્યારે શું તે બધા પણ મુસલમાન અને મુમિન છે' તે જવાબ દેશે કે 'હું મુમિન એટલા માટે છું કે હું મોહમ્મદ મુસ્તુફા, (સ.અ.વ.)ને ખુદાતઆલાના પયગમ્બર માનું છું.'

હું તેને કહીશ. 'બધાજ અરબોએ મોહમ્મદ (સ.અ.વ) ને ખુદાના પયગમ્બર ગણેલા હતા. અને કહ્યું હતું કે અમે બધાં મુમિન છે, પણ ખુદા મોહમ્મદ (સ.અ.વ.) ને સંબોધીને કુરઆને પાકમાં ફરમાવે છે' **કાલતિલ આરબો આમન્ના કુલ લમતુમેનુ વલાકિન કુલુ અસલમના વલમ્મા યદીતાલુલ ઇમાનો ફી કુલુબહિમ**' (અરબો કહેવા લાગ્યા કે અમે ઈમાન લાવ્યા, કહો કે તમે ઈમાન નથી લાવ્યા પણ એમ કહો કે ઈસ્લામ લાવ્યા અને હજી તમારા દિલોમાં ઇમાનએ ઘર કર્યું નથી).

વળી તું એમ કહે છે કે હું ખુદા સિવાય કોઈની બંદગી કરતો નથી તો શું તુંએ ખુદાને જોયા છે?' આ સવાલના જવાબમાં તે કહેશે કે ખુદા જોઈ શકાતો નથી કેમકે તેની કોઈ હદ કે સિફત નથી' પછી હું તેને કહીશ 'જ્યારે તેં ખુદાને જોયા નથી તો પછી ઓળખ્યા કેવી રીતે?' તે જવાબ આપશે કે 'મેં ખુદાને રસુલિલ્લાહ (સ.અ.વ.) ના કહેવાથી ઓળખ્યા.' હું કહીશ, 'પયગમ્બર

(સ.અ.વ.) તો હાલ મોજુદ નથી ' તે કહેશે ' મને ખુદાની ઓળખ આલિમોએ આપી કે જેઓ (ખલીફાઓ) રસુલિલ્લાહ (સ.અ.વ.) ના બાદ એક પછી એક થતા આવ્યા છે અને તેઓ પોતાના સમયના લોકોને રસુલિલ્લાહના ફરમાન પહોંચાડતાં રહ્યાં છે.'

ત્યારે હું પછીશ ' આ આલિમો કે જેઓએ તને રસુલે કરીમના ફરમાનથી વાકિફ કર્યા તેઓ દીનની બાબતમાં એકબીજા સાથે સહમત હતા કે, એકબીજાના વિરોધી હતા ? તે ખુલાસો કરશે કે ' ઇસ્લામમાં એટલા બધા ફિરકાઓ છે કે, તેઓ એકબીજા સાથે એકમત થઈ શકે જ નહિ.'

હું તેને જવાબ આપીશ, ' આવા આલિમોથી જ્યારે તે હદીસો અને દીનના એહકામ અને ખુદા વિષે જાણ્યું ત્યારે તેં કઈ રીતે તેઓની વાત સાચી માની લીધી ? કેમકે તું જાણે છે કે તેઓ દીનની બાબતમાં એકબીજા સાથે સહમત થઇ શકતા નથી આવી સ્થિતિમાં તું એમ કહે કે તેઓ બધા ખરા છે તો તે ખોટું ઠરે કેમકે જો તેઓ ખરા હોત તો તેમનો કોઈ વિરોધ ન કરત.'

પછી હું તેને કહીશ તું : આ વાત બરાબર માને છે કે ખુદા તઆલાએ લોકોને હિદાયત આપવા માટે રસુલને મોકલાવ્યા. ' તે કહેશે : ' હું બરાબર માનું છું.' ત્યારે હું કહીશ : ' રસુલિલ્લાહ (સ.અ.વ.) એ પોતાના જીવન

દરમિયાન પોતાના જ સમયના લોકોને હિદાયત આપેલી છે. આજે આપ (સ.અ.વ.) ની ગેરહાજરીમાં આપણે કોણ રસ્તે દેખાડે છે?' તે કહેશે: 'કુરઆને મજીદ.' હું જવાબ દઈશ: 'કુરઆન તો કિતાબ છે તેના ઉંડાણને આપણે સમજી શકતા નથી. આથી નક્કી થયું કે કુરઆન સમજાવનાર કોઈ હોવા જોઈએ જેમ ખુદા કુરઆનમાં ફરમાવે છે: **'વ અનઝલના ઇલયકઝ ઝિકરા લે તોબય્યના લિનનાસે મા નુઝઝલા ઈલયહિમ વ લઅલ્લહુમ યતફક્કરૂન'** (અમે કુરઆનને એટલા માટે ઉતાર્યા કે તમે લોકોને કહી સંભળાવો કે તેમાં શું આવેલું છે અને તમે બધા તેના ઉપર ચિંતન કરો)

આ ઉપરથી સાબિત થાય છે કે જયારે રસુલિલ્લાહ (સ.અ.વ.) ના સમયમાં આપ પોતે જયારે કુરઆન સમજાવતા ત્યારે આપણા સમયમાં પણ કુરઆન સમજનાર કોઈ હોવા જ જોઈએ.

વળી કુરઆને મજીદ એક સાથે નાઝિલ નથી થયા રસુલિલ્લાહ (સ.અ.વ.) પર કુરઆન પ્રસંગોપાત નાઝિલ થતાં રહ્યાં અને આપ લોકોને તે મુતાબિક સમજાવતા રહ્યાં. જેમ આ બાબતમાં કહેવાયું છે કે: **'વ કુરઆનન ફરકનાહો લેતકરઅહુસલન્નાસે અલામોકસિન વ નઝઝલનાહો તનઝીલા'** (અમે કુરઆનને ટુકડે ટુકડે ઉતાર્યા જેથી તમે લોકોને એજ રીતે સમજાવી શકો અને

અમે કુરઆનને ક્રમવાર ઉતાર્યા).

વધુમાં ખુદાએ રસુલિલ્લાહ (સ.અ.વ) ને કહેલું છે કે તમારા પછી કુરઆન સમજાવવા માટે કોઈની નેમણુંક કરજો એટલે રસુલે ખુદાની રજાથી કુરઆન સમજાવનાર હોવા જોઈએ.

હવે જો તે રસુલિલ્લાહ (સ.અ.વ.) ની હદીસ 'ઈન્નગા **અસહાબી કન્નુજુમ બે અય્યેહિમ ઈકતદયતુમ એહતદયતુમ'** (મારા અસહાબ તારાઓ જેવા છે હવે તમારામાં કોણ છે કે એને અનુસરીને હિદાયત લે) રજુ કરશે તો હું સવાલ કરીશ 'આ સહાબીઓ કોણ છે?' તે જવાબ દેશે: 'એ બધા કે જેઓએ રસુલને જોયા હતા અને સાથે રહ્યા હતા' '

હું તેને કહીશ: આ સહાબીઓ જેણે તું ખરા માને છે તેઓમાં પણ કેટલાક એકબીજાના વિરોધીઓ હતા. એટલું જ નહીં પણ તેઓના દરમિયાન લડાઈ–ઝઘડા પણ થએલા એ તો બની શકે જ નહીં કે કાતિલ અને મકતુલ બન્નેના માનનારાઓ ખરા હોઈ શકે. ઉસ્માનનું ખૂન તેના કાતિલોના તરફદાર પર હરામ થયું અને ઉસ્માનના માનનારાઓ તરફ હલાલ આથી ઉલટું હુસેન ઈબ્ને અલી (અ.સ.)નું અને યઝીદ બિન મુઆવિયાહ (ખુદાની લાનત) તરફ હલાલ અને અલી ઈબ્ન અબીતાલિબ અને તેમના ફરઝંદો તરફ હરામ થયું એ કેમ બની શકે કે રસુલિલ્લાહ (સ.અ.વ.)

એ આપણે એવા ખલીફાઓનો હુકમ માનવા ફરમાવ્યું હોય કે જેઓમાંથી કેટલાક એક ચીઝને હલાલ માને અને તેઓમાંના બીજા તે ચીઝને હરામ ગણે ? શું ખુદાને ખબર નહોતી કે પયગમ્બર (સ.અ.વ.)ના વફાત પછી આવી સ્થિતિ ઊભી થશે ? તારા પોતાના કહેવા ઉપરથી જે સાબિત થાય છે કે ક્યાં તો તેં ટાંકેલી હદીસ રસુલિલ્લાહની હદીસ નથી અથવા છે તો જે અસહાબ માટે રસુલે ખુદાએ ફરમાવેલું છે તે અસહાબો તેઓ છે કે જેમણે રસુલિલ્લાહ (સ.અ.વ) ના હુકમના વિરૂધ કદીએ વર્તન કર્યું નથી.'

હવે જો તે શખ્સ એમ કહે કે: 'મુસલમાનોએ જેને ખલીફા બનાવ્યા તે હકના હતા અને તેમની તાઅત વાજીબ છે કેમકે રસુલિલ્લાહ (સ.અ.વ.)ની હદીસ છે કે **'લાયજતમેઓ ઉમ્મતી અલદલાલતે'** (મારી ઉમ્મત ગુમરાહી પર ભેગી નહીં થાય.)

'તેની આ વાતના જવાબમાં કહીશ' 'ઈમામ પયગમ્બરના ફરઝંદ છે. ખુદાએ રસુલિલ્લાહ (સ અ.વ.) ને ઉમ્મતની હિદાયત માટે મોકલાવેલા હતા. એટલે નક્કી થયું કે આપના પછી આપ (પયગમ્બર) આપના બાદ આપના વારસદારને પોતાની જગ્યા સોંપે ઉપરાંત આ નિમણૂંક ખુદાના ફરમાનથી જ થઈ શકે છે નહીં કે ઉમ્મતની મરજી મુજબ કેમકે, ખુદાતઆલાનો કોલ છે : '**વ મા કાના લ મુઅમનિન વલા મુઅમેનતિન ઈઝા કઝલલ્લાહો વ**

રસુલોહુ અમરન અય્યકુના લહુમલ ખયરો મિન અમ્મરેહિમ વ મં યા સિલ્લાહા વરસુલહુ ફકદ દલ્લા દલાલમ મુબીના.'

(કોઈ મુમિન કે મુમિનાને એ હક નથી, કે જયારે ખુદા અને તેના રસુલ કોઇ હુકમ નક્કી કરી દે તો તેમાં પોતાનો કોઈ અધિકાર સમજે અને જે કોઈ ખુદા અને તેના રસુલની ના ફરમાની કરે છે તો તે ખુલ્લી રીતે ગુમરાહ થઈ જાય છે) આ ઉપરથી સાબિત થાય છે કે ઈમામત ખુદાના ફરમાન વગર કાયમ થઈ શકતી નથી.

હવે જો પેલો શખ્સ એમ કહેશો કે, 'ખલીફા રસુલે ખુદાના ફરમાનથી નિમાયા હતા' તો હું કહીશ કે: 'જો એમ જ હોત તો તેઓને ખુદા અને રસુલના તરફથી જે ઈઝઝત અને મરતબો મલ્યો હતો તે તેઓની નસલમાં કયામત સુધી બાકી રહેતે પરંતુ તેમ થયું નહીં આથી સાબિત થયું કે તેઓ એ જે કંઈ કર્યું તે ખુદા અને રસુલના ફરમાનથી નહીં પણ પોતાના મનથી કર્યું અને તેઓનું આ અમલ ખુદા અને ખુદાના રસુલની મરજી વિરૂધનું હતું વધુમાં હું એમ પણ કહીશ: 'ઉમ્મતને પોતાની મરજી મુજબ કરવાનો કંઈ જ અધિકાર નથી. કોઈ શખ્સ એમ કહે કે હું દીનના ઉસોલો સારી રીતે જાણું છું, તો ખુદા પોતે જ તેને જુઠો પાડી દે છે કેમકે જો ખુદા એમ જાણતા હોત કે લોકો પોતે સિરાતુલ મુસ્તકીમ

પર ચાલવા અને હરામહલાલ સમજવા શક્તિમાન છે તો તેને પયગમ્બરને હિદાયત આપવા લોકોના દરમિયાન મોકલવાની જરૂર જ ન રહેતે પણ જ્યારે પયગમ્બરને મોકલવામાં આવ્યા ત્યારે સાબિત થયું કે લોકોને હાદીની જરૂર હતી. ઉપરાંત કોઇ પણ શખ્સ ખુદાને હાદી વિના ઓળખી શકતો નથી.'

મારી દલીલમાં હું કેટલીક બાબતો નીચે રજુ કરૂં છું. (૧) આદમ (અ.સ.) એ પોતાના મનથી જન્નતનાં તે ઝાડનું ફળ ચાખ્યું કે જે માટે ખુદાની રઝા નહોતી. પછીથી આપને લાગ્યું કે, જે થયું તે બરાબર નથી. આપ એ ખુદાનો ગુસ્સો વહોરી લીધો અને જન્નતમાંથી આપને નીકળવું પડયું (૨) તુફાનમાંથી પોતાના દિકરાને બચાવવા માટે નૂહ (અ.સ.) એ પોતાની મરજીથી એમ કહીને કિશ્તીમાં બેસવા કહ્યું: '**યા બુનય્યા ઇરેકલ મઅના વલતકુન મઅલ કાફેરીન**' (ઓ મારા વ્હાલા દિકરા તું અમારા સાથે કિશતીમાં સવારથા અને તું અધર્મી-ઓમાંથી ન થા) ત્યારબાદ નુહ (અ. સ.) એ ખુદાને કરગરીને કહ્યું: '**ઈન્નબની મિન અહલી વ ઈન્ન વાદકલ હક્કો** (મારો દિકરો મારાથી છે તું તેને પણ નજાત આપ ખરેખર, તારૂં વરદાન સાચું છે) પણ ખુદાએ નુહને સમજાવતાં કહ્યું: '**યા નૂહો ઇન્નહુ લયસા મિન અહલકા ઇન્નહુ અમરૂન કાયરો સાલેહ**" (અય નુહ તમારો દીકરો તમારાથી નથી. તેનું અમલ

તો નેકી વિહોણું છે.)

(૩) જ્યારે ઇબ્રાહીમ (અ.સ.) એ એક તારાને જોયો તો કહ્યું : "આ મારા રબ છે.' પછી જ્યારે ચાંદને જોયો તો કહ્યું : 'નહીં', આ મારા રબ છે.' ત્યારબાદ સુરજને જોઈ કહ્યું : 'આ મારા મોટા રબ છે.' પછી જ્યારે સુરજ પણ આથમી ગયો ત્યારે તેઓને ખુદા તરફથી ઈલ્હામ થયું અને જાણ્યું કે પોતે જે ધારતા હતા તે ખોટું હતું.

(૪) જ્યારે મૂસા (અ.સ.) તુર પર તશરીફ લઈ ગયા ત્યારે બની ઈસ્માઇલના કોઈ રહેબર રહ્યાં નહીં. એટલે આપની ગેરહાજરીમાં તેઓએ સોનાની ગાયનું વાછરડું બનાવી તેને માનવા લાગ્યા. પછી મૂસા પોતાની કોમે તરફ પાછા ફર્યા ત્યારે ખુદાએ મૂસાને કહ્યું : "**વમા અઅજલકા અન કવમેકાયા મૂસા**" (અયમૂસા તમે તમારી કોમને મૂકીને આવવામાં કેમ ઉતાવળ કરી?) અને કે, "**ફઇન્ના કદ** ફરમાવ્યું **ફતન્ના કવમકા મિન બઅદેકાવ અદલ્લેહુ સુસ્સામેનયો**" (પછી અમે તમારી કૌમની તમારા પછી પરિક્ષા લીધી અને સામરીએ તેઓને બેહકાવી દીધા). વળી મૂસા (અ.સ.) એ પોતાના ઈખ્તેયારથી ખુદાને કહ્યું કે, 'અય ખુદા મને તારો જલ્વો દેખાડ.'

આમ કેટલાક અવલિયાના મરજીના કામોથી ખુદાની ખુશી જુદી દેખાય છે. ત્યારે લોકોથી થએલા કામો ભૂલ-

વાલા ન હોય એ કેમ બને ?

હવે ઉપર જણાવેલી હદીસ '**લાયજતમે એ ઉમ્મતી અલદલાલતે**'–જે રસુલિલ્લાહ (સ.અ.વ.)ની દલીલ માનવામાં આવે છે તેના વિષે બે બાબત પયદા થાય છે. એક તો એ કે આહદિસ મુળમાં ખોટી હોવી જોઇએ બીજી વાત એકે જો તે સાચી હોય તો હકના ઇમામો તેજ છે કે જેઓ માસુમ છે, એટલે જેઓ ભૂલથી પર છે.

મારૂ માનવું છે કે ઇસ્લામના બધા ફિરકાઓમાંથી આ એક જ ફિરકો હક ઉપર છે જેનો બોંતેર ફિરકાવાલાઓ વિરોધ કરે છે સાથે સાથે તે હકપરસ્ત ફિરકો બોતેર ફિરકાવાળાઓનો પણ વિરોધ કરે છે.

રસુલે અકરમ (સ.અ.વ.) ની હદિસ ' **સયફ્તરેકો ઉમ્મતી બઅદી સલાસન વસબઇના ફિરકતન, વોહદુન મિન્હા નાજીયાવ સાયેરોહા ફિન્નાર**" (મારી ઉમ્મતના મારા પછી તોંતેર ફિરકા જરૂર થશે તેમાંથી એક જ ફિરકો નજાત પામશે અને બાકીના જહન્નમ રસીદ થશે)

આ ઉપરથી સાબિત થાય છે કે આ તે જ ફિરકો છે જે આલમે બાલામાં બીજાઓથી જુદો પડી જશે અર્થાત તેનું સ્થાન જન્નતમાં હશે અને બાકીના જહન્નમ તરફ વળશે બીજાઓ આ જન્નતી ફિરકાને કાફિર ગણે છે અને કહે છે

કે આ લોકોને મારવું ગુનાહ નથી. પરંતુ ખુદાના આ કોલ '**વ કાલુમા લના લાનારા રજાલન કુન્ના નઉદ્દો હુમ બિનલ અશારહ**' અને કહેશે અમે અહીં એવા લોકોને નથી જોતા જેઓને અમે ખરાબ સમજતા હતા' સાબિત કરી આપે છે કે કયામતના દિવસે આજ લોકો દોઝખમાં નહીં દેખાય, ભલે આજે બીજાઓની નઝરમાં તેઓ બૂરા ગણાતા હોય.'

મારૂં એમ પણ કહેવું છે કે અલ્લાહ તઆલાએ, આ જગતમાં, ઈન્સાનને બધા કરતાં ચઢિયાતો પયદા કર્યો છે અને ફરમાવ્યું છે: **વ ફઝ્ઝલનાહુમ અલા કસીરીન મિમ્મન ખલકનો તફઝીલા**' અમોએ ઈન્સાનને અનેક મહત્વપુર્ણ મખલુકાત પર ફઝીલત આપી છે).

ખુદાએ ઈન્સાનને જે ફઝીલત (ચઢિયાતપણું) આપ્યું છે તેનું કારણ ઈલ્મ છે. પરવરદિગારે વનસ્પતિને ખનીજ ઉપર એટલા માટે શરફ આપ્યું છે કે વનસ્પતિ, ઝાડપાન ફળફુલ ખનીજ, હવાપાણીમાંથી ફાયદો મેળવી પોતાને સજીવ રાખે છે. હયવાનને વનસ્પતિ પર શ્રેષ્ઠપણું એટલા માટે મળ્યું છે કે હયવાનમાં થોડીઘણી સમજશક્તિ છે. અને તે ગરમી-શરદીથી પોતાનો બચાવ પણ કરી શકે છે ઈન્સાન હયવાન કરતા પણ શ્રેષ્ઠ છે કેમકે તેનામાં અકલ છે તે હયવાન હયવાન, વનસ્પતિ અને ખણીજ ત્રણેથી ફાયદો ઉપાડે છે આ ઉપરાંત ઈન્સાન ઝાહેર અને બાતિનનો

ફરક પણ જાણી શકે છે, જ્યારે હયવાનમાં આ શક્તિનો અભાવ છે.

દાખલા તરીકે જ્યારે એક શખ્સ બીજા શખ્સને તીરકામઠા સાથે ઊભેલો જોવે છે ત્યારે તે સમજી જાય છે કે આ બાણાવળી મારા ઉપર હુમલો કરશે. આથી તે પોતાના રક્ષણ માટે ઢાલ આગળ કરે છે. આ ઝાહિર–બાતિન સમજવાની શક્તિ (નફ્સે નાતેકા) ના લીધે જ તે હયવાનો પર સરસાઈ ભોગવે છે.

હવે સવાલ એ ઉપસ્થિત થાય છે કે આ સમજ શક્તિ ઈન્શાનમાં ક્યાંથી આવી? ખુદાતઆલાએ લોકો તરફ કુરઆન અને રસુલ મોકલાવ્યા છે પયગમ્બરોને બાતિનનું જ્ઞાન આપ્યું છે ખરેખર ગયબનો જાણકાર તો ફક્ત બારી તઆલાજ છે જેમ કુરઆનમાં કહેવાયું છે **વલિલ્લાહો ગયબુસ્સમાવાતે વલ અર્દે** ' (આસમાન અને ઝમીનમાં ગયબ ખુદા માટે છે) હવે જે શખ્સ ઝાહિર કરતાં બાતિન વધુ જાણે છે તે ખુદાથી વધુ નઝદીક છે જેમ ખુદા ફરમાવે છે: '**ઈન્નમા યખશલ્લાહા મિન ઇબાદેહિલ ઓલામાએ**' (ખરેખર ખુદાના બીકની લગન ફક્ત આલિમ બંદાઓમાં જ છે.)

હવે હું એમ કહીશ કે રસુલિલ્લાહ (સ.અ.વ.)ની ઉમ્મતમાંથી તે લોકો ખુદાથી વધુ નઝદીક છે, જેઓ કુરઆન અને રસુલે અક્રમ (સ.અ.વ.) ની શરીઅતને

પુરી રીતે સમજી તેના પર અમલ કરે છે કેમકે ખુદાતઆ-લાએ પોતાના મેહબુબ રસુલને પોતાની ઉમ્મતને હિકમત સમજાવવાનો હુકમ ફરમાવેલો છે. **વ યોઅલ્લેમો હમુલ કિતાબાવલ હિકમતા**' (નબી તેઓને કિતાબ અને હિકમતનું ઈલ્મ શીખવે છે)

હવે જે શખ્સ ઈલ્મ સાથે શરીઅતના ફરમાન ઉપર અમલ કરે છે તેના ઉપર ખુદાની બેશુમાર રહેમતો અને બરકતો નાઝિલ થાય છે જેમ ખુદા ફરમાવે છે: '**વ મય્ય-તુલ હિકમતા ફકદ ઉમીયા ખયરન કસીરા** (જેણે હિકમત બખ્શવામાં આવી તેને જાણે જબરદસ્ત ખઝાના હાથ લાગ્યા).

પરંતુ જે ફિરકાના લોકોએ ફકત ઝાહિર ઈલ્મ મેળવી તે પર સંતોષ મેળવ્યો અને બાતેની ઈલ્મથી બેખબર રહ્યા તેઓને ખુદા ફરમાવે છે: '**વ યઅલમુના ઝાહેરન મિનલ હયાતિદદુનિયા વ હુમ અનિલ આખેરતે-હુમ ગાફેલુન**' (**તેઓ દુનિયાના સંસાર–વહેવારથી** જાણકાર છે પણ આખરેતની બાબતમાં અજાણ છે)

લોકો પર વાજીબ છે કે તેઓ શરીઅતના ભેદોથી જાણકાર થાય અને બાતેની ઈલ્મ પણ હાંસિલ કરે જો ઈન્સાન ફક્ત ઝાહેર શરીઅતથી જ સંતોષ માની બેસી રહે અને તેના બાતેની અર્થથી અજાણ્યો રહે તો તેની સ્થિતિ એવા શખ્સના જેવી છે જે આ દુનિયામાં રહીને પેલી

દુનિયાથી નાવાકિફ રહે છે. એવા શખ્સને મરણ પછી આલમે રૂહાનીમાં ખમવું પડે છે.

અનુવાદની નોંધ : આ આખાયે પ્રકરણમાં હકીમ નાસિર ખુસરૂ અલવીએ મજબૂત પૂરાવા અને સચોટ દલીલો સાથે રસુલ્લિાહના હકના વારસદાર ઇમામઅલી ઇબ્ન અબૂ તાલિબ હતા એ સાબિત કરી આપ્યું છે વળી એમ પણ પુરવાર કરી આપ્યું છે કે ફક્ત ફાતેમી ઇમામોજ અલી અને ફાતેમાના ફરઝંદો હતા. અને અબ્બાસી અને ઉમવી ખલીફાઓનો દાવો સદંતર ખોટો હતો.

પ્રકરણ ૩ જું

ઇલ્મ

મુમિનની પહેલી ફર્ઝ ઇલ્મ શું છે તે જાણવાની છે જ્યારે તે ઇલ્મ જાણી લેશે ત્યારે તે તેને મેળવી શકશે, કારણ ઇન્સાન કોઇપણ વસ્તુને તેને ઓળખ્યા વિના મેળવી શકતો નથી.

ઇલ્મનો ખરો અર્થ કોઈ પણ વસ્તુને તેના મૂળ સ્વરૂપમાં ઓળખવાનો થાય છે. ઇલ્મથી જ ઇન્સાન અકલમંદી હાંસિલ કરી શકે છે. અકલ એક એવું અમૂલ્ય રત્ન છે કે જે ઇલ્મના તાજને શોભારૂપ છે. ઈમામઅલી ઇબ્ને અબી તાલિબ (અ.સ.) ફરમાવે છે :

'અલ ઈલ્મો તાજુન લિલફતા

વલઅકલો તવકુન મિન ઝહબ અર્થાત યુવાન માણસનો તાજ ઇલ્મ છે. અને અકલ તે તાજમાં સોનાનો' પટો છે.

સુબ્હાનહુતઆલા કે જેના તાબામાં ઈન્સાન અને ફરિશ્તા છે, તેનો જે શખ્સ કલમો પઢે છે તે આકિલ છે.

જે ચીઝનો પાયો ઇલ્મ પર ન હોય તે ચીઝનુ વજુદ ગણી શકાય જ નહીં. ઇલ્મ એવી વસ્તુ છે કે જેના તાબામાં દરેક મોજુદ અને ગયરમૌજુદ ચીઝો છે. પણ ખુદા ઇલ્મના તાબામાં છે, એમ કહેવું બરાબર નથી. સારાંશ આ દુનિયામાં ઇન્સાન ખુદા સિવાય દરેક વસ્તુને ઓળખી શકે છે. તેમજ તેને લગતું જ્ઞાન પણ મેળવી શકે છે. પણ ખુદા માટે તેને વાદવિવાદ કે કોઈ પણ પ્રકારની ચર્ચા કરવાનો અધિકાર રહેતો નથી. જેમ ખુદા વિષે કુરઆને મજીદમાં કહેવાયું છે: 'જ્યારે ખુદા સુધી વાત પહોંચે ત્યારે ચૂપ થઈ જાઓ.'

ત્યારે સવાલ એ પયદા થાય છે કે, આપણે ખુદાને કઈ રીતે ઓળખીયે? ઈન્સાન જે કંઈ કરે છે અને મેળવે છે તે ખુદાના ફરમાનથી જ કહેવાનો અર્થ એ છે કે જે શખ્સ ખુદાની મરજીથી એટલે ઉલિલ અમ્રેની રજાથી ઇલ્મ મેળવે છે તે ખુદાથી નઝદીક ગણાય છે એટલું જ નહીં પણ જે ઇન્સાન બારી તઆલાનાં દરેક ફરમાન માથે ચઢાવી શરીઅત ઉપર ચાલે છે તો તે વધારે આકિલ ગણાય છે. છેવટે જ્યારે તે પૂરી સમજ મેળવી લે છે ત્યારે ખુદા તેના ઉપર કાયમનો મહેરબાન થઈ જાય છે.

આપણી અને આપણા પૂર્વજોની પયદાઈશની જગ્યા

આ દુનિયા છે પરંતુ આપણી પાછા વળવાની જગ્યા તો પેલી દુનિયા ". દરેક નિર્જીવ અને સજીવ બન્ને વસ્તુઓને તેના અસલી સ્વરૂપ તરફ તો પાછા વળવાનું જ છે જેમ કહેવાયું છે કે દરેક ચીઝ તેના અસલ તરફ પાછી વળે છે.'

મારા વ્હાલા ભાઈઓ! હું એટલા માટે જ કહું છું કે તમે ઝાહેરી અને બાતેની બન્ને ઈલ્મ મેળવવાની કોશિશ કરો જેથી તમે હકતઆલાના વધુ નઝદીક પહોંચી શકો કેમકે ઈલ્મ અને અમલ પરવરદિગારે આલમની સૌથી કીંમતી બક્ષિશ અને મોટામાં મોટી રહેમત અને બરકત છે.

પ્રકરણ ૪ થું

જન્નત-તેનો દરવાજો અને તે દરવાજાની ચાવી વિષે

ઈન્સાનનું બોલવું, ચાલવું, હરવું, ફરવું વગેરે દરેક બાબતો પૂરેપૂરી ઈન્સાનની શક્તિ ઉપર આધાર રાખતી નથી. પ્રભાવ અને શક્તિ (હૌલ અને કુવ્વત) તો માત્ર ખુદાના માટે જ છે, આપણે બધા વારંવાર આ તસ્બીહ પણ કરીએ છીએ 'લાહૌલવલા કુવ્વતા ઇલ્લા બિલ્લાહ.'

આપણે જે કંઈ નેક કામ કરીએ છીએ અને સારી વાતો કરીએ છીએ તે ખુદાના વલી ઈમામુઝ ઝમાનની તાઈદના કારણે. પરંતુ જ્યારે આપણે કંઇ બુરૂ બોલીએ છીએ અથવા બૂરા કામો કરીએ છીએ તે આપણા ભૂંડા વિચારો અને પાપી આત્માના લીધે.

અયલોકો ! હુ ઈમામુઝ ઝમાનના કસમ ખાઈને કહું છું કે 'અકલ' જન્નત બિલકુલ્વા છે જન્નતનો દરવાજો

પોતાના સમયમાં રસુલિલ્લાહ (સ.અ.વ.) અને આપના વસી ઈમામ અલી ઇબ્ને અલી તાલિબ (અ. સ.) હતા. હવે આપણા ઝમાનમાં ઈમામે આલી મુકામ જન્નતના દરવાજા છે અને આ દરવાજાની ચાવી કલમતુશ્શહાદત 'લાઇલાહ ઇલ્લલ્લાહ મોહમ્મદન રસુલ્લાલ્લહ છે

હવે જે શખ્સ ખરા અંતઃકરણથી આ કલમો પઢે છે અને તેને સ્વીકારી લે છે તે જન્નતના દરવાજા સુધી પહોંચી જાય છે. એટલુ જ નહીં પણ પયગમ્બર (સ.અ.વ.)ની કુરબત મેળવવાનું શરફ પણ હાસિલ કરે છે વળી જે શખ્સ ખુદાના કલમા સાથે રસુલ્લિલાહ (સ.અ.વ)નો કલમો પણ પઢે છે એટલે કે તેઓને ખુદાના પયગમ્બર સ્વીકારે છે તે જન્નતમાં સહેલાઈથી દાખલ થઈ શકે છે જે પ્રમાણે ચાવી લગાડવાથી દરવાજો પૂરેપૂરો ઉઘડી જાય છે.

અકલ જન્નત બિલ કુવ્વા છે એની દલીલમાં હું માત્ર એટલું જ કહીશ કે ઇન્સાનને સુખ શાંતી, આરામ-રાહત, સહેલાઈ વગેરે ચીઝો અકલના લીધે જ મળે છે. શું તમે આ વાત નથી જાણતા કે, પરવરદિગારે આલમે અકલ ફક્ત ઇન્સાનને જ આપેલી છે ? જયારે પશુ પક્ષીઓને સમજશક્તિ ન હોવાના કારણે અપાર તકલીફો અને દુઃખ વેઠવું પડે છે વળી ઈન્સાન અકલના કારણે જ પ્રાણીજાત ઉપર સરસાઈ ભોગવે છે.

જે શખ્સ વધારે અકલમંદ હોય છે તેને દુનિયામાં કુદરતી રીતે ઓછી તકલીફો ઉઠાવી પડે છે એટલું જ નહીં પણ તેવા લોકોને દુનિયાના નફાનુકસાનની લેશમાત્ર ચિંતા હોતી નથી. આથી ઉલટું અણસમજુ લોકોને પોતાનો માલ લુંટાઈ જવાનો અથવા તેમાં ખોટ આવવાનો. ભય, રાત-દિવસ સામે ઊભેલો રહે છે. આવા લોકો જો ખોટો વૈભવ અને અયશમાં પડી જાય છે તો તેઓ દુનિયાની મોહ-જાળમાં ફસાઈને નાશ પામે છે.

સુબ્હાનહુતઆલા જેઓને અંશમાત્ર પણ બુદ્ધિ આપે છે તેઓ બધી આપત્તિઓથી નજાત. મેળવે છે. ત્યારે નક્કી થયું કે 'અકલ' એક બહિશ્ત રૂપે છે કેમકે દુનિયામાં જેટલી નેઅમતો અને રાહતો છે, તે પેલી દુનિયાથી ઈન્સાનનાં નસીબમાં ઉતરેલી છે. હવે જે વધારે અકલમંદ હશે તે જન્નતથી વધુ નઝદીક થશે.

મોહમ્મદુલ મુસ્તફા, (સ.અ.વ.) તાજુલ અંબિયા અને ખત્મુલ મુરસલીન હોવાના કારણે ખુદાતઆલાએ આપને ફરમાવેલું છે કે: 'અય મુહમ્મદ! તમે લોકોને ઈલ્મ શીખવાડો.' ઈલ્મથી અકલમંદ શખ્સ નજાત પામી શકે છે. આ ઉપરથી સાબિત થાય છે કે, પયગમ્બરે ઈસ્લામ બહિશ્તના દરવાજા છે. બધા મુસલમાનોએ વિના સંકોચે અને શક વગર માની લેવું જોઈએ કે બહિશ્ત એક અર્થમાં 'અકલ' છે.

હવે જ્યારે સાબિત થયું કે, રસુલે અકરમ (સ.અ.વ.) બહિશ્તના દરવાજા છે. ત્યારે મુમિનીનને એ પણ જાણી લેવું જોઈએ કે જન્નતના માલિક પણ મુહમ્મદ (સ.અ.વ.) છે. જન્નતમાં તે લોકો દાખલ થઈ શકશે કે, જેઓ રસુલે ખુદા અને આપના ફરઝંદોની ફરમાન બરદારી કરતા હશે અને જેઓ આપના અહેકામની પાબંદી કરતા હશે, જેમ ખુદા કુરઆનમાં ફરમાવે છે. '**જે શખ્સ રસૂલિલ્લાહની તાઅત કરશે તેણે ખરેખર ખુદાની તાઅત કરેલી** ગણાશે.'

જે કોઈ રસુલિલ્લાહ (સ.અ.વ.) ની શરીઅતને તાવીલના ઈલ્મ વિના માન્ય રાખશે તો તેના માટે જન્નતનો દરવાજો બંધ રહેશે. પણ જે શખ્સ તાવીલનું જ્ઞાન મેળવી સમજી સોચીને પોતાનું અમલ કરશે તો તેના માટે જન્નતનો દરવાજો ઉઘડી જશે. જેમ ખુદાનો કોલ છે: '**જે લોકો પોતાના પરવરદિગારની બીક રાખે છે તેઓને ટોળાબંધ જન્નતમાં લઈ જવામાં** આવશે જ્યારે તેઓ ત્યાં પહોંચશે ત્યારે જન્નતનો દરવાજો ખોલી દેવામાં આવશે એ પ્રસંગે ફરિશ્તાઓ તેમને કહેશે: 'ભલે પધારો તમારા ઉપર સલામ છે.'

આ કોલનો અર્થ એ થાય છે કે દરેક પયગમ્બરની શરીઅતની તાવીલ બંધ દરવાજા જેવી છે જ્યારે તે ઉઘડે છે, ત્યારે મુમિનીન તેમાં દાખલ થઈ કાયમનું સુખ

મેળવે છે.

પણ જ્યારે જન્નતનો દરવાજો બંધ હોય છે. ત્યારે જહન્નમનો દરવાજો ઉઘાડો હોય છે. જેમ કુરઆનમાં કહેવાયુ છે કે: 'અધર્મીઓને ટોળાબંધ જહન્નમમાં લઈ જવામાં આવશે અહીં સુધી કે જ્યારે તેઓ તેના પાસે પહોંચશે તો તેના દરવાજા ઉઘાડી દેવામાં આવશે ત્યારે ત્યાંના ફરિશ્તાઓ તેમને કહેશે : શું તમારા તરફ તમારામાંથી પયગમ્બર નહોતા આવ્યા કે ને તમારા પરવરદિગારની આયાતો પઢી સંભળાવતાં હતાં અને તે દિવસથાં ડરાવતા હતા? 'જવાબ દેશે કે કેમ નહીં. પરંતુ અધર્મિઓના હકમાં અઝાબનો હુકમ થએલો હતો.'

જન્નતનો દરવાજો ખુલવાનો એક બીજો અર્થ કુરઆન અને શરીઅતના તાવીલનું ઇલ્મ છે. તાવીલના ધણી દરેક પયગમ્બરના વસી છે. જેમકે આદમના વસી હાબીલ અને શીસ, નૂહના વસી સામ, ઈબ્રાહીમના વસી ઈસ્માઈલ, મુસાના વસી હારૂન, ઈસાના વસી શમઉન અને મોહમ્મદુલ મુસ્તુફા (સ.અ.વ.) ના વસી ઈમામ અલી ઈબ્ને અબી તાલિબ છે.

જ્યારે જન્નતનો દરવાજો ઉઘડે છે ત્યારે દોઝખનો દરવાજો તરત બંધ થઈ જાય છે. અયલોકો ત્યારે જાણી લ્યો કે જન્નતનો દરવાજો રસુલિલ્લાહ (સ.અ.વ) છે અને મુમિ-

નીન માટે તે દરવાજાના ઉઘાડનાર રસુલિલ્લાહ (સ અ.વ.)ના વસી અને ઈમામુઝ ઝમાન છે.

રસુલિલ્લાહ (સ.અ.વ.) જન્નતના દરવાજા છે. અને આપના વસી તેના ઉઘાડનાર છે. આ વાત સાબિત કર્યા પછી હું જન્નતના દરવાજાની ચાવી બાબત થોડું કહીશ.

ઉપર જણાવી ગયો છું તેમ કલેમતુશ્શહાદત એ જન્નતના દરવાજાની ચાવી છે. ચાવી વિના દરવાજો ઉઘડી શકે નહીં. તેથી જ કહેવામાં આવે છે કે જે શખ્સ આ કલમો પઢે છે, તે રસુલના નઝદીક ગણાય છે. વળી મેહબૂબે કિબ્રિયાએ કલેમો પઢનાર માટે જન્નતમાં જગ્યા કરી આપવાનો વાયદો પણ કરેલો છે. જેમ કહેવામાં આવ્યું છે કે: 'જે શખ્સ 'લાઈલાહ ઈલલલ્લાહ' ખરા દિલથી પઢશે તે જન્નતમાં દાખિલ થશે.'

ઉપર જણાવેલી બાબત સ્પષ્ટ રીતે સાબિત કરી આપે છે કે કલમતુશ્શહાદત એજ જન્નતના દરવાજાની ચાવી છે. જે શખ્સ તેને મેળવશે તે જન્નતમાં જશે. નહિતર તે જન્નતથી મેહરૂમ રહેશે.

કલેમતુશ્શહાદતના બે ભાગ છે: "લાઈલાહ ઈલ્લાહ" ખુદાની વહેદાનિયત (એકમાત્ર) હોવાની સાક્ષી આપે છે કે સિવાય એક ખુદાના બીજો કોઈ ખુદા નથી. તેનો બીજો ભાગ "મોહમ્મદુન રસુલિલ્લાહ" મોહમ્મદ (સ.અ.વ.) ખુદાના પયગમ્બર છે. એવી સાક્ષી આપે છે. ચાવીને

અરબીમાં 'મિફતાહ' કહે છે આ શબ્દના પણ બે ભાગ છે 'મિ-ફતહ' એજ પ્રમાણે ચાવીના પણ બે ભાગ હોય છે એક ભાગ તે ચાવીનો હાથો અને બીજો તેના દાતરડાં.

ત્યારે રસુલિલ્લાહ (સ.અ.વ.) બહિશ્તના બંધ દરવાજા છે. તેની ચાવી કલમએ ઈખ્લાસ છે. મુમિનીનના હાથમાં તે દરવાજાની ચાવી છે, અને ઈમામુઝ ઝમાન તે ચાવીના ફેરવનાર છે. જ્યારે ઈમામુઝ ઝમાનના વસીલાથી મુમિન આ ચાવી ફેરવશે ત્યારે જન્નતનો દરવાજો ઉઘડી જશે ખુદા પોતાના રસુલ મોહમ્મદ (સ.અ.વ.) ને સંબોધી ને ફરમાવે છે કે: 'અમારા પરવરદિગાર અમને ભેગા કરશે અને પછી અમારા વચ્ચે ઈન્સાફના સાથે ફેંસલો કરશે તે સૌથી સરસ ઈન્સાફ કરવાવાળો સાહેબે ઈલ્મ છે.'

આ આયાતનો એક અર્થ એ છે કે જ્યારે તમામ જગત દીને મોહમ્મદીનો સ્વીકાર કરશે ત્યારે ઈમામુઝઝમાન તાવીલનો મર્મ લોકોને સમજાવશે. તે વખતે મુમિન જાણી શકશે કે શરીઅત અને તાવીલથી ખરી મુરાદ શું હતી.

પ્રકરણ ૫ મું

જહન્નમ અને તેની ચાવી બાબત

અલ્લાહ પાકની મદદથી કહું છું કે આપણે કોઈ પણ ચીજને જે સ્વરૂપમાં જોઈએ છીએ તેમાં અનેક વખતે ફેરબદલ થએલો હોય છે. દાખલા તરીકે આજે આપણે ઈન્સાનને જે સ્વરૂપમાં જોઈએ છીએ તે સૌ પ્રથમ વનસ્પતિના સ્વરૂપમાં હતો. અર્થાત તેના માતાપિતાએ વનસ્પતિનું સેવન કર્યું અને તેમાંથી ઈન્સાન પયદા થયો. સારાંશ **નુત્ફો બિલકુવ્વા અને ઈન્સાન બિલ ફેઅલ છે.**

આટલું જાણ્યા પછી સમજી લ્યો કે જહન્નમનું અસલ સ્વરૂપ નાદાની એટલે 'અજ્ઞાનતા છે; અને જન્નતનું અસલ સ્વરૂપ ઈલ્મ એટલે અક્ષરતા છે.

સમજદાર ઈન્સાન હંમેશા એવા કામ કરતો હોય છે કે તેથી ખુદા અને ખુદાના પયગમ્બર ખુશ થાય છે, ઉપરાંત તે ખુદા અને ખુદાના રસુલની ફરમાંબરદારી કરી એટલે શરીઅત ઉપર ચાલી પોતાના માટે જન્નતમાં કાયમી

સ્થાન મેળવી લે છે. આથી ઉલ્ટું, નાદાન એટલે કે જાહિલ ઇન્સાન પોતાને નજાતી મળે એવા કામો ન કરતો હોવાના કારણે જહન્નમમાં જગ્યા નક્કી કરી લે છે.

આથી સાબિત થાય છે કે ખરા અર્થમાં ઈલ્મ તેજ જન્નત છે. અને જહાલત તે જ જહન્નમ છે. ખુદા તઆલાએ કાફિરોને જહન્નમમાં પહોંચાડવાનો વાયદો કરેલો છે જેમ કુરઆને મજીદમાં કહેવાયું છે: 'જે લોકોએ કુફ્ર કીધું તેના માટે જહન્નમની આગ છે. ન તેઓને મોત આવશે કે જેથી તેઓ મરી જાય, ન તેઓનો અઝાબ તેમના માટે હલકો થશે અમે દરેક કુફ્ર કરનારાઓને આવોજ બદલો આપીએ છીએ.'

કુરઆને મજીદમાં બીજી એક જગ્યાએ કાફિરોને નાદાન કહેવામાં આવેલા છે. 'કહી દયો, કે અય નાદાનો! તમે ખુદા સિવાય મને બીજાની ઈબાદત કરવાનું કહો છો?'

ત્યારે ઇલ્મે મનતિક (તર્કશાસ્ત્ર)ના ઉસુલથી સાબિત થાય છે કે દોઝખવાસીઓ કાફિર અને કાફિરો જાહિલ (નાદાન) છે. ત્યારે દોઝખવાસીઓ જાહિલ હોવા જોઈએ.

ખરા આકિલ પોતાના દૌરમાં (સમયમાં) રસુલિલ્લાહ (સ.અ.વ.) હતા. તેમના પછી આપના વસી અને હાલમાં ઈમામુઝ ઝમાન છે. જે શખ્સ ઈમામુઝ ઝમાન (અ.સ.) અદાવત રાખશે અને તેઓની ફરમાંબરદારી નહીં કરે

તેણે ખુદા અને ખુદાના રસુલ સાથે દુશ્મની કીધેલી કહેવાશે એટલું જ નહીં પણ તે કાફિર અને જાહિલ કહેવાશે. અને તે કારણે તે જન્નતમાં ન જતાં જહન્નમમાં જશે.

ટૂંકમાં હકના ઈમામની તાબેદારી જન્નતનો દરવાજો છે, કેમકે લોકો તેનાથી ઈલ્મ મેળવી જન્નતમાં જઈ શકે છે. ત્યારે હકના ઈમામની દુશ્મની જહન્નમનો દરવાજો છે. કેમકે ઈમામનો દુશ્મન પોતાની અવિચારી બોલચાલના લીધે, ઈમામથી દૂર હોવાના કારણે, જાહિલ રહી પોતાને અને પોતાના સાથીદારોને જહન્નમમાં ઢસડી લઈ જાય છે.

જાહિલો માટે જહન્નમ અને આકિલો માટે જન્નત છે. તે વિષે કેટલીક દલીલો રજૂ કરું છું. ખુદાએ ફક્ત ઈન્સાનને જ બોલવાની શક્તિ આપેલી છે, જાનવરો બોલી શકતા નથી. ઉપરાંત ઈન્સાન, સમજ, જ્ઞાન અને શિખામણ બીજા પાસેથી તેના બોલવા ઉપરથી જ મેળવી શકે છે, તેમ જ પોતે કેટલો આલિમ અને આકિલ છે. તેનો પુરાવો પણ સામેવાલાને પોતાના બોલવા ઉપરથી જણાવી શકે છે. ફારસી ભાષામાં કહેવત છે કે: 'માણસ જ્યાં સુધી બોલતો નથી ત્યાર સુધી તેની ખૂબી અને ખામી છૂપાયેલી રહે છે.' ખરેખર માણસ તેની જબાન નીચે છુપાએલો છે.

વળી જેઓમાં અકલ નથી એવાં લોકો તરફ ખુદાએ પોતાના પયગમ્બર પણ મોકલ્યા નથી. તે માટે હું એટલું જ કહીશ કે નાની વયના બાળકો—જેની બુદ્ધિ વિકાસ પામી

નથી – તેમજ જેઓ સમજ ખોઈ બેઠા છે (દિવાનાઓ) –તેઓ ઉપર નમાઝ અને તાઅત ફર્ઝ નથી, કેમકે તેઓની હાલત પ્રાણીઓ જેવી હોય છે અને પ્રાણીઓ માટે જન્નત નથી.

ઈન્સાન દરેક પ્રાણીઓ પર સરસાઈ ભોગવે છે અને તે હલાલ જાનવરોને કાપીને ખાય છે. અને હરામ જાનવરોનો ફક્ત શિકાર કરે છે. તેનું માંસ ખાતો નથી. ઈન્સાન બિન બિલકુવ્વહ બહિશ્તી જ્યારે જાનવરોની બાબતમાં એવું નથી. વળી જન્નતીઓ દોઝખૂીઓ ઉપર વર્ચસ્વ ધરાવે છે, એટલા માટે કે જાનવરો ઉપર ઈન્સાનની પૂરેપૂરી સત્તા છે. તે જાનવરોને ખરીદે છે, વેચે છે, તેઓની પીઠ ઉપર ભાર લાદે છે. સવારી કરે છે. કાપે છે અને ખાય છે. તે માટે ઈન્સાનને ખુદા તરફથી કોઈ સઝા કે ઠપકો મળતો નથી.

કહેવામાં આવ્યું છે કે કયામતના દિવસે રસુલેખુદા (સ. અ. વ.) પધારશે અને પોતાની ફુંકથી જહન્નમની આગને ઠંડી કરશે અને તેના ઉપર પોતાની ચાદર મુબારક પાથરશે; ત્યારબાદ પોતાની ઉમ્મતના લોકોને જહન્નમના અઝાબથી ઉગારી લેશે. તે સમયે રસુલે ખુદા (સ. અ. વ.)ની ફુંક અને કમ્બલનો મુકાબલો કરવાની કુવ્વત જહન્નમની આગમાં નહીં હોય. પણ એવા લોકો કે જેઓએ ઝાહેરી અને બાતિની બન્ને શરીઅતનો અસ્વીકાર કર્યો હશે, જેઓએ

રસુલ વસી અને ઇમામુજ઼ ઝમાનની નાફરમાની કરી હશે, અને તેઓને ફાડી ખાનારાં જાનવરો સાથે સરખાવવામાં આવેલાં છે તેઓ કદી પણ જહન્નમની આગથી નજાત નહીં મેળવે, ઉપરાંત પયગમ્બરે હક પણ તેઓની સહાયતા નહીં કરે. જેમ કુરઆને મજીદમાં ફરમાવ્યું છે કે: "જ્યારે કાફિરો ઉપર જહન્નમમાં અઝાબ થતો હશે ત્યારે તેઓ કહેશે: "અય પરવરદિગાર! તું અમને આ મુસીબતમાંથી ઉગારી લે, ફરી આવું કામ કરીશું તો ઝાલિમ કહેવાશું." ખુદા કહેશે: "તમે તેમાં ઝિલ્લતના સાથે પડ્યા રહો.. મારી સાથે વાત ન કરો."

જાનવરો કે જેના ઉપર ઇન્સાનનું વર્ચસ્વ છે તે સાત પ્રકારનો છે. આ સાતમાંના બે પ્રકાર પાણીના જાનવરોના છે, પહેલા પ્રકારના જાનવરો કે જેમના પગ નથી હોતા જેવા કે સાપ, માછલી વગેરે બીજા પ્રકારના જાનવરો બે પગવાળા છે. જેવા કે, મગરમચ્છ, કાચબા વગેરે. બાકીના પાંચ પ્રકારના પ્રાણીઓ આ પ્રમાણે છે:— (૧) ઘાસ-ચારો ખાનારાં ચાર પગા જાનવરો જેવા કે ગાય, બકરા, ઘેટાં વગેરે (૨) માંસ ખાનારા ચોપગા જાનવરો જેવા કે વાઘ, સિંહ, વરૂ વગેરે. (૩) માંસ ખાનારા પક્ષીઓ જેવા કે બાજ, સમડી, કાગડા વગેરે. (૪) શાકાહારી પક્ષીઓ જેવા કે કબૂતર, ચકલા વગેરે અને (૫) જીવ-જંતુઓ માખી, કીડી વગેરે.

જેમ સાત પ્રકારના જાનવરો છે તેમ જહન્નમના પણ

સાત દરવાજા છે. જહન્નમમાં જવા માટે બધા દરવાજા ઉઘાડા હોય છે. જેમ ખુદા કુરઆને પાકમાં ફરમાવે છે: "તેના સાત દરવાજા છે. દરેક દરવાજા માટે એમાંથી જનારાઓ નક્કી કરાએલા છે."

ઇન્સાનોમાં પણ કેટલાક એવી જાતના લોકો છે કે જેઓની સરખામણી જાનવરો સાથે કરી શકાય છે.

જેમ ખુદાતઆલાનો કૌલ છે કે: "અને જમીનમાં જે ચાલવા-ફરવાવાળા જાનવરો અને આકાશમાં પક્ષીઓ છે તેમાં પણ તમારા જેવા વર્ગો છે."

હવે જે લોકો ઉપર જણાવેલા જાનવરોની માફક નાદાન છે. તેઓ નક્કી જહન્નમમાં જશે. ચોર અને અપ્રમાણિક લોકો ઉંદર જેવા છે. ઝૂંટવીને લઈ જનારા અને હકદારોના હક પડાવી પાડનારા વરૂ અને વાઘ જેવા છે. લાલચુ અને હરામ કામ કરનારાઓ ડુક્કર જેવા છે પરંતુ ગાય, બકરા, ઘેટાં, ઊંટ જેવા જાનવરો કે જેઓનો ગોશ્ત હલાલ છે તેમાં સુધરવાની શકયતા છે. આવા જાનવરોની સરખામણી એવા ઇન્સાનો સાથે થઈ શકે છે જેઓ ફરમાંબરદાર અને પરહેઝગાર છે પણ આલિમ નથી-ખુદાએ આવા જાનવરોનો ગોશ્ત હલાલ કીધો તેનો મતલબ એ કે આપણે તેઓને ઇલ્મ શિખવાડી આપણા જેવા કરીએ. આથી ઊલટું ડુક્કર, વાઘ, વરૂ જેવા જાનવરોનો ગોશ્ત હરામ છે તેઓ એવા પ્રકારના લોકો છે કે જેઓ કૌમમાં ફિત્નો જગાડે છે અને

તેઓ નસિહત અને શિખામણ લેવા માગતા નથી. ખુદાનું ફરમાન છે કે આવા લોકોને કતલ કરવા જોઈએ, જેથી તેઓ પણ ન રહે અને તેઓનું દીન પણ નાબુદ થાય. આવાં લોકોને દીને હકની તાલીમ આપવાની મનાઈ કરવામાં આવી છે.

ત્યારે આલિમો અને અકલમંદો માટે આ દુનિયા બહિશ્તનો દરવાજો છે અને જાહિલો તેમ અણસમજુઓ માટે દોઝખનો. કેમ કે જન્નત અને જહન્નમમાં તે જ જઈ શકશે. જેણે આ જગતમાં જન્મ લીધો છે આ સરાએ ફાનીમાં રહી જે જન્નતને આબાદ કરવા ઇચ્છતો હશે તે જન્નતી થશે અને જે જહન્નમનો ઈરાદો રાખતો હશે તે જહન્નમી થશે. જેમ અલ્લાહ સુબહાનહુ કુરઆન મજીદમાં ફરમાવે છે કે: "તે દિવસે એક વર્ગ જન્નતમાં હશે અને એક વર્ગ જહન્નમમાં હશે."

પ્રકરણ ૬ ઠું

રૂહાની આલમ વિષે

આગળ કહી ગયો છું તેમ સૌથી પહેલાં જે ચીઝ ઝાહેર થઈ તે અલ્લાહતઆલાનો હુકમ-(કુન) હતો. ખુદાએ ફરમાવ્યું કે: "કુન" (થા) અને તરત જ "ફયકુન" એટલે થઈ ગયું. મતલબ કે આકાશ, પૃથ્વી, હવા, પાણી, સૂરજ, ચાંદ, તારા, પહાડ વગેરે દરેક વસ્તુ અલ્લાહનો માત્ર એક જ શબ્દ "કુન" ઉચ્ચારવાથી વજુદમાં આવી તેના ટેકામાં મેં એમ પણ કહ્યું છે કે, ખુદા સિવાય દરેક ચીઝ ઇલમના તાબે છે, એટલે કે ઇલમનો સર્જનહાર પણ ખુદા છે. આ ઉપરથી સાબિત થાય છે કે, ખુદાતઆલાનું સૌથી પહેલું સર્જન ઇલ્મ છે.

હવે હું આગળ વધીને એમ પણ કહીશ કે બારીતઆલાના હુકમથી સૌ પ્રથમ આલમે રૂહાની એટલે કે પેલી દુનિયા સર્જાઈ અને તે દુનિયામાંથી આ દુનિયા (પૃથ્વી) કાયમ થઈ

ત્યારે પેલી દુનિયા એટલે કે આલમે રૂહાની જે પહેલા કાયમ થઈ તે જ પવિત્ર અને કાયમી દુનિયા છે, જ્યારે આ દુનિયા જેમાં આપણે વસીએ છીએ તે આલમે જીસ્માની છે જે મોડીવહેલી નાશ પામવાની છે.

વધુમાં પૃથ્વી એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં બદલાતી આવી છે. જેમ કે ખનીજમાંથી વનસ્પતિ અને વનસ્પતિમાંથી પ્રાણીમાં. આ ત્રણે ખનીજ, વનસ્પતિ અને પ્રાણીમાં ઇચ્છાવૃત્તિ છે. વનસ્પતિ એટલા માટે ઊગે છે કે તે પ્રાણીનો જીવનઆધાર બને. ઇન્સાન એટલા માટે સર્જાયો કે તે પ્રાણી અને વનસ્પતિ બન્નેની માવજત કરે, કેમ કે ઇન્સાન ન હોય તો પ્રાણી અને વનસ્પતિ બન્ને નાશ પામે.

આપણે જાણી લીધું કે પૃથ્વીનું સર્જન પેલી દુનિયામાંથી થયું છે. આ ઉપરથી હવે આપણે નક્કી માની લેવું જોઈએ કે પેલી દુનિયા કાયમી અને અવિનાશ છે. ઉપરાંત આ દુનિયામાં ઇલ્મથી વધીને બીજું કંઈ નથી મતલબ કે પેલી દુનિયા અકલ લેનારી અને આપનારી બન્ને છે, જ્યારે આ દુનિયામાં નફ્સ (ઇન્સાન) પેલી દુનિયામાંથી અકલ મેળવનાર છે. તો આપણે માની લઈએ કે પેલી દુનિયા અકલ છે અને તે સિવાય બીજું કંઈ જ નથી.

દુનિયામાં આપણે જોઈએ છીએ કે દરેક વસ્તુ ફાયદો આપનારીયે છે અને લેનારીયે છે. વનસ્પતિ આકાશથી પડતા

વરસાદથી ફાયદો મેળવી તે ફાયદો પ્રાણીઓને પહોંચાડે છે પ્રાણીઓ પોતે વનસ્પતિમાંથી મેળવેલો ફાયદો ઈન્સાનને પહોંચાડે છે. તે જ પ્રમાણે ગુરૂચેલાને, પયગમ્બર ઉમ્મતને, નરમાદાને અને કારીગર પોતાની બનાવેલી સુંદર વસ્તુને ફાયદો પહોંચાડે છે; દાખલા તરીકે એક ચિત્રની ખૂબી અને કિંમતનો આધાર તેના ચિત્રકારની પીંછી અને કલા ઉપર છે.

આપણે આ દુનિયામાં જન્મ એટલા માટે લીધો છે કે, અહીંયાં રહીને આમાલે સાલેહાત (સારા અને નેક કામો) કરી પેલી દુનિયાની તમામ નેઅમતો કે જે દાયમી છે તે મેળવવાના અધિકારી થઈએ તે ઉમ્મીદથી જ આપણે અહીં જીવન વિતાવીએ છીએ. વળી ઉપર જણાવી ગયો છું, તેમ આ દુનિયાની સૌથી કીમતી વસ્તુ ઇલ્મ છે, આ ઉપરથી માલુમ પડે છે કે પેલી દુનિયામાં ઇલ્મ આપનારી અને લેનારી બન્ને છે. આપણે આ દુનિયામાં રહી ઇલ્મ અને અકલ પેલી દુનિયામાંથી એટલે કે પરવરદિગારે આલમ પાસેથી મેળવેલી છે. એ જ કારણે પેલી દુનિયા આ દુનિયા કરતાં શ્રેષ્ઠ ગણાય છે.

સારાંશ કે આલમે રૂહાનીનું આલમે જીસ્માની ઉપર શરફે ઝાતી છે. ન કે શરફે ઝમાની. દાખલા તરીકે ઉસ્તાદ પોતાના શાગિર્દ ઉપર ઇલ્મના કારણે સરસાઈ ભોગવે ન કે ઉમ્રના કારણે.

ઇલ્મની શરૂઆત પેલી દુનિયામાંથી થએલી છે, તેની દલીલમાં હું કહીશ કે ખુદાતઆલાની કારીગરી અને હિકમતનાં ચિન્હો આ દુનિયામાં ડગલે ને પગલે દેખાય છે. આકાશનું ઉદાહરણ લ્યો. આસ્માનની ગર્દિશ અને ગોઠવણી ઇત્યાદી એવી ખૂબીથી રચાએલી છે કે જોનારને દંગ કરી નાખે છે. અનાસિર–ચાર તત્વો આગ, પાણી, માટી, હવાનો દાખલો લ્યો તો જણાશે કે તે એકબીજાથી મળતાં પણ છે. અને વિરૂદ્ધ પણ. મળતાપણું હોવાથી તેઓ એકબીજામાં જલ્દી ભળી જાય છે. અને વિરોધ વૃત્તિના લીધે જુદા પણ રહે છે. દાખલા તરીકે આગ ગરમ અને ખુશ્ક (સુકી) છે જ્યારે માટી ઠંડી અને સુકી છે. આ બન્ને સુકાપણામાં તેઓ એકબીજા સાથે મળતાં આવે છે. જ્યારે ઠંડી અને ગરમીનાં કારણે એકબીજાથીથી વિરૂદ્ધ છે. હવા ગરમ અને ભેજવાળી છે, ત્યારે પાણી ઠંડુ અને ભેજવાળું છે. ભીનાશના કારણે આ બન્નેમાં મળતાપણું છે ત્યારે ઠંડક અને ગરમીના કારણે તેઓ એકબીજાથી જુદા છે. શું આ બે દાખલાઓ ઉપરથી આપણે પેલી જગતની દાનાઈનો ખ્યાલ નથી આવી શકતો ?

હવે આ જગત ફાની છે તેની દલીલમાં હું થોડુંક કહીશ. આ જગતમાં આપણે એક વ્યક્તિનું બીજી વ્યક્તિ ઉપર વર્ચસ્વ અને એક વસ્તુની બીજી વસ્તુ ઉપર સરસાઈ જોવામાં આવે છે. દાખલા તરીકે ખનીજ કરતાં વનસ્પતિ ઉત્તમ છે. વનસ્પતિ કરતાં પ્રાણી વધારે શ્રેષ્ઠ છે અને

પ્રાણીથી વધીને ઇન્સાન છે. આ દુનિયામાં દરેક વસ્તુ બદલાતી રહે છે. એટલે કે એક સ્થિતિમાંથી નીકળી બીજી સ્થિતિમાં જાય છે. ત્યારે અય લોકો! માની લ્યો કે આ દુનિયાની દરેક ચીઝ તાત્પુરતી છે એટલે કે કાયમ રહેનારી નથી. તદુપરાંત ઇન્સાન માટે પણ ઊંચામાં ઊંચો દરજ્જો આ દુનિયામાં નહીં, પણ પેલી દુનિયામાં છે, કે જ્યાં પહોંચ્યા પછી જ પોતે કોણ છે તેની તેણે જાણ થશે.

પેલી દુનિયા કાયમી છે, તેના પુરાવા વિષે હું કહીશ આ દુનિયામાં એક વસ્તુ એક રૂપમાંથી નીકળી બીજા રૂપમાં આવે છે; ત્યારે તે રૂપ બદલાયા પછી તેનું પહેલું રૂપ નાશ પામે છે. જેમકે જીવતા મરણ પામે છે. અંધકાર બાદ પ્રકાશ આવે છે અને સુગંધમાં ગંધ પયદા થાય છે ત્યારે માલુમ પડે છે કે આ દુનિયામાં કોઈ પણ ચીઝ તેના અસલી રૂપમાં કાયમ રહેતી નથી. હવે જ્યારે આ જગતની બધી ચીઝો નાશવંતી છે ત્યારે બાકી શું રહેશે? કારીગર કે તેની કારીગરી? આ પ્રશ્નનો એક જ જવાબ હોઈ શકે છે – કારીગર કેમકે કારીગરને પોતાની કારીગરી પર શરફ છે.

પેલું જગત જીવંત છે. તેના પુરાવા રૂપે હું કહીશ કે આ દુનિયામાં પ્રાણીઓ બીજી નિર્જીવ વસ્તુઓ કરતાં ઉત્તમ છે. આ ઉપરથી સાબિત થયું કે પેલું જગત કે જે ઇલ્મ (વિદ્યા) અને સાનેઅ (કારીગર) છે, અને જ્યાં આ જગતના રચનાર ખુદાએ ઝુલજલાલની "કુર્સી" છે, જીવંત હોવું જ જોઈએ. આ દુનિયા તો માત્ર કારીગરની કારીગરી

છે, ચિત્રકારનું ચિત્ર અને મુસવવિર (ફોટોગ્રાફર)ની તસ્વીર (છબી) છે. એક સાધારણ સમજનો માણસ પણ જાણે છે કે પ્રાણ તો કારીગર, ચિત્રકાર અને મુસવવિરમાં જ હોઈ શકે ન કે કારીગરી, ચિત્ર કે તસ્વીરમાં.

હવે એક બીજી બાબત ઉપર વિચાર કરીએ. પ્રાણીઓમાં સૌથી શ્રેષ્ઠ પ્રાણી ઈન્સાન છે. તે વાચા અને સમજ બન્ને ધરાવે છે. ઉપર જણાવી ગયો છું તેમ સાનેઅ એટલે કારીગર મસ્નુઅ (પોતાની બનાવેલી વસ્તુ) કરતા બહેતર છે એને તેની કારીગરીનો સૌથી ઉત્તમ નમૂનો ઈન્સાન છે. જેને અશરફુલ મખ્લુકાત કહેવામાં આવે છે ત્યારે આપણે જાણી લઈએ કે ઈન્સાન પોતાની અક્કલ, હોંશિયારી અને સમજના કારણે પોતાના સર્જનહારના વધારે નજદીક છે, ખુદાતઆલાનો કૌલ છે કે: "પેલી દુનિયા જીવંત છે જો તેઓ સમજે તો."

ત્યારે પેલી દુનિયા દાના છે, બોલતી છે, દેખતી છે અને સાંભળતી ય છે. ખુદાતઆલા બેહમ્તા (અજોડ) છે, આથી એક મુખ્લિસ અને મુમિનની ફરજ છે કે તે ખુદાપાકને ઓળખે અને જાણી લે કે પેલી દુનિયા મુમિન માટે નજાત છે. જે શખ્સ આ જગતમાં રહી પેલા જગતનું જ્ઞાન મેળવી લે છે અને તેને સારી રીતે, સંપૂર્ણ રીતે ઓળખી લે છે, તેનો આત્મા આ શરીર છોડયા પછી ત્યાં જ જશે અને ખુલ્દેબરીમાં તેને કાયમનું સ્થાન મળશે. ખુદાતઆલા દરેક મુમિનને નેક તૌફીક અતા કરમાવે. આમીન.

પ્રકરણ ૭ મું

આલમે ફાની એટલે નાશવંત જગત વિષે

ખુદાતઆલાની મદદથી કહું છું કે, આ દુનિયા ફાની છે અને એક દિવસ તે નક્કી નાશ પામશે. ઉપરાંત આ સરાએ ફાનીમાં આપણા માટે ફાયદા કરતાં નુકસાન વધારે છે. પરવરદિગાર ઈન્સાનને અકલ એ કારણથી આપી છે કે તે પોતાની સમજશક્તિથી બુરા અને ભલાને સમજી શકે. સારી વસ્તુ ગ્રહણ કરે અને જે નુકસાન કરનારી છે તેનાથી દૂર રહે.

આપણે જાણીએ છીએ કે ખુદા (નફ્સેકુલ) બેનિયાઝ છે એટલે ગરજવંતો નથી. જ્યારે ઈન્સાન નિયાઝમંદ (ગરજવંતો) છે. અર્થાત ઈન્સાનનો જીવન આધાર હવા, પાણી, ખોરાક વગેરે અનેક વસ્તુઓ ઉપર રહેલો છે. તદુપરાંત ઈન્સાનને ખોરાક મેળવવા માટે તનતોડ મહેનત કરવી પડે છે. તે પોતાનો રોટલો સહેલાઈથી મેળવી શકતો નથી. મહેનત મજૂરી કરવા છતાં ઈન્સાનને આ જગતમાં

શાંતિ મળતી નથી.

હવે આપણે ઈન્સાનને બાજુએ રાખી જગતની બીજી વસ્તુઓ તરફ નજર કરીએ. સૂર્યનું ઊગવું અને આથમવું, રાત પછી દિવસનું આવવું. દરિયાના મોજાઓનું કિનારા તરફ અથડાવવું, પવનનું ફુંકાવવું આ બધું શું દેખાડે છે? એજ કે જગતની દરેક ચીઝ, સોળે પળ કાયમની શાંતિ મેળવવા માટે જ કોશિશ કરતી હોય છે.

એક બીજો દાખલો લઈએ. એક માણસ પવનચક્કીને જોરથી ફરતી જુવે છે તે પોતાની સાદી સમજથી એમ માની લે છે કે ચક્કીનો ફેરવનાર ચક્કી કરતાં વધારે બળવાન હશે. પછી તે પાણીના ધોધને પહાડ ઉપરથી નીચે પડતો જુવે છે તે વખતે તેને ખબર પડે છે કે ચક્કીના કરતાં આ ધોધનો જોર અનેકગણો વધારે છે. સારાંશ કે પાણીનો ફોર્સ કે જે ચક્કીને ફેરવે છે તે અસલ એટલે કુદરતી છે. હૈયાને ચક્કીનું ફરવું આરઝી છે, એટલે કુદરતી નથી, કેમકે ચક્કી પોતાની મેળે ફરતી નથી પણ પાણી તેને ફેરવે છે. આ ઉપરથી માલુમ પડે છે કે કુદરતી ફોર્સમાં આરઝી ફોર્સ કરતાં વિશેષ બળ છે. ત્યારે હું કહીશ કે નફસે કુલ એટલે સર્જનહારમાં તેની સર્જેલી વસ્તુઓ – જેવી કે આગ, પાણી અને હવા–કરતાં વધારે કુવ્વત છે.

ખુદાએ ઈન્સાનને અશરફુલ મખ્લુકાત એટલે પોતાની

સર્જેલી વસ્તુઓમાં સર્વશ્રેષ્ઠનું બિરૂદ આપ્યું છે, એથી સાબિત થાય છે કે ખુદાએ આ દુનિયા ઇન્સાન માટે જ સર્જેલી છે. ઇન્સાનમાં પણ સૌથી શ્રેષ્ઠ ઇન્સાન તે છે કે જેણે ખુદાએ ઇલ્મ અને અક્લની દૌલતથી માલામાલ કર્યો છે.

આગળ કહી ગયો છું તેમ ખુદાતઆલાએ આ દુનિયાનું સર્જન પોતાના કમાલ અને એજાઝથી કર્યું છે. અર્થાત આ દુનિયા ખુદાની અક્લ, તાકત કુવ્વત કમાલ અને મઅરેફત (જાણકારી)નો એક અદના નમૂનો છે. વળી ઇન્સાન પણ ખુદાને અક્લથી જ પહેચાની શકે છે.*

હવે જે શખ્સ આલિમ છે તે જ્યારે પોતાના કિરતાર તરફ પાછો વળશે ત્યારે ખુદાતઆલા તેને પોતાનો ગણી અપનાવી લેશે અને તે પેલી દુનિયામાં કાયમી સુખ ભોગવવા ભાગ્યશાળી થશે. આથી ઉલટું જે સખ્શ આ દુનિયામાંથી ઇલ્મ હાંસિલ કર્યા વગર મરણ પામશે તો તેને ખુદાતઆલા

---

* ફારસીના જગવિખ્યાત સૂફી કવિ શેખ સઅદી શીરાઝી લખે છે :—

બર્ગે દરખ્તાને સબ્ઝ, દર નઝરે હોશિયાર
હરવરકી દફતરીસ્ત મઅરેફતે કિરદિગાર."

એક આકિલની નઝરમાં લીલાછમ ઝાડનું એક પાંદડું જ ખુદાની ખૂબી અને કમાલ દર્શાવતું પુસ્તક છે.

—અનુવાદક

પોતાનાથી દૂર રાખશે અને તેણે પેલી દુનિયામાં પારાવાર તકલીફો અને મુસીબતો વેઠવી પડશે ઉપરાંત તેના ઉપર અઝાબ નાઝિલ થશે.

હવે સવાલ એ ઉપસ્થિત થાય છે કે ઈન્સાન ખુદાનો વહાલો કેવી રીતે થઈ શકે છે. તેના જવાબમાં હું કહીશ કે જે શખ્શ ખુદાના રસુલ (સ.અ.વ.)નો ચાહનારો છે. તેને ખુદા પણ ચાહે છે. * કેમકે પયગમ્બર ખુદાના મોકલાવેલા છે. ખુદાની તૌહીદ અને મઅરેફતનું ઈલ્મ ઈન્સાન પયગમ્બર, તેના વસી અને ઈમામો પાસેથી જ મેળવી શકે છે. તદુપરાંત જે ખુદાનો મદદગાર છે તેનો ખુદા પણ મદદગાર છે. જેમ કલામે પાકમાં કહેવાયું છે: "અય ઈમાનવાલાઓ! જો તમે ખુદાને યારી આપશો તો તે પણ તમને યારી આપશે."

હવે આ જગત એક અરીસા જેવું છે જેમાં આપણે ખુદાની પેલી દુનિયાની નેઅમતોનું પ્રતિબિંબ નજરે પડે છે. ઇન્સાન અરીસામાં પોતાનું પ્રતિબિંબ જોઈ શકે છે પણ તેને અડી શકતો નથી તેજ પ્રમાણે આ દુનિયાની નેઅમતોનું પણ છે, આ જગતનો અયશ-આરામ, સુખ-સાહ્યબી આરઝી (બનાવટી) છે. ખરી લઝઝત તો પેલી દુનિયામાં છે, જેનું પ્રતિબિંબ આ અરીસારૂપી દુનિયામાં

---

* "કી મુહમ્મદસે વફા તુને તો હમ તેરે હય,
યે જહાં ચીઝ હય કયા લોહો કલમ તેરે હય"
ડૉ. સરમુહમ્મદ ઈકબાલ-જવાબે શિક્વામાં.

નજરે પડે છે.

ખરો આકિલ એજ છે કે, જે આ ફાની દુનિયામાં રહી કાયમી દુનિયાનું સુખ મેળવવાની કોશિશ કરતો રહે છે; આ કાયમી સુખ મેળવવાનો રસ્તો ખુદાની ઈબાદત, રસુલની તાઅત (ફરમાંબરદારી) અને ઈમામની વલાયત (મોહબ્બત) છે વળી આ દુનિયા પેલી દુનિયામાં પહોંચવાનો દરવાજો છે. ઇન્સાનને લાયક છે કે તે અહીંની બિનજરૂરી અને નુકસાન કરનારી ચીજોનો ત્યાગ કરી દુનિયાની મોહ-જાળમાં ન ફસાતાં એવી ચીજો મેળવે કે જે અવિનાશક છે.

અય ઇન્સાન! તું ખુદા અને રસુલની ફરમાંબરદારી કરી, એટલે એહલે બયત ઉપર તારો પ્રાણ નિચ્છાવર કરી આખેરતનો તોશો મેળવી લે. કેમકે તું આ દુનિયામાંથી ખાલી હાથે જશે. પેલી દુનિયામાં પણ વેઠવું પડશે તે વખતે તું તારા ગુનાહોની કબુલાત કરી પસ્તાવો કરશે. પરંતુ તે બધું નિરર્થક ઠરશે. જેમ કુરઆનમાં કહેવાયું છે કે: "જ્યારે તેઓ અઝાબ જુએ છે તો કહે છે કે, જો ફરી અને દુનિયામાં જવાની તક મળે તો હું નેકી કરનારાઓમાંથી થઈ જાઉં." ત્યારે ખુદા જવાબ દેશે: "કેમ નહીં, મારી નિશાની તમારા તરફ મોકલવામાં આવેલી હતી પરંતુ તમે તેને જૂઠી ગણી અને ઘમંડમાં આવી ગયા અને તમે કાફેરીનમાં થઈ ગયા."

પ્રકરણ (૮) મું

પયગમ્બરોની સંખ્યા અને તેઓને દુનિયામાં મોકલાવવાની જરૂરત વિષે

અલ્લાહતઆલાની મદદથી કહું છું કે ઇન્સાન બે ચીજથી બનેલો છે. શરીર અને આત્મા. આત્મા નફીસ છે અને શરીર કસીફ છે. શરીરને ચાર ચીજો ખોરાક પૂરો પાડે છે તેમાંની બે આત્મા જેવી નફીસ છે; આગ અને હવા. ત્યારે બીજી બે શરીર જેવી કસીફ છે. માટી અને પાણી. ઇન્સાન કે જે આત્મા અને શરીરથી બનેલો છે તે વનસ્પતિથી ખોરાક મેળવી પોતાના શરીરને મજબુત બનાવે છે.

હવે આત્મા કે જે શરીરમાં જકડાએલો છે તેના માટે પણ ખોરાકની જરૂરત છે. શરીરના જેમ આત્મા પણ ચાર વસ્તુઓથી ખોરાક મેળવે છે. જેમાંની બે આત્મિક (રૂહાની) અને બે શારીરિક (જીસ્માની) છે. જેમ શરીર ખોરાકથી મજબૂત બને છે તેમ આત્મા પણ તેને મળેલા ખોરાકથી કુવ્વત મેળવે છે. આત્માને જે બે આત્મિક ખોરાક મળે છે તે છે નફસ અને અકલેકુલ. બીજી બે ચીજો છે નાતિક

અને અસાસ.

આત્માનો આ ખોરાક ઇન્સાનને અકલ અને જ્ઞાન આપી તેને હયવાનમાંથી ઇન્સાન બનાવી ફરિશ્તાનાં દરજ્જામાં પહોંચાડે છે. જે શખ્સમાં અકલ અને જ્ઞાન હોય છે તેને આ બન્ને વસ્તુ પરવરદિગારે આલમ પાસેથી પોતાના હક તરીકે મળેલી હોય છે, જેમ ખુદા ફરમાવે છે: "ઝાલેકા તકદીરૂલ અઝીઝિલ અલીમ."

હવે સવાલ એ થાય છે કે ઇન્સાનમાં જે અકલ અને જ્ઞાન છે અને હયવાનમાં જેનો અભાવ છે તે કોના પાસેથી મેળવ્યા ? આ બન્ને ચીજો ઇન્સાને તેજ વ્યક્તિ પાસેથી મેળવી છે કે જેને ખુદાએ પોતાનું ઇલ્મ આપી તેજ દૌલતથી ઇન્સાનને માલામાલ કરવા અને જહન્નમનાં અઝાબથી બચાવવા આ દુનિયામાં મોકલેલી છે. તે વ્યક્તિ છે નાતિક, એટલે પયગમ્બર (સ. અ. વ.)

જો પયગમ્બર (સ. અ. વ.) પૃથ્વિના પટ ઉપર મનુષ્યમાત્રને ફાયદો પહોંચાડવા માટે ન આવ્યા હોત તો ઇન્સાનની સમજ, અકલ અને ઇલ્મ બધું જ વ્યર્થ ગયું હોત. એટલું જ નહીં પણ તમામ જગતની રચના ખુદાની રમતબાઝી ગણાતે પરંતુ ખુદાએ સૃષ્ટિનું સર્જન રમતબાઝી માટે નથી કર્યું. જેમ ખુદા ફરમાવે છે: "શું તમે એમ ધારો છો કે અમે તમને નકામા પેયદા કર્યા છે, અને શું તમે અમારી તરફ પાછા વળનાર નથી ?"

દુનિયામાં લોકોનો આત્મા સરખો છે તેથી તેઓમાં મળતાપણું દેખાય છે, પણ રંગ અને ચહેરામહોરો જુદો જુદો હોવાથી એકબીજાથી અલગ દેખાય છે.

દુનિયાવાસીઓ ચાર ભાગમાં વહેંચાએલા છે. પીળા (ચીનના લોકો), કાળા (આફ્રિકાના લોકો), સફેદ (યુરોપના લોકો) અને લાલ (રેડ ઇન્ડિયનો) રંગ અને ચહેરા જુદા હોવાનું કારણ એ છે કે લોકો જે દેશમાં વસે છે તેમાં ત્યાંની આબોહવા અને વાતાવરણ કારણભૂત છે.

આ ઉપરથી નક્કી થયું કે પયગમ્બર ખુદા તરફથી રિસાલત એટલે પયગામ (સંદેશો) લઈને આવે છે, આ રિસાલત બે પ્રકારની હોવી જોઈએ. આત્મા જેવી મોહકમ (મજબૂત) અને ચહેરા જેવાં જુદી. બીજા શબ્દોમાં કહીએ તો પયગમ્બરે લોકોને જે ઇલ્મ આપ્યું છે. તેનું ઝાહિર શરીર જેવું છે, અને બાતિન આત્મા જેવું છે.

હવે જ્યારે ઈન્સાન શરીર અને આત્મા બન્ને ધરાવે છે, ત્યારે શરીરને અલ્લાહ પાક તરફથી ચોક્કસ પ્રકારના કામો સોંપવામાં આવ્યા છે. જેવા કે નમાઝ, રોઝા, હજ અને જેહાદ આ કામોનો નતીજો શું હોઈ શકે તે ઇન્સાન ઇલ્મથી જાણી શકે છે. આ ઇલ્મ આત્મા દ્વારા મળે છે.

શરીરની છ દિશાઓ છે. આગળ-પાછળ, જમણું-ડાબું, ઊંચું-નીચું તેવી જ રીતે ખુદા પાકે દોરૂસ્સતરમાં

છ (૬) મશહુર પયગમ્બર દુનિયાના લોકો તરફ તેઓની હિદાયત માટે મોકલાવ્યા. (૧) આદમ (અ. સ.) લોકો તરફ તેમના માથા તરફથી આવ્યા છે (૨) નૂહ (અ. સ.) ડાબી બાજુએથી આવ્યા છે. (૩) ઇબ્રાહીમ (અ. સ.) પીઠ તરફથી આવ્યા છે. (૪) મૂસા (અ. સ.) નીચેથી આવ્યા છે. (૫) ઇસા (અ. સ.) જમણી બાજુએથી આવ્યા છે. આદમના મુકાબિલ મૂસા છે. નૂરના મુકાબિલ ઇસા છે. અને ઇબ્રાહીમના મુકાબિલ મેહબૂબે ખુદા, નબીએ અકરમ, (સ. અ. વ.) છે.

આ છ પયગમ્બરો ઇન્સાનના શરીરની છ બાજુએથી આવેલા છે. અને દરેક પયગમ્બરે પોતાના દૌરમાં પોતાની ઉમ્મતના લોકોને ખુદાના પયગામથી નવાઝયા છે. ઇન્સાન જો તેઓના ફરમાન મુજબ ચાલશે તો તેને જઝાએ ખયર (સારો બદલો) મળશે એવી ખાત્રી પણ અપાએલી છે. અય લોકો! તમે ખાત્રી કરી લ્યો કે, મોહમ્મદુલ મુસ્તફા (સ. અ. વ.) પછી બીજા નબી આવવાના નથી. શરીરની માત્ર છ જ દિશાઓ છે, સાતમી નથી. મોહમ્મદ (સ.અ.વ.) ખત્મુલ મુરસલીન છે, તેની આ મજબૂત દલીલ છે. અને દરેક આકિલને તે ધ્યાનમાં આવી શકે છે.

ઉપર જણાવેલી દલીલ સાબિત કરી આપે છે, કે મોહમ્મદ (સ. અ વ.) પછી બીજા કોઈ નબી નહીં આવે. હવે એક બીજી બાબત વિચારીએ. ઇન્સાનની ફિતરતમાં

છે કે તે જે કંઈ કરે છે, તેની મજૂરી (બદલો) મેળવવાની આશા પણ રાખે છે, ત્યારે એ પણ નક્કી થયું કે, ખુદા-તઆલાના ફરમાનથી, લોકોના કામોનો બદલો આપવા, એક દિવસે, એક સાહેબ જરૂર પધારશે જેનું નામ "કાયમુલ કયામત" (અ. સ.) હશે. આ આવનાર સાહેબ શરીઅતના ધણી હશે એટલું જ નહિ પણ તેઓની ગણત્રી મઝહરે ખુદામાં પણ કરી શકાશે.

ઇન્સાનની સાદી સમજ પણ તેને એ જ કહેશે કે લોકોને તેઓના સારા કામોનો બદલો (જઝા) અને બૂરા કામોનો બદલો (સઝા) આપવા માટે સાહેબે કયામતનું આવવું જરૂરી છે. કેમકે ખુદા તરફથી લોકોને કામ સોંપવા હવે બીજો કોઈ પયગમ્બર આવનાર નથી. શરીરની ફક્ત છ જ દિશા છે, અને પયગમ્બરના આવવા માટે શરીરની બીજી કોઈ દિશા બાકી રહી નથી.

દોરૂસતરમાં છ અંબિયા ખુદાના ફરમાનથી લોકો તરફ આવ્યા અને દરેકને પોતાની ઉમ્મતને જુદા જુદા કામો સોંપ્યા. અય લોકો ! તમે સમજી હશો કે તેઓએ જે કંઈ કામ સોંપ્યા તે અર્થહીન નહોતા.. જેમ દરેક હયવાન અને વનસ્પતિનો આકાર જુદો જુદો છે અને તે દરેકમાં કંઈ ને કંઈ (તત્ત્વ-ગુણ) જરૂર છે. અખરોટનો આકાર સફરજનથી જુદો છે પણ અખરોટમાં જે ગુણ છે, તે સફરજનમાં નથી. આથી ઊલટું બે સફરજન એકબીજાથી

મળતા આવે છે. બન્નેના ગુણ એક જ હોય છે અખરોટમાં પણ એ જ પ્રમાણે છે.

ખુદાપાકે જ્યારે લોકોના તરફ પયગમ્બર મોકલ્યા ત્યારે તેમના સાથે તેઓના પયગામોનો અર્થ સમજાવવા એક સાહેબે મઅના એટલે કે અર્થના ધણી (વસી)ને પણ મોકલ્યા. જેમ ખુદાનો કૌલ છે કે: "પયગમ્બરના પછી લોકોના તરફ ખુદાની "હુજ્જત" બાકી હોય છે. તેઓ, એટલે વસી પયગમ્બરોની શરીઅતનું તાવીલ (છૂપો અર્થ) સમજાવે છે, ખુદા હજી ફરમાવે છે કે; "જો પછી તે લોકો તમને સાચા ન સમજે, તો તમારા પહેલા પણ પયગમ્બરો, ખુલ્લી નિશાનીઓ સહીફા અને રોશન કિતાબો લઈ આવ્યા હતા અને તેઓને પણ લોકોએ સાચા માન્યા નથી."

દરેક પયગમ્બરની ઝાહિર શરીઅત જુદી હતી, પણ તેઓ જે કિતાબ લઈ આવ્યા હતા તે ખુદાની કિતાબ હતી, અને તેમાં જણાવેલી શરીઅત એક જ હતી; જો કે તે પાક કિતાબોની શબ્દ-રચના, ભાષા ઇત્યાદિ જુદી જુદી હતી.

દરેક પયગમ્બરના વસી હતા. આદમના વસી શીસ, નહુના વસી સામ, ઇબ્રાહીમના વસી ઇસ્માઇલ, મુસાના વસી હારૂન, ઈસાના વસી શમઉન અને મોહમ્મદુલ મુસ્તફા (સ. અ. વ.)ના વસી અલીયુલ મુરતઝા (અ. સ.) હતા.

આ છ (૬) મહાન પયગમ્બરો પોતપોતાના દોરમાં લોકો તરફ અઠવાડિયાના જુદા જુદા દિવસે આવ્યા. હવે જે આવશે તે સાતમા હશે. તેઓ જ્યારે આવશે ત્યારે આ દોર પૂરો થશે મતલબ કે તે દિવસ કયામતનો દિવસ હશે. તે એ જ દિવસ છે, જ્યારે લોકોને તેઓના બૂરા-ભલા કર્તવ્યોનો બદલો મળનાર છે.

આદમ (અ. સ.) રવીવારના દિવસે પોતાની ઉમ્મત તરફ ખુદાનું ફરમાન લઈ આવ્યા. એમ કહેવાય છે કે અલ્લાહ પાકે છ (૬) દિવસમાં દુનિયાની તખ્લીર (રચના) કીધી, એટલે જુમ્માના દિવસે કામ પૂરું કર્યું અને શનીવારે આરામ કર્યો. આ જ કારણે યહુદીઓ શનીવારે કામધંધો બંધ રાખી આરામ લીએ છે.

પરંતુ યહુદીઓ ખરી બિનાથી વાકિફ નથી. પયગમ્બરોએ આ વિષયમાં જે કંઈ કહ્યું છે, તેનો અર્થ એ નથી કે ખુદાને આ જગતની રચના કરવામાં છ દિવસ લાગ્યા અને સાતમા દિવસે ખુદાએ આરામ કર્યો. ખુદાએ તો ફક્ત એક જ શબ્દ ઉચ્ચાર્યો "કુન" (થા) અને 'ફયકુન' (થઈ ગયું).

પયગમ્બરોના કહેવાનો ખરો અર્થ એ છે કે ખુદાના ફરમાનથી છ મહાન પયગમ્બરો આવ્યા અને તેઓએ પોતાની ઉમ્મતના લોકોને કામ સોંપ્યું. હવે જે સાતમા આવશે તે કામ નહીં સોંપે તેઓ ફક્ત લોકોના કામોનો બદલો

આપશે. તે મહાન શનીવારનો દિવસ હશે અને તે દિવસના માલિક કાએમુલ કયામત (અ. સ.) હશે.

સારાંશ આદમ (અ. સ.) રવિવારે, નૂહ (અ. સ.) સોમવારે ઇબ્રાહીમ (અ. સ.) મંગળવારે, મૂસા (અ. સ.) બુધવારે, ઇસા (અ. સ.) ગુરૂવારે અને મોહમ્મદ મુસ્તફા (સ. અ. વ.) જુમોઆના દિવસે ખુદાના દીન સાથે, આલમે દીનમાં જલ્વા આરોઝ થયા. હવે લોકોની નઝર શનીવાર ઉપર છે. તે દિવસે લોકોને પોતાના કામોનો બદલો મળશે એવા લોકોને જેઓએ પયગમ્બરોના ફરમાન મુજબ શરીઅતનું પાલણુ કર્યું છે અને પોતાના દીનને સાચવ્યો છે.

પ્રકરણ ૯ મું

કુરઆને મજીદની સાબિતી અને તાવીલ વિશે

અલ્લાહ પાકની મદદથી કહું છું કે આલમે જીસ્માની (ભૌતિક જગત) કુરઆને મજીદ હોવાના કારણે ટકેલું છે. તેની દલીલ એ છે કે, પૃથ્વી ઉપર સર્જાએલી દરેક વસ્તુને ઇન્સાન પોતાના ઉપયોગમાં લે છે. ખનીજ, વનસ્પતિ, પ્રાણીઓ – આ બધી વસ્તુઓ ઇન્સાનના માટે જ છે કેમ કે ઇન્સાન તે બધા પર સર્વોપરી છે. તે એક એવું રત્ન છે જે બધા રત્નોની ખાસિયત જ નહીં પણ સાથે સાથે કિંમત પણ આંકી શકે છે. વનસ્પતિ માત્ર ઊગે છે; પ્રાણી માંત્ર ખાઈ શકે છે જ્યારે ઇન્સાન વાણી અને સમજ ધરાવતો હોવાથી સર્વશ્રેષ્ઠ લેખાય છે. ઉપર કહ્યું તેમ દુનિયામાં પયદા થયેલી દરેક વસ્તુ ઇન્સાન માટે જ છે. પણ તે ચીઝોનો પયદા કરનાર ઇન્સાન નથી, મતલબ કે ઇન્સાન કામિલ નથી. કામિલ તે જ છે કે જેના લીધે જગત અને જગતની તમામ વસ્તુ વજૂદમાં

આવેલી છે, અને તે છે સર્વ પ્રથમ વ્યક્તિ.

હરેક વસ્તુનું મૂળ હોય છે, ઝાડ મૂળિયાના કારણે ટકી રહે છે. (૧) દાખલા રૂપે આપણે અખરોટનું ઝાડ લઈએ. અખરોટના ઝાડ ઉપર પાંદડા, ડાળીઓ, છાલ, થડ ઇત્યાદિ હોય છે. છેવટે તેના ઉપર અખરોટ ઊગે છે, જેના અંદર ઝાડના હરેક અંગોનો નિચોડ સમાએલો હોય છે. લોકો તેને ખોરાક અને તેલ બનાવવાના ઉપયોગમાં લે છે. અખરોટના ઝાડની કિંમત અખરોટથી છે અને તેના લીધે જ ઝાડ કાયમ રહે છે. જો ઝાડ પર ફળ ન ઊગે તો ઝાડના લાકડાનો ઉપયોગ બળતણ સિવાય બીજો શું હોઈ શકે?

જ્યારે ઇન્સાન આ દુનિયાનો સર્જનહાર નથી તો આપણે માની લઈએ કે તેનો પયદાનો કરનાર નફ્સેકુલ (ખુદા) છે અને ઇન્સાન નફ્સેકુલનો એક જુઝ (અંશ) છે. જો ઇન્સાનને આ પૃથ્વી પરથી ઉપાડી લેવામાં આવે તો દુનિયા નાબૂદ થઈ જાય કેમ કે જ્યારે કારીગરની કારીગરી જ ન રહે તો પછી આ જગતની જરૂરત જ શું?

એક બીજી દલીલ જોઈએ. દુનિયા ઇન્સાનના હોવાના કારણે આબાદ છે, જો પૃથ્વી પર ઇન્સાન ન હોય તો

---

૧. "દરખ્ત અય પિસર બાશદ અઝ બીખ સખ્ત." શેખ સઅદી.

આખી પૃથ્વી વેરાન થઈ જાય. ઝાડ, પાન, ફળ-ફૂલ, વનસ્પતિ ઇત્યાદિનું ઉત્પાદન થભી જાય. કેમ કે આ બધી ચીજોની વૃદ્ધિ નહેરોના પાણીથી થાય છે; જે ઇન્સાને બનાવેલી છે. ઇન્સાન જ ખેતી કરીને અનાજ પયદા કરે છે. સાધારણ રીતે આપણે જોઈએ છીએ કે જ્યાં ઇન્સાનો રહેતા નથી ત્યાં ફળ-ફૂલ, વનસ્પતિ હોતી નથી માત્ર જંગલ જ હોય છે. જો ઇન્સાન ન હોય તો નબળા અહિંસક પ્રાણીઓને સબળા હિંસક પ્રાણીઓ મારી નાખે આ રીતે ઇન્સાન વગર દુનિયા ખરેખર નાશ પામે.

જ્યારે સાબિત થયું કે દુનિયા ઇન્સાનના માટે છે, તો આપણે એમ પણ માની લઈએ કે ઇન્સાન કુરઆને મજીદના લીધે જ કાયમ છે, કેમ કે કોમનું બંધારણ, રીતરીવાજો, રાજકાજના કાનૂનો, મા-બાપની પોતાના ફરઝંદો તરફની ફરજો, પાડોશીઓના હક્કો, કુરઆનની તાલીમને જ આભારી છે. તદઉપરાંત ઇન્સાન પોતાના માલ-મિલકતની વ્યવસ્થા, વારસા-હિસ્સાની વહેંચણી, વેપારધંધો વગેરે બધું જ કુરઆનના શિક્ષણ પ્રમાણે જ કરે છે.

જો ઇન્સાનના દરમિયાન ખુદાની કિતાબ ન હોત તો તે પોતાને મનફાવતું કરતે ઇલ્મ અને ફઝલથી મેહરૂમ રહેતે. તેનામાં અને હયવાનમાં જરાએ ફેર ન હોત. જનાવરોની જેમ આપસમાં લડી લડીને હલાક થઈ જાતે આજના જમાનામાં પણ

કેટલાક એવા લોકો છે જે ઈલ્મ અને સમજથી નાવાકિફ હોવાના કારણે જાનવરો માફક લડે છે. દાખલા તરીકે ખુરાસાનના પકજબાનો, કિરમાનના કુફ્જાનો અને અરબના બુધ્ધુઓ આ જંગલી પ્રજા અજ્ઞાનતાના લીધે જ માંહોમાંહે લડતી હોય છે.

હવે કોઈ એમ દલીલ કરે કે એવા ઘણા લોકો આ દુનિયામાં વસે છે જેઓના દરમિયાન કુરઆન નથી છતાં તેઓ આપસમાં એકબીજા સાથે સલાહસંપથી હળીમળીને રહે છે. જેવા કે રૂમીઓ, રૂસીઓ અને આર્યો આના જવાબમાં હું કહીશ કે રૂમીઓ, રૂસીઓ અને આર્યો ઉપર તેઓના સમ્રાટ રાજ્ય કરે છે અને તેઓના દરમિયાન પણ ખુદાની કિતાબો અમર છે જ, ખુદાના કિતાબ તે જ તોરાત ઇન્જીલ અને કુરઆન. આ ત્રણે ખુદાની કિતાબો છે. રૂસીઓની કિતાબ તોરાત છે, રૂમીઓની કિતાબ ઇન્જીલ છે અને મુસલમાનોની કિતાબ કુરઆન છે અને પુરાતન આર્યોની કિતાબો સોહફે ઈબ્રાહીમ ઉપરથી રચાએલી છે.

આર્યો પણ ઘણા દીનદાર અને પરહેઝગાર હોય છે તેઓ તનાસુખ (અવતાર)માં માને છે એ જ કારણે તેઓ મુર્દાઓને બાળી નાખે છે તેઓની માન્યતા એવી છે કે મરણ પછી ઇન્સાનનો આત્મા એક ખોળીમાંથી બીજી ખોળીમાં જાય છે. આ માન્યતા તેઓ પોતાની પાસે ધાર્મિક

ગ્રંથ હોવાના કારણે જ ધરાવે છે. મેં ઘણા આર્યો સાથે ધાર્મિક ચર્ચા કરેલી છે અને તેઓના મોઢે તેઓની આ માન્યતા વિષે સાંભળેલું છે. આ ઉપરથી સાબિત થયું કે દરેક લોકોના દરમિયાન ખુદાની કિતાબની અસર છે. લોકોની ભલાઈનો આધાર લોકોના સારા કર્તવ્યો ઉપર છે.

કુરઆન ખુદાના કલામ (શબ્દો) છે તે લોકોને હાંસિલ કરવા અને તે ઉપર અમલ કરવાની તાકીદ ફરમાવે છે. અમલ બાબત ખુદા ફરમાવે છે: (૧) તમે નમાઝને કાયમ કરો અને ઝકાત આપો. (૨) અમલ કરો. ખરેખર તમારા માલ અને આલ (ફરઝંદો) ફિત્નત છે. (૩) અમલ કરો. ખરેખર ખુદા ગુનાહોનો બખ્શનાર અને દયાળું છે.

તે જ શખ્સ કુરઆનને સમજી શકે છે જેમાં ઇલ્મ અને અમલ બન્ને છે. અરબી ઝબાનમાં કાર્યને (અમલ) અને જાણવાને (ઇલ્મ) કહે છે ઇલ્મ શબ્દના ત્રણ અક્ષર છે. "અયન", "લામ" અને "મીમ"

ઇન્સાનને આ દુનિયામાં ત્રણ ખાસ કામ કરવાનાં છે. (૧) સાંભળવું. (૨) બોલવું અને (૩) કરવું.

ઇન્સાન પોતાના દીનને લગતું ઇલ્મ પોતાના ઉસ્તાદ પાસેથી સાંભળીને મેળવે છે. પછી પોતાની ઝબાનથી કલમએ શહાદત (લા ઇલાહ ઇલ્લલાહ) પઢે છે. છેવટે પોતાના શરીરથી કામ લઈ દીન ઉપર અમલ કરે છે.

For M/s. A HIRANAND CO.
Proprietor

એટલે કે નમાઝ પઢે છે, રોઝા રાખે છે. હજ કરે છે ઝકાત આપે છે અને જેહાદ કરે છે.

ઇન્સાનની જિંદગી તેના શરીર આત્મા બન્નેથી છે, અમલ શરીર છે અને ઇલ્મ આત્મા છે. જે શખ્સ ઇલ્મ મેળવી અમલ નહીં કરે તો તે મુરદાર કહેવાશે. કેમકે આત્મા વિનાનું શરીર નિર્જીવ છે, અને મુરદાર ચીઝ ખુદાએ હરામ ગણાવેલી છે, તેથી અય ઇન્સાન! જો તું 'આલિમ છે તો ઇલ્મ સાથે અમલ પણ રાખ, જેથી લોકો તને દીનદાર કહીને બોલાવે અને તું ખુદાના અઝાબથી મુક્તિ પામે.

ઇલ્મે અમજદની ગણત્રીના આધારે ઇલ્મ અથવા અમલની ગણત્રી ૧૪૦ થાય છે. ૧૪૦ના બે સરખા ભાગ ૭૦ થાય. ખુદાતઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે: "અમે તમને સાત બેવડી આયાતો અને કુરઆને મજીદ આપ્યા છે." આ આયતનું તાવીલ એ છે કે ખુદાએ રસૂલિલ્લાહ (સ. અ. વ.) પર જે દીન નાઝિલ કર્યું તે ઇલ્મ અને અમલથી શણગારેલું છે. આમ કુરઆનમાં ઇલ્મ અને અમલ બન્ને ઉપર પુષ્કળ ભાર મૂકવામાં આવેલો છે.

ત્યારે કુરઆન એક એવી મુકદ્દસ કિતાબ છે કે જેના ઉપર જગત કાયમ છે. ઈસ્લામમાં કુરઆન બાબત બે માન્યતા છે. કેટલાક એમ કહે છે કે તે મખલૂક (રચાએલા)

છે, ત્યારે કેટલાક તેને ખુદાના કલામ માને છે. બન્નેનું કહેવું ખરું છે છતાં બન્ને ખરી બીનાથી અજાણ છે.

હકીકત એ છે કે આજે આપણા દરમિયાન જે કલામે પાક મૌજૂદ છે. તેને આપણે રસુલિલ્લાહની ઝબાન મુબારકથી સાંભળેલાં છે. ખુદા પાકને જે કંઈ કહેવું હતું તે હઝરત જીબ્રઈલના મારફત નબીએ અકરમ (સ. અ. વ.)ને કહેવડાવતા એટલે કુરઆન અકલે કુલ તરફથી નફસે કુલ ઉપર ઉતર્યા છે. હવે અકલે કુલ અને નફસે કુલનું સર્જન થયું નથી. સર્જાએલી વસ્તુ તે જ કહેવાય જે બીજી કોઈ વસ્તુમાંથી બનાવવામાં આવેલી હોય. જેમ ખુદા ફરમાવે છે: "અમે ઇન્સાનને લોથરા અને વીર્યમાંથી પયદા કર્યો." આ ઉપરથી સાબિત થાય છે કે કુરઆને મજીદ ખુદાના કલામ છે.

હવે આપણે ઢાલની બીજી તરફ નઝર કરીએ કુરઆને મજીદમાં સુરતોનો સંગ્રહ છે. સુરતો આયાતોથી, આયાતો શબ્દોથી અને શબ્દો અક્ષરોથી બનેલાં છે. એટલે આપણે એમ પણ કહી શકીએ કે આજે આપણા પાસે જે કુરઆન છે તે મખલૂક છે, પણ જ્યારે કુરઆન રસુલિલ્લાહ (સ. અ. વ.) પર નાઝિલ થયાં ત્યારે તે મખલૂક નહોતા રસુલિલ્લાહ (સ. અ. વ.) તો ખુદાના તરફથી જે કંઈ કહેવામાં આવ્યું તે આપે લોકોને અરબી ઝબાનમાં કહી સંભળાવ્યું આમ એક અર્થમાં કુરઆન મખલૂક છે અને

બીજા અર્થમાં ખુદાના કલામ છે.

કુરઆનના ચાર અક્ષરો છે, "કાફ", "રે", "અલીફ" અને "નૂન" આમાંના પહેલાં બે અક્ષરો "કાફ" અને "રે" એકબીજા સાથે જોડાએલા છે અને પછીના બે અક્ષરો "અલીફ" અને "નૂન" જુદા છે, કુરઆન શબ્દ કરીન એટલે નઝદીક ઉપરથી લેવામાં આવ્યો છે. પહેલા અક્ષર જે એકબીજાથી જોડાએલા છે તે નાતિક (પયગમ્બર (સ. અ. વ.) અને તેમના અસાસ (વસી અ. સ.) પર દલાલત કરે છે. પછીના બીજા બે છૂટા શબ્દો શરીર અને આત્મા જેવા પાસે પાસે છે. કુરઆન શબ્દ ઉચ્ચારાય છે તેને પછીના બે અક્ષરો સાથે જોડાવા જોઈએ. છેવટના બે શબ્દોમાં "અલીફ"થી મુરાદ એક અર્થમાં "અકલ" અને "નૂન"થી મુરાદ "નફસેકુલ" છે "નૂન" બન્ને બાજુએથી સરખો અને ખુલ્લો છે. આનો અર્થ એ છે કે દર આખિર એટલે "નફસ" (ઈન્સાન) પોતાના અવ્વલ એટલે "અકલ" (ખુદા) તરફ પાછો વળશે.

ઈલ્મે અબજદના હિસાબે કુરઆન શરીફના પહેલા બે અક્ષરો "કાફ"ના ૧૯૦ અને "રે"ના ૨૦૦ થાય છે, "કાફ" અસાસ છે અને "રે નાતિક છે નાતિકનો દરજ્જો અસાસ કરતાં બમણો છે નાતિક નર અને અસાસ માદા છે.

"અલીફ"ની સંખ્યા ઈલ્મે અબજદ મુજબ એક

(૧) છે અને તે અકલ છે. તેનો ભાવાર્થ એ છે કે દરેક વસ્તુ અકલથી જ અસ્તિત્વમાં આવેલી છે. છેવટના "નૂન"ની સંખ્યા ૫૦ છે અને તે નફસ છે.

કુરઆન શબ્દોનો એક બીજો અર્થ જોઈએ. તેના પહેલાં બે અક્ષર શરીર અને આત્મા છે. તે શબ્દો એક-બીજાથી જોડાએલા છે જે એમ બતાવે છે કે શરીરનો આત્મા સાથે સંબંધ છે. છેવટના બે અક્ષરો કે જે એકબીજાથી જુદા છે તે ઈલ્મ અને અમલ છે.

હવે જે માણસમાં ઈલ્મ અને અમલ બન્ને નથી તે હયવાન જેવો છે જેનામાં ઈલ્મ છે. પણ અમલ નથી તે હયવાન કરતાં પણ બદતર છે. આથી ઉલ્ટું જેનામાં ઈલ્મ અને અમલ બન્ને છે તે ફરિશ્તાના દરજ્જામાં પહોંચી શકે છે.

તનઝીલ અને તાવીલમાં શું તફાવત છે તે હું કુરઆનની આ આયતથી સમજાવીશ "**વશ શમ્સા વદ દુહાહા વલકમરે ઇઝા તલાહા**" આ આયતના ઝાહેરી અર્થ એ છે કે "સુરજના કસમ અને તેની રોશનીના કસમ અને ચાંદના કસમ જે તેના પછી ઊગે છે. તેનો બાતેની અર્થ એ છે કે સુરજથી ખુદાવંદ કરીમ રસુલે અકરમ (સ.અ.વ) ની અને ચાંદથી અલીએ આલા (સ. અ) થી મુરાદ રાખે છે કુરઆનનું તાવીલ અહીં મેં ટુંકમાં સમજાવ્યું છે. મારા વાંચકો તેને સમજી શકયા હશે એવી ઉમ્મદ છે.

પ્રકરણ ૧૦ મું

શરીઅત અને તેના ઝાહિર બાતિન વિષે :

અલ્લાહ પાકની મદદથી કહું છું કે ઈસ્લામના કેટલાક ફિરકાના લોકો તેઓની નાદાની અને અજ્ઞાનતાના કારણે શીઆ પંથના લોકોને જૂઠા માને છે; એટલું જ નહીં પણ તેઓને કાફિર કહીને બોલાવે છે. આવા લોકો શિઆઓનો અકીદા (માન્યતા) થી અજાણ છે. દાનિશમંદ તેજ કહેવાય કે જે પોતાના વિરોધીઓની માન્યતા શું છે, તે માટે તેઓ પાસે શું આધાર છે, વગેરે જાણવાની કોશિશ કરે અને ત્યારબાદ તેને તેઓના વિષે જે અભિપ્રાય બાંધવો હોય તે બાંધે. વગર વિચારે બીજાને કાફિર કહેનારની સ્થિતિ કૂતરા જેવી છે. જે રસ્તે ચાલનારના પાછળ દોડે છે અને તેના કપડા ફાડવાની કોશિશ કરી તેને નકામો રંજાડે છે. જેમ ખુદા કુરઆનામાં ફરમાવે છે : ' તેઓની સરખામણી કૂતરા જેવી છે; તેના ઉપર જો સખ્તી કરવામાં આવે તો પણ જીભ બાંહર કાઢે છે અને જો આમને આમ

છોડી દો તો પણ જીભ બાહર કાઢે છે. આ કથન એવા લોકો માટે છે જેઓએ અમારી નિશાનીઓને જૂઠી પાડી છે. એવાઓના સામે આ કથનનું વર્ણન કરો જેથી તેઓ તેના ઉપર મનન કરે."

આવા નાદાન અને જાહિલ લોકોને ખુદાએ ખરી હકીકતથી દૂર રાખેલા છે. તેથી તેઓ શિઆઓને સતાવે છે. આ વાતમાં જરાયે શંકા નથી કે બારી તઆલાના અંધકારમાં અટવાઈને તેઓ હલાક થઈ જશે.

આ પ્રકરણમાં હું ઝાહિર અને બાતિન બાબત એટલા માટે કહેવા માગું છું કે આંધળા; બહેરા અને જાહિલ ઈન્સાનોને ખુદા નેક તૌફીક આપે. જેથી તેઓ અંધકારમાંથી બાહર નીકળી ખરી બીના શું છે તે જાણવાની કોશિશ કરે અને વિના વાંકે મુમિનને સતાવવાનું છોડી દે.

દુનિયામાં દરેક ચીજની બે બાજુ છે; ઝાહિર અને બાતિન. ઝાહિર તે છે જેને આપણે આંખોથી જોઈ શકીએ છીએ, કાનોથી સાંભળી શકીએ છીએ, હાથોથી સ્પર્શી શકીએ છીએ. અથવા કલ્પના (તસવ્વુર)થી અનુભવી શકીએ છીએ. આ બધું મેહસુસાત કહેવાય છે આથી ઊલટું બાતિન એ છે જે આપણાથી છુપાયેલું છે. ઈન્સાન બાતિનને પોતાના ખ્યાલથી સમજી કે કલ્પી શકતો નથી. બાતિન સમજવા માટે અકલ અને ઈલ્મ બન્નેનું હોવું

જરૂરી છે. ઈલ્મ અને અકલથી મેળવેલી વસ્તુ મઅકુલાત કહેવાય ? હવે આ જગત અને તેની તમામ વસ્તુઓ ઝાહિર છે. ઝાહિર એ અર્થમાં નહીં કે આપણે તેને જોઈ શકીએ છીએ દાખલા તરીકે આકાશ, ચાંદ, સુરજ, તારાઓ વગેરે આપણે ન પણ જોઈ શકતા હોય છતાં તે ઝાહિર જ કહેવાશે એજ પ્રમાણે બાતિનનું પણ છે. આપણે તેને સમજી લઇશું છતાં તે બાતિન જ રહેશે. જેમ આલમે હકીકત, રૂહ, ખુદાતઆલા વગેરે બાતિન છે. આપણી કલ્પનાથી તેના તરફ આપણે પહોંચી શકતા નથી.

ત્યારે સાબિત થયું કે ને ઝાહિર છે તેનો ઈનકાર નહીં થાય અને જે બાતિન છે તે કદી ઝાહિર નહીં થાય. તો પણ તેનું વજૂદ મટી નહીં જાય શિઆઓનું માનવું છે કે નમાઝ, રોઝા, ઝકાત, હજ, જેહાદ વગેરા ઝાહિરી અમલો છે. ખુદાની ઈબાદત કરનાર, રોઝા રાખનાર, દીનના ઉસુલોની પાબંદી કરનાર મુસલમાનો બધા સરખા છે. તેઓ બધા સમાન દરજ્જાના છે. એની અદાઈમાં એકબીજાથી ચઢિયાતા નથી.

પરંતુ ઈલ્મે તૌહીદ, પયગમ્બરોના હોવાના પુરાવા, દોઝખ અને જન્નતનું હોવું, કયામતના દિવસે નેકીનો બદલો (ઈનામ) અને ગુનેહગારોને તેના કરતુતોની સઝા, દુનિયાનો નાશ વગેરે બધું બાતિન છે. આ બધી ચીઝાને ઈન્સાન પોતાના ખ્યાલથી સમજી શકતો નથી. તે સમજવા માટે

તો ઉપર કહ્યું તેમ અકલ અને ઇલ્મની જરૂરત છે.

હવે જે ભાગ્યશાળી ઇન્સાન ઇલ્મ અને અકલથી બાતિનનું જ્ઞાન મેળવી શકે છે તે બીજા સામાન્ય લોકો કરતાં ઊંચો ગણાય છે. તેની ફઝીલતનું કારણ એ છે કે તે બાતિની ઇલ્મ જાણે છે. જેમ ખુદા ફરમાવે છે: "અમે કેટલાક લોકોને, દરજામાં, એક બીજા ઉપર ચઢિયાતા કીધા છે."

આ આયત ઉપરથી જાણી શકાય છે કે ઝાહિર અને બાતિન બન્ને છે. ઝાહિર બધા જ સમજી શકે છે, પરંતુ બાતિનના જાણકાર એક ચોક્કસ વર્તુળના જ લોકો છે જેઓએ આ ઇલ્મ હકના ઇમામો તરફથી મેળવ્યું છે; અને આ ફિરકો નાજીયા એટલે નજાત પામનારો અર્થાત મુક્તિ મેળવનાર છે.

આપણે જ્યારે "બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ પઢીયે છીએ ત્યારે આપણા મોઢામાંથી નીકળતા શબ્દો સાંભળનારાના કાનો સાથે અથડાય છે. બિસ્મિલ્લાહનું પઢવું અને સાંભળવું ઝાહિર છે. બિસમિલ્લાહની તાવીલ શું છે શા માટે આપણે બિસ્મલ્લાહ પઢવી જોઇએ કુરઆને મજીદમાં નવમી સુરત. સુરએ તૌબા – ઉપર બિસ્મલ્લાહ શા માટે નથી. વગેરે બધું બાતિન છે. તેનો જાણનાર, ન જાણનાર કરતાં દરજામાં ઊંચો છે.

હવે આપણે શિઆઓની બાતિની કિતાબો તરફ વળીએ.

આસ્માન, ઝમીન, ચાંદ સૂરજ, સિતારાઓ, આ બધી ચીઝો ઝાહિર છે પણ તેની પાયદારી બાતિન છે અર્થાત આ બધી ચીઝો શા માટે પયદા કરવામાં આવી તે ઇન્સાન બાતિની ઈલ્મ એટલે તાવીલથી જ જાણી શકે છે. એક બીજો દાખલો લઈએ. ઋતુઓ શા માટે બદલાય છે?

ઝાડના પાંદડાઓ ચોક્કસ ઋતુમાં લીલા અને ચોક્કસ ઋતુમાં પીળા થઈ શા માટે ખરી જાય છે? વરસના મહિના બાર (૧૨) કેમ છે, તેર (૧૩) કેમ નથી? રમઝાન ઈસ્લામી તકવીમ (કેલેન્ડર)નો નવમો માસ શા માટે છે, આઠમો, કે દશમો શા માટે નથી? આ બધું જાણવા માટે બાતિની ઈલ્મ મેળવવું જરૂરી છે. આ બધા કારણો તે જ લોકો જાણી શકે છે, જેને ખુદાવંદે કરીમે ઈલ્મ અને અકલની દૌલતથી માલામાલ કર્યા હશે. સોના, ચાંદી અને રત્નોની કિંમત તેના ઝાહિરી દેખાવ ઉપરથી થતી નથી સોનાની કિમત તેના પીળા રંગ કે પીગળવાના કારણે નથી. જો એમ જ હોય તો પિત્તળ પણ પીળું છે અને તે પણ પીગળી જાય છે. ત્યારે પિત્તળ સોના જેવું કિંમતી શા માટે નથી.

એજ પ્રમાણે ઈન્સાનનું જડ શરીર ઝાહિર છે જ્યારે તેનો લતીફ આત્મા બતિન છે. તેવી જ રીતે આ નાશકારક જગત જેમાં આપણે વસીએ છીએ તે ઝાહિર છે ત્યારે

પેલું અવિનાશક જગત બાતિન છે. કારીગર (સર્જનહાર) બાતિન છે પણ તેની કારીગરી ઝાહિર છે. માણસજાતમાં બૂરા લોકો ઝાહિર છે જ્યારે ખુદાના નેક બંદાઓ બાતિન છે. કલામુલ્લાહ અને રસુલિલ્લાહ (સ.અ.વ.) ની શરીઅત ઝાહિર છે, ત્યારે તેનું તાવીલ બાતિન છે. કિતાબો અને શરીઅત આ બન્ને શરીર જેમ છે જ્યારે તેની તાવીલ અને ભાવાર્થ આત્મા જેમ છે. જેમ આત્મા વિનાનું શરીર નકામું છે, તેમ તાવીલ વિનાના કિતાબ અને શરીઅત પણ ખુદાના નઝદીક નકામા છે. જેમ રસુલે અકરમ (સ.અ.વ.) ફરમાવે છે : " ખરેખર પરવરદિગારે પોતાના દીનનો પાયો પોતાના ખલ્ક (દુનિયા) ની રચના સાથે સરખાઈ આવે, એવો કરેલો છે. એટલા માટે કે તેના ખલ્કથી તેના દીન ઉપર અને તેના દીનથી તેની વહદાનિયત ઉપર દલીલ લઈ શકાય.'

જ્યારે આ જગતમાં ઝાહિર કરતા બાતિન વધારે શ્રેષ્ઠ છે, અને દરેક ઝાહિર વસ્તુનું મૂળ તેના બાતિનમાં છે, તો નક્કી થયું કે ખુદાતઆલાની કિતાબ અને રસુલે અકરમ (સ.અ.વ.) ની શરીઅત તેના બાતિનના કારણે જ સર્વોત્તમ છે. જે ઈન્સાન બાતિની ઇલમથી અજાણ છે, તે દીને ઈસ્લામથી પણ નાવાકિફ છે. આવા લોકો તરફ પયગમ્બરે ઈસ્લામ પણ અણગમો દાખવે છે. એવા લોકોને દાખલો આપી ખુદા ફરમાવે છે; " તમે જાહેલોમાંથી ન થાવ."

દરેક મુમીનને લાયક છે કે શરીઅતની તાવીલ જાણવા માટે મુહમ્મદ (સ.અ.વ.) અને આલે મુહમ્મદથી સંબંધ રાખે જેથી તેને બાતિની ઈલ્મની જાણકારી થાય અને તેની ગણત્રી આકિલોમાં થાય.

ખુદા પાક આપણે બધાને નેક તૌફીક આપે જેથી આપણે સમજી વિચારીને કામ કરીએ આપણા જ ભાઈ-બંધોને આપણે રંજાડિએ નહીં અમારી વિદ્વતા ઉપર અમે અકડાઈએ નહીં. અને જાણી લઈએ કે અમારા કરતાં પણ વધારે જાણનારા આલિમો આ જગતમાં છે.

ઇન્સાન શરીર અને આત્મા બન્નેનું સંયોજન છે. શરીર આલમે ફાની છે જયારે આત્મા આલમે રૂહાની છે. આત્માનું સ્થાન શરીરમાં તાવીલની માફક છે. આત્માની નજાતીનો આધાર શરીઅતની તાવીલ ઉપર છે. સમજુ અને આલિમ શખ્સ આ હકીકતથી વાકિફ છે. જેઓની આંખો ઉપર ગફલતના પરદા પડેલા છે. તેઓ જ ફક્ત આ હકીકતનો ઈનકાર કરે છે. ખુદાએ તેઓને બાતિની ઈલ્મની હકીકત જાણવાથી દૂર રાખેલા છે. જેમ ખુદા ફરમાવે છે: "તેઓ બેહરા, ગુંગા અને આંધળા છે અને કોઈ પણ રીતે પાછા વળી શકતા નથી."

પ્રકરણ ૧૧

કલેમએ ઇખ્લાસ "લાઇલાહ" ઇલ્લલ્લાહ વિષે

"લા ઇલાહ! ઇલ્લલ્હા વિષે" ને કલમે એ ઇખ્લાસ અથવા તો કલેમએ શહાદત કહીએ છીએ. આ કલેમો કલેમએ શહાદત એટલા માટે કહેવાય છે કે તેનો ઉચ્ચારનાર ખુદા માટે શાક્ષી આપી કહે છે કે: "નથી કોઇ ખુદા સિવાયે અલ્લાહના."

સાક્ષી બે પ્રકારની હોય છે; ખરી અને ખોટી ખરી સાક્ષી તે કહેવાશે કે જે 'શખ્સની ખૂબીઓ આપણે વર્ણવીએ છીએ તે તેનામાં હોય છે; અથવા તે જે ખૂબીઓનો દાવો કરે છે તે તેનામાં નથી. આ બન્ને તથ્ય સાબિત કરવા માટે આપણા પાસે મજબૂત પૂરાવા પણ હોવા જોઈએ ખોટી સાક્ષી તે કહેવાશે કે જે સામા પક્ષમાં ખૂબીઓ નથી તેને સાબિત કરવાની આપણે વ્યર્થ કોશિશ કરીએ અથવા જે ચીઝ તેનામાં છે, તેને આપણે છુપાવવાની કોશિશ કરીએ.

કલેમએ ઇખ્લાસમાં પણ બે પ્રકારની શાક્ષી છે. એક નકારાત્મક જેમ કે "લાઇલાહ!" અને બીજી હકારાત્મક "ઇલ્લિલ્લહ."

નકારાત્મક શાક્ષી ખોટી કહેવાય અને હકારાત્મક શાક્ષી ખરી કહેવાય. એવી સામાન્ય માન્યતા છે. વળી દીને ઇસ્લામમાં મુમીને જે ચીઝ જોઈ ન હોય તેની સાક્ષી આપવી દુરસ્ત (વાજબી) નથી.

અહીં એ સવાલ પયદા થાય છે કે, જ્યારે દીનમાં ખોટી સાક્ષી આપવું દુરસ્ત નથી ત્યારે રસુલે ખુદા (સ.અ.વ.) એ ખુદાને જોયા વિના કઈ રીતે શાક્ષી આપી હશે? રસુલે ખુદાએ ખુદાને જોયા નહોતા એ વાત ખરી પણ ખુદા છે અને તે પણ એક જ છે તેનો સુબૂત ખુદ ખુદા તઆલાએ નબીને આપ્યો છે. દાખલા તરીકે આ જગત અને તેમાંની તમામ વસ્તુઓ હદીસમાં છે કે રસુલિલ્લાહ (સ અ.વ) એ ખુદાને પૂછ્યું કે; 'તું જે કંઈ હોવાનો દાવો કરે છે તેના તારા પાસે શું પૂરાવા છે? તારો શાક્ષી કોણ છે? ખુદાએ જવાબ દીધો કે "દરેક પથ્થર અને ઢેફા મારા શાક્ષી છે."

આ હદીસને ખુદ ખુદાનો કૌલ પણ ટેકો આપે છે કે "અમે નઝદીકમાં તેઓના અતરાફના આલમમાં અને તેઓની ઝાતમાં એવી નિશાનીઓ બતાવીશું કે જેથી

જાહિર થઈ જાય કે તે હક છે."

આ આયત ઉપરથી સાબિત થાય છે કે, ખુદા આપણી નજરથી છુપાએલા છે પણ તે, ઝમીન, આસ્માન અને તેના દરમિયાન સર્જાએલી તમામ ચીઝોના વુજૂદની શાક્ષીથી જાહિર થાય છે.

ત્યારે ખુદા માટે શાક્ષી આપનાર ઈન્સાન છે કે જે પોતાની ઝબાનથી "લાઈલાહા ઈલ્લલ્લહા "નો કલેમો પઢીને ખુદાના હોવાનું સુબૂત આપે છે.

આ કલેમાના બે ભાગ છે: "લાઈલાહ!" અને "ઈલ્લલ્હા!" પહેલા ભાગનો સંબંધ ખુદાના સર્જન સાથે છે. કેમકે સાક્ષીનો આપનાર મખલૂક છે તે ભાગ નકારાત્મક એટલા માટે છે કે શાક્ષી આપનાર નાશવંત છે. ઈન્સાન ફના થાનાર છે. કલમાના બીજા ભાગનો સંબંધ સુબ્હાનહુ બારીતઆલાની વહદાનિયત સાથે છે. તે હકારાત્મક એટલા માટે છે કે તે કાયમ-નિરંતર છે. મતલબ કે મખલૂક ફાની છે અને ખાલિક અમર છે.

પયગમ્બરે ખુદા (સ.અ.વ) એ કલેમએ શહાદતની શુરૂઆત નકારથી એટલા માટે કરેલી છે કે શાક્ષીનો આપનાર ખુદાની ખિલકત કે જે નાશ પામનારી છે તેને જોઈને નક્કી માની લે કે આ સૃષ્ટિનો પયદાનો કરનાર કોઈ ન કોઈ હોવો જ જોઈએ ત્યારબાદ તેનું ધ્યાન ખુદાના તરફ

કેન્દ્રિત થાય કે જે હંમેશાનો રહેનાર છે, સારાંશ કે ઈન્સાન ખિલકત ને જોયા પછી જ પોતાનો ખ્યાલ ખાલિકના તરફ દોરવે છે.

વળી હું એમ પણ કહું છું કે રસુલે અકરમ (સ.અ.વ) એ કલેમએ શહાદતની શુરૂઆત નકારથી અને સમાપ્તિ હકાર પર એટલા માટે કરી છે કે ઈન્સાન જે ખુદા માટે શાક્ષી આપે છે તેની શુરૂઆત એટલે જન્મ શરીરથી થઈ છે કે જે જડ (નાબૂદ થનાર—નકારાત્મક) છે. પરંતુ મરણ પછી તેનો આત્મા બાકી રહેશે કે જે લતીફ (અમર—હકારાત્મક) છે. આ મર્મ જાણ્યા બાદ હવે જે કોઈ કલેમએ શહાદતને ખરા દિલથી ઉચ્ચારે તે તેને ખુદાએ જન્નતનાં જગ્યા આપવાનો વાયદો કરેલો છે; ખરેખર કલેમતુશ્શ હાદતનાં પઢનાર માટે બહિશ્ત છે જ.
કલેમએ શહાદત "લાઈલાહા ઇલ્લલ્લાહમાં પાંચ 'અલિફ' પાંચ 'લામ' અને બે 'હય' છે અને તેના બે ભાગ છે.

પાંચ અલિફ તે ઈન્સાનના પાંચ હવાસે બાતિન છે: ફિક્ર, ઝહન, ખાતિર, હિફ્ઝ અને ઝિક્ર, પાંચ લામ તે ઈન્સાનના હવાસે ઝાહિર છે; સાંભળવું, જોવું, સુંઘવું, ચાખવું અને સ્પર્શવું" બે હયથી મુરાદ ઉપર જણાવેલા ઝાહિર અને બાતિન હવાસ છે.

પયગમ્બર મુસ્તફા (સ અ.વ) ની શાન અને અઝમત

આ કલેમએ ઇખ્લાસથી ઝાહિર થાય છે. માત્ર ચાર જ શબ્દોમાં આપે ખુદાની તૌહીદ સમજાવી દીધી છે. ખરેખર પરવરદિગારે આલમે પોતાના પ્યારા રસુલને જ પોતે કોણ છે. અને શું છે? તે સમજાવવાની અને પોતાની ઉમ્મતને સમજાવવવાની કુવ્વત બખ્શેલી હતી.

જેમ અલ્લાહ શબ્દ એક છે, તેમ ઇન્સાન પણ પોતાની મેળે એક છે. અલ્લાહ શબ્દના બે ભાગ છે – અલ–લાહ– તેવી જ રીતે ઇન્સાન પણ શરીર અને આત્મા બન્ને ધરાવે છે. અલ્લાહ શબ્દ ચાર અક્ષરોનો બનેલો છે બે "લામ", એક "અલિફ" અને એક "હય" ઇન્સાનમાં પણ ચાર ચીજો છે; સફરા સૌદા, ખૂન અને બલગમ જ્યારે અલ્લાહ શબ્દને છૂટા પાડીને લખીએ ત્યારે તેના ચાર અક્ષરો વચ્ચે ત્રણ ખાલી જગ્યા રહે છે. અને તેનો સરવાળો સાત થાય છે. તેના ઉપરથી આપણે કલેમાની સાત ફસલ (ભાગ) કરીશું તેની તાવીલ હવે પછી સમજાવીશ.

અબજદ પદ્ધતિના આધારે અલ્લાહ શબ્દની ગણત્રી ૬૬ થાય છે. (૧+૧૦+૫=૬૬) ૬૬ના આંકડાનો સરવાળો કરીએ તો ૧૨ થાય. ઇન્સાનના શરીરના ૧૨ ભાગ છે. બે આંખ, બે કાન, બે પિસ્તાન (છાતી) બે ગુપ્ત અવયવો. એક મોઢું અને નાફ (ડુંટી) અને બે હાથ.

કલેમએ શહાદતની શરૂઆત "લામ"થી થાય છે.

"લામ"ની ગણત્રી ૩૦ થાય છે આ ત્રીસમાં એકમનો આંકડો ૩ છે. ઇન્સાનમાં ત્રણ કુવ્વત છે. વધવાની, બોલવાની અને ચાલવાની. વળી આલમે જીસ્માનીની શરૂઆત ત્રણ ચીજોથી થએલી છે. લંબાઈ, પહોળાઈ, ઊંડાઈ આ ઉપરથી માલુમ પડે છે કે, કલેમએ શહાદતનો પહેલો ભાગ ઉચ્ચારવાથી ઇન્સાન પોતાના વુજૂદની પણ સાક્ષી આપે છે, કે જે વુજૂદ ખુદાના કારણે છે.

અરબી ઝબાનમાં 'અલ' શબ્દ મુઅર્રીફ એટલે ઓળખનાર કહેવાય છે. દાખલા તરીકે રજુલ (માણુસ) વલદ (છોકરો) ઇત્યાદી શબ્દો આગળ 'અલ' લગાડવાથી 'અર્રજુલ', 'અલ વલદ' એટલે ચોક્કસ માણુસ, ચોક્કસ છોકરો એવો અર્થ થશે. (અંગ્રેજી ઝબાનમાં 'અલ'નો સરખામણીમાં 'ધી' (The) શબ્દ છે—અનુવાદક).

અલ્લાહ શબ્દમાં જે 'અલ' છે તેમાં અલિફથી મુરાદ 'અકલે કુલ'ની છે, જેનું સર્જન અલ્લાહપાકે સૌ પ્રથમ કર્યું, લામથી મુરાદ 'નફસે કુલ'ની છે. 'અલ'નો સરવાળો ઇલ્મ અબજદ મુજબ ૩૧ થાય છે.

કલમેએ શહાદતની શરૂઆતમાં અલ્લાહના હર્ફની જેમ અલીફ અને લામ છે. પણ તેમાં 'લામ' પહેલા આવે છે અને 'અલિફ' પછી તે એમ બતાવે છે કે ઇન્સાન નાદાન જન્મે છે, પરંતુ અકલ મેળવ્યા બાદ તે

સમજદાર થાય છે. મતલબ એ કે પેલી દુનિયા અક્લની છે અને આ દુનિયા નફસની છે.

કલેમએ શહાદત પર વિચાર કરીએ તો જણાશે કે તેમાં પહેલાં 'લામ' અને પછી 'અલિફ' એટલા માટે છે કે ઇન્સાન નફસથી જ અકલ મેળવી શકે છે તે જ પ્રમાણે નાતિકને અસાસ મારફત જ ઓળખી શકાય છે.

અલિફ અને લામનો સરવાળો ૨૧ છે તે બતાવે છે કે દીનમાં એકવીસ હદ છે; જેમકે નાતિક અસાસ, સાત ઇમામ અને બાર હુજ્જત જગતનું સર્જન પણ એ જ પ્રમાણે છે; હયુલા, સુરત, સાત સૈયારા અને બાર બુર્જ ઇન્સાનની રચના પણ એકવીસ ચીઝોથી થયેલી છે; શરીર, આત્મા. શરીરના સાત મુખ્ય ભાગો – મગજ, દિલ, જીગર, આંત, ગુરદા, ફેફસા અને તિલ્લી. તે ઉપરાંત બીજા બાર ભાગ શરીરમાં છે જેનું વર્ણન ઉપર કરી ગયો છું.

અરબી મૂળાક્ષરોમાં અક્ષરોનો જે ક્રમ છે તેમાં 'લામ' અને 'હય' આવે છે ક્રમમાં લામ અને હય વચ્ચે બીજા ત્રણ અક્ષર મીમ, નુન અને વાવ આવે છે. એક અર્થમાં તે બતાવે છે કે નફસે કુલ (લામ) અને નાતિક (હય) વચ્ચે ત્રણ રૂહાની હદ છે – જદ, ફતહ અને ખ્યાલ – 'હય' પછી છેલ્લો અક્ષર 'યે' આવે છે તે બતાવે છે કે નાતિક એટલે કે મુહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) પછી, કાયમ (અ. સ.) આવનાર છે. રસુલિલ્લાહ (સ.અ.વ.)

એ પણ એક હદીસમાં આ બાબતનો ઇશારો કર્યો છે કે:
"હું અને કયામત સાથે સાથે આવ્યા...."

મતલબ કે અલ્લાહ શબ્દના ત્રણ અક્ષરો અલિફથી મુરાદ 'અકલે કુલ' લામથી મુરાદ 'નફસે કુલ' અને હયથી મુરાદ નાતિકની છે.

અકલે કુલ, નફસ કુલ, નાતિક અને અસાસ આ ચારે હદદે અઝીમ છે. પહેલા બે અકલ, અકલે કુલ અને નફસે કુલ રૂહાની છે જ્યારે પછીના બે હદ-નાતિક અને અસાસ-જીસ્માની છે, આમાં એક રૂહાની અને જીસ્માની હદ સાથે રહે છે જેમકે અકલ અને અસાસ, નફસ અને નાતિક.

કલેમએ ઇખ્લાસને ચાર ભાગમાં વહેંચી શકાય છે. લા, ઈલાહ, ઈલ્લા અને અલ્લાહ. લા થી મુરાદ અસાસની, અને ઈલાહથી મુરાદ નાતિકની છે. 'લા' શબ્દમાં બે અક્ષર છે. તે બતાવે છે કે અસાસના બે દરજ્જા છે. વસાયત અને ઈમામત - ઈલાહ શબ્દમાં ત્રણ અક્ષર છે તે બતાવે છે કે નાતિકના ત્રણ મરતબા છે - રિસાલત, વસાયત અને ઈમામત - ઈલ્લા શબ્દથી મુરાદ અકલે સાનીની છે, કેમકે ઇલ્લા કલેમએ નફી (નકારવાચક) છે. સાની ખુદાને ઓળખવામાં પાછળ રહી ગયા. તેથી તેઓ શાકમુતહહર કહેવાયા. છેલ્લા શબ્દ અલ્લાહથી મુરાદ અકલે કુલની છે. અલ્લાહ શબ્દમાં ચાર અક્ષર છે તે બતાવે છે કે આ

શબ્દમાં અસાસ, નાતિક, અકલે અવ્વલ અને સાનીના મજમૂએ છે. એટલે ચારે સાથે ભેગા થઈ ગયા છે ઉપરાંત અસાસ, નાતિક, અકલે અવ્વલ અને સાની આ ચાર જન્નતની નહેરો છે. જેના માટે ખુદાએ, ઇન્સાનને, કુરઆનમાં વાયદો કરેલો છે.

જન્નત કે જેના માટે મુત્તકી લોકોને વાયદો કરવામાં આવ્યો છે. તેની સિફ્ત એ છે કે તેમાં પાણીની નહેરો છે, જેમાં કદી દુર્ગંધ નહીં આવે અને તેમાં દૂધની નહેરો છે, જેનો સ્વાદ નહીં બદલાય, તથા શરાબની નહેરો છે જેમાં પીનારાઓ માટે લિઝ્ઝત છે. વળી તેમાંની સાફ અને સ્વચ્છ મધની પણ નહેરો છે.

ઉપર જણાવેલી જન્નતની ચાર નહેરો તે ચાર હદ છે. ઇન્સાનને આ જગતમાં રૂહાની (આત્મિક) અને જીસ્માની (શારીરિક) કુવ્વત જન્નતની આ ચાર નહેરોથી મળે છે.

જન્નતમાં પાણીની નહેર છે, તેમાંથી ઇન્સાન અકલ મેળવે છે. પાણી જ્યારે માટી સાથે મળે છે ત્યારે તેમાંથી વનસ્પતિ પયદા થાય છે. તેજ પ્રમાણે અકલે અવ્વલ અને બારીતઆલાના કલમએ શહાદતનો સુમેળ થવાથી અકલે સાની, જદ, ફત્હ, ખયાલ અને બીજા નાના મોટા હુદૂદના વુજૂદની ઓળખાણ થાય છે.

પાણી પોતાની મૂળ સ્થિતિ બદલતું નથી. તેવી જ

રીતે ઇન્સાન જ્યારે કોઈ પણ ચીઝને અકલથી મેળવે છે; ત્યારે તે ચીઝ તેની અસલી હાલતમાં જ રહે છે. પાણીની પ્રકૃતિમાં ઠંડક અને ભિનાશ છે. તે ગરમ અને સુકું હોઈ શકતું નથી. એ વાત ખરી છે કે આપણે તેને ગરમ કરી શકીએ છીએ. પરંતુ આ ગરમી કુદરતી હોતી નથી તે તો માત્ર બહારની હોય છે.

જન્નતમાં બીજી નદી દૂધની છે. દૂધ દરેક બાળકનો ખોરાક છે. કેટલાક પ્રાણીના બાળકો પણ દૂધથી ઉછરે છે, પાણીના જેમ દૂધ પણ તેની અસલ હાલત બદલતું નથી. દૂધની નહેર તે નફસે કુલ છે. નફસે કુલના લીધે જ આ આલમની પરવરિશ થઈ છે. અગણિત ફાયદા મળ્યા છે એમાં પણ નફસે કુલથી ખાસ ફાયદો મેળવનાર તે સાહેબે કયામત છે.

ખમર (શરાબ)ની નહેર એ જન્નતની ત્રીજી નહેર છે. તેનાથી નાતિકની સરખામણી છે, ખમરથી શરીરને કુવ્વત મળે છે. જન્નની ખમર અને દુનિયાના ખમરમાં તફાવત છે, દુન્યવી ખમરમાં ખમીર પયદા થએલું હોય છે, ત્યારે જન્નતના ખમરમાં આ ખામી હોતી નથી, આથી દુન્યવી શરાબ પીવાથી ઇન્સાન પોતાના હોશોહવાસ ગુમાવી દે છે. આ રીતે જોઈએ તો જે લોકો શરીઅતની તાવીલથી વાકિફગાર હોતા નથી. એટલે કે જન્નતી શરાબનો સ્વાદ ચાખેલો નથી હોતો. તેઓ શરીઅતની બાબતમાં ગમે

તેવી વાતો કરે છે. અને તેમ કરવામાં તેઓ એકબીજા સાથે લડાઈ ઝઘડો પણ કરી બેસે છે.

જન્નતની ચોથી નદી મધની છે. તેનું પ્રમાણ અસાસનું મધ મીઠું છે અને તેનાથી શરીરની તંદુરસ્તી સચવાય છે, બીમારીઓ દૂર થાય છે અસાસ કુરઆન અને શરીઅતનું તાવીલ સમજાવે છે તેથી મતભેદો દૂર થાય છે અને હક જાહિર થાય છે.

અરબીમાં પાણીને 'મા', દૂધને 'લબન' શરાબને 'ખમર' અને મધને 'અસલ' કહે છે. આ ચાર અરબી શબ્દોના અક્ષરોનો સરવાળો ૧૧ થાય છે. એક અર્થમાં તે સાત ઈમામ અને ચાર હદના તરફ ઇશારો કરે છે.

કુરઆને મજીદમાં ખુદા 'વત્તીન'ની સુરતમાં ચાર હદના કસમ ખાય છે. "**વત્તીને વઝઝયતૂન વ તૂરે સીનીના વ બલદિલ અમીન**" તીનનો અર્થ અંજીર થાય છે. ખુદા અંજીરના કસમ થાય છે. અંજીર જાણે અકલ છે, તે તેના છિલટા સાથે ખાઈ શકાય છે. તે જ પ્રમાણે પાકીઝા નફસ અકલથી ખોરાક મેળવે છે

ઝયતૂન જાણે નફસે કુલ છે. ઝયતૂનનું તેલ અને છીલટા ઉપયોગમાં લેવાય છે, ત્યારે તેના બીયાં અને મલમો ફેંકી દેવામા આવે છે. એટલે કે પાકીઝા અકલના ફરમાન મુજબ જોઈતી ચીઝ લે છે, આથી ઉલટું નાપાક નફસ

અકલની નાફરમાની કરી પોતાની ઇચ્છા મુજબ ચીઝો લે છે, જે લોકો નફસ અકલના ફરમાન મુજબ તેલ અને છીલટા ઉપયોગમાં લે છે. તેઓને સવાબ મળે છે અને તેઓ બીયાં અને મલમો (જે ફેંકી દેવાના હોય છે) તેનો ઉપયોગ કરે છે તેઓના ઉપર ખુદાની આફતો વરસે છે. તૂરે સીનીન જાણે નાતિક છે, તે નફસે કુલથી છૂપી રીતે ફાયદા મેળવે છે. ખુદાની શરીઅત લોકોના દરમિયાન રજૂ કરે છે અને શરીઅતની તાવીલ સમજાવવા માટે અસાસને કાયમ કરે છે.

તૂરે સીનાન એક પહાડ છે. પહાડનો દેખાવ ઝાહિરમાં ખડબચડો લાગે છે અને તે જોનારને સારો પણ નથી લાગતો પરંતુ પહાડના અંદરના ભાગમાં હીરા, માણેક, યાકૂત, ઝમુર્રદ જેવા કીમતી રત્નો અને ચાંદી–સોના જેવી કીમતી ધાતુઓ છુપાએલી હોય છે. બહારથી ખરબચડા દેખાતા પહાડમાંથી માણસને જ્યારે અંદરની કીમતી વસ્તુઓ સાંપડે છે ત્યારે તેને બેહદ ખુશી થાય છે.

એજ પ્રમાણે નાતિકની ઝાહિરી શરીઅત લોકો માટે મૂંઝવણ પણ પયદા કરે છે પણ જ્યારે તેઓ શરીઅતનું બાતિન જાણે છે ત્યારે રાહત અનુભવે છે.

"હાઝલ બલદિલ અમીન" જાણે અસાસ છે અસાસ સલામતીનું શહેર છે. આકિલ ઇન્સાનને, શરીઅતના મતભેદ અને શંકાથી આ શહેરમાં અમાન મળે છે.

ઉપરની આયાતમાં ખુદાએ જે ચાર ચીજના કસમ ખાધા છે તેમાં બે ચીજ-અકલેકુલ, અને નફસેકુલ-રૂહાની છે. જ્યારે બે ચીજ નાતિક અને અસાસ-જીસ્માની છે. અકલ અને નફસનાં ફાયદાઓ આપણે નાતિક અને અસાસ મારફત જાણવા મળે છે.

તીન અને ઝયતૂન એકાકા શબ્દ છે, જ્યારે તૂરે સીસીન અને હાઝલ બલદિલ અમીન જોડયા શબ્દો છે. પહેલાં બે શબ્દો અકલ અને નફસ રૂહાની છે જેમાં કોઈ બીજુ સંયોજન હોતું નથી. પછીના બે શબ્દો-નાતિક અને અસાસ જીસ્માની છે. જીસ્મમાં શરીર અને આત્મા બન્ને આવી જાય છે.

કુરઆને મજીદમાં ખુદા એક જગ્યાએ ફરમાવે છે : **"સવાઉન મિનકુમ મન અસર્રલ કવલા વ મન-જહરા બેહી વ મન હોવા મુસ્તખફીન બિલ્લયલે વ સરાબુન બિન્નહારે."** (તમારામાંથી કોઈ છૂપી રીતે વાત કરે અથવા ખુલ્લી રીતે કરે રાતના કહે અને છૂપી જાય અથવા દિવસમાં ઉઘાડી રીતે ચાલે તે તેના નઝદીક બરાબર છે.)

આ આયતમાં છૂપાં રીતે વાત કરવાની જે ઝિક્ર છે તે અકલે કુલની તરફ ઈશારો છે. નફસેકુલ અને અસાસને તેના તરફથી પોશીદા તાઈદ મળે છે. ખુલ્લી રીતે વાત કરવાની ઝિકરમાં નફસે કુલની તરફ ઇશારો છે. કેમકે તેનો

ઝમાનો છે તેથી તેનુ ઇલ્મ તાવીલ જાણનારા જ મેળવી શકે છે. દિવસમાં આશકાર (ઝાહિર) હોવાની નાતિકના તરફ ઈશારો છે કેમકે તેની દાવત અને કિતાબ બન્ને ઝાહિર છે.

કલેમએ શહાદતમાં જન્નતની જે ચાર નહેરોની સમજ છે. તેનું રહસ્ય આપણે અહીં સરસરી રીતે જાણી લીધું હવે એજ દિશામાં આગળ વધીએ :

કુરઆને મજીદમાં અલ્લાહ તઆલા સુરએ-અર્રહમાનમાં ફરમાવે છે : "વલેમન ખાફા મકામા રબ્બેહી જન્નતાન." (જે શખ્સ પોતાના ખુદાના સામે ઊભો રહેતા ડરે છે તેના માટે બે જન્નત છે). અહીં બે જન્નતથી મુરાદ અકલ અને નફસથી છે. પછી કહેવાયું છે. "ઝવાતા અફનાન" (તેની અનેક ડાળીઓ છે). તેથી મતલબ નાતિક, અસાસ અને હકના ઇમામોની છે. પછી ઉમેરાયું છે કે : "ફીહીમા અયનાને તજરીયાન" (તેમાં બે નહેરો વહી રહી છે.) આમાં એક નહેર પાણીની અને બીજી દૂધની છે. જેનાથી નફસ અને અકલને ફાયદો પહોંચે છે.

આ બે જન્નતથી બે રૂહાની હદ. અકલ અને નફસથી મુરાદ છે. તેના પછી બે નાની જન્નત "વ મિન. દુનેહેમા જન્નતાનનો ઉલ્લેખ આવે છે જેનાથી મુરાદ અસાસ અને નાતિક છે.

તેથી આગળ વધતાં કહેવાયું છે : " મુદહામ્મતાન "

(તે બન્ને (લીલી) છે. લીલો રંગ બે ખાલિસ રંગ ભૂરા અને પીળાથી બનેલો છે. આ બે ખાલિસ રંગ એક અર્થમાં નાતિક અને અસાસ છે. આ બન્ને જીસ્માની છે છતાં જે કોઈ તેના તરફ વળે છે તે રૂહ (આત્મા) મેળવે છે. એટલે તેને જીવન મળે છે. આથી લીલો રંગ હંમેશા સરસબ્ઝ-તરોતાઝા લાગે છે.

અંતમાં જન્નતના વખાણમાં કહેવામાં આવે છે; "ફીહિમા અયનાને નદ્દાખતાન (તેમાંથી બે ઝરણા ઉછળી રહ્યા છે.) આ ઝરણા શરાબ અને મધના છે જે નાતિક અને અસાસના તરફ વહે છે.

સૂરએ અર્રહમાની આ આયાતોનો મર્મ જાણ્યા પછી હવે આપણે કુરઆનની એક બીજી આયતનો ભેદ જાણીએ "તેની (અલ્લાહની) રાત અને દિવસની એંધાણીઓમાંથી સૂરજ અને ચાંદ છે. તમે સૂરજ અને ચાંદને સજદો ન કરો પરંતુ અલ્લાહને કરો જે બધાનો પયદાનો કરનાર છે.

અહીં ચાર બાબતોની ઝિકર થએલી છે. રાત, દિવસ, સૂરજ અને ચાંદ-રાત નાતિક છે જે તાવીલના સાહેબ છે જેમ રાત અંધારી હોય છે તેમ તાવીલ પણ ગોશીદા હોય છે. દિવસની સરખામણી અસાસથી થાય છે. દિવસ રોશન હોય છે એટલેકે અસાસના કલામ દિવસની રોશનીથી લોકો ઉપર ઝાહિર થાય છે. સૂરજઅકલ અને ચાંદ નફસ છે. જેમ ચાંદને સૂરજથી પ્રકાશ મળે છે તેમ નફસને અકલથી ફયઝ

(ફાયદા) પહોંચે છે.

ખુદા સૂરજ અને ચાંદને સજદો કરવા મના કરે છે કારણકે તે બન્નેનો સર્જનહાર છે. જ્યારે ખુદા નફસ અને અકલ બન્નેથી આલા છે ત્યારે સૂરજ અને ચાંદની સિફત (ગુણ) તેનામાં જોડી શકાય નહીં. દુનિયામાં ઘણા એવા લોકો પણ છે જેઓ નફસ અને અકલની પૂજા કરે છે.

પાકપરવરદિગાર, તું અમને તારા સિવાય બીજાની બંદગી કરવાથી રોકજે.

હજી ખુદા કુરઆનમાં ફરમાવે છે; "રબ્બુલ મશર-કયન વ રબ્બુલ મગરબયન" (બે પૂર્વ અને બે પશ્ચિમનાં રબ છે). બે મશરિક (પૂર્વ) તે અકલ અને જેનાથી વહદતનું નૂર ઝાહિર થાય છે અને બે પશ્ચિમ (મગરિબ) તે નાતિક અને અસાસ, અકલ અને નફસ નીતરેલું નૂર, નાતિક અને અસાસ તરફ વળી તે બન્નેમાં મળી જાય છે.

ખુદા કુરઆને મજીદમાં સુરએ અબસામાં ફરમાવે છે: "ઈન્સાન માટે જરૂરી છે કે તે પોતાના ખોરાક (રૂહ) તરફ નઝર કરે અર્થાત રૂહાની આલમ (આત્મિક જગત) સાથે તેનો શું સંબંધ છે તે તેને જાણવું જ જોઈએ.

આ આયત પછી આગળ કહેવાયું છે કે: "ખરેખર અમે પાણી વરસાવ્યું તે પછી અમે ઝમીનને ફાડી પછી તેમાં અનાજ ઉગાવ્યું."

આ આયાતોમાં એવો મતલબ રખાએલો છે કે નફ્સે કુલથી નાતિકની તરફ નાઈદ (સુચના) આવે છે, તે તાઈદ જ્યારે નાતિકના દિલમાં ઉતરે છે – ઝમીન ફાટે છે– ત્યારે તેનાથી અસાસની તાલીમ થાય છે. અર્થાત અનાજ પયદા થાય છે. અનાજના આ સાત ખોશાઓની ગણત્રી સાત કરવામાં આવેલી છે. તે સાત **ખોશાથી** હકના ઈમામોના **સાતરાની** સરખામણી થાય છે. દઅવતમાં સાત ઈમામોનો એક સાતરો ગણાય છે.

આગળ વધતા, એ જ સુરામાં કહેવાયું છે: "અમે અંગૂર અને સાગ, ઝયતૂન અને ખજૂર લીલાછમ બગીચા અને ફળફળાદી ઉગાવ્યા.

આ આયાતોની સરખામણી પહેલા સાત ઈમામોથી થઈ શકે છે, પહેલાં ઈમામ હસન અંગૂરની સરખામણીમાં છે, બીજા ઈમામ હુસેન (અ. સ.)ની સરખામણી સાગથી કરવામાં આવેલી છે. આપણી નસલ સાગના ડાળાઓ જેમ વધેલી છે. ઈમામત આપના ફરઝંદોમાં કાયમ છે. એક ફળના બીજમાંથી બીજું ફળ પયદા થતું રહે છે. ત્રીજા ઈમામ ઝયતૂન છે કારણ કે આપ બહુ નાની વયમાં ઈમામના તખ્ત ઉપર બિરાજમાન થાય છે.

(ઈમામ અલી, ઝયનુલ આબેદીનની ઉમર ૨૩ (ત્રેવીસ) વરસની હતી.)

ઝયતૂનના ઝાડની સિફતમાં ખુદાતઆલા, કુરઆને

મજીદમાં એક જગ્યાએ ફરમાવે છે: "તેમાં એક મુબારક ઝાડ – ઝયતૂનનું તેલ છે કે જે ન પૂર્વમાં છે ન પશ્ચિમમાં એ એવું તેલ છે કે જે પોતાની મેળે રોશન થયું છે. રોશની પર રોશની. એની ઝાતમાં રોશની અને ચિરાગમાં પણ રોશની. ચોથા ઈમામ, મોહમ્મદુલ બાકિર (અ. સ.)ને ખજૂરથી સરખાવેલા છે. પાંચમા ઈમામ જઅફરૂસ સાદિક હરાભરા બાગના જેવા છે. છઠ્ઠા ઈમામ ઈસ્માઈલ ઇબ્ને જઅફર (અ. સ.) ફળ છે અને સાતમા ઈમામ મોહમ્મદ ઇબ્ને ઈસ્માઈલ (અ. સ.) ફળાદિ છે.

* * *

હવે ફરીવાર આપણે કલેમા તરફ વળીએ તેમાં ત્રણ મુખ્ય શબ્દ છે "લા", "ઈલાહ" અને "ઈલ્લાહ". આ ત્રણ શબ્દોના ચાર ભાગ કરવામાં આવ્યા છે: "લા–ઈલાહ–ઇલ્લા અને અલ્લાહ. તેની સાત ફસલ છે અને બાર અક્ષર છે. પાંચ અલિફ, પાંચ લામ અને બે હય. બાર અક્ષરથી એક દલીલ એ પણ છે કે અઇમ્મતના સાતરાથી બાર જઝીરામાં હકની દઅવત ફેલાય છે.

રસુલિલ્લાહ (સ. અ. વ.) એ ખુદાને જોયા નહોતા પણ ગવાહી દીધી કે તેઓ કલેમો પઢે કેમકે જગતની બધી વસ્તુઓમાં ખુદાનું નૂર ઝાહિર છે. લા ઇલાહ ઈલ્લલ્લાહની શાક્ષી કુરઆન, નમાઝ, આસ્માન ઇત્યાદી બધા જ આપે છે. (૧) નમાઝની ગવાહી જેમ કલેમો એક છે તેમ

નમાઝ પણ એક ફરજિયાત છે, જે બધા મુસલમાનોએ હર હાલતમાં અદા કરવી જ જોઈએ. કલેમાના બે ભાગ છે. એક હકારાત્મક અને બીજો નકારાત્મક. નમાઝના પણ બે ભાગ છે. એક સમયસરની ફરીઝતવાળી નમાઝ અને બીજી સમયમાં છુટછાટવાળી નાફેલતની નમાઝ. ફરીઝતની નમાઝની સરખામણી હકારાત્મક કલેમાથી અને નાફેલતની નમાઝની સરખામણી નકારાત્મક કલેમાંથી થાય છે.

જેમ કલેમાના ત્રણ મુખ્ય શબ્દ છે, તેમ નમાઝના પણ ત્રણ મુખ્ય અંગ છે. ફર્ઝ, સુન્નત અને નાફિલ. કલેમાના ચારથી વધુ ભાગ નથી તેમ ફરજિયાતની નમાઝની પણ ચારથી વધુ રકઆત નથી. કલેમાની સાત ફસલ છે તેમ નમાઝ વખતે શરીરના સાત અવયવોને કામનાં લેવા પડે છે. બે પગ, બે ઘૂંટણ, હાથની બે હથેલી અને પેશાની (કપાળ) કલેમાના બાર અક્ષરો છે. તેમ નમાઝ બાર ચીઝથી થઈ શકે છે. (૧) નિય્યત, (૨) તકબીરતુલ એહરામ, (૩) અલ હમ્દની સુરાનું પઢવું, (૪) તે પછી બીજી સુરા પઢવી, (૫) રૂકુદેવુ, (૬) રૂકુની તસ્બીહ કરવી, (૭) ઊભા થવું, (૮) સમેઅ અલ્લાહે કહેવું, (૯) સજદો કરવો, (૧૦) સજદામાં તસ્બીહ કરવું, (૧૧) તહિય્યાત પઢવું, (૧૨) સલામ વાળવું.

(૨) કુરઆનની ગવાહી :– જેમ કલેમતુશ્શહાદત એક છે. તેમ કુરઆન પણ એક છે. કલેમાના બે ભાગ છે.

સીપારા ૧ થી ૧૫ અને સીપારા ૧૬ થી ૩૦, કલેમાના ત્રણ મુખ્ય શબ્દો છે તેમ કુરઆન પણ ત્રણ રીતે ઝાહિર થાય છે. (૧) જીબ્રઈલ, પાકિઝા દિલથી ખુદા તરફથી રસુલ અકરમ (સ. અ. વ.) તરફ લઈ આવે છે. જેમ ખુદાનો કૌલ છે કે : "તેને એટલે કુરઆનને અમાનતદાર ફરિશ્તા લઈને ઉતરે છે અર્થાત (અમે કુરઆન) તમારા દિલના તરફ ઉતારેલા છે જેથી તમે લોકોને નસીહત કરો." અમાનતદાર ફરિશ્તા – રૂહલ અમીન – તે જીબ્રઈલ છે.

(૨) જીબ્રઈલના મારફત રસુલિલ્લાહ (સ. અ. વ.)ના તરફ, ખુદા તરફથી જે પયગામ આવ્યો તે આપ લોકોની તરફ અરબી ભાષામાં પહોંચાડયો. (૩) કુરઆન લખાએલાછે; જેમ કહેવાયું કે અમે તેની ખબર અગાઉના પયગમ્બરોની કિતાબમાં કરેલી છે.

કલેમાના ચાર ભાગ છે તેમ કુરઆને મજીદનો પ્રસાર પણ મુહમ્મદ મુસ્તફા (સ. અ. વ.) એ ચાર રીતે કર્યો છે – તનઝીલ, શરીઅત, દઅવત અને રિસાલતથી – કલેમાના સાત ફસલ હોવાથી ગવાહી કુરઆને પણ આપી છે. "વલકદ આતયનાકા સબઅન મિનલમસાની વલ કુરઆને અઝીમ." અર્થાત : અમોએ તમને સાત આયાતો જે દોહરાવીને (વારંવાર) પઢવામાં આવે છે તે અને અઝમત વાલા કુરઆન અતા ફરમાવ્યા.

કલેમાના બાર અક્ષર છે તેમ કુરઆનમાં બાર ચીઝો

છે અગ્ર નહ્યે, વસદા, વઈદ, નાસિખ, મનસૂખ, મોહકમ, મુતશાબેહ, ખબર, કિસ્સા, હરફ મુઅજ્જમ અને હરફે મુફરિંદ. (૧)

(૪) આસ્માનની ગવાહી :– કલેમતુશ્શહાદતના જેમ આસ્માન પણ એક છે, જેમ કલેમાના બે ભાગ છે તેમ આસ્માનની પણ બે પ્રકારની પ્રકૃતિ છે. પરિભ્રમણ (જુંબિશ–ફરવુ) અને સ્થૈર્ય (આરામ) જેમ કલેમાના ત્રણ મુખ્ય અંગ છે તેમ આસ્માનના પણ ત્રણ મુખ્ય અંગો છે, સૂરજ, ચાંદ અને તારા કલેમાના ચાર ભાગ છે તેમ આસ્માનનાં પણ ચાર ગુણ છે. ગરમી, શરદી, ભેજ અને સુક્કુ કલેમાની સાત ફસલ છે તેમ આસમાનમાં પણ સાત સિતારા છે. ઝોહલ, મુશ્તરી, મીરીંખ, શમ્સ, ઝોહરા, અતારૂદ અને કમર, કલેમાના બાર અક્ષરની સરખામણીમાં આસ્માનમાં બાર બુર્જ (ગ્રહ) છે, હમલ, સૌર, જોઝા, સરતાન, અસદ, સુમબુલા, અકરબ, કોસ, જદી, દલ્વ અને હુત. અંતમાં હું કહીશ કે સૃષ્ટિ, મણસનું શરીર, નમાઝ, કુરઆન, આસ્માન, વગેરે દરેક ચીઝમાં લા ઈલાહાના કલેમાનું ઝુહુર છે. રસુલે શકરમ (સ. અ. વ.) અઈમ્મત

---

(૧) કરવાનો હુકમ, મનાઈ, વાયદો, સઝા, મટાડનાર: મટી ગએલું. મઝબૂત, શકમંદ, જાણકારી, વારતા, જોડાએલા: શબ્દ, છૂટા શબ્દ.

તાહેરીન (અ. સ.) અને દોઆત મુત્લકુન બધા તેની ગવાહી દે છે. અને આપણે બધાને તે પઢવાની તાકીદ કરે છે. કલેમાના આ સાક્ષીદારો કયામત સુધી બાકી રહેનારા છે.

ત્યારે આ એક કલેમો એવો છે જે, અલ્લાહપાકની વહાદતનીયતની મઝબૂત દલીલ છે. તેના બે ભાગ–હકારાત્મક અને નકારાત્મકના કારણે ખુદાએ બે કુવ્વતનું સર્જન કર્યું. રૂહાની અને જીસ્માની.

જયારે નબી (સ. અ. વ.) એમ ફરમાવે છે કે, "લા ઈલાહા" (નથી કોઈ અલ્લાહ) ત્યારે તેનો અર્થ એ થાય છે કે આલે કુવ્વત રૂહાની અને જીસ્માનીમાંથી કોઈ પણ ખુદા નથી. પછી જયારે એમ કહે છે કે "ઈલ્લલ્લાહ" લે જ ખુદા છે ત્યારે તેનો અર્થ એ થાય છે કે આ બન્ને કુવ્વતોના પયદા કરનાર જ ખુદા છે.

કલેમાંના ત્રણ મુખ્ય શબ્દોથી મુરાદ ત્રણ ફરિશ્તાઓની છે. જે જદ ફત્હ, અને ખ્યાલ, તેઓ કાદિરે મુત્લક (સર્વ શક્તિમાન ખુદા) તરફથી પયગમ્બરને ફરમાનો પહોંચાડે છે.

કલેમાના ચાર ભાગથી મુરાદ દીને ઈસ્લામના ચાર અસ્લ છે, અકલે અવ્વલ, અકલે સાની, નાતિક અને અસાસ કલેમાના સાત ફસલથી મુરાદ ઈમામના સાત સાતરાની છે જેઓ ચાર અસ્લથી ફયઝ હાસિલ કરી લોકો પર રોશની

ચાથરે છે.

કલેમાના બાર અક્ષરથી મુરાદ બાર હુજ્જતથી છે જેઓ ઈમામોથી ફયઝ લઈ મુમિનીન પોતાના ઇલ્મથી સયરાબ કરે છે. જેથી મુમિનીન જાણી લે કે હક શું છે?

ત્યારે ખુદાના મહેબૂબ મુહમ્મદ (સ. અ. વ.)એ કલેમો પઢી ઉમ્મતને તે પઢવા એટલા માટે તાકીદ કીધી કે તેના એકરારથી લોકો જાણી લે કે, રૂહાની અને જીસ્માની કુવ્વત, ત્રણ ફરિશ્તા, ચાર અસ્લ, સાત ઈમામો અને બાર હુજ્જત આ બધા 'લાઈલાહા' છે, તેઓમાંથી કોઈ પણ ખુદા નથી. પરંતુ આ બધાનો કરનાર જ ખુદા છે અને તે એક છે – "ઈલ્લાહ"

આમ આકિલ ઇન્સાન જ્યારે શહાદતનો કલમો પઢે છે ત્યારે તે સમજી લે છે કે, તે જે કંઈ કહે છે તે ખરૂં છે અને તેમાં શંકાને લેશ માત્ર સ્થાન નથી. જેમ ખુદા ફરમાવે છે: "અમે તેઓને હકના ઉપર પયદા કીધા પરંતુ તેઓમાંનાં ઘણાખરા તે જાણતા નથી.

સારાંશ કે ખુદાએ પોતાના સાક્ષી આપણા શરીરમાં ઝમીનમાં અને આસ્માનમાં ચૂકેલી છે, અને ત્યાર પછી જ આપણાથી તેનો એકરાર માંગેલો છે. કુરઆનની અનેક આયાતોમાં તેનો ઉલ્લેખ થએલો છે.

"અમે નઝદીકમાં તે બધાને આફાકમાં અને તે બધાના જાનોમાં નિશાનીઓ બતાવીશું. જેથી બધામાં

એમ રોશન થઈ જાય કે ખરેખર તે જ હક છે."

"મુત્તકી લોકો માટે ઝમીનમાં નિશાનીઓ છે, અને તેઓના જાનોમાં જો તેઓ નઝર કરે તો."

"આસ્માન અને ઝમીનમાં એવી ઘણી નિશાનીઓ છે જેના ઉપરથી તે પસાર થાય છે અને તેઓ તેનાથી મોઢું ફેરવી લે છે."

"શું તેઓ આસ્માન અને ઝમીનની બાદશાહતમાં અને જે ચીઝ ખુદાએ પયદા કીધી છે તેના ઉપર નઝર નથી કરતા ?"

"કોઈ પણ ચીઝ એવી છે કે તે ખુદાના શુક્રની તસ્બીહ નથી કરતી? પરંતુ તમે તેની તસ્બીહ સમજતા નથી બેશક તે હલીમ: અને ગુનાહનો માફ કરનાર છે."

હવે જે શખ્સ કલેમતુશ્શહાદતને ખરા દિલથી પઢશે તે હંમેશાના અઝાબથી છુટકારો પામશે જે શખ્સ કલેમો ન પઢે તો તેને ખત્મ કરવાનો, તેના બાલ-બચ્ચાઓને કયદ કરવાનો હુકમ આવેલો છે. તે શખ્સ જો એહલુલ કિતાબ હોય અને પોતાની મિલ્કતમાંથી વાર્ષિક બાર દિરહમ આપે તો તેને અમાન આપવામાં આવે બાર દિરહમ થી કલેમતુશ્શહાદતના બાર અક્ષર તરફ ઇશારો છે.

પ્રકરણ ૧૨

સુરએ ઈખ્લાસ અને તેની તાવીલ બાબત

અલ્લાહ પાકની મદદથી કહું છું કે કલમએ શહાદત "લાઈલાહા ઈલ્લલ્લાહ" દીને ઈસ્લામના દરવાજાની ચાવી છે. જે શખ્સના પાસે આ ચાવી છે, તે બયત ઈસ્લામમાં (ઈસ્લામના ઘર, અર્થાત્ દીનમાં) આસાનીથી દાખલ થઈ શકે છે. "લાઈલાહા ઈલ્લલ્લાહ"ના કલેમાને કલેમસે ઈખ્લાસ એ માટે કહેવામાં આવે છે કે તેનો અર્થ અરબી ઝબાનમાં પાકીઝા થાય છે. કલેમા પઢનાર માટે જરૂરી છે કે તે પોતાના દિલને મૂર્તિપૂજા, દહેરીયોના દીનના અંધકાર તેમજ બીજી ખોટી માન્યતાઓથી સાફ રાખે. વધુમાં કલેમો પઢનારના કોલ અને અમલ બન્ને સરખાં હોવા જોઈએ, જેથી તે આલમે ઉલંવીમાં સ્થાન મેળવી શકે. જેમ ખુદા કુરઆને પાકમાં ફરમાવે છે કે "તેની તરફ પાકીઝા કલેમાન ચઢે છે. અને નેક અમલ તેને બુલંદ કરે છે."

આમ કલમએ ઈખ્લાસ દીને ઇસ્લામના આગાઝ (શરૂઆત)માં ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. એજ રીતે સુરસે ઈખ્લાસનું ઈસ્લામના અંજામ (અંત)માં પણ ઘણું મહત્ત્વ છે. પરવરદિગારે આલમનું ફરમાન પણ છે કે, આગાઝ અને અંજામ બન્ને એકબીજાથી સંકળાએલા હોવા જોઈએ.

સુરસે ઈખ્લાસમાં આખાએ કુરઆન મજીદનો નિચોડ છે. તે વસ્તુ જેનાથી આપણે કોઈપણ કામની શરૂઆત કરીએ છીએ તે "હદદે કુવ્વા" કહેવાય છે. પછી તે "હદદે ફએલ"માં પ્રવેશે છે. હદદે કુવ્વામાં રહેલી વસ્તુ નિર્બળ હોય છે, જ્યારે તે હદદે ફએલમાં દાખલ થાય છે ત્યારે જ તેનામાં શક્તિ પયદા થાય છે. એજ પ્રમાણે કલેમએ ઈખ્લાસ કે જેનાથી દીનની શરૂઆત થાય છે. તે હદદે કુવ્વા છે અને સુરએ સમદ હદદે ફઅલ છે.

સુરએ ઈખ્લાસમાં ખુદા ફરમાવે છે, "અય મુહમ્મદા કહો કે ખુદા એક છે (કલહોવલ્લહો અહદ) અહીં "હુવા" (તે)થી મુરાદ બારી તઆલાની છે. અલ્લાહ શબ્દના ચાર અક્ષર છે. આ ચાર અક્ષરથી મુરાદ ચાર હદ છે–બે જીસ્માની અને બે રૂહાની–એ દરેક હદના જુદા જુદા દરજ્જા છે. "એ હદ"થી મુરાદ એ છે કે જયારે આ ચાર હુદુદ બારી તઆલાના કલેમાથી પોતે પોતાનો દરજ્જો મેળવ્યો ત્યારે તેઓએ ખુદાની તવહીદને તેના સિફતથી જુદી પાડી દીધી.

"

એટલે કે લતીફને કસીફથી અલાહેદા કીધી. સારાંશ તેઓએ જ્ઞાન મેળવ્યું કે ઈબાદત કોણી કરવી જોઈએ અને કોણી ન કરવી જોઈએ. તેના કારણે જ તેઓને બીજાઓ કરતાં એક ખાસ દરજ્જો મળ્યો. પછી પરવરદિગાર ફરમાવે છે કે, "અલ્લા હુસ્સમદ" સમદનો અર્થ સય્યદ થાય છે. સમદના ખાસ ગુણ એ છે કે બેનિયાઝ હોય છે, એટલે કે તેને કોઈની ગરજ હોતી નથી અર્થાત તે પોતાના જીવન-નિર્વાહ માટે કોઈના ઉપર આધાર રાખતો નથી. આનો તાવીલી અર્થ એ કરી શકાય કે, જયારે ઉપર જણાવેલા ચાર હુદુદે ખુદાની વહદાનિયત જાણી લીધી ત્યારે તેઓ સય્યદ અને રૂહાની કહેવાયા. પછી તેઓએ પોતાથી નીચલા દરજ્જાના લોકોને ફાયદો પહોંચાડયો એટલે કે બીજાઓને પણ ખુદાની વહદાનિયતથી જાણકાર કર્યા.

પછી આગળ કહેવાયું છે કે; "લમ યલિદ વલમ યુલદ" ન તે કોઈને જન્મ આપે છે, ન તેને કોઈએ જન્મ આપ્યો છે. આ આયતમાં તાવીલી અર્થ એ સમાયો છે કે ખુદા તઆલા જગત અને તેમાં સમાએલી દરેક વસ્તુનો પયદા કરનાર છે. પરંતુ ખુદાએ એક ચીઝને બીજી ચીઝમાંથી પયદા કરેલી વસ્તુને, તેમાંથી પયદા થનારી બીજી વસ્તુઓનો સબબ બનાવ્યો છે. ઈલ્લત તે કહેવાય કે તેમાંથી બીજી વસ્તુઓ પયદા થાય જેમ કે બાપ ઈલ્લત છે તે પોતાના બાળકને જન્મ આપે છે. આ પ્રમાણે જો

એમ કહીએ કે ખુદાથી દરેક વસ્તુ પયદા થયેલી છે તો ખુદા ઈલ્લત બની જાય. પણ આપણે જાણીએ છીએ કે ખુદા ઈલ્લત નથી.

હવે જ્યારે ખુદા ઈલ્લત નથી તો તે મઅલૂલ પણ નથી જેમ કે બાળકો પોતાના બાપના મઅલૂલ હોય છે આપણે જ્યારે ખુદાને આલિમ, હકીમ કે કાદિર તરીકે સંબોધિત કરીએછે ત્યારે આપણે ઈલ્મ, હિકમત અને કુદરતને ઈલ્લત ગણવું જોઈએ. કેમકે આલિમની ઈલ્લત તેનું ઈલ્મ છે. હકીમની ઈલ્લત તેની હિકમત અને કાદિરની ઈલ્લત તેની કુદરત છે.

હજી ખુદા ફરમાવે છે કે: "વલમ યકુન લહુકુફોવન અહદ" અર્થાત તેનો કોઈ જોટો જડે એવો નથી, તાવીલના આધારે આનો અર્થ એ છે કે જે, ઈબ્દા (શુરૂ) છે તે અકલે કુલની ઈલ્લત છે. એટલે કે અકલે કુલથી શરૂઆત છે, પણ અકલેકુલ મબ્દા (સર્જન) નથી અકલેકુલને દાના (સમજદાર) પણ કહેવામાં આવે છે, કેમકે અકલેકુલથી સૌથી પ્રથમ વસ્તુ વુજૂદમાં આવી તે અકલ (દાનાઈ) હતી.

ખુદા એક જગ્યાએ કુરઆનમાં ફરમાવે છે કે: "અલાલિલ્લાહિ દ દીનુલ ખાલિસ" અર્થાત ખાલિસ દીન ખુદાનું છે. એટલે કે ખુદાનું દીન પાકીઝા છે. હવે જે શખ્સ પોતાની વાણી (કૌલ) શ્રદ્ધા, (વિશ્વાસ) અને વર્તન (અમલ) વિશુદ્ધ રાખશે તેની ઝબાન ખુદાની

અણાન કહેવાશે. જેમ અલ્લાહ પાકે માટીને ગંદકીથી સાફ કરી આદમની સુરત બનાવી ઈન્સાનનું સર્જન કર્યું.

ત્યારે સાબિત થયું કે આદમ અને તેના ફરઝંદોનો દીનનો પાયો કલેમા ઉપર રચાએલો છે. જેમાં નફી (નકાર) અને અસબાત (હકાર) બન્ને શામિલ છે. અને તે જ કલેમએ ઈખ્લાસ છે.

આ કલેમની શુરૂઆત "લા" શબ્દથી થાય છે અને પછી 'ઈલાહા' આવે છે. એટલે કે શુરૂના શબ્દમાં "લામ" "અલિફ" છે અને પછીના શબ્દમાં "અલિફ" અને "લામ" છે. અલિફ અને લામથી દલીલ તનઝીલ અને તાવીલ છે.

રસુલિલ્લાહ (સ.અ.વ) અને આપનાવસી અમીરૂલ મુમિનીન અલી (અ.સ.) મેહસૂસ અને મઅકૂલ છે દરેક ચીઝ આપના મારફત જ જાણી શકાય છે.

છેવટે ફરી એકવાર કહું છું કે દીનનો આગાઝ અને તેનો અંજામ સુરએ ઈખ્લાસ છે અય ઈન્સાન! તું તારા દીનને મઝબૂત બનાવવા માટે વારંવાર સૂરએ ઈખ્લાસ પઢ જેમ ઈમામ જ અફરૂસસાદિક (અ.સ.) એ ફરમાવેલું છે, કે જે શખ્સ સુરએ ઈખ્લાસને ત્રણવાર પઢશે તેને પૂરા કુરઆન પઢવા જેટલો સવાલ મળશે.

For M/s. A HIRANI AND CO.
Proprietor

પ્રકરણ ૧૩

"અઉઝોબિલ્લાહે મિનશ્શયતાનિર્રજીમ" બાબત

અલ્લાહ પાકની મદદથી કહું છું કે રસુલિલ્લાહ (સ.અ.વ) એ ખુદાના ફરમાન મુજબ લોકોને કલેમએ ઈખ્લાસ તરફ બોલાવ્યા કલેમએ ઈખ્લાસમાંથી આપે ખુદાતઆલાની સિફત ને મખલૂકાતની સિફતથી જુદી પાડી, ખુદાપાકની વહદાનિયતનો સુબુત પેશ કીધો.

કલેમએ ઈખ્લાસના બે ભાગ નકાર અને હકારના જેમ દુનિયાના લોકો પણ બે ભાગમાં વહેંચાઈ ગયા છે. એક હકનો જુથ બન્યો જેઓએ બીજો જુથ કે ને બાતિલનો હતો તેનો વિરોધ કર્યો કેમકે એહલે બાતિલ કલેમએ ઈખ્લાસથી અજાણ હતા.

ખુદાપાક વધુમાં રસુલિલ્લાહ (સ.અ.વ.) ને ફરમાવ્યું કે શયતાનથી બચો. જેમ કુરઆને પાકમાં કહેવાયું છે કે : તમે જ્યારે કુરઆન પઢો ત્યારે શયતાનથી પનાહ માંગો

For IMARIH A.-Um 197

આથી રસુલિલ્લાહ (સ.અ.વ) એ કુરઆન પઢવા પહેલા "અઉઝોબિલ્લાહે મિન રશયતાનિર્ રજીમ પઢવાનું ફરમાવ્યું છે.

અરબી શબ્દકોષમાં "રજીમ"નો અર્થ એ થાય છે કે જે ન જોયેલી અને ન સાંભળેલી વસ્તુને પોતાના તરફથી (અટકળથી) સત્ય હકીકત તરફથી રજૂ કરે. જેમ કુરઆને મજીદમાં સુરએ કહેફમાં કહેવાયું છે કે: "કેટલાક લોકો અટકળથી કહેવા લાગ્યા કે તે ત્રણ હતા અને ચોથો તેમનો કુતરો હતો કેટલાક કહેવા લાગ્યા કે તે ચાર હતા અને પાંચમો તેમનો કુતરો હતો.

સારાંશકે ન જોએલી, ન જાણેલી વસ્તુને કલ્પનાથી, અથવા અંદાઝથી ખરી માની લેવી રજીમ કહેવાય. આમ કરવું શરીઅતમાં રવા નથી.

રજીમ શબ્દનો બીજો અર્થ સંગસાર કરવું (પથ્થર મારવું) અથવા હાંકી કાઢવું એવો પણ થાય છે. એટલે કે આંખે જોયા વિના અને કાને સાંભળયા વિના જે કોઈ અસત્ય ઉચ્ચારે તેને સંગસાર કરવામાં આવે અથવા તો જમાઅતમાંથી કાઢી મુકવામાં આવે.

ત્યારે શબ્દ "રજીમ ને શયતાન માટે સંબોધવામાં આવ્યો છે તે એવા શખ્સને પણ લાગુ પડે છે જે રસુલિલ્લાહ (સ.અ.વ.)ના ફરમાન મુજબ ચાલતો ન હોય અને પોતાનું મનફાવતું કરતો હોય.

અઊઝો બિલ્લાહનો અર્થ એ થાય છે કે હું ખુદાના સૌગંદ ખાઈને કહું છું કે હું પોતાને શયતાનિરંજીમથી બચાવું છું.

રસુલિલ્લાહ (સ.અ.વ) ખુદાના ફરમાન મુજબ જ લોકોને આમંત્રે છે. (ખુદાના દીનતરફ આપ પોતાની મનઘડત કોઈ વાત કરતા નથી જેના પૂરાવા રૂપ કુરઆનમાં આ આયત આવેલી છે. "તમારા રફીક (મુહમ્મદ સ.અ.વ) ન તો રસ્તો ભૂલ્યા છે ન ભટકયા છે ન પોતાના જાનની ખ્વાહિશની કોઈ વાત કરી છે. આ (કુરઆન) તો હુકમે ખુદા છે જે (તેમની) તરફ મોકલવામાં આવેલા છે.

ત્યારે જે શખ્સરસુલિલ્લાહ (સ.અ.વ) ના ફરમાન મુજબ કહ્યું હોય અને કર્યું હોય તેને ખુદાના હુકમની પાબંદી કરી એમ કહેવાશે આથી ઊલટું જેણે પોતાની મરજી મુજબ કર્યું હશે અથવા કહ્યું હશે તે શયતાનનો મુરીદ કહેવાશે આપી દીનના લોકોને લાઝિમ છે કે તેઓ તે શખ્સના કહેવા પ્રમાણે ચાલે જેને ખુદાએ પોતાના તરફથી કાયમ કરેલા છે. અને તેના આશરામાં રહીને શયતાનના ફરેબથી બચે અને તેનાથી પનાહ માંગે.

કુરઆને મજીદમાં ખુદા ફરમાવે છે કે "કુલ્લ અઊઝો બેરબ્બિન નાસ અર્થાત કહો કે હું લોકોના પરવરદિગારથી પનાહ માંગુ છું." આ આયતનો અર્થ એ છે કે લોકો માટે જરૂરી છે કે તેઓ પોતાના નફસ (આત્મા)ની પરવરિશ

એવા શખ્સના મારફત કરે કે જેને ખુદા તરફથી પરવાનગી મળી છે, જે ખુદાના મુલ્કમાં રહે છે. અને જે ખુદાના ફરમાન મુજબ ચાલે છે. જેમ એક ચાકર પોતાના શેઠનો હુકમ માથે ચઢાવીને તેના કહ્યા પ્રમાણે કરે છે પોતાની મરજીથી કોઇ કામ કરતો નથી.

ખુદા હજી એ જ સુરતમાં આગળ ફરમાવે છે "મલેકિન્નાસે ઈલાહિન્નાસ" (લોકોના બાદશાહની અને લોકોના ઈલાહની પનાહ માંગુ છું)

ઉપરની બન્ને આયાતમાં 'મલેક' અને 'રબ'થી મુરાદ ખુદાતઆલાની ઝાતે પાક છે. પહેલા 'રબ' અને પછી 'મલેક,' અને અંતમા 'ઈલાહ' છે. 'રબ' થી ચઢિયાતો શબ્દ 'મલેક' અને 'મલેક'થી ચઢિયાતો શબ્દ 'ઈલાહ' છે. 'રબ' એક સામાન્ય શબ્દ છે જેનો અર્થ ધણી અથવા દોરક પણ થાય છે. અને તે કોઇ પણ વ્યક્તિ માટે વાપરી શકાય છે. જેમકે રબ્બે ઉશ્તર (ઊંટોનો પાળનાર) રબ્બે ફરઝંદ (ફરઝંદોનો પાલનાર) ઈત્યાદી પરંતુ મલેક અને ઇલાહ સામાન્યજનો માટે વપરાતા નથી.

હવે જે શખ્સ શયતાનથી બચવા ખુદાની પનાહ માંગે છે. તેને શયતાન છેતરી શકતો નથી. પણ જે શખ્સ ખુદા અને શયતાન બન્નેને ઓળખતો નથી તે કદી પણ હક તરફ પહોંચી શકતો જ નથી. મુમિનનો નફસ (આત્મા)

ખુદા તરફ વળવાથી જ પાક થાય છે. ઈબ્લીસ તેને ખોટા માર્ગે દોરવી શકતો નથી. જેમકે ખુદા ફરમાવે છે "જે લોકો ઈમાન લાવ્યા તેઓના માટે તેની (શયતાનની) શાહી નથી. તે લોકોને પોતાના રબ ઉપર ભરોસો છે."

મુમિનને લાયક છે કે હકના અને ખાનદાને નબુવતના દુશ્મનોની જાળમાં ન ફસાના હકના સાહેબોને પાક ઈમામોને પહેચાને અને તેઓની જ તાબેદારી કરે.

પ્રકરણ ૧૪ મું

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ બાબત

અલ્લાહપાકની તોફીકથી કહું છું કે કલેમએ ઇખ્લાસ મારફત આકિલ ઇન્સાન સમજી શકે છે કે, હરેક વસ્તુનો પયદા કરનાર બારીતઆલા છે. ખુદા સબ્બત છે એટલે કે વજુદ (સર્જન) અને અદમ (વિનાશ) બન્ને તેના ઇખ્તિયારમાં છે. "અઉઝાબિલ્લાહ"ની તફસીરથી આપણે જાણ્યું કે આપણે માર્ગ દેખાડનાર કોણ છે અને રાહેરાસ્તથી ભટકાવનાર કોણ છે? ઇન્સાનને કંઈ તરફ વળવું જોઈએ અને કોણાથી દૂર ભાગવું જોઈએ?

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમમાં ત્રણ શબ્દો અનુક્રમે અલ્લાહ રહેમાન અને રહીમ આવે છે. અલ્લાહ શબ્દ એ વાત પર દલાલત કરે છે કે ખુદાતઆલાએ આલમનું સર્જન 'નહીં' માંથી કર્યું છે. એટલે કોઈ વસ્તુ નહોતી અને પયદા થઈ. ખુદાએ કોઈ એક વસ્તુને બીજી વસ્તુમાંથી સર્જી નથી. અલ્લાહ પછી ખુદાનું બીજું નામ રહેમાન આવે છે.

રહેમાન શબ્દ રહમ ઉપરથી આવ્યો છે. જેમકે રસુલિલ્લાહ (સ.અ.વ.)ની હદીસમાં છે કે "ખુદાતઆલા સગાવહાલાંઓથી મોહબ્બત કરવાની અને તેઓને જાળવી રાખવાનો હુકમ કરે છે. જે કોઈ તે માટે પોતાની જાતને તૈયાર કરે તે રહેમાન (દયાળુ) છે.

આની દલીલ એ છે કે ખુદાએ દરેક આશકારા (ઝાહિર) વસ્તુને પોશીદા છૂપી વસ્તુમાંથી પયદા કરેલી છે. રહમશબ્દ રેહમત ઉપરથી લેવામાં આવ્યો છે. રહેમનો અર્થ મહેર એટલે દયા થાય છે.

દયા તે શખ્સના દિલમાં હોય છે કે જે એક નેકીને બીજી નેકી સાથે જોડે છે. અથવા તો એક બદીને બીજી બદીમાંથી છૂટી પાડે છે. મતલબ કે દયા દરેક નેક, ઈમાનદાર અને મુત્તકીના દિલમાં હોય છે, બૂરા અથવા ઝાલિમ માણસોનું દિલ દયાથી ખાલી હોય છે.

ખુદાતઆલા આપણા ઉપર રહેમાન છે, એટલા માટે કે તે આપણી દરેક ઝાહિર જરૂરીયાતોને પૂરી પાડે છે. જેવી કે ખોરાક પાણી કપડા વગેરે એટલું જ નહીં પણ આપણા રબ તો આપણા બાતિન એટલે કે રૂહ (આત્મા)ને પણ પોષે છે. આ બધું આપણે આપણા પયગમ્બર, વસી, અને ઈમામોની તાલીમ મારફત મેળવી શકીએ છીએ.

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમના ચાર કલેમા છે. બિસ્મ,

અલ્લાહ, અર્રહમાન અને અર્રહીમ તેની નવફસલ છે. અને તેમાં ૧૮ અક્ષરો છે જેમાંના પાંચ અક્ષર બે, સીન, હય, નૂન અને ચે, એક જ વખત લખાય છે બાકીના ૧૪ એકથી વધુ વખત આવી જાય છે.

બિસ્મિલ્લાહના ચાર કલેમાંથી દીનનાચાર હદની યાદ આવે છે. બેરૂહાની અને બે જીસ્માની નવ ફસલ (ભાગ) પી બે જીસ્માની હદ અને અદવારે બુઝુર્ગ (જુનાયુગ) ના ક્ષાત સાહેબોનું સ્મરણ થાય છે. પાંચ અક્ષર કે જે એક જ વાર આવે છે તેનાથી મુરાદ પાંચ રૂહાની હદની છે કે, જે પોતાની જગ્યામાં જ કાયમ રહે છે. નાતિક, અસાસ, ઈમામ, હુજ્જત અને લાહેક (દાઈ) આ પાંચ હદ દરેક ઝમાનમા હોય છે.

બિસ્મ શબ્દના ત્રણ અક્ષર છે. બે, સીન અને એક મીમ-આ ત્રણ અક્ષર અલ્લાહના પહેલાં આવે છે. અલ્લાહમાં ચાર અક્ષર છે, આનો અર્થ એ થાય છે કે, દીનના ચાર અસલને ઓળખવા માટે લાહેક, હુજ્જત અને ઇમામની જાણકારી મેળવવી પડે છે.

વઝૂમાં પણ એજ પ્રમાણે છે. તેમાં ત્રણ સુન્નત અને ચાર ફરીઝત છે. તહારત (ઈસ્તનજા) કરવું, મોઢા અને નાકમાં પાણી નાખવું સુન્નત (મરજીયાત) છે, મોઢું ધોવુ, કોણી સુધી બન્ને હાથ ધોવા, માથા અને પગની મસાહ

કરવી ફરીઝત (ફરજીયાત) છે.

બિસ્મિલ્લાહ પછી અર્રહમાનિર્રહીમમાં બાર અક્ષર છે, જે તે બાર હુજ્જતની તરફ ઇશારો કરે છે જેઓ ઇમામોથી તાઈદ (સંકેત) મેળવી લોકો તરફ ફયઝ પોંહચાડે છે.

બિસ્મિલ્લાહિર્રહમા નિર્રહીમમાં બધા મળી ૧૯ અક્ષર છે. ઓગણીસથી મુરાદ જુના યુગના સાત સાહેબો નાતિકે અવ્વલથી નાતિકે આખિર સુધીની છે અને તેઓના બાર હુજ્જતોની છે, આ બાર હુજ્જતો દોઝખથી બચાવનાર છે તેઓ એવા નાદાનોને દોઝખના અઝાબથી બચાવશે કે જેઓ નબી વસી અને ઇમામોની તાબેદારી કબૂલ કરશે.

કુરઆનમાં ખુદા ફરમાવે છે કે "અલયહા તિસ્સતા અશરા" (તેના ઉપર ઓગણીસ છે) આ ઓગણીસ સાહેબોની નિમણૂંક ખુદા તરફથી કરવામાં આવેલી છે, તેઓનું કામ લોકોના નફસને હદદેકુવ્વાથી હદદેફએલ તરફ બનવાનું છે. જેથી તેઓને હંમેશાની નેઅમત મળી જાય. જે પ્રમાણે સાત સય્યારા અને બાર બુર્જ (રાશીઓ) લોકોના શરીરની પરવરિશ કરે છે, જેથી લોકોને દુનિયાની નેઅમતોનો લાભ મળે છે, તે જ પ્રમાણે આ ઓગણીસ સાહેબો રૂહાની જગતમાં પોતાની કામગીરી બજાવે છે.

આગળ કહ્યું તેમ બિસ્મિલ્લાહમાં ચાર કલેમા છે,

પણ લોકોના મોઢામાંથી માત્ર બે જ કલેમા-બિસ્મ અને અલ્લાહ-નીકળે છે અને તેના બે કારણો છે. પહેલું કારણ એકે પ્રથમ બે કલેમાંથી મુરાદ જીસ્માની હદની છે, લોકો પોતાના શરીરથી જ વધારે જાણકાર હોય છે. વળી જીસ્માની હદથી જ રૂહાની હદ તરફ જઈ શકાય છે, બીજું કારણ એ છે કે, ઉપર કહેવાયું તેમ બિસ્મિલ્લાહના સાત અક્ષરોથી મુરાદ જુના યુગના સાત સાહેબોથી છે કે જેઓ ઝાહિર છે બાકીના બાર અક્ષરો બાર હુજ્જત તરફ ઇશારો કરે છે જેઓ પોશીદા (છૂપા) છે. અલબત મુમિનીન તેમનાથી આગાહ છે પણ લોકો બાર હુજ્જત કરતા સાત સાહેબોથી વધારે જાણકાર હોય છે, જેમકે સાત સય્યારા બુર્જને દરેક શખ્સ જોઈ અને ઓળખી શકે છે પણ બાર બુર્જને બધા જ જોઈ શકતા નથી તેમ જ ઓળખી પણ શકતા નથી ફક્ત ઈલ્મે નજુમના લોકો એટલે ખગોળશાસ્ત્રીઓ જ તેમણે ઓળખી શકે છે.

બિસ્મિલ્લાહ ખુદાનું નામ છે. રસુલિલ્લાહ (સ.અ.વ.) બ નફ્સેનફીસ પોતાના દૌરમાં ખુદાના નામ જેવા જ છે. તેજ પ્રમાણે વસી અમીરૂલ મુમિનીન અલી (અ સ) અને આપના પછી ઈમામો પણ પોતપોતાના દૌરમાં ખુદાના નામ જેવા જ છે. જેમ ખુદા કુરઆનમાં ફરમાવે છે કે, "જેના ઉપર ખુદાનું નામ ન બોલાયું હોય તેવી વસ્તુ તમે ન ખાવ" આ આયતમાં એક રીતે ખુદાના નામથી રસુલે અકરમ (સ. અ. વ.) તરફ ઈશારો છે રસુલે ખુદા (સ.અ.વ.)

એ જ વસ્તુ ખાવાની મના કીધી છે–હરામ ઠરાવેલી છે–તેના ઉપર જો સૌ (૧૦૦) વખતે પણ ખુદાનું નામ લેવામાં આવે તો પણ તે વસ્તુ હલાલ થઈ શકતી નથી. ત્યારે ખુદાનું સૌથી મોટું નામ ખુદાના રસુલ (સ. અ. વ.) છે. આપ સાહેબે જ હલાલ અને હરામ ચીઝ જુદી પાડી છે.

હવે જયારે રસુલિલ્લાહ (સ. અ. વ.) ખુદાનું નામ હોઈ શકે છે ત્યારે આપના ફરઝંદો કે જેઓ આપના ફરમાનથી ઉમ્મતના લોકોના દરમિયાન, કાયમ થયેલા છે તેઓ કેમ ખુદાના નામ ન હોઈ શકે? તેઓ પોતાના કૌલ (વાણી) અને અમલથી જેને હલાલ ગણુશે તે હલાલ કહેવાશે અને જેને હરામ ગણુશે તે હરામ કહેવાશે.

એજ આયતનો બીજો અર્થ એ છે કે જે શખ્સે ઈમામને બેઅત ન આપી હોય તે દીની ઈલ્મ હાસિલ કરી શકતો નથી. ખુદાનું નામ લેવું એટલે બિસ્મિલ્લાહ બોલવું એ બેઅત આપવા બરાબર છે. ખોરાકથી મુરાદ ઈલ્મની છે ત્યારે જે ચીઝ ઉપર ખુદાનું નામ લેવાયું ન હોય તે ચીઝ ખાવી ન જોઈએ.

એક બીજા અર્થમાં ખુદાના નામથી મુરાદ ઈમામુઝ ઝમાનની છે. જે શખ્સ ઈમામુઝ ઝમાનનું નામ ન લેતો હોય, ઈમામને બેઅત ન આપતો હોય તેને તાવીલની સમજણ આપવી ન જોઇએ.

રહેમાન ખુદાનું ખાસ નામ છે ત્યારે રહીમ આમ

(સામાન્ય) નામ છે. મતલબ એ કે રહેમાન નામ ખુદા સિવાય બીજા કોઈને આપી શકાતું નથી. એટલા માટે જ તે ખાસ નામ કહેવાય. રહેમાનનો અર્થ રોઝી આપનાર પણ થાવ છે. ખુદા દીનદાર તથા બે દીન, સારા તથા નરસો, દોસ્ત તથા દુશ્મન બધાને રોઝી આપે છે. (૧) આનો અર્થ એ કે ખુદા સર્વ સામાન્ય રહેમત કરે છે.

રહીમ એ ખુદાનું સામાન્ય નામ છે. ગુનેગારને માફી આપનાર પણ રહીમ કહેવાય છે. છતાં સામાન્ય દેખાતો રહીમ શબ્દ બાતિની દઅવતના લોકો માટે ખાસ અર્થ ધરાવે છે.

આખરતમાં ખુદા રહીમ એ અર્થમાં ગણાશે કે તે રસુલિલ્લાહ (સ. અ. વ.)ની શરીઅતના સબબ, ઉમ્મતના ખાસ લોકોના ગુનાહ માફ કરી દેશે. હદીસ શરીફમાં છે કે, કયામતના દિવસે દોઝખમાં શોરબકોર સંભળાશે અને તેમાંથી આગના ભડકાઓ નીકળશે. તે સમયે રસુલિલ્લાહ (સ. અ. વ.) પધારશે આપના હાથ મુબારકમાં પાણીનો પ્યાલો હશે આપ તે પાણી ઉપર બિસ્મિલ્લાહ પઢી દમ દેશે અને પછી તે પાણી જહન્નમની આગ ઉપર, છાંટશે જેના લીધે આગ તરત જ ઠરી જશે. સાથે સાથે શોરબકોર પણ બંધ થઈ જશે.

* અદીમે ઝમીન સફરએ આમે ઉસ્ત
બર ઈન ખ્વાને યગમા ચી દુસ્મન ચી દુસ્ત–શેખ સઅદી,

પછી ખુદા અઝઝો વજલના ફરમાનથી નિદા (અવાઝ) આવશે કે "અયનારે સકર (જહન્નમની આગ) તું કેવી રીતે બુઝાઈ ગઈ ?'

દોઝખ જવાબ દેશે "અય જહાનના પયદા કરનાર ! તારા નામ આગળ મારામાં સળગવાની હિમ્મત ક્યાંથી હોય ?"

અહીંયા દોઝખથી મુરાદ અહેલેબયતના દુશ્મનથી છે. તેઓ આપસમાં જ શોરબકોર કરે છે અને એકબીજા ઉપર પોતાનું વર્ચસ્વ દેખાડતા હોય છે, પણ જ્યારે તેઓ ઉપર પાણી છંટાય છે એટલે કે હકીકતનું ઇલ્મ પઢાય છે ત્યારે તેઓ સ્તબ્ધ થઇ જાય છે.

આથી માલૂમ પડે છે કે ઇમામુઝઝમાન ખુદાના નામ જેવા છે જ્યારે અહેલેબયતના દુશ્મનો બાતિલ અને દોઝખી છે. જ્યારે તેઓ પર પાણી પડે છે ત્યારે તેઓની બધી શક્તિ પાંગળી બની જાય છે એટલે કે ઇલ્મે હકીકતના સબબ તેઓનો બડબડાટ બંધ થઇ જાય છે. આમ હકના સામે બાતિલ ટકી શકતું નથી.

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમની આ સમજ છે જેનું રટણ કરવાથી ખુદા મુમિનીનના ઉપર જહન્નમના દરવાજા બંધ કરી દે છે અને એવી તોફીક આપે છે કે જેના લીધે બધા ઇમામના દામનને વળગી રહી જહાલ નથી દૂર રહે છે.

પ્રકરણ ૧૫

વુઝૂ અને તેની અદબ વિષે

ખુદાની તૌફીકથી કહું છું કે જેમ ઇસ્લામ સાથે ઈમાનનો સંબંધ છે. તેમ નમાઝ સાથે વુઝૂનો સંબંધ છે. વુઝૂનો ઝાહેર અર્થ પાણીથી હાથ-મોઢું ધોવું અને મસાહ કરવાનો થાય છે અને જો પાણી ન મળે તો માટીથી તયમ્મુમ કરવું. વુઝૂનો બાતેની અર્થ ઈમામુઝ ઝમાન ને અહદ આપવાનો અને ખુદાના અવલિયાઓના દુશ્મનોથી બેઝારી ઝાહિર કરવાનો છે. નમાઝથી મતલબ ખુદાના અવલિયાઓથી જોડાણ કરવાનો છે. પાકપાણિ વિના વુઝૂ થઈ શકતી નથી પાણી ઈલ્મના તરફ ઈશારો કરે છે. જેમ શરીરની નાપાકી પાણીથી દૂર થાય છે તેમ જાતની નાપાકી ઇલ્મથી દૂર થાય છે.

જેમ ઝાહિરી નમાઝ તહારત (પાકીઝગી) વિના દુરસ્ત નથી તેમ ઇલ્મેહકીક્ત કે જેબાતિની નમાઝ છે તે ઈમામુઝ્ઝ ઝમાનને અહદ આપ્યા વિના મેળવી શકતી નથી.

શરીરની તાપાકી મળમૂત્ર, લોહી અને પીપથી થાય છે તેજ પ્રમાણે જાનની નાપાકીના કારણો, જહાલત, ગુનાહ, શિર્ક, અવલિયાઓના દુશ્મનોથી દોસ્તી અને તેઓના દોસ્તોથી અદાવત છે.

વુઝૂ ઊંઘ આવી જવાથી અથવા હદસ (સંડાસ–પેશાબ) થઈ જવાથી લાઝિમ થાય છે. ઊંઘથી મતલબ, હિકમત, હકીકતના ઈલ્મ અને હકના ઈમામથી ગફલતની છે. ઊંઘની હાલતમાં ઇન્સાન, દુનિયા અને તેના આસપાસની વસ્તુ અને વાતાવરણથી બેખબર થઈ જાય છે. તેની સ્થિતિ ઉંઘમાં પોઢેલા ઇન્સાન જેવી થાય છે. હવે દીનના દુશ્મનોની માન્યતા અને તેઓના દિલમાંથી જ નાપાક વિચારો ઉત્પન્ન થાય છે તથા તેઓ ઈલ્મે હકીકતનો ખોટો અર્થ કરે છે તેનો સ્વીકાર કરવો અને તેઓની તાબેદારી કરવી એ હદસ છે. ત્યારે આવી સ્થિતિમાંથી આવી ગફલતમાંથી જે કોઇ જાગે તેના ઉપર વુઝૂ કરવું એટલે ઈમામુઝ ઝમાનને ફરી એહદ આપવું લાઝિમ છે.

રસુલિલ્લાહ (સ.અ.વ.) નું ફરમાન છે કે નિય્યત વિના વુઝૂ દુરસ્તૂ નથી. નિય્યતથી મુરાદ હકના ખાનદાનના લોકો એટલે અહલેબયતની છે. દરેક મુમિન પર તેઓની મોહબ્બત, ખુદા તરફથી લાઝિમ કરવામાં આવેલી છે. એહલેબયતની વલાયત (મુહબ્બત) વિના ખુદા મુમિનનો કોઈ પણ અમલ સ્વીકારતો નથી.

વુઝૂની નિય્યત કરવા પહેલા બિસ્મિલ્લાહ બોલાય છે. તેનાથી મુરાદ ઈમામુઝ ઝમાન, વસી અને દૌરના પયગમ્બરની છે. જેઓના લીધે જ લોકો ખુદાને ઓળખી શકે છે. જેમ દરેક વસ્તુની ઓળખાણ તેના નામથી થાય છે તેમ ખુદાની ઓળખાણ ઈમામ, વસી અને પયગમ્બરથી થાય છે ત્યારે વુઝૂ કરતી વખતે મુમિનબિસ્મિલ્લાહ બોલીને પોતાનો એતેકાદ ખુદાના વલીના મારફત ખુદા તરફ પોંહચાડે છે અને પોતાની ઝાતને વલીઉલ્લાહના દુશ્મનોના અસરથી મેહફૂઝ રાખે છે.

વુઝૂ શરીરના સાત અવયવો ઉપર થાય છે. તેમાંના ચાર ફર્ઝ છે. મોઢું ધોવું, કોણી સુધી બન્ને હાથ ધોવા માથા અને પગની મસાહ કરવી. આ ચાર દરજ્જા નબુવત, વસાયત ઈમામત અને નિયાબત છે. તહારત કરવું, નાક અને મોઢામાં પાણી નાખવું એ ત્રણ સુન્નત છે તેનાથી મતલબ છે અસાસના ત્રણ દરજ્જા વસાયત, ઈમામત અને નિયાબત.

વુઝૂની શરૂઆત સુન્નતથી થાય છે કારણકે નાતિકને અસાસ મારફત ઓળખી શકાય છે. તેમજ હકીકતના બયાન પણ સમજી શકાય છે. વુઝૂની શરૂઆત હાથ ધોવાથી થાય છે. હાથ પાક હોય કે ન હોય છતાં ધોવા જરૂરી છે જમણો હાથ નાનિકના તરફ અને ડાબો હાથ અસાસના તરફ ઈશારો કરે છે કોઈ મુમિનના દિલમાં દીનના વિરોધીઓની વાતો અથવા કટાક્ષો સાંભળી, નાનિક અને અસાસના

દરજ્જા વિષે શંકા ઉત્પન્ન થઈ હોય અને તે તોબા કરી શંકા દૂર કરવા ઇચ્છતો હોય તો તેના માટે જરૂરી છે કે તે પોતાના હાથ-જે મુનાફિકોના ખોટા માર્ગદર્શનથી અભડાયા હોય-તેને ધોઈ નાખે.

પાણીનો લોટો જમણા હાથ તરફ રાખવો જોઈએ. લોટાથી મુરાદદાઈ અને તેના અંદરના પાણીથી મુરાદ **મુસ્તજીબની** છે. આનો અર્થ એ કે દાઈ **મુસ્તજીબને** પોતાના ઇલ્મથી ફાયદો પહોંચાડે છે. અર્થાત મુસ્તજી દાઈને જે કંઈ સવાલો કરે છે, તેના સચોટ જવાબો આપી, દાઈ, તેના આત્માને ઇલ્મના બયાનથી પાક કરે છે.

બન્ને હાથ સાફ કર્યા પછી જમણા હાથથી પાણી ડાબા હાથ ઉપર રેડવામાં આવે છે. મતલબ એ કે દાઈ ઇલ્મ આપે છે અને મુસ્તજીબ (ઇલ્મ લેનાર) તે ઇલ્મ મેળવી પોતાના જાનને ગુનાહોની નાપાકીથી દૂર કરે છે.

હવે જ્યારે ડાબા હાથમાં કોઈ તકલીફ હોય ત્યારે જમણા હાથથી વુઝૂ કરે, આનો અર્થ એ છે કે જ્યારે કોઈ કારણસર ઇમામે હુજ્જતને કાયમ ન કર્યા હોય ત્યારે પોતે અહેદ લે.

વુઝૂમાં બીજી વાર હાથ ધોવાથી મતલબ એ છે કે જ્યારે મુમિન દાઈ પાસેથી ઇલ્મ મેળવે તો તેની ફરજ છે કે તે દાઈનો ઉપકાર માને અને કહે, "જો મને

આપના તરફથી હકીકતનું ઇલ્મ ન મળ્યું હોત તો હું હકીકત જાણી ન શક્યો હોત." સારાંશ કે પહેલી વાર હાથ ધોવાથી મુમિન દાઈ પાસેથી ઇલ્મ મેળવે છે, અને બીજીવાર હાથ ધોવાથી તે દાઈનો આભાર માને છે.

ત્યારપછી જમણા હાથથી પાણી મોઢામાં નાખવાનું હોય છે (કુલ્લી કરવું) ઓછામાં ઓછું એકવાર અને વધારેમાં વધારે ત્રણ વાર દાઈ, મુસ્તજીબને (ઇલ્મ લેનાર) કહે છે કે "તમે મારી પાસેથી જે ઇલ્મ મેળવ્યું તે મારું પોતાનું નથી. મેં તે ઇલ્મ હુજ્જત પાસેથી અને હુજ્જતે ઇમામ પાસેથી મેળવ્યું છે." ત્રણ વાર પાણી નાખવું. ઉપર કહ્યા તે ત્રણ સાહેબો (દાઈ, હુજ્જત અને ઇમામ) તરફ ઇશારો છે.

મોઢાથી મુરાદ હુજ્જત છે, કારણ જેમ મોઢું શારીરિક ખોરાક લેવાનો દરવાજો છે. તે પ્રમાણે હુજ્જત આત્મક ખોરાક લેવાનો દરવાજો છે. ઇમામનું ઇલ્મ લોકોને હુજ્જત મારફત જ મળે છે. મોઢાના દાંત હુદૂદ છે કે જે હુજ્જતના તાબે છે. દાતણ કરવાથી મુરાદ હુજ્જત દાઇઓને ઇલ્મ આપે છે. જેમ દાતણ કરવાથી મોઢું ચોખ્ખું અને સુગંધી થાય છે તેમ દાઈઓ હુજ્જત પાસેથી ઇલ્મ મેળવી નેક નામ અને મશહૂર થાય છે. મોઢાંની ઝબાનથી મુરાદ દાઈ છે કે જે હુજ્જતના દાએરા (વર્તુળ)માં છે.

પછી વુઝૂનો કરનાર નાકમાં પાણી નાખે છે. દાઈ

મુસ્તજીબને (ઇલ્મ લેનારને) એ સમજણ આપે છે કે તમે એમ ન માની લેજો કે મેં જે ઇલ્મ તમને આપ્યું તે હુજ્જતનું છે, બલ્કે હુજ્જતે તે ઇલ્મ-ઈમામ પાસેથી મેળવ્યું છે. નાક ઇમામની તરફ અને મોઢું હુજ્જત તરફ ઇશારો કરે છે. મોઢું અને નાક ઇન્સાનના શરીર માટે જે કામ કરે છે. તેવી જ જાતનું કામ, ઇમામ અને હુજ્જત ઇન્સાનના આત્મા માટે કરે છે. જો મોઢું અને નાક બંધ થઈ જાય તો ઇન્સાનનો શ્વાસ પણ રુંધાઈ જાય, જેના પરિણામે તે મરી જાય. તે જ પ્રમાણે જો ઇમામ હુજ્જત તરફથી ઇન્સાનને ઇલ્મી ફયઝ ન મળે તો આ તેનો આત્મા નકામો થઈ જાય અને બહિસ્તમાં તેને (રૂહને) જગ્યા પણ ન મળે.

નાકથી દૂર દૂરની સુગંધ લઈ શકાય છે ત્યારે મોઢાથી કોઈ વસ્તુ લઈ શકાય છે અથવા બોલી શકાય છે મતલબ એ છે કે હુજ્જત લોકોને અને દાઈઓને શબ્દો દ્વારા ઇલ્મ આપે છે. ઇમામ હુજ્જતને હુકમ અને પ્રેરણાથી ઇલ્મ આપે છે. નાકમાંથી મોંઢામાં જવાનો રસ્તો છે એનો અર્થ એ થઈ શકે છે. હુજ્જતને ઇમામ તરફથી પોશીદા (છુપી) તાઈદ (સંકેત) મળે છે. માણસ જાગતો હોય કે સૂતેલો હોય છતાં તે નાક વાટે શ્વાસ લે છે અને તે કારણે જીવંત રહે છે. આ કથન એમ સૂચવે છે કે, લોકો હકથી જાણકાર હોય કે અજાણ છતાં ઇમામ પોતાનું કામ કરતા જ રહે છે. સારાંશ કે આપથી લોકોને ફાયદો

મળતો જ રહે છે. જે તેઓના જાનને જીવંત રાખે છે. મોઢાનો રસ્તો એક છે ત્યારે નાકના બે રસ્તા છે (નસકોરા) તે એમ બતાવે છે કે ઇમામ, નાતિક અને અસાસ પાસેથી ઇલ્મ મેળવે છે જ્યારે મોઢું કે જેનાથી મુરાદ હુજ્જત છે તે ઇમામ પાસેથી ઇલ્મ મેળવે છે.

વુઝૂની શરૂઆત ત્રણ સુન્નતથી થાય છે–હાથ, મોઢું અને નાક ધોવાથી આ બાબત સમજવા માટે બિસ્મિલ્લાહની સમજણ મેળવવી જરૂરી છે. બિસ્મિલ્લાહના બે ભાગ છે– બિસ્મી અને અલ્લાહ – બિસ્મી શબ્દના ત્રણ અને અલ્લાહ શબ્દના ચાર અક્ષર છે. બિસ્મ શબ્દના ત્રણ અક્ષર, દાઈ, હુજ્જત અને ઇમામ તરફ ઇશારો કરે છે મુમિનને આ ત્રણ હદનો એકરાર કરવો જ પડે છે કારણ આ ત્રણ હદને જાણ્યા વિના ચાર અસ્લ ઓળખી શકાય એમ નથી.

મુમિનીનને એટલું પણ યાદ રાખવું જોઈએ કે આ ત્રણ સાહેબો વિના જગત ક્યારે પણ ખાલી રહ્યું નથી અને રહેશે પણ નહીં. વુઝૂની ત્રણ સુન્નતો આ ત્રણ દરવાજા તરફ ઇશારો કરે છે.

બીજી રીતે જોઈએ તો મોઢાથી મુરાદ નાતિકની પણ થઈ શકે છે. જેમ માણસ ચહેરા ઉપરથી ઓળખાય તેમ દીનની ઓળખાણ નાતિકથી થાય છે. માણસ પોતાના ચહેરા સિવાય શરીરના દરેક ભાગોને ઢાંકે છે. આ બાબત

એમ બતાવે છે કે નાતિક સિવાય બીજા બધા હુદ્દદ પોશીદા (છૂપા) છે. જેમ ચહેરા ઉપરથી શરીરના બીજા ભાગો કેવા હશે તેનું અનુમાન કરી શકાય છે, તેવી રીતે હુદ્દદોની પહેચાન નાતિક અને નાતિકના બયાન મારફત થઈ શકે છે.

ચહેરાનો સંબંધ ચાર ઈંદ્રીઓથી છે. જોવું, સાંભળવું, સૂંઘવું અને સ્વાદ લેવું. આનો અર્થ એ છે કે ખુદાતઆલાએ નાતિકને ચાર મોટા દરજા આપેલા છે. જોવું એમ બતાવે છે કે નાતિક પૂર્વથી પશ્ચિમ સુધી બધું ગયબની નઝરથી જોઈ શકે છે. સાંભળવાની ઈંદ્રિય અસાસના મરતબા તરફ સુંઘવાની ઇમામના મરતબા તરફ અને સ્વાદ હુજ્જતના મરતબા તરફ દલાલત કરે છે.

કોઈપણ વસ્તુનો સ્વાદ મોઢામાં મૂકયા વગર જાણી શકાતો નથી. જોવા, સાંભળવા અને સુંઘવાની શક્તિ માટે આવું નથી. કોઈ વસ્તુ દૂર હોય કે નઝદીક તે આ ત્રણ શક્તિ દ્વારા જાણી શકાય છે. એ બતાવે છે કે નાતિક, અસાસ અને ઇમામ દરેક વસ્તુ જાણી અને ઓળખી શકે છે પછી ભલે તેઓએ તેને જોઈ હોય કે ન હોય. પરંતુ હુજ્જતમાં આ શક્તિ નથી.

હાથ ધોવાથી મતલબ અસાસની છે. ઇન્સાન પોતાના જાનની નાપાકીને અસાસના ઇલ્મથી પાક કરી શકે છે, મોઢું એક અને હાથ બે છે તે એમ બતાવે છે કે નાતિક

ફક્ત ઝાહિરી ઇલ્મ છે અને ઝાહિરને તાવીલથી સમજાવે છે.

વુઝૂમાં પહેલા મોઢુ અને પછી હાથ ધોવાના હોય છે એટલે પહેલા ઝાહિરી ઇલ્મ મેળવવું જોઈએ અને પછી તેની તાવીલ સમજવી જોઈએ. હાથને કોણી સુધી ધોવા જોઈએ એવું કહેવાયું છે કે મોઢા માટે આવી કોઈ હદ બતાવાઈ નથી તેનો અર્થ એ કે નાતિક દીનના હુદૂદને ઝાહિર નથી કરતા આ કામ અસાસ કરે છે.

વુઝૂની છેલ્લી બે ફરીઝત માથા અને પગની મસાહ કરવું છે. મોઢું અને બે હાથ પાક કર્યા પછી એટલે હુદૂદે જીસ્માનીથી જાણકારી મેળવ્યા પછી ઇન્સાનને લાયક છે કે તે બીજી હદની તરફ વળે માથાંથી મુરાદ બીજા હદની છે, કારણ કે માથું શરીરના બધા ભાગો કરતાં ઊંચું છે. અર્થાત બીજા હદનો દરજ્જો જીસ્માની હુદૂદ કરતાં ઊંચો છે. મસાહ બીજા હદના વુજુદના ઇકરારના તરફ ઇશારો કરે છે.

શરીરના જે ભાગો હુદૂદે જીસ્માની તરફ દલાલત-(સાબિતી) કરે છે તેને આપણે ધોઇએ છીએ એટલે આપણે તેઓની તાબેદારી કરીએ છીએ. આથી જાણવા મળે છે કે જે ચીઝ આપણને દેખાય છે તેની તાઅત કરવી જ જોઈએ. જ્યારે જે ચીઝ આપણે જોઈ શકતા નથી તેનો ઇકરાર વાજિબ છે. જીસ્માની હુદૂદ આપણે જોઈ શકીએ છીએ ત્યારે રૂહાની હુદૂદની આપણે મઅરફત

કરીએ છીએ.

પગ ઉપર મસાહ કરવાથી મતલબ પહેલા હદના ઈકરાર કરવાનો છે. પગ એટલે પાયો કોઈ પણ વસ્તુની મઝબૂતીનો આધાર તેના પાયા ઉપર છે.

રસુલે સકરમ (સ. અ. વ.) શુરૂઆતમાં શરીરના બીજા ભાગો તેમ માથા ઉપર પણ પાણી નાખતાં અને પગ પણ ધોતા હતા પરંતુ જ્યારે આપ નાતિકના મરતબા ઉપર આવ્યા અને આપને મેઅરાજ થયું ત્યારથી આપ હાથ અને પગની મસાહ કરવા લાગ્યા.

આપના વસી (અ. સ.) એ પણ આપના ઈશારાની હકીકતથી વાકેફ થઈ તે મુજબ અમલ કર્યું. પરંતુ જેઓ આ હકીકતથી વાકિફ નહોતા તેઓએ આગળના જેમ અમલ ચાલુ રાખ્યું એમ સમજીને કે જો મસાહ કરવું દુરસ્ત છે. તો પછી ધોવું તેના કરતાં બેહતર હોવું જોઈએ. માથું અને પગ મસાહ કરવા કરતાં ધોવાથી વધારે પાક થાય છે.

વળી શુરૂઆતમાં રસુલિલ્લાહ (સ. અ. વ.) પાઘડી અને મોજા ઉપર મસાહ કરતા પણ જ્યારે ખુદાતઆલાએ આપની આંખો મુબારક ઉપરથી ભેદના પરદા હટાવી દીધા અને આપને હુદ્દના મરતબાઓથી વાકિફ કીધા ત્યારે આપ ઉઘાડા માથા અને ઉઘાડા પગ ઉપર મસાહ કરવાનું

ચાલુ કીધું આપના વસીએ પણ એ જ ચીલો અપનાવ્યો. પરંતુ મુનાફિકો જેઓ આ બાબતથી અજ્ઞાન હતા તેઓએ પહેલાની જેમ જ મોજા અને ટોપી ઉપર મસાહ કરવાનું ચાલુ રાખ્યું આપણે તો મૌલા અલી (અ. સ.)ના શિઆ છીયે અને હકીકતના રાઝ (ભેદ)થી વાકેફ પણ છીએ તેથી આપણે મોજા અને પાઘડી ઉપર મસાહ કરતા નથી.

નમાઝનો વક્ત નઝદીક થાય અને તે સમયે કોઇ શખ્સ સુતેલો હોય તો જે શખ્સ જાગતો હોય તે તેને ઊંઘમાંથી ઉઠાડે પછી પેલો શખ્સ જ્યાં સુધી વુઝૂ ન કરે ત્યાં સુધી તેની નમાઝ દુરસ્ત ન થાય. આ બાબત એમ બતાવે છે કે નમાઝ હકની દઅવત છે. સુતેલાને ઊંઘમાંથી જગાડનાર દાઈ અને માઝૂન છે. જેઓ હકથી વાકિફ છે સુતેલો શખ્સ દીનના ઉસૂલથી ગાફિલ હોય છે. દાઈ અને માઝૂન તેને જગાડે છે અને હકીકતના ઇલ્મના તરફ તેને લઈ આવે છે.

પ્રકરણ ૧૬

તયમ્મુમ કરવા બાબત

ખુદાની મદદથી કહું છું કે તયમ્મુમ એટલે લાચારીની હાલતમાં માટીથી વુઝૂ કરવી. તયમ્મુમ બે પ્રકારના લોકો ઉપર ફર્ઝ છે.

(૧) બીમાર ઉપર કે જેને એમ ડર હોય કે પાણીને અડવાથી તેના શરીરને નુકશાન થશે..

(૨) મુસાફર કે જેને મુસાફરી દરમ્યાન પાણી મળી શકતું ન હોય.

બીમારથી અર્થ કમજોર મુસ્તજીબનો (ઇલ્મ લેનારનો) છે, તે ઇલ્મ મેળવવા ચાહે છે પણ તેને એવા શખ્સો મળી શકતા નથી. જેઓને ઈમામ અથવા દાઈ તરફથી બાતિની ઇલ્મ પઢાવવાની રજા આપવામાં આવી હોય. આવી સ્થિતિમાં તે શખ્સ જહાલતની મૌતથી મરવા કરતાં બીજા જાણકાર મુમિન પાસેથી ઇલ્મ મેળવી શકે છે. એ જ પ્રમાણે મુસાફર કે જે પોતાના ઘરબારથી દૂર હોય એક

એવા શખ્સ જેવો છે જે હાદી અને હુજ્જતથી જુદો પડી ગયો છે, એવો શખ્સ કોઈ બીજા મુમિન પાસેથી પાકીઝા ઇલ્મ મેળવી શકે છે, પણ જ્યારે હાદી અને હુજ્જત મૌજુદ હોય અથવા તો જે શખ્સને તાવીલ અને હકીકત સમજાવવાની રજા આપવામાં આવી છે. તે હાજર હોય ત્યારે તેમને છોડી બીજા પાસે ઇલ્મ મેળવવું રવા નથી. મતલબ કે જ્યારે પાણી મળતું હોય ત્યારે તયમ્મુમ કરવું જાએઝ નથી.

પાણીથી મુરાદ ઈમામના ઇલ્મની અને માટીથી મુરાદ હુજ્જતના ઇલ્મની છે. જ્યારે હુજ્જત હાજર ન હોય ત્યારે પાણી હુજ્જતનું અને માટી હાદીનું ઇલ્મ છે. જ્યારે હાદી હાજર ન હોય ત્યારે હાદીનું ઇલ્મ પાણી અને મુમિનનું ઈલ્મ માટી હોય છે. મુમિનની સરખામણી માટી સાથે અને ઇલ્મની સરખામણી પાણી સાથે એટલા માટે કરવામાં આવે છે કે માટી અને પાણી એકબીજામાં મળી શકે છે. ઈલ્મ ફક્ત મુમિનના માટે જ છે જેમ ખુદાતઆલા કુરઆન શરીફમાં ફરમાવે છે. "અધર્મીઓ કહે છે કે કાશ અમે માટીમાંથી હોત."

હવે જે શખ્સ હુજ્જતના બયાન સુધી પહોંચી શકતો નથી. તેનો આત્મા બિમાર ગણાય છે અને એવા બીમાર માટે જરૂરી છે કે તે હાદી પાસેથી ઇલ્મ મેળવે.

તયમ્મુમ કઈ રીતે થાય છે? જે શખ્સને પાણી ન મળતું હોય તે પાક માટી લે અને પોતાના હાથની બન્ને હથેલીઓ પાક માટી ઉપર મૂકે પછી બંને હાથો ઝટકી

નાખે જેથી તેના ઉપરથી માટી ખરી જાય. પછી આંગળીના ઉપરના ભાગને પોતાના મોંઢા ઉપર એકવાર ફેરવે-આંખના ભવાથી ડુંટી સુધી. પછી જમણા હાથના આંગળાઓને ડાબા હાથના આંગળાઓના પાછલા ભાગ ઉપર મૂકે અને એક છેડાથી બીજા છેડા સુધી ફેરવે. પછી ડાબા હાથના આંગળાઓને જમણા હાથના આંગળાઓના પાછલા ભાગ ઉપર મૂકે અને એક છેડાથી બીજા છેડા સુધી ફેરવે એટલે તયમ્મુમ પૂરૂં થએલું કહેવાય.

હવે જે શખ્સ પાક માટીથી તયમ્મુમ કરવાનો ઇરાદો કરે છે તેની મિસાલ બીમાર, અશક્ત મુમિનની છે જે દઅવતના ધણીથી દૂર હોવાના કારણે એક પાક મુમિને મુતલક તરફ ફાયદો મેળવવા એટલે ઇલ્મ હાસિલ કરવા દોડે છે. હાથની બન્ને હથેલીઓ માટી ઉપર એકવાર મૂકવાનો અર્થ એ છે કે મુમિન ઈમામુઝ ઝમાન અને આપના હુજ્જતનો એકરાર કરે છે. પછી માટીથી ભરેલા હાથ ઝટકે છે આનો અર્થ એ થાય છે કે, અશક્ત મુમિને જેના પાસેથી ઇલ્મ મેળવ્યું તે તેનું પોતાનું નથી. તે મુમિને મુતલકને જે રૂતબો મળ્યો છે તે ઈમામ અને હુજ્જતના કારણે છે.

દરેક આંગળાની ત્રણ જોડ છે. તયમ્મુમ કરતી વખતે બન્ને હાથના મળી આઠ આંગળાઓ મોંઢા ઉપર ફેરવવામાં આવે છે કે આંખના ભવાથી ડુંટી સુધી. તે એમ બતાવે છે કે અશક્ત મુમિન ઈમામના ચોવીશ (૨૪) હદનો એકરાર કરે

છે કે જે ચોવીસ હદ રાત અને દિવસના મળી ચોવીસ કલાકના જેમ છે. ઈન્સાનના ચહેરા ઉપર બે આંખ, બે કાન, બે નસકોરા અને એક મોઢું એમ બધા મળી સાત કાણા છે. આ સાત કાણાથી મુરાદ શરીઅતના સાત સાહેબો છે. મુમિન ગમે તેવો અશકત કેમ ન હોય તેને આ સાત સાહેબોને પહેચાનવું જરૂરી છે એટલું જ નહીં પણ તેઓનો એકરાર કરવું પણ લાઝિમ છે.

મસાહ એકરાર કરવું અને ધોવું ઈતાઅત (તાબેદારી) કરવું છે હવે આ બે ચીજ (મોઢું અને હાથ) જે વુઝૂમાં ધોવાની હોય છે, તયમ્મુમમાં તેના ઉપર મસાહ કરવામાં આવે છે, વુઝૂમાં માથા અને પગ ઉપર મસાહ થાય છે, પણ તયમ્મુમમાં તેમ નથી. તે એમ બતાવે છે કે અશક્ત મુસ્તજીબ તાવીલના સાહેબોની ઈતાઅત કરી શકતો નથી. હુજ્જત, દાઈ, ઈમામ, અસાસ અને નાતિકની ઈતાઅત અને ફરિસ્તાઓમાં અવ્વલ અને સાનીનો એકરાર ઈન્સાન ઉપર ફર્ઝ છે. અશક્ત મુસ્તજીબ (ઈલ્મ લેનાર) ઉપર તાવીલના સાહેબોનો એકરાર લાઝિમ છે.

તયમ્મુમ નાપાક માટીથી ન થઈ શકે આનો અર્થ એ છે કે અશક્ત મુમિન એવા મુમિન પાસેથી ઈલ્મ ન લે જેનું દિલ ખુદાના અવલિયાઓ પ્રત્યે સાફ ન હોય.

પ્રકરણ ૧૭

જનાબતના ગુસ્લ બાબત

અલ્લાહપાકની મદદથી કહું છું કે જનાબતનું ગુસ્લ પુરૂષ-સ્ત્રીના સમાગમથી અથવા સ્વપ્નામાં એહતેલામ થવાથી વાજીબ થાય છે. જનાબત શબ્દ દૂર થવા ઉપરથી લેવામાં આવ્યો છે. અરબી ઝબાનમાં મુજાનેબાતનો અર્થ દૂરી થાય છે. તેવી જ રીતે અજનબીનો અર્થ અજાણ્યો-દૂરનો માણસ થાય છે.

હવે આપણે આ ગુસ્લની હકીકતને જોઈએ. હકની દવઅત શું છે, શરીઅત અને તાવીલથી શું મતલબ છે આ બધું લોકોને સમજાવનાર આલિમ પોતાના ઈલ્મને પોતાનું ન કહેતાં ખુદાનું બખ્શેલું ઈલ્મ કહે છે. અને જો કદી તેને આલિમ હોવાનો દાવો કર્યો હોય તો તેનાથી દૂરી કરે-અર્થાત ગર્વને ધોઈ નાખે.

મની (વીર્ય) નીકળવાથી ગુસ્લ વાજીબ થાય છે. આનો અર્થ એ છે કે જેમ મનીવીર્યથી માદાના રહેમમાં બાળકની આકૃતિ ઘડાય છે, તેજ પ્રમાણે બોલનારના મોંઢામાંથી નીકળેલા શબ્દોથી સાંભળનારાઓના દિલમાં રૂહાની આકૃતિ ઘડાય છે. એટલે કે તસવ્વુરાત (વિચારો) પયદા

થાય છે. તેથી આલિમ (વિદ્વાન) માટે જરૂરી છે કે તે પોતાના ઈલ્મને પોતાનું ન કહેતા ઈમામો તરફ વાળે. જેમ જનાબતથી જીસ્માની ગુસ્લ છે, તેમ આલિમનું પોતાના ગર્વથી પાક થવું રૂહાની ગુસ્લ છે.

હલાલ જનાબતથી મતલબ એવા શખ્સની છે કે જે ઈમામુઝ ઝમાનની રજાથી બયાન કરે છે એટલે કે તે બીજાઓને હકીકતનું ઈલ્મ શાખવે છે. જ્યારે હરામ જનાબતથી મતલબ રજા વિના ઈલ્મ પઢાવવાની છે; સ્વપ્નામાં એહતેલામ થવાથી મતલબ અજાણપણે તાવીલના કલામ કહેવાની છે જયારે તેને આ વાતનું ભાન થાય ત્યારે તે પોતાના શબ્દોને ઈમામ તરફ વાળી દે અને પોતાની ભૂલને સુધારી દે.

નફ્સાની જુનાબતમાં બોલનાર (ઈલ્મ આપનાર) પુરૂષ જેમ છે અને સાંભળનાર (ઈલ્મ હાસિલ કરનાર) સ્ત્રીના જેમ છે, મતલબ એ કે ફાયદો આપનાર અને ફાયદો લેનાર પોતે જ કહે અથવા સાંભળે તે બધું ઈમામના તરફથી છે એમ સમજે.

પુરૂષ–સ્ત્રી સમાગમ કરે અને વીર્ય ન નીકળે તો પણ ગુસ્લ વાજીબ થાય છે. આનો અર્થ એ કે સાંભળનારે બોલનાર પાસે જે કંઈ ઈલ્મ મેળવ્યું છે. તેનો બાતિની અર્થ તે સમજી શકયો નથી, ત્યારે દીનદાર અને મુખલિસ મુમિનને લાઝિમ છે કે તે પોતાને જીસ્માની અને રૂહાની બન્ને જનાબતના ગુસ્લથી પાક કરે.

પ્રકરણ ૧૮

અઝાન બાબત

અઝાન નાતિકની દઅવત ઉપર દલીલ છે. નાતિકમાં બે કુવ્વત છે. એક ઝાહિર અને બીજી બાતિન મુઅઝ્ઝિન એટલે અઝાન દેનાર (બાંગી)થી મુરાદ નાતિક છે. મસ્જીદનો ઊંચો મીનારો કે જ્યાંથી અઝાન દેવાય છે તેનાથી મતલબ નાતિકના બુલંદ મરતબાની છે. મસ્જીદ બયતુલ ઈસ્લામ છે કે જે ખુદાનું ઘર છે જે શખ્સ ઈસ્લામ કબુલ કરે છે તેને આ દુનિયામાં અમાન મળે છે. જ્યારે તે ઈસ્લામની સંપૂર્ણ હકીકતથી વાકિફ થાય છે ત્યારે તેને પેલી દુનિયામાં પણ અમાન મળે છે. જેમ ખુદાતઆલા ફરમાવે છે, "અમોએ ઈસ્લામને સલામતીની જગ્યા કીધી છે, જેથી કરીને કોઈ મુસલમાન થાય તે કતલ થવાથી અને ગુલામ તરીકે વેચાવાથી છૂટકારો મેળવે."

અઝાનમાં "અલ્લાહો અકબર" છ વાર બોલાય છે; શરૂમાં ચાર વખત અને અંતમાં બે વખત "લા

ઈલાહા ઈલ્લલ્લાહ" કહેવા પહેલાં. અલ્લાહો અકબરમાં કુલ બાર (૧૨) કલમા છે. ૬ અલ્લાહના અને ૬ અકબરના આ ઉપરાંત બીજા સાત (૭) કલેમા છે કે જે હરએક કલેમા બબ્બે વખત બોલાય છે. જેમ કે (૧) અશહદો અન લા ઈલાહા ઈલ્લલ્લાહ (૨) અશહદો અન્ના મુહમ્મદન રસુલિલ્લાહ (૩) અશહદો અન્ના મૌલાના અલીયન વલી ઉલ્લાહ (૪) હય્યા અલસ્સલાન (૫) હય્યા અલલફલાહ (૬) હય્યા અલાખયરિલ અમલ અને (૭) મુહમ્મદુન વ અલીયુન ખયરૂલ બશર વ ઈતરતોહુમા ખયરૂલ ઈતર

હવે આ સાતે કલેમા કે જે બબ્બે વાર બોલાય છે તે હકના સાત ઈમામો તરફ ઈશારો કરે છે હરેક ઈમામના એક એક બાબ છે જે દીનમાં અને ઈમામોની જગ્યામાં કાયમ રહે છે અને પોતાના વખતના લોકો તરફ ખુદાના ફરમાનને જારી કરે છે.

અલ્લાહો અકબરના કુલ બાર કલેમા છે. (૬) અલ્લાહના અને છ (૬) અકબરના. આથી મુરાદ જઝીરાના બાર સાહેબો તરફ છે કે જેઓ ઈમામુઝ ઝમાનની રજા વિના, પોતાની મરજીથી કોઈ દીની કામ-ઝાહિર અથવા બાતિન-કરી શકતા નથી.

કિબ્લાથી મુરાદ ખુદાવંદે કયામત છે. અઝાન આપતી વખતે બાંગી પોતાનો ચહેરો કિબ્લા તરફ રાખે છે, એટલે નાતિક એમ કહે છે કે હું દુનિયાના લોકોને ખુદાવંદે

કયામત તરફ આમંત્રણ આપું છું. હય્યા અલ્સ્સલાત કહેતી વખતે તે જમણી તરફ અને હય્યા અલલ ફલાહ કહેતી વખતે ડાબી તરફ વળે છે જમણો હાથ નાતિક અને ડાબો હાથ અસાસ તરફ ઈશારો છે. બીજા અર્થ જમણા હાથથી મુરાદ ઈમામ અને ડાબા હાથથી મુરાદ અસાસની પણ છે મુઅઝ્ઝિન હય્યા અલસ્સલાત કહેતી વખતે જમણી તરફ વળે છે તેનો અર્થ એ છે કે ઝાહિરના સાહેબોએ નાતિક અને ઈમામ પાસેથી રજા મેળવી લીધી છે. હય્યા અલલફલાહ કહેતી વખતે તેના ડાબી તરફ વળવાનો અર્થ એ છે કે બાતિનના સાહેબોએ અસાસ અને હુજ્જત પાસેથી હકીકતનું ઈલ્મ સાંભળવાની રજા મેળવી લીધી છે. જેથી આપણે બધા આ દુનિયામાં નાદાનીના દોઝખ (અઝાબ)થી અને પેલી દુનિયામાં જહન્નમની કાયમી આગથી છૂટકારો પામીએ. અઝાન આપનાર માટે એ જરૂરી છે કે તે વુઝૂ વગર અઝાન આપે નહીં તેમજ અઝાન દરમિયાન બોલે પણ નહીં. ઈકામતનું પણ એ જ પ્રમાણે છે. આનો મતલબ એ છે કે મુમિનના માટે રવા નથી કે તે ઝાહિરના લોકો દરમિયાન–જઝીરાના સાહેબની રજા વિના–તેઓના જેવો થઈને રહે અથવા તો એક મુમિન બીજા મુમિનને એક દરજ્જા ઉપરથી બીજા દરજ્જા ઉપર લાવવામાં કમી કરે.

અઝાન અને ઈકામત પાંચ ફરીઝતની નમાઝ કે જે ખુદાતઆલાએ મુકર્રર કીધી છે તેના સિવાય બીજી કોઈપણ નમાઝ માટે કહે નહીં. આનો અર્થ એ છે કે ઈતાઅત

ફક્ત નાતિક અને અસાસ માટે જ લાઝિમ છે. આ બંને સિવાય બીજાં કોઈ તરફ દઅવત થઈ શકતી જ નથી. અઝાન નાતિક અને ઈકામત હુજ્જત તરફ મનસૂબ છે, જ્યાં સુધી નાતિક અને અસાસ અથવા તેઓના કાયમ મકામ મૌજુદ છે ત્યાં સુધી અઝાન અને ઈકામત પણ બાકી છે.

ઈદની નમાઝમાં પણ અઝાન અને ઈકામત નથી. એક અર્થમાં અઝાન, અસાસ અને ઈકામત સાહેબે કયામત છે. અસાસ લોકોને ગુમરાહીના બંધનોમાંથી છોડાવે છે. જેથી લોકો દીને ઈસ્લામ તરફ વળે છે. અઝાન સાંભળી લોકો એક એક કરીને મસ્જીદમાં દાખલ થાય છે. ઈકામત પહેલા બધા છૂટા છૂટા નમાઝ પઢે છે પણ ઈકામત કહેવાતા બધા ફરીઝતની નમાઝ ભેગા થઈને પઢે છે. આનો અર્થ એ છે કે લોકો જુદાજુદા દીનમાંથી નાતિક તરફ વળે છે.

ઈકામતથી મુરાદ શરીઅતની તાવીલ છે કે જે વસીની દઅવત છે. જે અઝાનમાં કહેવાય છે તે જ ઈકામતમાં પણ કહેવાય છે એટલે વસી પણ તેના જ તરફ દઅવત દે છે જેના તરફ નાતિક દે છે. અઝાન બુલંદ આવાઝથી અને ઈકામત ધીમા સાદે દેવાય છે, કેમકે વસીનો દરજ્જો નાતિકના દરજ્જા પછી છે. ઈકામતમાં "કદકામ તિસ્સલાત" ઊંચા સાદે કહેવાય છે તે એમ બતાવે છે કે ખુદાની ફરમાન બરદારી અને તેનું દીન એ જ ખરી વસ્તુ છે. આ બન્ને ચીઝને કબુલ કરવાથી ઈલ્મ અને અમલનું સંગમ થાય

છે. ઊંચા આવાઝે કદકામતિસ્સલાત બોલાતા જ બધા નમાઝ માટે ઊભા થઈ જાય છે, મતલબ એ કે મુમિનીન પોતાના દરમિયાન જે કંઈ મતભેદ હોય તે વિસારી દે અને ખુદાની ઈબાદતમાં લીન થઈ જાય. ઈકામત પછી બધા ફરીઝતની નમાઝ પઢવા લાગી જાય છે દરેક નમાઝી સફ-બસફ ઊભા રહે છે ઈમામ જે પ્રમાણે કરે છે તેજ પ્રમાણે તેઓ પણ કરે છે, તેઓના ઝાહિર અને બાતિનમાં જરાએ તફાવત રહેતો નથી. જેમ અલ્લાહપાક કુરઆને મજીદમાં ફરમાવે છે કે, "આજના દિવસમાં અમે તમારા દીનને સંપૂર્ણ કર્યું અને તમારા માટે દીને ઈસ્લામને પસંદ કીધું.' ખુદાએ આ આયત ત્યારે ઉતારી જ્યારે નાતિકે (રસુલિલ્લાહ સ. અ. વ.)એ વસી (અલી અ. સ.)ને કાયમ કીધા અને તમામ મુસલમાનોએ અહદ આપ્યો અને અહદ પર વળગી રહેવાની કબૂલાત પણ આપી. (૧)

---

(૧) આખરી હજથી ફારેગ થયા પછી મુહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)એ ગદીર નામના એક ગામડામાં તળાવ આગળ કયામ કરી ફરમાવ્યું "હું જેનો મૌલા છું તેના અલી પણ મૌલા છે" મતલબ રસુલે અકરમ (સ.અ.વ.)એ અલી (અ.સ.)ને પોતાના જાનશીન કાયમ કીધા. તે વખતે આયત શરીફ નાઝિલ થઈ "અલ યવમા અકમલતો લકુમ દીનકુ મ વઅતમમ્તો અલયકુમ નેઅમતી વરઝીતો લકુમુલઈસ્લામા દીના" આ દિવસ આજે પણ શિઆઓ ઈદે 'ગદીર'ના નામે ઉજવે છે. (૧૮ ઝિલ હજ્જા) અનુવાદક.

પ્રકરણ ૧૯

કિતાબુસ્સલાત નમાઝ ભાગ પહેલો

નમાઝ ત્રણ પ્રકારની છે. ફરીઝત સુન્નત અને તતવ્વુઆત. તતવ્વુઆતને નવાફિલ પણ કહે છે. નમાઝની તાવીલ દઅવત છે. ફરીઝતની નમાઝ ઈમામ તરફ મનસૂબ છે એટલે ઈમાનના માટે જરૂરી છે કે તેઓ ઈમામને ઓળખે અને આપની શાનને પણ પહેચાને. દુનિયાના લોકોને ઈમામને ઓળખ્યા વિના છૂટકો જ નથી. ઈમામની શફાઅત (ભલામણ) વિના તેઓની મુક્તિ જ નથી.

સુન્નતની નમાઝ હુજ્જતના તરફ ઈશારો કરે છે, જેઓને ઈમામે કાયમ કીધા છે. તતવ્વુઆતથી ઈશારો દાઈ તરફ છે. દાઈ મુમિનની પહેલી હદ છે. તતવ્વુઆતને નવાફિલ પણ કહે છે અને તે માઝૂન તરફ ઈશારો કરે છે કે જે દાઈની હદમાં છે.

ત્યારે ફરીયતની નમાઝ ઈમામ, સુન્નતની નમાઝ

હુજ્જત અને તતવ્વુઆતની નમાઝ હાઈ તરફ મનસુબ છે, આ ઉપરાંત જુમેઆની નમાઝ નાતિક, ઈદુલફિત્રની નમાઝ અસાસ, ઈદુલઅદહા (બકરી ઈદ)ની નમાઝ કાએમુલ કયામત, જનાઝાની નમાઝ મુસ્તજીબ અને મુરાદ તલબ કરવાની નમાઝ કાએમ તરફ દલાલત કરે છે.

જ્યારે વરસાદ લંબાઈ જાય છે અને તેના કારણે દુકાળ પડે છે ત્યારે લોકો નમાઝ મારફત વરસાદ માંગે છે. વરસાદ પડવાથી અનાજ પાકે છે અને ઝાડ ઉપર ફળ-ફૂલ ઊગે છે, જેના લીધે ઈન્શાનને શારીરિક છુટકારો મળે છે. તેવી જ રીતે કાયમ (અ સ.)ના કારણે ઈન્સાન ઈલ્મના દુકાળ (અભાવ)થી નજાતી મેળવે છે.

ગ્રહણની નમાઝથી મુરાદ દઅવતની છે, જ્યારે ઈમામ છુપાએલા હોય છે.

સલાતુલ ખૌફ (ડરની નમાઝ) પણ ફરીઝત છે તેમાં તફાવત એટલો જ છે કે અમન (સલામતી)ની નમાઝ પૂરી પઢવાની હોય છે ત્યારે દુશ્મનનો ખૌફ (ડર) હોય ત્યારે જે નમાઝ પઢવાની હોય તેની એક જ રકઆત હોય છે.(૧)

મુસાફર બે રકઆત (કસર) નમાઝ પઢે છે. જ્યારે

---

(૧) લડાઈ દરમિયાન ખૌફનાં નમાઝ પઢવામાં આવે છે ઈમામહુસેન (અ. સ.)એ આશુરાના દિવસે કરબલામાં, દુશ્મનો તરફથી ઘેરાએલા હોવા છતાં, ખૌફની નમાઝ પઢી હતી.

હાઝર (ગામવાસી) પૂરી નમાઝ પઢે છે. એનો અર્થ એ છે કે મુસાફર તે મુમિન જેવો છે કે જે ઝાહિરને ત્યાગી બાતિન તરફ વળી ગયો છે. તેના માટે જરૂરી છે કે તે પહેલા નાતિક અને અસાસને ઓળખે. કારણ નાતિક અને અસાસ પહેલી બે રકઆત જેમ છે. બીજી બે રકઆત અકલે અવ્વલ અને અકલ સાની જેમ છે. જે તેને પઢવી જરૂરી નથી કેમ કે નાતિક અને અસાસને સમજ્યા વિના પ્રથમ (અકલે અવ્વલ) અને બીજા (અકલે સાની) તરફ જઈ શકાતું નથી.

હવે જે શખ્સ હાઝર છે તે એક મુખ્લિસ મુમિનના જેવો છે કે જે હકની દઅવતમાં દાખલ છે અને જેને હુદુદે રૂહાની અને હુદુદે જીસ્માનીની સંપૂર્ણ માહિતી છે. વળી તે બેહુદુદે રૂહાની (પ્રથમ અને બીજા) અને બે હુદુદે જીસ્માની (નાતિક અને અસાસ)ની તાબેદારી પણ કરે છે. મતલબ કે તે પૂરી નમાઝ પઢી શકે છે.

નમાઝના હુદુદ-ભાગ બીજો

રસુલિલ્લાહ (સ. અ. વ.)એ ફરમાવેલું છે કે જેમ મકાનની હદ હોય છે તેમ નમાઝની પણ હદ હોય છે. પછી જે કોઈ તેની હદને ઓળખી તેની શરતો મુજબ નમાઝ પઢે છે તો તેની નમાઝ દુરસ્ત છે જો એમ નથી તો નમાઝ પણ દુરસ્ત નથી.

અલ્લાહપાકની મદદથી કહું છું કે નમાઝની જે હદો

વિષે રસૂલે કરીમ (સ.અ.વ.)એ ફરમાવ્યું છે તે સાત છે, જેમ ઇમામો અને નાતિકની સંખ્યા પણ સાતની છે. આ સાતમાંની ચાર હદ ફરીઝત છે. તેના વગર નમાઝ કામિલ (સંપૂર્ણ) થઈ શકતી નથી. જ્યારે ત્રણ હદ સુન્નત છે જેના વગર નમાઝ જાએઝ નથી.

ફરીઝતની ચાર હદમાંની બે હદ ખુદા તરફ છે. પહેલી હદ નમાઝનો સમય અને બીજી હદ કિબ્લો છે.

વક્ત અકલે સાની છે કે જેનાથી ઝમાન (સમય) વજુદમાં આવ્યો. કિબ્લાથી ઇશારો અકલે અવ્વલ તરફ છે કે જેના તરફ દુનિયાની તમામ સર્જાએલી વસ્તુઓને વળવાનું છે.

ફરીઝતની બાકીની બે હદ બંદા તરફ મનસૂબ છે, જેમાં પહેલી હદ નિય્યત અને બીજી હદ વુઝૂ છે. નિય્યત નાતિક તરફ અને વુઝૂ અસાસ તરફ ઇશારો કરે છે.

ઝાહિર અને બાતિન વિના નમાઝ નથી. નાતિક અને અસાસ અકલે અવ્વલ અને સાનીના સંકેતથી તેને વજુદમાં લાવ્યા છે. નફસેકુલની કુવ્વતથી નાતિકે ઝાહિરને અને અકલની તાઇદથી બાતિનને વજુદમાં લાવ્યા છે.

નમાઝની ત્રણ હદ સુન્નત છે. અઝાન, ઇકામત અને જમાઅત. અઝાન ઇમામ તરફ ઇશારો કરે છે કે જે લોકોને ઝાહિર તરફ બોલાવે છે. ઇકામતથી દલીલ હુજ્જતની છે કે તે બાતિનને સમજાવે છે. જમાઅતથી મુરાદ દાઈની છે.

કે જેના આસપાસ મુમિનીન ભેગા થાય છે.

મુસાફર અને બીમારને આ ત્રણ હકમાંથી બાકાત રાખવામાં આવ્યા છે.

નમાઝના ફરીઝત - ભાગ ત્રીજો

આ જાણવું જરૂરી છે કે સાત ઇમામના મુકાબલામાં નમાઝમાં સાત ફરીઝત છે તકબીરનું કહેવું પહેલું ફરીઝત છે તેનો અર્થ એ છે કે, મુમિન ઇમામ અથવા દાઈ ને અહેદ આપે કે એકવાર તકબીર કહેવાયું પછી નમાઝમાં બોલી શકાય નહીં. મતલબ કે અહેદ આપ્યા પછી દીનમાં નુકતાચીની ન થઈ શકે તેમ કરવાથી અહેદ ભાંગી જાય છે. અહેદનો બીજો અર્થ બયઅત અને મીસાક પણ થાય છે. (અંગ્રેજી ભાષામાં તેને કવેનંટ અથવા પ્રોમિસ કહે છે).

બીજું ફરીઝત નમાઝમાં સીધા ઊભા રહેવું છે. મતલબ કે દઅવતમાં દાખલ થયા પછી મુનિન સીધો ઊભો રહે - ડગમગે નહીં.

ત્રીજું ફરીઝત સુરએ ફાતેહા અને તેના પછી બીજી કોઈ પણ સુરાનું પઢવું છે. આનાથી ઈશારો દાઈ તરફ છે જે પોતાની કોમને દીન બાબત સમજણ આપે છે.

ચોથું ફરીઝત રૂકુ છે. તે દૌરે કબીરમાં અસાસના

તરફ અને દૌરે સગીરમાં હુજ્જત તરફ ઇશારો કરે છે.

પાચમું ફરીઝત સજદો કરવું છે, તેનાથી મતલબ દૌરે કબીરમાં નાતિક અને દૌરે સગીરમાં ઇમામની પહેચાન છે.

છઠ્ઠું ફરીઝત તશહહુદ પઢવા માટે બેસવું છે. તેનાથી ગરઝ (મતલબ) દાઈને પહેચાનવાની છે.

સાતમું ફરીઝત સલામ વાળવું છે (અસ્સલામો અલયકુમ વ રહેમતુલ્લાહ વ બરકાતો) આનો મતલબ એ કે સલામ વાળ્યા પછી બોલી શકાય છે. એટલે કે મુમિન દીન બાબત ચર્ચા કરી શકે છે.

સારાંશ જ્યારે એક મુમિન નમાઝમાં સાત ફરીઝત અને સુન્નત કામિલ રીતે અદા કરે છે ત્યારે તેની નમાઝ પણ કામિલ ગણાય છે. બીજા અર્થમાં કહીએ તો મુસ્તજીબ દીનના હુદુદોથી સંપૂર્ણ રીતે જાણકાર થઈ જાય છે અને ત્યાર પછી તેનો દરજ્જો વધીને માઝૂન સુધી પહોંચી જાય છે અને તેને દીન બાબત ચર્ચા કરવાનો પૂરો અધિકાર મળી જાય છે.

નમાઝની સુન્નત-ભાગ ચોથો

નમાઝમાં બાર સુન્નત છે. જે નમાઝની "બાર અદબ"માં પણ શામિલ છે. (૧) નમાઝમાં માથું નમાવ્યું એટલે સજદો દેવો. મતલબ એ કે મુસ્તજીબે ગર્વ

રાખવો ન જોઈએ. હંમેશા દાઈ આગળ માથું નમાવવું જોઈએ. (૨) મુસલ્લા પર સજદાની જગ્યા તરફ નઝર રાખવી જોઈએ મતલબ કે મુસ્તજીબે હંમેશા દાઈના ફરમાન તરફ નઝર રાખવી જોઈએ અને દાઈનો હુકમ બજાવવો જોઈએ. (૩) નમાઝ દરમિયાન જમણી – ડાબી તરફ જોવું ન જોઈએ, તેમજ મુસ્તજીબે કોમના દુશ્મનો તરફ નઝર ન કરવી જોઈએ, તેમ જ તેઓની બાહ્કામણીથી દૂર રહેવું જોઈએ. (૪) નમાઝમાં હસવું કે મલકાવવું ન જોઈએ, અર્થાત મુસ્તજીબ જે હદમાં હોય તે હદને છોડીને દીની બાબતોમાં ચર્ચા કરી ન શકે. (જેમ હસતી વખતે દાંત દેખાય છે તેમ બોલતી વખતે પણ દાંત દેખાય છે). (૫) નમાઝ દરમિયાન ટચકડી ફોડવી ન જોઈએ, મતલબ કે દઅવતના હુદુદો તરફ કટાક્ષ કરવો ન જોઈએ. (૬) નમાઝ દરમિયાન દાઢીથી રમત કરવી ન જોઈએ, આનો અર્થ એ છે કે પુખ્ત વયના થયા વિના નફસાની મુજામેઅત (સ્ત્રી સાથે સમાગમ) કરવી ન જોઈએ. (૭) તશહ્હુદ દરમિયાન હાથના આંગળા કીબ્લા તરફ રાખવા જોઈએ મતલબ કે હુદુદે પોતાનો ચહેરો ઇમામ તરફ રાખવો. (૮) નમાઝમાં ઊભા રહેતી વખતે બન્ને પગ એક જ જગ્યાએ રાખવા જોઈએ, બે પગથી મુરાદ દાઈ અને હુજ્જતની છે. બંને પગ સરખા રાખવાનો અર્થ એ છે કે દાઈ અને હુજ્જત દરમિયાન જુદાઈ રહે નહી. જેમ શરીરનો આધાર બે પગ છે તેમ રૂહાની (અતિમક) એને માંદ (આધાર) દાઈ અને હુજ્જત ઉપર છે. (૯) સફ બરાબર

મેળવવી જોઈએ જેથી નમાઝીઓ વચ્ચે શયતાન ખલલ કરી શકે નહીં એટલે કે દઅવતના દુશ્મનો મુમિનીનના દરમિયાન કુસંપના બીજ બોઈ ભંગાણુ પાડી શકે નહીં. (૧૦) તદ્દપ્યાત પઢતી વખતે ડાબા પગ ઉપર બેસવું જોઈએ. ડાબો પગ દાઈ તરફ ઇશારો કરે છે આ પગ ઉપર બેસવાનો અર્થ એ છે કે દાઈને આપેલા વચનનું પાલન કરવું જોઈએ. (૧૧) રૂકુ દરમિયાન હાથના આંગળાઓને ગુંઠણ ઉપર છૂટા રાખવા (એકબીજાથી જોડવા નહીં) મતલબ કે અસાસ દીનના હુદુદોને બાતિની શરીઅત સમજાવવા માટે તેઓને જુદા જુદા જઝીરામાં મોકલે છે. (૧૨) સુજૂદ દેતી વખતે આંગળાઓને એકબીજાથી જોડીને રાખવા જોઈએ. નાતિક દીનના હુદુદોને ઝાહિરી શરીઅત સમજાવવા મોકલતા નથી કે ઝાહિર ઇમામ અને નાતિક હદ છે અને સજદો કરવાનો અર્થ એ બન્નેનો એકરાર કરવો છે.

ખુઝુઅ (નમનતાઈ) બાબત ભાગ પાંચમો

નમાઝના ત્રણ અરકાન ખુઝૂઅના (નમનતાઇનાં) છે. ઇકામત, રૂકૂ અને સજદો. મુસલ્લી નમાઝમાં પોતાની નઝર સજદાની જગ્યા તરફ રાખે છે. જમણી અથવા ડાબી બાજુએ જોતો નથી, મતલબ કે મુમિન ખુદાતઆલાને જ પોતાનું સર્વસ્વ સોંપી દે છે કે ખુદા સિવાય કોઈની બંદગી કરતો નથી અને દુશ્મનો તરફ જોતો પણ નથી.

નમાઝમાં બીજું ખુઝૂઅ રૂકૂમાં છે આનો અર્થ એ છે કે મુમિન પોતાના જાનને દૌરે કબીરમાં અસાસને અને દૌરે સગીરમાં જઝીરાના હુજ્જતને સોંપી દે છે.

નમાઝમાં ત્રીજું ખુઝૂઅ સુજૂદમાં છે આનો અર્થ એ છે કે મુમિન પોતાનું સર્વસ્વ દૌરે કબીરમાં નાતિકને અને દૌરે સગીરમાં અસાસને સોંપી દે છે.

સજદો ખુઝૂઅની (નમનતાઈની) છેલ્લી હદ છે. સજદામાં નમાઝી પોતાને માટીના સાથે મેળવી દે છે. પોતાનું માથું જમીન ઉપર નાખી દે છે.

સજદાનો બીજો અર્થ એ છે કે મુમિન જ્યારે સજદામાં જાય છે ત્યારે એમ કહે છે કે મારું શરીર પહેલાં માટી હતું ખુદાએ મને માટીમાંથી સર્જેલો છે. વળી તે એમ પણ એકરાર કરે છે કે સૌ પ્રથમ મેં નાતિકને કબુલ્યા કેમ કે સજદો નાતિક તરફ ઈશારો કરે છે. જ્યારે તે સજદામાંથી માથું ઊંચું કરીને બેસે છે ત્યારે તે એમ કહે છે કે ખુદાએ મને માટીમાંથી ઈન્સાન બનાવ્યો ઉપરાંત તે એમ પણ કહી બતાવે છે કે અસાસે મને નાતિકના દરજ્જાની માહિતી આપી. બીજીવાર જ્યારે તે સજદો દે છે ત્યારે એમ કહે છે કે મારું શરીર વિનાશ પામશે ત્યારે હું ફરી માટી ભેગો થઈ જઈશ. સાથે એમ પણ કહે છે કે અસાસે મને નાતિકના ઊંચા મરતબાથી વાકિફ કર્યો છે એટલે હું નાતિકની ફરમાંબરદારી તરફ વળી જાઉં છું. છેલ્લે નમાઝી જ્યારે

બીજો સજદો કરી ઊભો થાય છે ત્યારે એમ કહે છે કે મરણ પછી ખુદાએ મને **પરામી** લીધો છે. સાથે તે એમ પણ જણાવે છે કે મેં નાતિકને ઓળખી લીધો છે, એટલે હવે હું નાચીઝમાંથી જીવંત થયો છું.

નમાઝના અવકાત (સમય) ભાગ છઠ્ઠો

નમાઝના ત્રણ અયકાત છે. પહેલો, વચલો અને છેલ્લો. પહેલો નાતિક, વચલો અસાસ અને છેલ્લો કાએમુલ કયામત તરફ ઇશારો કરે છે.

જે શખ્સ નમાઝનો છેલ્લો સમય પસાર થઈ જવા પછી નમાઝ પઢે તો તે નમાઝ બાતિલ કહેવાય એટલે જે શખ્સ ઇમામના આવ્યા પહેલાં હકને મેળવી શકતો નથી તે દીનને પણ પામી શકતો નથી. બીજી રીતે જોઈએ તો નમાઝનો પહેલો સમય દાઇ, વચલો સમય હુજ્જત અને આખરી સમય ઇમામ છે.

નમાઝ તેના પહેલાં સમયમાં પઢવું ઉત્તમ છે. અર્થાત જે શખ્સ દાઇને ઓળખી લે તે હુજ્જત અને ઇમામને પણ જાણી લે છે, જ્યારે મુમિન નમાઝના આખરી સમયને પણ ગુમાવી દે છે તે જાણે ઇમામ, હુજ્જત અને દાઇની શફાઅતથી મેહરૂમ રહે છે. વળી તે દીનને પણ ખોઈ બેસે છે કારણ દીનનો પાયો નમાઝ છે આથી નમાઝ તેના અવ્વલ વક્તમાં જ પઢવી જોઈએ.

નમાઝ સાથે પઢવા બાબત

હાઝિરે (સ્થાયી)ના માટે જરૂરી છે કે તે દરેક નમાઝને તેના નક્કી કરેલા સમય ઉપર જ અદા કરે પણ મુસાફર માટે ઝોહર અને અસર તથા મગરિબ અને ઈશાની નમાઝ સાથે પઢવાની છૂટ છે.

હાઝિર દઅવતના ધણી જેવો છે કે જે મુમિનને હુદૂદના મરતબાની ઓળખણ કરાવે છે. મુમિન દાઈની તાલીમથી દરેક હુદૂદના દરજાને ઓળખે છે. જેમ કે નમાઝના સમયની પાબંદી વગેરે.

મુસાફરની નમાઝ એક એવા શખ્સ જેવી છે જે એક મઝહબથી બીજા મઝહબ તરફ વળે છે. જેમ મુસાફર એક ગામથી બીજા ગામ તરફ જાય છે.

જ્યારે ફરીઝતની બે નમાઝ એક સાથે એક જ સમયમાં પઢે ત્યારે અઝાન એક હોય પણ એકામત તો બે હોવી જ જોઈએ. અઝાનથી ઈશારો નાતિક તરફ છે જ્યારે એકામતથી ઈશારો અસાસ અને કયામતના સાહેબની દઅવત તરફ છે.

નમાઝીઓ ત્યારે જાણી લીયે કે નમાઝનો પાયો અઝાન અને એકામત ઉપર છે.

ઝોહરની નમાઝનો છેલ્લો સમય પૂરો થાય અને અસરની નમાઝનો પહેલો સમય શરૂ થાય ત્યારે બન્ને નમાઝ એક જ વક્તમાં પઢે. મતલબ એ કે જ્યારે કોઈ શખ્સ

નાતિકની શરીઅતમાં દાખલ થાય ત્યારે તેને બાતિન તરફ પણ ફરવું જ જોઇએ. અર્થાત પહેલા નાતિકની શરીઅતનું જ્ઞાન મેળવે અને પછી અસાસના બંધારણ વિષે જાણકારી મેળવે. અસર અને મગરિબની નમાઝ દરમિયાન નાફેલતની નમાઝ પઢાય નહીં કારણ અસાસની દઅવત પછી કોઈ દઅવત નથી. એ જ પ્રમાણે મગરિબની નમાઝના અવ્વલ વક્તમાં મગરિબ અને ઇશાની નમાઝ સાથે પઢી શકાય. આનો અર્થ એ છે કે મગરિબની નમાઝ સાની તરફ અને ઇશાની નમાઝ ઇમામ તરફ ઇશારો કરે છે, હવે કોઇ શખ્સને અસાસની દઅવત કે જેસાનીના સંકેતથી કરવામાં આવે છે. તેનું ઇલ્મ ન હોય અને તે ઇમામની દઅવતને કબૂલ કરે તો તેના માટે જાણવું જરૂરી છે કે, ઇમામનો અસાસ અને સાનીથી સંબંધ છે.

જ્યારે કોઈ શખ્સ મગરિબ અને ઇશાની નમાઝ સાથે પઢે ત્યારે તેના માટે ઘટિત છે કે તે આ બે નમાઝ વચ્ચે ૬૦ તસ્બીહ જેટલો તફાવત રાખે મતલબ એ કે હકની દઅવતને હકના સાત ઇમામોના સાતરાથી ઓળખે.

હવે જે શખ્સની કોઈ નમાઝ કઝા થઈ હોય અને કઝા નમાઝ પછીનાં નમાઝનો સમય આવે ત્યારે તે સમયની નમાઝને પહેલા અદા કરે અને પછી ગયેલી નમાઝ વાળે. આનો અર્થ એ છે કે શખ્સ પહેલા પોતાના સમયના ઇમામની મઅરેફત (જાણકારી) રાખે અને પછી ગુઝરનાર હુદ્દની ઓળખાણ કરે.

જુમાઓના દિવસે-સફરમાં હોય કે ઘરમાં-ઝોહરની નમાઝ સાથે કે પહેલા—નાફેલતની બીજી નમાઝ મેળવી લે એમાં સંકેત એ છે કે સફરથી મુરાદ ઝાહિરની અને ઘરમાં હોવાથી મુરાદ બાતીનની છે.

એજ પ્રમાણે જુમોઆથી મતલબ સાતમાં હદનો, ઝોહરથી નાતિકનો અને નાફેલતથી અસાસનો છે. અસાસનો મરતબો સાતમાં હદના ઝાહિર થવાના સમયે પ્રકાશમાં આવેલો છે. ઇમામ જઅફર શાદિક (અ. સ.) ફરમાવે છે કે જુમોઆના દિવસે ઝોહોરની નમાઝ પહેલા નાફેલતની નમાઝ પઢી શકાય છે કેમકે અસાસનો દરજો કાયમના ઝુહુર થવા પહેલા ઝાહિર થાય છે.

રસુલિલ્લાહ (સ. અ. વ.)એ પોતાના મુઅઝ્ઝિન (બાંગી) બિલાલને ફરમાવેલું હતું કે અઝાન અને એકામતના દરમિયાન થોડો સમય થોભી જા જેથી વુઝુ કરનાર વુઝુથી જમનાર જમણથી અને હાજતમંદ પોતાની પરવાડી જાય. મતલબ કે દાઈ મુસ્તજીબને જ્યાં સુધી કે તે સેહરામમાં દાખલ ન થાય, ઇલ્મના પાણીથી પોતાની તરસ મટાડી ન લે અને ઇલ્મથી નફસને પાક ન કરી લે ત્યાં સુધી ઉતાવળ કરવાનું ન કહે.

કસર નમાઝ વિષે શીયાઓની માન્યતા

હજ પર જનાર મુસાફરને એવા શખ્સથી સરખાવવામાં

For M/s. A HIRANI AND CO
Proprietor

આવે છે કે જે ઈમામની શોધમાં (નીકળેલો હોય) અને મુજાહિદ (જેહાદ કરનાર) તેને કહેવામાં આવે છે કે જે દઅવતનો પ્રચાર કરવા માટે તનતોડ કોશિશ કરે છે અર્થાત એટલે ઝાહિરથી જંગ કરે છે અને તેઓને પોતાના જાનથી ખુદા, રસુલ, વસી, ઇમામ, હુજ્જત અને દાઈ તરફ બોલાવે છે. આવા શખ્સો માટે એટલે હજ કરવા જનારા માટે કુલ બાર રકઅતમાં કસર કરવાનું વાજીબ છે. આખી નમાઝમાં નહીં. મતલબ કે ઝોહર, અસર અને ઇશાની નમાઝમાં જ કસર કરી શકાય કારણ એ બાર રકઆત બાર હુજ્જત પર દલીલ છે એમાં છ હુજ્જત મુફીદ (લાભ આપનાર) છે અને છ મુસ્તફીદ (લાભ મેળવનાર) છે. લાભ લેનાર કરતાં લાભ આપનારનો દરજ્જો ઊંચો છે.

ફજરની અને મગરિબની નમાઝ કસર પઢાતી નથી. કારણ સવારની નમાઝ અકલેકુલ તરફ અને મગરિબની નમાઝ નફ્સેકુલ તરફ દલીલ છે. આ બે રૂહાની (આત્મિક) જરાયે ઓછપ થઈ શકે જ નહીં. ઝોહર, અસર અને ઇશાની નમાઝના હુદુદ જીસ્માની છે અને તેઓમાં મુસાફરીમાં-કસર કરી શકાય છે, સફરથી મતલબ ત્રણ જીસ્માની હદ-નાતિક, અસાસ અને ઇમામથી છૂટા પડવાનો છે. હઝર (ઘરમાં) હોવાથી મુરાદ એ ત્રણથી જોડાણનો છે.

બેસીને નમાઝ પઢવા બાબત

ખુદાપાકની મદદથી લખું છું કે જે શખ્સમાં ઊભા

રહેવાની શક્તિ ન હોય તે બેસીને નમાઝ પઢી શકે છે. (પરંતુ નબી (સ. અ. વ.) સિવાય બીજા કોઈ પણ પેશ-ઇમામ ને બેસીને ઇમામત કરાવવાના અધિકાર નથી). આનો અર્થ એ છે કે જ્યારે કોઈ સમયની બિનઅનુકૂળતાના લીધે ખુલ્લી રીતે દઅવમ કરી શકતા ન હોય ત્યારે નકીઅતથી (છૂપી રીતે) દઅવત કરે.

કહેવાય છે કે રસુલે મકબુલ (સ. અ. વ.) એક વખતે ઘોડા પરથી પડી ગયા હતા અને આપ ઊભા રહી શકતા નહોતા. એટલામાં નમાઝનો સમય થયો. સહાબી-ઓએ અરઝ કીધી કે "અય રસુલિલ્લાહ નમાઝ માટે શું હુકમ છે?" આપે ફરમાવ્યું કે હું બેસીને નમાઝ પઢાવીશ. તમે બધા પણ મારા સાથે બેસીને નમાઝ પઢજો.

સહાબીઓએ કહ્યું, "સાહેબ, અમે બધા તો સાજા-તાજા છે ઊભા રહી શકીએ છીએ."

આપે (સ. અ. વ.) ફરમાવ્યું, "આપ લોકો ઇમામ સારાએ જગતની રહેનુમાઈ કરે છે (માર્ગ દરશાવે છે) જ્યારે ઇમામ તકબીરા કહે ત્યારે લોકોએ પણ તકબીરા બોલવા જોઈએ. જ્યારે ઇમામ કિરઆત પઢે ત્યારે લોકો ચિત દઈ ચુપકીદીથી તે સાંભળે જ્યારે ઇમામ "સમે-અલ્લાહો લે મન હમેદા" કહે ત્યારે લોકો "રબ્બના લકલ હમ્દ" કહે જ્યારે ઇમામ સલામ વાળે ત્યારે લોકો પણ સલામ વાળે ઇમામના રૂકૂથી કે સૂજૂદથી કે ઉઠવા બેસવાથી

કોઈ આગળ ન થાય. જ્યારે નબી બેસીને નમાઝ પઢાવે ત્યારે નમાઝમાં શામિલ થનારાઓ સઘળા પણ બેસીને નમાઝ પઢે.

આ બધામાં સંકેત એવો છે કે ઇમામના તકબીરા બોલવા સાથે તકબીરા બોલે. અર્થાત અલ્લાહતઆલાની તૌહીદમાં બધા શામિલ રહે. ઇમામ કિરઆમ પઢે ત્યારે ઈમામના પાછળ નમાઝ પઢનારાઓ ચૂપ રહે એટલે જ્યારે ઇમામ, દીન અને શરીઅતને લગતા બયાન ફરમાવે ત્યારે સાંભળનારાઓ શાંતિથી સાંભળે એમાં નુકતાચીની કરે નહીં. ઇમામના "સમેઅલ્લાહ" કહેવાનો અર્થ એ છે કે ઇમામ મુમિન માટે દુઆ કરે છે ત્યારે મુમિનની ફરજ છે કે તે "રબ્બના લકલ હમ્દ" કહે—એટલે ખુદાનો આભાર માને. બીજા અર્થમાં કહીએ તો જ્યારે ઇમામ મુમિનને દિનની તાલીમ આપી તેનો દરજ્જો વધારે ત્યારે મુમિન ખુશીથી તે દરજ્જાનો અલ્લાહના શુક્ર સાથે સ્વીકાર કરી લે જ્યારે ઇમામ મોઢું ફેરવી સલામ વાળે એટલે બીજા ઇમામને નીમે (કાયમ કરે) ત્યારે મુમિન પણ તેને અનુસરે. નબી જ્યારે બેસીને નમાજ પઢાવે તો લોકો પણ બેસીને નમાઝ પઢે હેતુ એ કે જ્યારે નબી દઅવતનો પ્રચાર છુપી રીતે કરે ત્યારે ઉર લોકો પણ તકીયત કરે અને ઝાહિર ન કરે.

એવું પણ લખવામાં આવેલું છે કે નબી (સ. અ. વ.) એક વખતે અસરની નમાઝ પઢાવી રહ્યા હતા. ત્યારે

આપના કાન મુબારકમાં, પાછળ ઉભેલાઓમાંથી સુરએ સલમઅ્દ પઢવાનો, ગણગણાટ આવ્યો. સલામ વાળી આપે ફરમાવ્યું, "તમારામાંથી કોણે સુરએ ફાતેહા પઢી?"

એક જણે ઊભા થઈ અરજ કીધી, "મેં યા રસુલિલ્લાહ."

ખુદાના રસુલે (સ. અ. વ.) ઈરશાદ ફરમાવ્યું: "ઉમ્મુલ કિતાબ" (કુરઆન) ઝાહિરમાં અલહમ્દની સુરા છે અને બાતિનમાં અલી મુર્તઝા છે, મારા પછી મારી જગ્યા પર ઊભા રહેવાનો અલીવલી સિવાય કોઈને હક નથી.

એક બીજી વખતે આપે ફરમાવ્યું કે, મારી કબર અને મારા મિમ્બરના વચ્ચે જન્નતનો કિયારો છે. અહીં કબરથી હેતુ અલી (અ. સ.) અને મિમ્બરથી કાએમુલ કયામત છે. નબીના નબુવ્વત સિવાય બીજા બધા અધિકારો વસીને (અલી અ. સ.) સોંપવામાં આવેલા છે. કાએમ (અ. સ.) કે જેનાથી દીન રોશન છે તે મિમ્બર કહેવાયા છે. કિયારાથી મુરાદ રસુલિલ્લાહ (સ. અ. વ.)ના ફરઝંદો (પાક ઈમામો) છે. આ ઈમામો માત્ર કિયારા નથી પરંતુ બહિશ્ત (જન્નત)ના બગીચાઓ છે કે જેના ઝાડો પર હિકમતના ફળો ઊગેલા છે.

પ્રકરણ ૨૦

પાંચ નમાઝ તેની રકઆતોની ગણત્રી અને તે દરેકના સમયની નાતીક્ષ બાબત

પાક પરવરદિગારની મદદથી કહું છું કે નમાઝ અલ્લાહતઆલાની તવહીદ પર દલીલ છે. વળી નમાઝ અલ્લાહતઆલાના અવલીયાઓના જોડાણની પણ ખબર કરે છે. જેમાં સવારની નમાઝમાં અકલે અવ્વલનો સંકેત રહેલો છે. એ નમાઝ પો ફાટતાં–આકાશમાં સફેદી ઝાહિર થતા પઢવાનો હુકમ છે.

નાતિક (અ. સ.) ફરમાવે છે કે બારીતઆલાના ફરમાનથી જે પહેલું નૂર ઝાહિર થયું તે અકલે અવ્વલનું હતું. જેને અકલ ઉપરાંત કલમ પણ કહે છે.

સવારની નમાઝમાં ચાર રકઆત છે. જેમાં બે સુન્નત અને બે ફર્ઝ છે. સુન્નત પહેલાં પઢાય છે જેમાં નાતિક અને અસાસ (નબી અને વસી)નો સંકેત છે. આની

જાણકારી સૌથી પહેલાં મેળવવી જોઈએ કારણ નબી અને વસીની મઅરેફત મેળવ્યા વિના અકલે અવ્વલ અને અકલે સાનીની મઅરેફત સાચી રીતે મેળવી શકાય તેમ નથી.

સવારની નમાઝમાં સુન્નત અને ફર્ઝની ચાર રકઆત એટલા માટે છે કે દીનનો પાયો અકલે અવ્વલ, અકલે સાની, નાતિક અને અસાસ ઉપર જ ઊભેલો છે. આ ચારમાંના પહેલા બે હદ રૂહાની છે અને બીજા બે હદ જીસ્માની છે. સવારની નમાઝમાં સુન્નત ફર્ઝ બરાબર છે. એનો દરજ્જો ફર્ઝ કરતાં લેશમાત્ર પણ ઓછો નથી. નાતિક અને અસાસનો આલમે જીસ્માની (મૃત્યલોક)માં જે મરતબો છે તેવો જ મરતબો આલમે રૂહાની (આત્મ લોક)માં અકલે અવ્વલ અને અકલે સાનીનો છે.

સુન્નતની પહેલી રકઆતમાં ત્રણ વસ્તુ છે. (૧) એહરામનો તકબીરો (અલ્લાહો અકબર) કહેવું (૨) અલ હમ્દની સુરા પઢવી (૩) તે પછી બીજી કોઈ સુરા પઢવી. એજ પ્રમાણે નાતિકમાં પણ ત્રણ દરજ્જા શામિલ છે– નબુવ્વત, વસાયત અને ઈમામત. તકબીરતુલ એહરામ નાતિકની શાન બતાવે છે. સુરએ હમ્દ અસાસ તરફ ઈશારો કરે છે અને બીજી સુરતથી ઈમામત પર દલીલ લેવાય છે.

બીજી રકઆતમાં એહરામના તકબીર નથી. માત્ર અલ હમ્દની સુરા અને તે પછી બીજી કોઈ પણ સુરા પઢવાની છે આનો અર્થ એ છે કે અસાસ ને નબુવ્વતમાં

દખલ નથી એમાં ફક્ત બે જ દરજજા છે. વસાયત અને ઈમામત.

સુન્નત પછી ફર્જ પઢાય છે. તેમાં બે રકઆત છે નાનો તશહહુદ નથી મતલબ કે જલ્લા જલાલહુ અને અકલે અવ્વલ વચ્ચે બીજુ કોઈ નથી. ફર્જમાં પહેલી રકઆતથી ખુદાની તવહીદનો સંકેત છે દરેક ચીજની પયદાઈશ ખુદાથી જ થઈ છે પણ ખુદા કોઈ વસ્તુથી બનેલા નથી. એની વહેદત, એની સર્જનશક્તિ, અને એની ગેર ભાગીદારી પહેલી રકઆતથી સમજાઈ આવે છે. બીજી રકઆતમાં સંકેત છે કે અકલે અવ્વલ, ખુદાની રીતે આપમેળે થયા નથી એના સર્જક અલ્લાહ છે, એ પછી બીજી બધી વસ્તુઓનું વુજૂદમાં આવવુ, અકલે અવ્વલની કુવ્વતથી સંબંધ રાખે છે.

અકલમાં ચાર દરજાઓનો સમાવેશ થાય છે. નફસેકુલ નાતિક અસાસ અને નફસે કાયમ, અને નફસે કુલ અને નાતિકની ઓળખાણ આપનાર તરકીબ અને તાલીફ છે અને અસાસ અને કાએમની ઓળખાણ તાઈદ અને તાવીલ આપે છે.

સવારની નમાઝ પઢી ખુદાનો બંદો પોતાના માલિકનો ઉપકાર માને છે કારણ અલ્લાહ સુબ્હાનહુએ અકલે અવ્વલ મારફત પોતાના અને ખિલકત (જગત) દરમિયાન સંબંધ જોડવા અકલે અવ્વલને પોતાના પયગમ્બર બનાવ્યા અને

અને એનાનૂરથી જગતને ઈલ્મનો ખજાનો અર્પણ કર્યો. અને અકલ અને ઇલ્મના લીધે જ ઇનસાન અને હૈવાનમાં તફાવત થયો અને ખુદાની જાણકારી પણ મળી જો અકલે અવ્વલનું નૂર ન હોતે તો ખુદાને કોઈ ઓળખતે જ નહીં. એનું ઈલ્મ જો ન હોતે તો મનુષ્ય અને પશુમાં ફરક પણ ન હોતે અકલ અને ઇલ્મથી જ ખુદાની તવહીદની જાણ થઈ કે તે 'વહદહુ લાશરીક' છે અને જીંદગીનો હેતુ પણ સમજાયો ત્યારે અલ્લાહનો પાડ માનવો દરેક ઇનસાન માટે જરૂરી છે કે તેએ પોતાના નૂરની આપણને હિદાયત કરી ઇલ્મથી હુદૂદ અને તેઓના હુકૂક ઓળખાવ્યા. અગર સૂર્યોદય ન થયો હોત તો દુનિયામાં અજવાળું કયાંથી થતે ?

મગરિબની નમાઝ બતાવે છે કે સૂરજ મશ્રિક (પૂર્વ)થી નીકળી મગરિબ (પશ્ચિમ)માં આથમે છે. તો હીદનું નૂર અકલે અવ્વલમાંથી નીકળી સાનીમાં સમાય છે. સૂરજનાં નૂરથી વહદહુ લા શરિક (અલ્લાહ તઆલા) ઓળખાય છે એ નૂરનું આયમ અકલે સાનીમાં છે. સવારની બે રકઆત 'કુન' (યા) કહેવાના અધિકારને અને અકલની ઉત્પત્તિને દર્શાવે છે. જયારે મગરિબની નમાઝની ત્રણ રકઆત અકલે સાની, અકલે અવ્વલ અને વહદહુ લા શરીક તરફ ઇશારો કરે છે.

સવાર અને મગરિબની નમાઝની બધી મળી પાંચ

રકઆતો થઈ એ પાંચ રકઆતથી મકસદ નાતિક, અસાસ, ઈમામ, હુજ્જત અને કાએમ (અ.ઝ.સ.) છે. આ પાંચ સાહેબોથી પાંચ જીસ્માની હદ તાઈદ લે છે. બન્ને નમાઝના સમયમાં રાત અને દિવસના છેડા છે સવારની નમાઝ રાત પૂરી થતાં અને મગરિબની નમાઝ દિવસ પૂરો થતાં પઢાય છે. દિવસથી ઝાહિર અને રાતથી બાતિન તરફ ઈશારો છે.

વળી જાણો કે સવારની બે અને રાતની ત્રણ મળી પાંચ રકઆતમાં અકલે અવ્વલ અને અકલે સાનીના નૂરનો તેમ જદ ફત્હ અને ખ્યાલનો સંકેત છે. એ ત્રણેનું જોડાણ અકલે સાનીથી છે.

સવાર અને મગરિબની નમાઝ દરમિયાન, ઝોહર અને અસરની નમાઝ છે. રો બે નમાઝની રકઆત જુદી રીતની છે. એમાં એમ સમજવાનું છે કે નાતિક અને અસાસ એક જ દોરમાં એક સાથે થઈ ગયા છે; જ્યારે ઈમામ જુદા છે નાતિક અને અસાસના દોર પછી જ ઇમામતનો સિલસિલો શુરૂ થાય છે.

મગરિબના ફર્ઝની પહેલી અકસાતમાં નાતિકનો સંકેત છે. એમાં એહરામના તકબીરા (ફર્ઝની નિય્યત લીધા પછી "અલ્લાહો અકબર" કહેવું) સુરસેહમ્દ, અને બીજી એક સુરા છે ને બતાવે છે કે નાતિકની જાણ ને ત્રણ રૂહાની હદ-જદ્દ, ફત્હ ખ્યાલ-ફાયદો પોંહચાડે છે. બીજી રકઆત અસાસ પર દલીલ છે. એમાં એહરામના તકબીરા નથી,

સુરએ ફાતેહા અને બીજી સુરા છે એ બતાવે છે કે અસાસ જદના ફયઝથી જુદા છે. એમને ફ-હ અને ખ્યાલથી જ ફયઝ મળે છે.

બે રકઅત અદા કર્યા પછી નાના તશુહદ માટે બેસવાનું છે. એમાં એવો સંકેત છે કે દઅવતનું મંડાણ નાતિક અને અસાસથી છે. ત્રીજી રકઆતમાં ફક્ત અલ્હમ્દ પઢાય છે. આથી ઈશારો ઈમામ તરફ છે જે ખ્યાલથી ફયઝ લે છે.

મગરિબની નમાઝમાં પહેલી રકઆતમાં કિરઅત મનમાં પઢાય છે. નાતિક પોતાના દરજ્જાને ઝાહિર કરી અસાસના રૂત્બાને પણ ઝાહિર કરે છે. જ્યારે ઈમામ માટે સતર છે. દુશ્મનના પ્રંપ્રચથી બચવા માટે ઈમામ સતર પણ લઈ શકે છે.

મગરિબના ફર્ઝ પછી સુન્નતની છ રકાત પઢાય છે, એમાં એવો સંકેત છે કે અકલેસાનીએ છ નાતિકના તરફ ફરમાન મોકલાવ્યો કે તેઓ પોતાના નૂરને જગતમાં ઝાહિર કરે. એ છ નાતિક તે આદમ, નૂહ ઈબ્રાહીમ, મૂસા ઈસા અને મહંમદ (સ.અ.વ.) છે.

મગરિબની નમાઝનો સમય આકાશ પર લાલાસ દેખાતા થાય છે. એ વખત તારાઓને પ્રકાશિત થવાનો મોકો મળે છે. એમાં એવી સમન છે કે જ્યારે નાતિક પોતાનો દોર પૂરો કરે છે અને અકલે અવ્વલની તાઈદ-કે જે અકલ

સૂરજના સ્થાનમાં છે-આયમે છે ત્યારે ત્યારે અકલેસાની કે જે તારાના સ્થાનમાં છે-તેનું ફયઝ, અસાસ મારફત, તમામ જગત પર નીતરે છે.

મગરિબની નમાઝ પછી બંદો ખુદાનો શુક્ર કરે અને તેની સના (વખાણ) કરે. કારણ અલ્લાહ પાકે તેને નાતિકના નૂરથી ભરપૂર કર્યો જેના લીધે તેનામાં બોલવાની શક્તિ આવી, દરેક ઝાહિર અને બાતિન વાતને સમજવાની કુવ્વત આવી ત્યારે મગરિબની નમાઝનો રૂખ સાની તરફ છે. ખુદાનું કરમ અને એહસાન કે તેએ સાનીને પયદા કીધા કે જે સાની ખાલિક (પયદા કરનાર) અને મખલૂક (પયદા થએલા)ના દરમિયાન જોડાણ છે. એની રોશનીથી લોકોના દિલ રોશન થયા અકલની દોલત મળી જેનાથી હયવાન અને ઈનસાનમાં તમીઝ (તફાવત) થઈ.

ઝોહરની નમાઝના ધણી નાતિક છે. એ નમાઝને નમાઝે પેશીન (પહેલી) નમાઝ એટલા માટે કહેવામાં આવે છે કે નાતિક સૌથી પહેલા છે કે જેઓએ ખુદા તઆલાના નૂરનો સ્વીકાર કર્યો વળી આ નમાઝ રસુલે મકબૂલ (સ.સ.વ.)એ પહેલવેલા પઢી હતી તેમજ લોકોને પણ પઢવાનું ફરમાન કર્યું હતું. આ નમાઝને ઝોહરની નમાઝ એટલા માટે કહે છે કે નાતિકની દઅવત-જે શરીઅતથી ભરપૂર છે. તે જગત ઉપર ઝાહિર છે.

મુહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)એ ઈશા (અ.સ.) પછી

હુઝૂર ફરમાવ્યું ઈસા (અ.સ.) અને મુહમ્મદ (સ.અ.વ.) ના દરમિયાન છ ઈમામ થયા છે. એથી કરીને ઝોહરની નમાઝનો પહેલો સમય પણ સૂરજના ઉજાસના છ કલાક પછી છે. અહીં સૂરજથી મુરાદ ઈસા (અસ.)ની છે જેનો કમાલ મુહમ્મદ (સ.અ.વ.)થી છે મુહમ્મદ (સ.અ.વ) વચલી ઉમ્મતના ધણી છે. જે ઉજાસ અને આથમના વચ્ચોવચ છે.

ઝોહરની નમાઝના ફર્ઝની ચાર રકઆત છે. નાતિક (અ.સ.) ફરમાવે છે કે "અમ લોકો! હું તમને એ ફરિશ્તા તરફ બોલાવું છું, અકલે અવ્વલ અને અકલે સાની હું ત્રીજો ફરિશ્તો છું, મારા વસી ચોથા ફરિશ્તા છે.

આમ ઝોહરની નમાઝમાં ચારનો સંકેત છે. પહેલી બે રકઆતમાં અકલે અવ્વલ અને અકલે સાની અને છેલ્લી બે રકઆતમાં નાતિક અને અસાસ. કારણ નાતિક અને અસાસનો એકરાર કર્યા વિના અવ્વલ અને સાની તરફ પહોંચી શકાતું જ નથી.

પહેલી રકઆતમાં એહરામનો તકબીરા, સુરએહમ્દ અને બીજી સુરા છે નફસે નાતિક, જદ, ફ-હ અને ખ્યાલના ફયઝથી જોડાએલા છે. બીજી રકઆતમાં સુરએહમ્દ અને બીજી સુરા છે; એહરામના તકબીરા નથી, કેમકે અસાસ ફત્હ અને ખ્યાલથી સંબંધ રાખે છે. વળી એ બે રકઆતમાં એવો પણ સંકેત છે કે નાતિક અને અસાસ આત્મા અને શરીર જેવા છે. સુરએહમ્દ રૂહ (આત્મા)

અને બીજી સુરા જીસ્મ (શરીર) છે.

નાના તશહુદ પછી બીજી બે રકઆત ચુપકીદીથી પઢાય છે. જેમાં ફક્ત અલહમ્મદ છે. અકલે અવ્વલ અને અકલે સાની રૂહાની છે. એમાં જીસ્મનો ખ્યાલ રાખવો કુફ્ર છે.

ઝોહરની નમાઝ પહેલા સુન્નત પઢાય છે જેની છ રકઆત છે. મુહમ્મદ (સ.અ.વ) નાતિકોમાં છઠ્ઠો છે, ઈસા (અ.સ.) અને આપના દરમિયાન છ ઈમામ છે.

ઝોહરના ફર્ઝ પછી નાફેલતની ચાર રકઆત છે. એમાં અસાસ, ઈમામ, હુજ્જત અને દાઈના તરફ ઈશારો છે. એ ચારેની ફરમાન બરદારી, નાતિક પછી, દરેક મુમિન પર વાજીબ છે.

મુમિનીન ખુદાનો હમ્દ કરે, શુક્ર કરે, ઉપકાર માને કે અલ્લાહ જલ્લા શાનહુએ લોકોના દરમિયાન નાતિકને મોકલાવ્યા જેની દોરવણીથી જાણવા મળ્યું કે ખુદાતઆલા તમામ જગતનો સર્જનહાર છે. નાતિક ન હોત તો જગતના લોકો ખુદાથી અને પોતાની આકેબતથી અજાણ હોત બલ્કે અકલ અને ઇલમથી પણ વંચિત હોત. એટલા માટે જ કહેવાયું છે, કે ઝોહરની નમાઝથી મતલબ નાતિક છે.

અસરની નમાઝ અસાસ પર દલીલ છે. એને ફારસી ભાષામાં નમાઝે દીગર (બીજી નમાઝ) પણ કહે છે કારણ

અસર નાતિક સાની (બીજા નાતિક) પણ કહેવાય છે; જે નાતિકના કાયમ મકામ છે; શરીઅતના અમલદાર છે. આ નમાઝનો સમય તે છે કે જ્યારે દરેક વસ્તુનો પડછાયો બમણો થતો લાગે, મતલબ કે અસાસના સમયમાં મુમિન ઝાહિર અને બાતિન બન્નેથી જાણકાર હોય. ઇલ્મ અને હિકમતથી પણ વાકિફ હોય. સૂરજ પીળો પડી જાય ત્યારે એ નમાઝનો છેલ્લો સમય હોય છે, અસાસનો ઝાહિરી સમય પૂરો થવા આવે છે ત્યારે કાયમના ઝુહુરનો સમય પાસે આવે છે.

અસ્રના ફર્ઝ અને સુન્નતની ચાર રકઆત છે. એમાં સંકેત એ છે કે અસાસની દઅવત પણ નાતિકની દઅવત માફક દીનના ચાર થાંભલા પર ઉભેલી છે.

અસરની નમાઝમાં પહેલી બે રકઆતમાં અલહમ્દ અને બીજી સુરા છે, જે નાતિક અને અસાસની સમજ આપે છે. આ બન્ને રૂહ અને જીસ્મ જેવા છે. બીજી બે રકઆતમાં ફક્ત અલહમ્દ છે, એનાથી ઇશારો અવ્વલ અને સાની તરફ છે જે બન્ને રૂહાની (આત્મિક) છે. અસરની નમાઝ પછી કોઈ નમાઝ નથી કારણ અસાસના તાવીલની કોઈ તાવીલ નથી એ કામિલ છે.

મુમિનીન ખુદાનો હમ્દ કરે છે, શુક્ર કરે છે કે તેને અસાસને કાયમ કર્યા. જેણે મુમિનીનને નાતિકના તનઝીલની તાવીલથી વાકિફ કર્યા. અસાસ ન હોત તો તાવીલનું ઇલ્મ

કોણ સમજાવતે? એની જાણકારી વિના આપણી હાલત યહૂદી, ઈસાઈ અને મુસલમાનોના બીજા પંથો જેવી થઈ જતે. કે જેઓ ફક્ત બાતિનને છોડી માત્ર ઝાહિરને જ વળગી બેઠા છે. મુમિન ઝાહિર અને બાતિન બન્નેનો સમન્વય સાંધે છે. એ વિના ચાલી શકતું જ નથી. જેમ આંખમાં નૂર હોવા છતાં અજવાળા વગર ચાલતું નથી.

જે લોકો આ હકીકતને માનતા નથી તેઓને દિવ્ય દૃષ્ટિ મળી નથી એમ કહેવામાં જરાયે વધુ પડતું નથી.

મુમિનને લાયક છે કે હંમેશા, હરપળે ખુદાનો હમ્દ કરે, ખુદાએ નાતિકને અસાસ કાયમ કરવાનો હુકમ કર્યો અને અસાસે મુમિનોને રૂહાની અને જીસ્માની ફરિશ્તાઓની તાવીલથી જાણકાર કર્યા. દીનના હુદુદ અને હુકૂકનું પૂરેપૂરું જ્ઞાન આપ્યું. એના લીધે જ ઈન્સાન પોતાના જાન અને આ બધાની રાહબરી મેળવી સવાબ હાંસિલ કરી શકે છે.

અસરની નમાઝ ને નમાઝે વુસ્તા (વચલી નમાઝ) પણ કહે છે. સબબ કે પાંચે નમાઝમાં તે વચ્ચે છે. સવાર અને ઝોહરની નમાઝનાં ફર્ઝ અસરની નમાઝના પહેલા છે. જ્યારે મગરિબ અને ઈશાના તેના પછી છે. એમાં સંકેત એ છે કે અસાસને નાતિક અને અકલે સાની તરફથી તાઈદ મળે છે આ કારણે અસર, ઝોહર અને મગરિબના દરમિયાન છે. ઝોહરની નમાઝ નાતિક પર અને મગરિબની નમાઝ સાની પર દલીલ છે.

ખુદાતઆલાએ મુમિનને દરેક નમાઝ અદા કરવાની તાકીદ કીધી છે. ખાસ કરીને અસરની નમાઝ માટે ફરમાન છે કે "હાફેઝ અલસ્સલાતે વસ્સલાનિલ વુસ્તા". નમાઝને યાદ રાખો અને વચલી નમાઝને) મુમિનને લાયક છે કે અસરની નમાઝને અદા કરે એમાં ઉતાવળ કરે એટલે ઝોહરનો સમય થતાં જ અસરને એનાથી જોડી દે. ખુદાતઆલાના આ ફરમાનનો મતલબ એ છે કે, અસાસ, સાની અને નાતિકથી તાઈદ લે છે અને નાતિકથી અસાસ એકદમ નજીક છે. અને બન્ને જીસ્માની રૂપમાં મૌજુદ છે. આથી નક્કી થયું કે અસરની નમાઝ-જે અસાસ પર દલીલ છે-તેને ઝોહરની નમાઝ-જે નાતિક તરફ ઇશારો છે-તેનાથી પાસે કરી દેવી જોઈએ.

ખુદાતઆલાએ બધી નમાઝોમાં અસરની નમાઝનો ખાસ ઉલ્લેખ કર્યો છે. અનુકરણ એ છે કે પાંચ હુદ્દદ કે જે પાંચ નમાઝના **મમસુલ** છે તેઓની તાઅતમાં સૌથી વધારે મહત્ત્વ અસાસની તાબેદારીનું છે. કારણ કે અસાસની તાવીલથી જ બીજા બધા હુદ્દદોને ઓળખી શકાય છે. આ કારણના લીધે જ અસરના કિબ્લા અસાસ છે. રસુલિલ્લાહ (સ. અ. વ.)ની હદીસ છે કે "જે અસરની નમાઝને ખોઈ દે. તેને જાણે પોતાના સગાવહાલા અને ધન દોલતને પણ ખોઈ દીધી." આ હદીસમાં સગાંવહાલાની મુરાદ મુસ્તજીબ અને ધનદોલતથી મતલબ ઇલ્મની છે. સારાંશ કે જે અસાસથી જોડાએલો નથી તેના પાસે ન દવલત છે ન ઇલ્મ

ઇશાની નમાઝથી ઇમામની હદ તરફ દલીલ લેવાય છે. ફારસી ભાષામાં આ નમાઝને 'નમાઝે ખુફતન' (સુવાની નમાઝ) કહે છે સબબ કે ખરા મૂમિન સિવાય દુનિયાના તમામ લોકો ગફલતની ઊંઘમાં છે એટલા માટે કે તેઓ ઇમામુઝ ઝમાનની શાનથી અજાણ્યા છે. ઇશાની નમાઝનો પહેલો સમય મગરિબની નમાઝ પછી છે. જે બે કલાક સુધી રહે છે. રાતથી મતલબ દઅવત છે અને બે કલાક તે નાતિક અને અસાસ છે અને આ બન્ને રૂતબા પછી ઇમામનો દરજ્જો ઝાહિર થાય છે. ઇશાની નમાઝનો છેલ્લો સમય અર્ધીરાત થયા સુધી છે. જેને અરબી ભાષામાં નિસ્ફુલ લયલ કહે છે અર્થાત ઇમામ એહલે બાતિનને એહલે ઝાહિરથી દાફ્અ આપે છે.

ઇશાની નમાઝ રાતમાં પઢાય છે એમાં દીને હકને દુશ્મનોથી સાચવવાનો સંકેત છે. આ નમાઝના ફર્ઝની પણ ચાર રકઆત છે જે એમ બતાવે છે ઇમામની દઅવત પણ નાતિક અને અસાસ જેમ, ચાર પાયા પર ઉભેલી છે. ઇશાના ફર્ઝની ચાર રકઆતમાં પહેલી બે રકઆતથી મુરાદ નાતિક અને અસાસની છે બીજી બે રકઆત અકલે અવ્વલ અને અકલે સાની તરફ ઇશારો કરે છે ઇશાના ફર્ઝ પહેલા સુન્નત અને ફર્ઝ પછી નાફેલત પઢાય છે. જેની પણ ચાર ચાર રકઆતો છે. એ બે નમાઝ વચ્ચે ફર્ઝની નમાઝ છે. આની તાવીલમાં એમ કહેવાયું છે કે ઇમામની દઅવત ત્રણ પ્રકારની છે. પણ એનો પાયો ચાર ઉપર છે. અગાઉ પણ

હકીકત એવી જ રીતે હતી જે રીતે આજે છે અને હવે પછી પણ એજ રીતે રહેશે. ઝોહર, અસર અને ઇશાની મળી કુલ બાર રકઆત છે નાતિક અસાસ અને ઇમામથી બાર હુજજતો ફાયદો મેળવે છે.

ઇશા પછી વિતર પઢાય છે. એમાં કાએમુલ કયામત તરફ સંકેત છે. વિતર બધી નમાઝના છેલ્લે છે. કયામતના દિવસે મુમિનોને સરફરાઝી હાંસિલ થશે તેઓના માથા ઊંચા રહેશે – જ્યારે કુફ્ર કરનારાઓને અઝાબ થશે (શિક્ષા મળશે) શફઅ અને વિતરની મળી કુલ ત્રણ રકઆત છે પણ એમાં દુઆએ કુનુત હોવાથી ચારના રૂપમાં થઈ જાય છે. જે એમ બતાવે છે કે કાએમુલ કયામત, નુબુવ્વત, રિસાલત વસાયત અને ઇમામતના મરતબાના મજમા છે અર્થાત આ ચારે રૂતબા એમનામાં ભેગા થએલા છે નબુવત અને રિસાલતનું જોડાણ છે–એ મળીને એક છે વતર અલગ પઢાય છે. તે એમ બતાવે છે કે કાએમનો મરતબો ઘણો ઊંચો છે ને નાતિક અને અસાસથી જુદો તરી આવે છે.

વતરમા કુનૂત રૂકૂઅના પછી છે આનાથી ઇશારો કાએમ (અ.સ) ના હુજ્જત તરફ છે. એ બીજી રીતે લયલતુલ કદ્ર પણ કહેવાય છે. રૂકૂઅ અસાસની હદ બતાવે કાએમ અસાસની જનસણ (વેશ) માંથી છે.

નમાઝમાં સલામ વાળતી વખતે મોઢું જમણી અને ડાબી તરફ ફેરવાય છે. એના જમણી તરફના સંકેતમાં

વસીઓના સરદાર અલી ઈબ્ને અબુતાલિબ (અ.સ.) અને આપના ફરઝંદો ઈમામોનો સ્વીકાર છે, ડાબી બાજુ મોઢું ફેરવવામાં નાતિક અને એમની શરીઅતનો સ્વીકાર થાય છે.

વતર પછીની બે રકઆત બેસીને પઢાય છે એમાં અકલે અવ્વલ અને અકલે સાની તરફ ઈશારો છે. આ બન્નેના લીધે જ જગતમાં ઈલ્મ અને અમલની રોશની ફેલાયેલી છે. આ બે સાહેબોથી જ મૂમિનોને સવાબ અને અધર્મીઓને અઝાબ મલે છે. આ બે રકઆતને એક રકઆત એટલા માટે ગણેલી છે કે રૂહાનિયતમાં વહદત છે અને મોલાના કાએમ રૂહાની દોરે સાથે જોડાએલા છે. આપમાં અને રૂહાની આલમમાં જુદાએગી નથી. આપના લીધે જ નફ્સેકુલ, અકલે કુલમા પરિવર્તન પામે છે. જેના લીધે આ દુનિયા નમાઝમાં કુલ સત્તર (૧૭) રકઆત ફર્ઝ છે. સુન્નત અને નવાફિલની કુલ ચોત્રીસ (૩૪) રકઆત છે બધી મળી એકાવન (૫૧) રકઆત પર નમાઝની રચના છે.

વતરની નમાઝ સુન્નત હોવા છતાં ફર્ઝ જેવી છે. એ આખરી નમાઝ છે. કાએમ (અ.સ) પણ હુદૂદોમાં આખિર છે. જે વતર છોડશે તેને કુફ્ર કર્યું કહેવાશે. નબી (સ.અ.વ) એ ફરમાવેલું છે કે 'ફર્ઝનો મૂકનાર કાફિર છે અને સુન્નતનો મૂકનાર મલઉન છે.

પાંચે નમાઝમાં સત્તર (૧૭) રકઅતથી ઈશારો

(૧૭) હુદૂદ તરફ છે. એમાં પાંચ ફેહાની હદ, નાતિક અને અસાસ સાત ઈમામ, કાએમુલ કયામત અને એમના હુજ્જત તથા દાઈ મુતલક છે. બીજી રીતે જોઈએ તો વસી, ઈમામ, બાર હુજ્જત, દાઈ, માઝૂન અને મુકાસિર મળી ૧૭ થાય છે. દરેક ઝમાનમાં દઅવતનો આધાર એ સત્તર હુદૂદ પર છે. એની માન્યતા દીન ગણાય છે અને ઈનકાર કુફ્ર ખુદાની તાઅત આ હુદૂદની તાઅતથી જ સંકળાએલી છે.

ફર્ઝ કરતાં સુન્નત બમણી છે. એમાં શફઅ, વતર અને જુલુસની ચાર રકઆત (કાએમ અને આપ નાહુજ્જત) ને બાદ કરતાં ત્રીસ રહે છે. આ ત્રીસ હદના આધારે મહિનાના ત્રીસ દિવસ નક્કી કરવામાં આવ્યા છે. જે એને છોડી દે તે મલઉન કહેવાય. બીજી રીતે એ દોઆત છે કે ને એ સુન્નતની જગ્યામાં છે. જે તેઓના ઈન્કાર કરે તેને દીનથી કંઈ જ લેવા દેવા હોઈ શકે નહીં. એટલે તે મલઉન કહેવાય.

તહજ્જુદ રાતમાં પઢાય છે એની બાર રકઆત છે. દુનિયા ઊંઘતી હોય ત્યારે ખુદાના ખાસ બંદાએ ઊંઘને આરામ તજીને આ નમાઝ અદા કરે છે. એ બાર હુજ્જત છે કે જેસો દઅવતની હિફાઝત કરવામાં આરામ લેતા નથી બીજી રીતે છુપી દઅવત તરફ એનો ઈશારો છે. તહજ્જુદની નમાઝ એકધ્યાનથી અને ધીમા અવાજે પઢવાની છે. એમાં દઅવતની તાઅત અને તકીયતનો સંકેત છે.

તહજ્જુદની બાર અને શફી'દી એકાવન મળીને ત્રેષઠ (૬૩) રકઆત નબી અને વસી વરસની કારગુઝારીની યાદ અપાવે છે.

દરેક મુમિનને લાયક છે કે રાત અને દિવસમાં દરેક ફરીઝત અને સુન્નતની નમાઝો અદા કરી ખુદાની ખુશી મેળવે. ખુદાપાક મુમિનને પોતાની નેઅમતોથી નવાઝે અને બન્ને જગતમાં તેને સવાબ બખ્શો—આમિન.

પ્રકરણ ૨૧

નમાઝની રકઆત બાબત ઉમ્મતમાં મતભેદ હોવા વિષે

નબીએ અકરમના એહલે બયતના રાવીઓ (વૃત્તાંત-લેખકો) તરફથી નમાઝની રકઆતો બાબત મને જે કંઈ થોડું ઘણું જાણવા મળ્યું છે તે અત્રે દીનદારોના જાણવા માટે રજૂ કરું કરું છું.

નમાઝની સંખ્યા કેટલી, રકઆતો કેટલી મદીનામાં કેટલી ઉતરી, મક્કામાં કેટલી નક્કી થઈ અને ઉમ્મતમાં રકઆતો બાબત મતભેદ ક્યાં થયો તે બાબત આપણે અહીં વિચાર કરીશું.

રસુલે ખુદા (સ. અ. વ.) ફરમાવે છે કે ખુદાતઆલા તરફથી મને પાંચ વક્તોની નમાઝનો હદીયો મળ્યો. આવો હદીયો, મારા પહેલા કોઈ પણ પયગમ્બરને મળ્યો નથી.

આ પાંચ નમાઝ, પાંચ નક્કી કરેલા સમયની છે અને તેના ત્રણ પ્રકાર છે. પાચ નમાઝ તે ઝોહર, અસર, મગરિબ, ઈશા અને ફજર. જેની સમજણ અગાઉના પ્રકરણોમાં આવી ગઈ છે. ત્રણ પ્રકાર તે ફર્ઝ, સુન્નત અને નાફિલ અથવા તતવ્વઅ.

ઉપર જણાવેલી પાંચ નમાઝો જુદા જુદા સમયે નાઝિલ થએલી છે. જેમાંથી ચાર મક્કી છે અને એક મદની. મક્કામાં નાઝિલ (અવતરેલી) થએલી નમાઝોની કુલ બત્રીસ રકઆત હતી તેમાં દસ ફરીઝતની ચાર મકરૂના (એટલે ફરીઝત સાથે જોડાએલી) બાર સુન્નતની અને ત્રણ વતરની હતી.

ખુદાતઆલાના હુકમથી નબી સાહેબે જે પ્રથમ નમાઝ અદા ફરમાવી તે ઝોહરની નમાઝ હતી. તેનો સમય દિવસ શરૂ થયાના છ કલાક પછી સાતમા કલાકમાં છે. શરૂમાં તેની બે રકઆત હતી તે પછી આપે દિવસ ઉગ્યાના નવ કલાક પછી અસરની બે રકઆત અદા કીધી. તે પછી રાતના શરૂના પહેલા સમયમાં મગરિબની બે રકઆત પઢી તેના બે કલાક પછી ઇશાની બે રકઆત પઢી અને છેવટે સવાર ઉગ્યા પહેલા બે રકઆત અદા કીધી. આપે ફરમાવ્યું કે “દિવસ અને રાતના ફરિશ્તાઓ મુમિનને આ નમાઝ પઢતા જોઈ ખુશ થાય છે.’ એવું કહેવાય છે કે શુરૂઆતમાં પાંચ નમાઝની દસ રકઆત હતી.

થોડા વખત પછી પરવરદિગારે રસૂલે મકબૂલ

(સ.અ વ.) તરફ બીજી સાત રકઆત નાઝિલ ફરમાવી આપે (સ. અ. વ.)એ પોતાના તાબેદારોને તેના સવાબના ઇલ્મથી વાકિફ કર્યા, જે કોઈએ આપના ફરમાનને માથે ચઢાવ્યો તેને નજાત મળી અને જે લોકો તેના સવાબ અને મતલબથી અજાણ થયા ને હયરતમાં ડૂબેલા રહ્યા. આ સાત રકઆતને આપે મકરૂના નામ આપ્યું અને ખુદાના ફરમાન મુજબ તેની વહેંચણી અકલ અને નફસના દરમિયાન નીચે મુજબ કરી.

આ સાત રકઆતમાંથી રસુલે ખુદા (સ. અ. વ.)એ બે રકઆત ઝોહરની નમાઝ સાથે, બે અસરની નમાઝ સાથે અને એક રકઆતને મગરિબની નમાઝ સાથે જોડી દીધી. આમ ઝોહર, અસર અને ઇશાની ચાર ચાર રકઆત, મગરિબની ત્રણ અને ફજરની બે એમ બધી મળી સત્તર રકઆત થઈ. તે પછી ખુદાતઆલાએ પોતાના હબીબ (સ. અ. વ.)ને સુન્નતની બાર રકઆત પઢવાનો આદેશ આપ્યો. નબીએ તેને પણ, અમલ અને નફસની માગણી મુજબ પાંચ ફરીઝતની નમાઝમાં દાખલ કરી દીધી તેમાંથી છ રકઆત ઝોહરની નમાઝ સાથે, બે રકઆત મગરિબની નમાઝ સાથે, બે રકઆત ઇશાની નમાઝ સાથે અને બે રકઆત સવારની નમાઝ સાથે.

તે પછી મુહમ્મદ મુસ્તફા (સ. અ. વ.) પર બીજી

ત્રણ રકઆત નાઝિલ થઈ તેને આપે વતરનું નામ આપ્યું અને તે નમાઝને ઈશા અને ફજરની નમાઝ દરમિયાન મૂકી દીધી.

આ પ્રમાણે સૌ પ્રથમ, મક્કામાં, નમાઝની બત્રીસ રકઆત હતી. જેને નબી સાહેબે અદા કીધી અને હઝરતના લોકોને પણ અદા કરવાનો હુકમ કર્યો. મક્કાની નમાઝમાં આપ આપના હાથ મુબારકને આગળ બાંધી રાખતા. તે વખતે મોજા ઉપર પણ મસાહ થતી હતી, એક એકામતથી કામ ચાલતું જનાઝાની નમાઝમાં ચાર તકબીરા બોલાતા અને કબર પણ સરખી કરવામાં આવતી નહોતી. (ઢગલો પડી રહેતો).

જ્યારે આપ (સ.અ.વ.) મક્કાથી હિજરત કરી મદીના તશરીફ લાવ્યા. ત્યારે આપે નમાઝમાં હાથ છૂટા કરી દીધા. મસાહ ઉઘાડા પગ ઉપર કરવા લાગ્યા. નમાઝમાં એકામત બે વાર અને જનાઝાની નમાઝમાં તકબીરા પાંચ વાર બોલવાનું નક્કી કર્યું. અને કબરો સપાટ (લંબચોરસ) બનાવવાનો હુકમ કીધો. આપ ફરમાવતા કે 'હું પહેલા કૌલ લઈને આવ્યો હતો. પછી મને અમલનો હુકમ થયો કૌલ (વચન) અને ફએલ (અમલ અથવા કર્તવ્ય) થી જ ઈખલાસ (સચ્ચાઈ) સિદ્ધ થાય છે.

મદીના તશરીફ લાવ્યા પછી નબીએ અકરમ (સ.અ.વ)

૫૨. બીજી એકત્રીસ રકઆતો નાઝિલ થઈ, જેમાંથી ઓગણીસ રકઆતને આપે મક્કામાં નાઝિલ થયેલી પાંચ વક્તોની નમાઝમાં દાખલ કીધી. હવે ઝોહરની સુન્નતની છ રકઆત, અસરની સુન્નતની ચાર રકઆત, મગરિબની સુન્નતની છ, ઈશાની સુન્નતની ચાર અને ફજર (સવાર)ની સુન્નતની બે આ પ્રમાણે સુન્નતની બધી મળી બાવીસ રકઆત થઈ. વળી ઝોહરની નાફેલતની ચાર, ઇશાની નાફેલતની ચાર અને વતરની ચાર–કુલ ચોત્રીસ રકઆત (ફરીઝતની સત્તર રકઆત કરતા બમણી) થઈ. કુલ એકાવન રકઆત સાથે તહજ્જુદ બાર રકઆત મળી કુલ ૬૩ રકઆત થઈ. તહજ્જુદ રાતમાં અદા કરવાનો હુકમ કીધો.

બીજી રીતે જોઈએ તો મક્કી અને મદની રકઆતો સાથે, ઝોહરની કુલ ૧૪ રકઆત થઈ, અસરની ૮ થઈ, મગરિબની ૯ થઈ, ઇશાની ૧૨ થઈ ફજરની વતર સાથે ૮ થઈ અને મહજ્જુદની ૧૨ થઈ. વતરમાં (શિફા, વતર અને જુલૂસની મળી પાંચ રકઆત થાય છે પણ જુલૂસ બેસીને પઢાય છે, તેથી તેને એક રકઅત ગણી છે) વતરની નમાઝ અને તહજ્જુદની નમાઝ માટે આપે ખાસ તાકીદ ફરમાવેલી છે. મૂમિનને લાયક છે કે ફરીઝત, સુન્નત, તતવ્વુઆત અને નવાફિલને જાળવી રાખે નબી, વસી, ઈમામ અને દાઈના તરફ આ ચારે નમાઝમાં, અનુક્રમે, દલીલ છે. નમાઝની રચનામાં અપાર ભેદ છે. તેમાં હિકમતના અને તાવીલ (છુપા અર્થના) ખઝાના છે.

હવે બન્યું એવું કે ઉમ્મતમાંથી એક ફિરકાના લોકો મક્કામાં જે બત્રીસ રકઆતો નાઝિલ થઈ હતી, તેને તથા તેની રચના અને રીતને વળગી રહ્યા. મદીનામાં નાઝિલ થએલી વધારાની રકઆતો તથા તેની રચના અને રીતને સમજી શકયા નહી. તાવીલ અને હકીકતને ગણકારી નહીં, મોજા પર મસાહ કરવાનું ચાલુ રાખ્યું. હાથ પણ બાંધી રાખ્યા, જનાઝાની નમાઝમાં ચાર તકબીરો બોલ્યા અઝાન સાથે એકામતની દરકાર રાખી નહીં, અને કબરોના ઢગલા રહેવા દીધા. જયારે બીજા ફિરકાના લોકોએ નમાઝના મતલબને તેની તાવીલ અને હકીકતના અર્થ મુજબ બરાબર જાળવી રાખ્યો. મદીનામાં થએલા સુધારા-વધારાને અપનાવી લીધો, રસુલિલ્લાહ (સ.અ.વ.)ની સુન્નત પર અમલ કર્યો આ બે મોટા ફિરકા વચ્ચે નમાઝ અને બીજી બાબતોમાં જે મતભેદ છે તેનો ઉકેલ કયામતમાં થઇ જશે અને દરેકને તેની માન્યતા મુજબ બદલો મળશે

ધ્યાનમાં રહે કે ફરીઝતની નમાઝમાં જે મક્કી રકઆતો છે તે સફર દરમિયાન પણ મૂકી શકાતી નથી. મદની રકઆતો મુસાફરીમાં કસર તરીકે મૂકી શકાય છે. અર્થાત નક્કી કરેલી હદના બહાર તેમ નક્કી કરેલી મર્યાદાના બહાર કસર નમાઝમાં ઝોહરની બે, અસરની બે અને ઇશાની બે રકઆત પઢાય છે. મગરિબ અને ફજરની નમાઝમાં કસર જાએઝ (વાજબી) નથી. મક્કી રકઆતોમાં સુરએ અલ હમ્દ સાથે બીજી એક સુરા પઢાય છે જયારે મદની

રકઆતોમાં ફક્ત અલ હમ્દ પઢાય છે પૂરી નમાઝમાં ફરીઝતની સત્તર રકઆત છે અને સફરની નમાઝમાં ફરીઝતની અગ્યાર રકઆત છે યૂસુફ (અ.સ) એ પોતાના બાવાજી સાહેબને ફરમાવેલું કે મેં 'અગ્યાર તારા જોયા છે તે તારાઓ, સૂરજ અને ચંદ્રએ મને સજદો કીધો છે આ આયત શરીફામાં, એક રીતે ફરીઝતની નમાઝ તરફ ઇશારો થએલો છે.

પ્રકરણ ૨૨

જુમોઆની નમાઝ બાબત

ખુદાતઆલાની મદદથી કહું છું કે, જુમોઆની નમાઝનો સંકેત નાતિક, નબી (સ.અ.વ.) છે. અઠવાડિયાનાં સાત દિવસમાં સૌથી ફાઝિલ (ઉત્તમ) દિવસ જુમોઆનો છે કે જે દિવસે લોકો એક જગ્યાએ ભેગા થાય છે. તે જ પ્રમાણે સાત નાતિકોમાં નબી મુહમ્મદ (સ.અ.વ.) એક એવા નાતિક છે કે જેના પહેલાં થએલા પાંચ નાતિક, આદમ (અ.સ) નૂહ (અ.સ.), ઇબ્રાહીમ (અ.સ) મૂસા (અ.સ), અને ઈસા (અ.સ) છે. ખુદાતઆલાએ આ પાંચ નાતિકોની શાન અને ફઝીલત, મુહમ્મદ (સ.અ.વ.) માં ભેગી કરી દીધી છે. સાતમાં નાતિક તે કાએમુલ કયામત છે.

સાત દિવસોના સરદાર જુમોઆ છે તે જ શાન પર મૂહમ્મદ (સ.અ.વ.) સરદારે અંબિયા છે.

જુમોઆની નમાઝમાં બે રકઆત અને બે ખુત્બા છે.

તેમાં હેતુએ છે કે નાતિક, લોકોને દીનના સાત અસલ તરફ નોતરે છે. વળી ખુત્બા નમાઝ પહેલા થાય છે આનો મતલબ એ છે કે નાતિક, સૌ પ્રથમ, એ રૂહાની હદથી જાણકાર થયા અને ત્યાર પછી એ જીસ્માની હદ કાયમ કીધા, અસાસ અને ઇમામ.

જુમઆના દિવસે ખુત્બો પઢનાર મિંબરના એક પછી એક પગથીયા ચઢી ઉપરના પગથીયા પર ઊભા રહી ખુત્બો પઢે છે. તે બતાવે છે કે નાતિક મુસ્તજીબમાંથી માઝૂન, માઝૂનમાંથી દાઈ, દાઈમાંથી હુજ્જત, હુજ્જતમાંથી ઇમામ અને છેવટે ઇમામમાંથી આગળ વધીને નબુવ્વતના દરજ્જા સુધી પહોંચી જાય છે. દરેક દરજ્જામાં ઝાહિર અને બાતિનનો સમન્વય થાય છે, ઇલ્મ અને અમલનું સંગમ થાય છે. છેલ્લો દરજ્જો નબુવ્વતનો દરજ્જો છે જે અઝીમુશ્શાન (સૌથી શ્રેષ્ઠ) દરજ્જો છે.

ખાતિબ (ખુતબો પઢનાર) એટલે નાતિક, મિમ્બર પર ઊભા રહી ખુત્બો પઢે છે તેમાં સંકેત એ છે કે નાતિક આખરી મંઝિલ પર પહોંચ્યા પછી પોતાના ઓહ્દા પર કાયમ રહે છે, ખુત્બો પઢતી વખતે તેઓ પોતાનું મોંઢું મશરિક (પૂર્વ) તરફ રાખે છે મતલબ કે નબીનો ચહેરો અક્લે અવ્વલ તરફ છે કે જેઓ તૌહીદના મશરિક છે. જેમ સૂરજ મશરિકથી ઊગે છે તેમ તૌહીદના કિરણો અક્લે અવ્વલથી શરૂ થાય છે.

નાતિક પહેલા ખુત્બાથી અકલે કુલને ઓળખાવે છે અને બીજા ખુત્બાથી નફ્સેકુલની જાણ કરાવે છે. ખુત્બા બ્યાન કીધા પછી નાતિક મિમ્બર ઉપરથી નીચે ઉતરે છે. તેમાં સંકેત એ છે કે નબી અકલેકુલ અને નફ્સેકુલ પાસેથી મેળવેલા ફયઝને સામઈન (સાંભળનારાઓ) માટે જીસ્માની રૂપ આપી, એટલે કે અરબી ભાષામાં ઢાળી વંખેરી નાખે છે. ખુત્બા પછી નમાઝ થાય છે આનો અર્થ એ છે કે નાતિક રૂહાની આલમ (આત્મિક દુનિયા)થી ઇલ્મ મેળવી દઅવત કાયમ કરે છે અને પોતે મેળવેલા ઈલ્મને તાબેદારો તરફ પહોંચાડે છે.

બીજી રીતે જોઈએ તો જુમ્આના દિવસથી સંકેત અઈમ્મતના સાતરાના સાતમા ઇમામ અને છેલ્લે કાએમ (ઝિ. સ.)થી છે. દરેક સાતમા ઈમામમાં અગાઉના ઈમામોની શાન ઝાહિર થાય છે. જે પ્રમાણે મુહમ્મદ મુસ્તફા (સ. અ. વ) આપના પહેલા થઈ ગએલા નબીઓની શાન અને ફઝીલતના વારસ છે.

અગર ઇમામ ઝાહિર હોય તો મસ્જીદમાં ઝોહરની નમાઝની જુમોઆના દિવસે, બે રકઆત છે અને જો ઘરમાં પઢે તો ચાર છે. મતલબ, મસ્જીદમાં ખતીબ, બે ખુત્બા પઢે છે તેમાં રૂહાની હદને ખિતાબ છે. બે રકઆતમાં સુરએ અલ્હમ્દમાં પણ તેજ સંકેત છે. જ્યારે મસ્જીદના બાહર બે રૂહાની અને બે જીસ્માની હદનો એકરાર કરવો

જરૂરી છે. તેજ પ્રમાણે ઇમામના ઝાહિરી અને બાતિની કુત્બાને પણ ઓળખવું લાઝમી છે. જામેઅ મસ્જીદ ઇમામ તરફ ઇશારો કરે છે.

ઈદુલ ફિત્ર બાબત

ઈદુલ ફિત્રમાં સંકેત અસાસનો છે એટલા માટે કે રોઝાદારો રમઝાનમાં ખાવાપીવાથી દૂર રહ્યા હતા તેઓ ઈદના દિવસે ઈફ્તાર કરીને પોતાની શક્તિ પાછી મેળવી લે છે. એ જ શાન પર મુમિનોમાં અસાસ (વસી) ઇલ્મની શક્તિ પયદા કરે છે. અજ્ઞાનતાના બુઢાપાથી નજાત (છૂટકારો) આપે છે. રોઝાદાર ખામોશ ઇન્સાન હોય છે. પણ ઈફ્તારથી તે બોલકનો થાય છે. જેમ એક અભણ, ભણતરથી લાભ મેળવી બોલતો થાય છે તે જ પ્રમાણે, રોઝાદાર, ઈફ્તાર કરીને બીજાને લાભ આપતો થઈ જાય છે.

ત્રીસ દિવસ રોઝા રાખીને મુમિનો ઇદના દિવસે ઈદગાહમાં ભેગા થાય છે એનો અર્થ એ છે કે દીનદારો અસાસથી ત્રીસ હદની જાણકારી મેળવે છે. ત્રીસ રોઝામાં ત્રીસ હદની ઓળખાણ છે-સાત નાતિક, સાત અસાસ, સાત ઇમામ, બાબુલ અબ્વાબ, હુજ્જત, દાઈલ મુત લક, માઝૂન અને પાંચ આલા હદ-અકલ, નફસ, જદ્ર, ફ-હ અને ખ્યાલ. રમઝાન શરીફના ત્રીસ દિવસના ત્રણ દસકા છે. તે નાતિક, અસાસ અને ઇમામ તરફ ઈશારો કરે છે. ઈફ્તારથી મુરાદ ઉપર જણાવેલા ત્રીસ હદની જાણકારી

મેળવી નજાત હાસિલ કરવાની છે.

ઈદની નમાઝમાં અઝાન અને ઈકામત નથી. અઝાન ઝાહિરી દઅવત દર્શાવે છે જે અસાસ માટે નથી. ઇકામતથી મુરાદ બાતિનની છે. વસીની દઅવત માટે કોઈ બાતિન નથી. તાવીલનું તાવીલ ન હોય.

ઈદના દિવસે નમાઝ, ખુત્બાના પહેલાં પઢાય છે. એમાં સંકેત એ છે કે અસાસ પહેલા, નાતિકની શરીઅતથી વાકિફ થઈને રૂહાની ફાયદો મેળવે છે. ઇમામ પહેલા પશ્ચિમ તરફ મોઢું કરીને ખુત્બો પઢે છે. પછી મિમ્બર પર ચઢી પૂર્વ તરફ મોઢું રાખી ખુત્બો પઢે છે. આનો મતલબ એ છે કે અસાસ, નાતિકની દઅવતનો સ્વીકાર કર્યા પછી અકલ તરફ રૂખ કરે છે કારણ કે મશરિક (પૂર્વ) તૌહીદનું નૂર (પ્રકાશ) છે.

પ્રકરણ ૨૪

ઈદુલ અદહા અને તેની નમાઝ બાબત

ખુદાતઆલાની તૌહીકથી કહુ છું કે ઈદુલ અદહા કાએમુલ કયામત (અ. ઝિ. સ.) પર દલીલ છે જેનાથી શરીઅતનું બાતિન (ભેદ) ઝાહિર થાય છે, મુમિનોના દુઃખ-દર્દો મટી જાય છે, અને અઝાબથી છૂટકારો મળે છે. દીનદારો માટે જરૂરી છે કે તેઓ ઈદે અદહાની ખુશી મનાવે, અંધકારમાંથી નીકળી અજવાળામાં આવે. કાએમ (અ. ઝિ. સ.) બાતિનને ઝાહિરમાં ફેરવનાર છે. ઈલ્મની રોશની ફેલાવનાર છે. આ કારણે બકરી ઈદનું નામ ઈદે અદહા (એટલે ચમકદાર તહેવાર) પડેલું છે. અરબી લીપીમાં કાએમ અને અદહાના ચાર અક્ષર છે એટલે કાએમ પોતે જ અદહા છે.

ઈદે અદહાની નમાઝમાં પણ અઝાન અને ઈકામત નથી કારણ સાહેબે કયામત માટે ઝાહિર અથવા બાતિન, નાતિક અથવા અસાસની દઅવત નથી. આ ઈદનો ખુત્બો

પણ નમાઝ પછી પઢાય છે. તેમાં સંકેત એ છે કે ઈમામ પહેલા શરીઅતને કાયમ કરે છે. ત્યાર પછી પોતાના મરતબામાં રહીને લોકો પર હકને ઝાહિર કરે છે, નાતિક, અસાસ અને ઇમામ તરફથી જુલ્મગારોથી બદલો લે છે. એટલે ઉમ્મતના (દઅવત)ના શયતાનો, ઇબ્લીસો અને ફિરઓનોને હાંકી કાઢે છે.

ઇદની નમાઝમાં પાંચ તકબીરા બોલાય છે આનો અર્થ એ છે કે મૂમિનો પાંચ જીસ્માની હુદૂદથી લાભ મેળવે છે. જેઓના નૂર અને કુવ્વતથી બન્ને દુનિયામાં ફાયદો હાસિલ થાય છે. તકબીરની ગુંજથી કાએમ (અ.ઝિ.સ.) એ દીનના દુશમનો પર મેળવેલા વિજયનો પણ જયકાર ઝાહિર થાય છે.

કુરબાનીથી મુરાદ નાતિકથી મુસ્તજીબ સુધી બધાને અહદ આપવું છે આ સાહેબોને અહદ આપવાથી જ, ઈન્સાનનું જોડાણ ખુદા સાથે થાય છે. નાતિકની કુરબાની અસાસ છે કે જેને મૂમિનોથી નાતિકનો એહદ લીધો છે. એજ પ્રમાણે અસાસની કુરબાની, ઇમામ, ઇમામની કુરબાની હુજ્જત, હુજ્જતની કુરબાની દાઇ, દાઇની કુરબાની માઝૂન અને માઝૂનની કુરબાની મુસ્તજીબ છે ઈદે અદહાના દિવસે, ઊંટ, ગાય અને ઘેટા-બકરાની કુરબાની કરવામાં આવે છે. ઊંટ નાતિક પર, ગાય અસાસ પર, અને ઘેટાં-બકરા ઈમામ પર દલીલ છે. આ છે ઇદે અદહાની તાવીલ એટલે બાતિનના અર્થની સમજણ.

પ્રકરણ ૨૫

સૂર્ય અને ચંદ્રના ગ્રહણની નમાઝ બાબત

સૂરજ અને ચાંદને ગ્રહણ લાગે છે. તે વખતે જે નમાઝ પઢવાની છે તેની કયફીયત જાણવા જેવી છે. આ ગ્રહણના નમાઝની દસ રકઆત છે પણ સામાન્ય નમાઝમાં જેમ એક રકઆત પછી રૂકૂઅ અને બે સજદા છે તેમ આ નમાઝમાં નથી. ગ્રહણની નમાઝમાં ઉતરતી કરઆત પઢવાની છે અને ગ્રહણના સમય મુજબ તેને લંબાવવાની છે એટલે કે મોટી સુરા પઢે, પછી રૂકૂઅ દે અને રૂકૂઅમાં જે તસ્બીહ કરવાની છે તેને પણ લંબાવે અને તકબીરા બોલી સજદામાં જવાના બદલે ઊભા રહી સુરએ અલહમ્દ અને તે પછી બીજી કોઈ પણ સુરા લંબાણથી પઢે. અને તે પછી કુનૂતની દુઆ પઢી રૂકૂઅ દે લંબાણથી તસ્બીહ કરી ફરી પાછી કીરઅત અને કુનૂત પઢે. આમ પાંચ વાર કિરઅત પઢી પાંચમાં રૂકૂઅના બાદ સમે અલ્લાહ કહી

સજદો દે. તેમાં પણ લંબાણુથી તસ્બીહ કરી તે રીતે બે સજદા અદા કરી ફરી બીજી વાર ઊભા થઈ પાંચ વાર રૂકૂઅ અને પાંચ વાર કિરઅત પઢી કુનૂત સાથે નમાઝ તમામ કરે. આ નમાઝમાં દસ રૂકૂઅ અને ચાર સજદા છે. તેમ પહેલી અને છઠ્ઠી રકઅત સિવાય બાકીની આઠ રકઅતમાં કુનૂતની દોઆ છે.

સૂરજથી મુરાદ, સમયના નાતિક અથવા ઈમામ (અ.સ.) છે. ચાંદથી ઇશારો વસી અથવા ઈમામના હુજ્જત તરફ છે. ગ્રહણથી મુરાદ દીનના દુશમનોની ચાલબાઝી તરફ છે જેઓ નબી, વસી, ઇમામ અથવા દાઈના વિરૂદ્ધ ચલવલ કરીને ઇલ્હાઈ (ખુદાઇ) નૂરનો અસર મુમિનોના દિલો પર પોંહચાડવામાં નડતર કરે છે જેમ સૂરજ અથવા ચાંદને ગ્રહણ લાગતા જગતની તમામ વસ્તુઓ તેના કિરણોથી લાભ લેતી બંધ થઈ જાય છે.

દસ રકઆતમાંથી પહેલી પાંચ રકઆતમાં બાતિની-રૂહાની હુદુદ તરફ ઇશારો છે—અકલે અવ્વલ, અકલે સાની, જદ્ર, ફત્હ અને ખ્યાલ. જ્યારે બીજી પાંચ રકઆતથી નાતિક, અસાસ, ઇમામ, હુજ્જત અને દાઈ છે કે જેઓ હુદુદે જીસ્માની છે.

રૂકૂઅ એમ કહે છે કે નબીની ગેરહાજરીમાં, વસીના તાવીલથી જાણકારી હાંસિલ થાય છે. બે સજદા એમ કહે છે કે ઈમામ અથવા દાઈ પર મુસીબતો લાવનારા અંતે

થાકી જાય છે. અને મુમિનો પાછા તેઓથી નજદીક થઈ જાય છે. તહચ્યાત તૌહીદનો સુબુત આપે છે. સલામ બોલવાથી મતલબ એ છે કે ઇમામ અથવા દાઈએ પોતાના શત્રુઓ પર વિજય મેળવી લીધો. જગતમાં નૂર ફેલાયો અને ધરતી અજવાળી થઈ. ચાંદ અને સૂરજ ફરી પાછા ગ્રહણથી છૂટા થયા. તેઓનો પ્રકાશ પૃથ્વી ઉપર પડયો કારણ પૃથ્વી હકની રૂહાની દઅવત છે.

પ્રકરણ ૨૬

જનાઝાની નમાઝ બાબત

ખુદાતઆલાની મદદથી કહું છું કે જનાઝાની નમાઝમાં ન અઝાન છે ન એકામત, ન સુરએ અલ્હમ્દ છે ન બીજી સુરત, ન રૂકૂઅ છે ન સુજૂદ. આ નમાઝમાં પાંચ તકબીરા છે અને દરેક તકબીરા વચ્ચે દોઆ છે. એમાં સલામ વાળવાની છે.

જનાઝાની નમાઝમાં ગુજરનાર જો મર્દ હોય તો નમાઝ પઢાવનાર તેની છાતીના મુકાબલા પર ઊભો રહે અને જો સ્ત્રી હોય તો માથા પાસે ઊભો રહે.

હવે જનાઝાની નમાઝના અરકાન અને એહકામમાં શું સંકેત છે તે જાણવું જરૂરી છે. મરનારનું શરીર કે જે જડ છે અને જે આ ફાની દુનિયાની શેહવતો અને લઝઝતોથી દુનિયા સાથે જકડાએલું છે તે મરણ પછી દુનિયાની લઝઝતો, શેહવતો અને બીજી નાશ પામનારી

વસ્તુઓથી છૂટકારો મેળવે છે અને તેનો આત્મા બીજી દુનિયા તરફ કૂચ કરી જાય છે કે જે અમર છે. જનાઝાની નમાઝ અને શરીરને કબરમાં દફન કરવાની મુરાદ મુમિનને હકની દઅવતથી જાણકાર કરવાની છે. મરનારને જણાવવાનું છે કે તેનો આત્મા તેના જડ શરીરમાંથી નીકળી બીજી દુનિયામાં દાખલ થાય છે જ્યાં દરજા બદરજા તેની ઉન્નતી થશે.

અઝાન ઝાહિરી અને એકામત બાતિની દઅવત છે: જેનાથી મુમિન પોતાની હયાતી દરમિયાન જાણકાર હતો અને તેમાં તરક્કી કરી તે તાવીલના ઇલ્મ સુધી પહોંચી ગયો હતો. મરણ પછી તેને આ બધું ફરી એકવાર જાણવાની જરૂર રહેતી નથી. આ કારણે જનાઝાની નમાઝમાં અઝાન અને એકામત નથી.

સુરએ હમ્દ અને બીજી સુરા (જે પાંચ સમયની નમાઝોમાં પઢાય છે) તેનાથી મતલબ જીસ્માની હુદુદ છે. જેની જાણકારી મરનાર મુમિને પોતાની હયાતી દરમિયાન મેળવી લીધી હોય છે. અને હુદુદ કે જે તેનો દરજ્જો પણ નક્કી થઈ ગયો હોય છે. મૌત પછી તે રૂહાની જગતમાં પ્રવેશ કરે છે. જ્યાં જીસ્માનીયતની દખલગીરી નથી. આ કારણે જનાઝાની નમાઝમાં ન સુરએ હમ્દ છે ન બીજી સુરા.

તકબીરા અને દોઆથી મતલબ રૂહાની હુદૂદ અને મુસ્તજીબના શું દરજ્જા છે તેની જાણકારી મેળવવાની છે.

સમયની નમાઝોમાં જે રૂકૂઅ અને સુજૂદ છે તેનાથી મુરાદ અનુક્રમે, અસાસ અને ઈમામ છે જેની ઓળખાણ અને તે બન્નેના ઝાહિર અને બાતિનના દરજ્જાની જાણકારી પણ મરનાર મુમિને પોતાના જીવન દરમિયાન મેળવી લીધી હોય છે. એટલા માટે રૂકૂઅ અને સુજૂદની, જનાઝાની નમાઝમાં જરૂરત રહેતી નથી.

જ્યારે વક્તની નમાઝોમાં તહય્યાત પઢાય છે ત્યારે તેના અન્તમાં જમણે-ડાબે સલામ બોલાય છે. જમણી તરફ સલામ વાળવામાં નાતિકના ઝાહિર અને ડાબી તરફ સલામ વાળવાથી અસાસના ઝાહિરનો સ્વીકાર કરવાનો છે. જનાઝાની નમાઝમાં પણ જમણી અને ડાબી તરફ સલામ વળાય છે. પણ તેનો સંયુક્ત અર્થ એક જ છે. ઝાહિરને તો જાણી લીધું હવે બાતિનને સંપૂર્ણ કરવાનું છે.

પાંચ તકબીરા કે જે મોટા અવાજે બોલાય છે. તેમાં પાંચ જીસ્માની હદનો સ્વીકાર છે કે જે ઝાહિર–નાતિક, અસાસ, ઈમામ, હુજ્જત અને દાઈ છે પાંચ તકબીરા વચ્ચેની દોઆથી મતલબ પાંચ રૂહાની હદ છે જેનો સ્વીકાર દિલ અને જબાન બન્નેથી કરવો જરૂરી છે.

મર્દના જનાઝાની નમાઝ પઢાવતી વખતે, ઈમામ છાતી પાસે ઊભા રહે છે અને સ્ત્રીના જનાઝામાં માથા પાસે

આમાં સંકેત એવો છે કે મર્દ, જીવન દરમિયાન નમાઝમાં તકબીરા બોલતી વખતે પોતાના બન્ને હાથ કાન પાસે લઈ જાય છે કારણ કે રૂહાની (આત્મિક) ખોરાક કાન મારફત મેળવવામાં આવે છે. સ્ત્રી પોતાના હાથ છાતી સાથે રાખે છે. કારણ જીસ્માની (શારીરિક) ખોરાક છાતીથી લેવાય છે મતલબ કે રૂહાની ખોરાકનો ઝરીઓ કાન અને જીસ્માની ખોરાકનો ઝરીઓ છાતી છે.

હવે મર્દના જનાઝા પર છાતી પાસે ઊભા રહેવામાં ઈશારો એ છે કે ત્યાં નફસાની કુવ્વત છે જેને બસીરત પણ કહેવામાં આવે છે. મર્દ અને સ્ત્રીમાં તફાવત એ છે કે સ્ત્રી રૂહાની હુદ્દથી જાણકાર હોતી નથી તેથી જનાઝાની નમાઝમાં તેણીના માથા પાસે ઊભા રહી તેની કમી પૂરી કરવામાં આવે છે.

પ્રકરણ ૨૭

રૂકૂઅ સુજૂદ ઈત્યાદિ નમાઝના બીજા અરકાતોની તાવીલ

ખુદાતઆલાની તૌફીકથી કહુ છું કે નમાઝ પઢનાર જ્યારે મુસલ્લા પર ઊભો થાય છે ત્યારે તે એમ વિચારે છે કે જેમ હું આ જગ્યાએ અને આ સમયે નમાઝ માટે ઊભો છું. તેમ નાતિક અને ઈમામુઝ ઝમાન પણ બંદગીમાં ઊભા હશે પરંતુ એ અઝીમુશ્શાન મરતબાના સાહેબોની બંદગીની સરખામણીમાં મારી બંદગી આવી શકે નહીં.

નમાઝ પઢનાર મસ્જીદમાં હોય તો મહેરાબના બાહર અને કોઈ બીજા સ્થળે હોય તો કિબ્લારૂખ થઈને નમાઝ પઢે છે. મહેરાબથી ઇશારો અસાસ અને કિબ્લાથી ઈશારો કાએમ (અ. ઝિ. સ.) તરફ છે. તેમાં એક સંકેત એવો પણ છે કે અસાસ, ઈમામથી તાઈદના ફાયદા મેળવી લોકોને કાએમ તરફ બોલાવે છે. આ કારણે જે કોઈ નમાઝમાં કિબ્લાથી મોઢું ફેરવી લે તો તેની નમાઝ દુરસ્ત..

નથી. કાએમના વસીલા વગરની બંદગી ખુદા કબૂલ પણ કરતો નથી. તેમ જ ઈમામ કે તેના દાઈની મઅરેફત વગરની નમાઝ પણ દુરસ્ત ગણાતી નથી.

નમાઝ પઢનાર નિય્યત લીધા પછી તકબીરતુલ એહરામ બોલતી વખતે (અલ્લાહો અકબર કહેતી વખતે) પોતાના બન્ને હાથોને ઊંચા કરી કાનના મુકાબલામાં લઈ જાય છે અને બન્ને હાથોની આંગળીઓ જોડી રાખે છે. મતલબ ખુદાતઆલાના રૂહાની અને જીસ્માની બન્ને મળીને દસ હુદ્દદ છે. તેઓથી ખુદાતઆલા ઘણો બુલંદ અને બરતર છે. પાંચ રૂહાની અને પાંચ જીસ્માની હદ છે અને તે દરેકમાં જોડાણ છે. તેઓથી જ બન્ને જગતનું રૂહાની ફયઝ કાન સુધી પહોંચી દિલમાં ઉતરે છે.

આમ બન્ને હાથ પોતાના કાન આગળ લઈ જઈ, જોડેલા આંગળા સાથે નમાઝી એમ કહે છે કે, ' હું રૂહાની અને જીસ્માની ફયઝ લઉં છું અને તેને દિલમાં ઉતારૂં છું. તે પછી નમાઝી, મનમાં વજ્જહતો વજહીયાની દુઆ પઢે છે. તેમાં ખુદાના વખાણ થાય છે કે જે સમસ્ત સૃષ્ટિનો સર્જનહાર છે. આસમાન અને ઝમીનના સર્જક તરફ ધ્યાન કેન્દ્રિત થાય છે. આસ્માનથી મુરાદ હુદ્દદે અલવી (ઊંચા) અને ઝમીનથી મુરાદ હુદ્દદે સિફલી (નીચા) ફરિશતાઓ, અંબિયા તથા તેમના ઇલ્મ પર જે ઈમાન લાવે. તે હનીફ-સીધો સમો-મુસલમાન છે તેમાં બીજાની

શિરકતને જાણનાર મુશરિક છે. કુદરતના સર્જક અલ્લાહ. સુબ્હાનહુ, વહદહુ લાશરિક છે તેના જ માટે બંદગી છે. મૂમિનનું હલનચલન જિંદગી, મૌત, બધું એ ખુદા અને ખુદાના ખાસાઓના માટે છે. મિલ્લતે ઇબ્રાહીમયા, દીને મુહમ્મદ અને અલી (અ.સ.)ની વલાયતને જે સ્વીકારે તે જ ખરો મુસલમાન છે. તેમના દુશ્મનોથી બરાઅત કરે તો જ વલાયત દુરસ્ત ગણાય. છેવટે 'અઉઝો' પઢે અને શયતાનથી પનાહ માગે અહીંયા શયતાનથી મુરાદ ખુદાના વલી (અલી અ.સ.)ના દુશ્મનની છે.' 'વજ્જહતોવજ્હયા' પઢી રહ્યા પછી બિસ્મિલ્લાહ પઢી અલહમ્દની સુરા પઢી ત્યાર બાદ બીજી સુરા પઢે.

એકામત પછી નિય્યત લેવા પહેલાં પણ એક દુઆ પઢવામાં આવે છે. તેમાં કલેમાત તામ્માત અને મુહમ્મદના વસીલાથી દરજાત મેળવવાની. અને મકામે મેહમુદ સુધી પહોંચવાની ઇલ્તેજા છે. કલેમાત તામ્માતમાં રૂહાની કુફૂલનો સમાવેશ છે અને નબીના વસીલામાં તમામ અંબિયાઓનો સ્વીકાર છે. તે સઘળા મકામે મેહમૂદ સુધી પહોંચી શકે છે.

સુરએ અલહમ્દમાં સાત આયાત છે ને અઇમ્મતના સાતરા તરફ ઇશારો કરે છે જેની વલાયતથી ઇબાદત ખરી ગણાય છે. બીજી સુરાઓ હુજ્જતો તરફ ઇશારો કરે છે જે બધા ઇમામ પછી છે, તે સઘળાની માન્યતા પણ જરૂરી છે.

કિરઆત પછી, અલ્લાહો અકબર કહી રૂકૂઅ દેવામાં આવે છે. જેમાં 'સુબ્હાના રબ્બિઅલ અઝીમે વબે હમ્દેહી'ની તસ્બીહ થાય છે રૂકૂઅથી ઇશારો અસાસ તરફ છે જેનાથી ઈમામ અને હુજ્જત બન્ને તાઈદ લે છે. પછી ઊભા થઈ, કાનો તરફ હાથ લઈ જઈ નિમાઝી 'સમેઅ અલ્લાહો લેમન હમેદહૂ' કહે છે એટલે કે ખુદા હમ્દ કરનારને સાંભળે છે તેમાં વિચાર સમજ અને ધ્યાનથી બંદગી કરવાનો સંકેત છે. અને તરત જ 'રબ્બના લકલ હમ્દ' (પરવરદિગાર અમે હમ્દ કરીએ છીએ વિચારપૂર્વક અને સમજદારીથી સર્વસ્વી રીતે તને આધિન થઇ તારો પાડ માનીએ છીએ) કહી સજદો કરે છે. સજદાથી મુરાદ નાતિક છે જેનાથી અસાસ, ઇમામ અને હુજ્જત તાઈદ લે છે.

સજદો કરતી વખતે, નમાઝી, પોતાનું કપાળ, નાકની દાંડી, ગુંઠણ, પગના આંગળા અને બે પંજા જમીન પર મૂકી દે છે મતલબ, અસાસ, ઈમામ, હુજ્જત, દાઆત પોતાના એતેકાદને નબીના આધિન કરે છે. અને નબી તેને સામીને સોંપી દે છે. જમીનથી મતલબ સામી છે જે તમામ નફસના ઉપાડનાર અને તેની પરવરિશ કરનાર છે. 'વસ્જુદ વક્તરિબ' (નમે તે ગમે)નો સિદ્ધાંત અહીં જાહેર થાય છે સુજૂદમાં માથું જમીન પર મૂકાય છે, જ્યારે રૂકૂઅમાં જમીનથી ઊંચુ, અદ્ધર રહે છે. આનો મતલબ એ છે કે નાતિક, સામીના વસીલા વિના, અને અસાસ સામીના વસીલાથી લાભ લે છે.

'સુબ્હાના રબ્બીલ આલા વ તઆલા' કહીને, નમાઝી, ખુદાની બરતરીની સાક્ષી દે છે. નમાઝમાં એક રકઆતમાં, બે સજદા અને એક રૂકૂઅ છે હેતુ એ કે નાતિક અકલે અવ્વલ અને સાની બન્નેથી ફયઝ મેળવે છે, જ્યારે અસાસ ફક્ત સાનીથી ફાયદો લે છે.

બે રકઆત પછી નમાઝી બેસીને તહય્યાત પઢે છે તેના શુરૂઆતના ત્રણે કલેમામાં સાત સાત શબ્દો છે. તેમાં ખુદાએ કાયમ કીધેલા સાત હદ, સાત અસાસ અને સાત નાતિકનો સંકેત છે. 'અત તહીયાતો, અતયય્યલાતો, અસસલવાતો 'તે ત્રણ કલેમાં છે જેમાં સાત ઉકૂલ, સાત અસાસ અને સાત નાતિકની સમજ છે. નાતિક આ સાતે અકલની ખબર મૂમિનોને કરે છે. અત તહીયાતની ઓળખાણ આપે છે. અત તય્યબાત તે પાક ઝાતો છે જે દુનિયાને શક અને શોબોહાત પાક કરે છે. ઝાહિરનું બાતિન બતાવે છે. અસસલવાત દરૂદના અર્થમાં છે જે અંબિયા અને તેઓના કાયમ મકામ પર સલવાત છે જેઓએ આ દુનિયાના લોકોને પેલી દુનિયાના લોકોની જાણકારી આપેલી છે. અને બન્નેમાં જોડાણ બતાવેલું છે. આ ત્રણ કલેમા પછી બીજા છ (૬) કલેમાં છે જે સાત વસ્તુથી સર્વોપરી છે, તેમાં નાપાકીને લેશમાત્ર સ્થાન નથી તે પછી ગવાહી દેવાય છે કે ખુદા સિવાય કોઈ ખુદા નથી. તે 'વહદહૂ લાશરીક' છે. મુહમ્મદ (સં. અ. વ.) તેના બંદા અને રસૂલ છે જે ખુદા તરફથી દીને હક અને માર્ગદર્શન

લઈને આવેલા છે. તે વધામણી અને ચેતવણી આપનાર છે. તે પછી સાક્ષી આપવામાં આવે છે ખુદા ભલા રબ છે, મુહમ્મદ (સ.અ.વ) ભલા નબી છે અને અલી (અ.સ.) ભલા વલી છે. જન્નત, જહન્નમ, મૌત, કયામતને દિવસે ઊભા થવું, ઈનસાફનો તરાજુ (મીઝાન), સિરાતે મુસ્તકીમ–હક છે. અંતિમ ઘડી વગર સંદેહ આવનાર છે. કબરમાંથી ઊઠવું નક્કી જ છે દરૂદ પછી આપણે કહીએ છીએ કે ખુદાના નબી પર સલામ અને રહેમત હોજો, તેના નેક બંદાઓ પર સલામ હોજો, આ નેક બંદાઓથી મુરાદ, અસાસ, અઈમ્મા, અને દોઆત છે. તે પછી મા–બાપના હકમા દુઆ કરી સલામ વાળવામાં આવે છે.

પ્રકરણ ૨૮

'વલિલ્લાહિલ હમ્દ' અને ઝકાત બાબત

ખુદાતઆલાની મદદથી કહું છું કે ઝકાત આપવાથી મતલબ મૂમિન એ પોતાના જાન અને માલને ચોખ્ખું કરવું છે, તેમજ આત્માની ખુબીમાં વધારો કરવું છે, મૂમિનના આત્મા (રૂહ)ની પાકીઝગી (ચોખ્ખાઈ) તેના શરીરની (જીસ્મની) પાકીઝગીના લીધે છે અને જીસ્મની પાકીઝગી ખાદ્ય ખોરાકની પાકીઝગીના લીધે છે અને ખાવાપીવાની પાકીઝગી દૌલતની પાકીઝગીના લીધે છે. ખુદા અને ખુદાના બંદાઓનો હક અદા કરવાથી જ દૌલત હલાલ અથવા પાક થાય છે. હવે ખુદા અને ખુદાનો હક શું છે તે, ફક્ત નબીએ અકરમ (સ.અ.વ.) જ જાણી શકે છે, જેઓ ખુદાના હુકમ મુજબ ચાલે છે અને સદકાત (વાજીબાત)ને હકના ધણીને અર્પણ કરે છે; જેમ કે ખુદા ફરમાવે છે :– '**ખુઝ મિન અમવાલેહિમ સદકતન તુતાહેરોહુમ વ તુઝકકીહિમ બેહા વ સલ્લે અલયહિમ ઇન્ના સલાતકા**

સકોનો લહુમ' (અય મુહમ્મદ આપ તેઓના માલ-માંથી વાજેબાતને લીયો અને તેમ કરીને તેમણે ચોખ્ખા કરો. નક્કી જ આપની દોઆ તેઓમાં સ્થીર થશે).

કોઈપણ મૂમિન મર્દ અને સ્ત્રીને રસુલે ખુદા (સ.અ.વ.)ની ફરમાં બરદારી કરવામાં વાંધો હોઈ શકે જ નહી. ખુદાના હુકમ મુજબ એવા તાબેદારોને, રસુલે ખુદા (સ.અ.વ.)ને ઝકાત આપવી જરૂરી છે અને તેમ કરી, પાકસાફ થઈ નબીની દોઆ મેળવવી જ જોઈએ. જેના માટે નબી દોઆ ફરમાવે તેની (સઆદત) ખુશ નસીબીનું શું પૂછવું. આથી ઊલટું જે નબીની નાફરમાની કરે અને ખુદાના હુકમનો અનાદર કરી, નબીને ઝકાત ન પુગાડે તો તેનો જાન માલમાં નાપાકી રહી જાય અને નબીની દોઆથી પણ તે મેહરૂમ રહી જાય. પછી આવા શખ્સ માટે મુસીબત આવે તેમાં શી નવાઈ?

આ સિદ્ધાંતથી ઇનસાન જાણી શકે છે કે જે વાજીબાત અદા કરે છે તે પાક-સાફ થાય છે એટલું જ નહી પણ તે વાજીબાતમાં જે કંઈ આપે છે તેના કરતાં ઘણું વધારે ખુદા પાસેથી મેળવી લે છે. વાજીબાતની અદાઇગીથી માલમાં વધારો થાય છે એમાં જરા પણ સંદેહ નથી. ત્યારે જેઓ વાજીબાત અદા કરતા નથી તેઓ ઉપર જણાવેલા લાભ અને નબીની દોઆથી વંચિત રહે છે.

ઝકાત બાબત કુરઆને મજીદમાં અનેક સ્થળે ફરમાનો

આવેલાં છે જેમ કે: 'વ અકીમુસ્સલાતા વ આતુઝ ઝકાતા' (નમાઝ કાયમ કરો અને ઝકાત આપો) હદીસ શરીફમાં છે કે, 'ઝકાત નહી આપનાર જહન્નમમાં જાય છે.'

નમાઝ દરેક માટે વાજીબ છે પછી તે અમીર હોય કે ફકીર જ્યારે ઝકાત માલદાર માટે જ છે. ઝકાતને નમાઝ સાથે જોડીને ખુદાતઆલાએ પોતાના બંદાઓને કસોટી પર ચઢાવેલા છે ઝકાત આપનાર માટે જન્નતની ખાતરી આપી છે અને તેઓને પરહેઝગાર કહ્યાં છે જ્યારે ઝકાત નહીં આપનારાઓને સઝાથી ચેતવણી આપી તેઓને બદબખ્ત કહ્યાં છે. 'ફ અનઝરતોકુમ નારન તલઝઝા લા યસલીહા ઈલ્લલ અશ કલ્લઝી કઝઝબા વ તવલ્લા વ સયજનુબોહલ અતકલ્લઝી યૂતી માલહુ યતઝક્કા'

નબીએ અકરમ (સ અ વ.) એ નમાઝ સાથે ઝકાત બાબત પણ માર્ગદર્શન આપ્યું હતુએ કે લોકો વાજીબાત આપી દોઝખના અઝાબથી બચે.

જે શખ્સ ઝાહિરને સાચવી બાતિનને પણ મેળવવાની કોશિશ કરે છે અને ઇલ્મ હાસિલ કરી તેની (ઇલ્મની) જાણકારીથી ખુદાની પણ જાણકારી મેળવે છે તે નજાત પામે છે ઇલ્મ એક એવું સાધન છે કે જેના લીધે ઇન્સાન ખુદાના અવલીયાઓ સાથે પોતાનું જોડાણ કરી ઇબ્લીસ (શયતાન)થી દૂર રહે છે. અગર બાતિનની હસ્તી ન હોત તો ખુદા

કેટલાક માલ પર ઝકાત વાજીબ અને કેટલાક પર બિન જરૂરી શા માટે કરતે? વાજીબ અને નાવાજીબનો કાનુન જ સાફ બતાવે છે કે દુનિયાના લોકો દીનની દલીલોથી અને ઈલ્મના જાણકારોથી ઝકાતની તાવીલ સમજે અને તે પર અમલ કરે.

અલ્લાહ પાકે મુમિનના માલ અને તેના ઢોરઢાંખર પર જકાત વાજીબ કીધી છે. પરંતુ જે શખ્સ પાસે રોકડ નાણું ન હોય ફક્ત ઘરવપરાશના સોનાના ઘરેણા હોય તો તે પર ઝકાત નથી. જ્યારે કોઈ શખ્સ પાસે બસો (૨૦૦) દિરહમ (હાલના હિસાબે એક સો રૂપિયા) હોય અને તે રકમ તેના પાસે એક વરસ સુધી રહી હોય તો તે પર પાંચ દિરહમ (અઢી રૂપિયા) ઝકાત આપવું વાજીબ થાય છે વળી જે શખ્સ પાસે બચ્ચા આપનાર, પાંચ ઊંટણી હોય તો તેને દર વરસે પાંચ ઊંટણી પર એક ઘેટું ઝકાત તરીકે આપવું જ જોઈએ પણ અગર તે શખ્સ પાસે માલધારી ઊંટો જ હોય તો તેના પર કશું જ વાજીબ થતું નથી અને એ જ પ્રમાણે જેની પાસે ગાયો હોય તો તેની ઝકાત આપવી વાજીબ છે. પણ જો વાછરડાં અથવા ગધેડા હોય તો કશું આપવાનું હોતું નથી. આમ ઝકાતમાં અનેક પ્રકારની આંટીઘુંટી છે. ત્યારે સમજદાર દીનદારને ઘટે છે કે તે આલિમ પાસે જાય અને ઝકાતની અદાયગીમાં શું ભેદ છે તે જાણે અને પોતાના જાનને જહન્નમથી બચાવે છે.

હવે ખુદાતઆલાની મદદથી, ઝકાતમાં રહેલા સંકેતો જે ખુદાના રસુલ (સ. અ. વ.)એ પોતાની ઉમ્મતને બતાવેલા છે, તે અહીં ક્રમવાર રજુ કરું છું.

ઉપર આવી ગયું છે કે ખુદાએ ફરમાવ્યું કે નમાઝ કાયમ કરો અને ઝકાત આપો. નમાઝથી મતલબ નાતિકની તાઅત કરવી છે કે જે તાઅતથી જ ખુદાની તાઅત દુરસ્ત થાય છે અને ખુદાની તાઅત વગર દરેક નમાઝ નકામી છે. નબી (સ. અ. વ) ફરમાવે છે કે "મુમિન અને કાફિરમાં જે તફાવત છે તે નમાઝથી છે જે નમાઝ પઢે તે ઈમાનદાર અને જે ન પઢે તે ઈમાનથી દૂર ગણાય છે.

ઝકાત અસાસ પર દલીલ છે કેમકે ઇન્સાનનો જાન શકશોઓહાતની બંદગીથી અસાસની જાણકારીના લીધે જ પાક થાય છે. ખુદાતઆલાના આ કૌલને જુઓ. "કદ અફ્લાહા મન ઝક્કાહા" (જેણે પોતાનો જાન પાક કર્યો તે છૂટી ગયો) તો નમાઝ પઢો અને ઝકાત આપો અર્થાત નાતિકની શરીઅત પાળીને અસાસની મઅરેફત મેળવી લ્યો. નાતિકની શરીઅતનો એક અટલ સિદ્ધાંત એવો છે, કે દરેક હદ, પોતાના ઉપરવાળાથી ફાયદો મેળવી નીચેવાળાને ફાયદો પુગાડે. નબી સાહેબે ફરમાવ્યું છે કે જે ઝકાત આપતો નથી તેની નમાઝ પણ નકામી છે એટલે જે અસાસને નથી માનતો તે નાતિકને પણ નથી માનતો. નાતિકની શરીઅત રમ્ઝ (ભેદ), ઈશારા (સંકેત) અને મસલ

(દાખલા) પર રચાએલી છે. એટલે જે કોઈ તેનો ભેદ નથી જાણતો તેના આચરણની કોઈ કિંમત નથી. ભેદનો ઉકેલ અસાસથી જ થાય છે, તેની બતાવેલી તાવીલ જ સાચી ગણાય. આ વાતનો ઈનકાર કરનારે અસાસની નાફરમાની કીધેલી ગણાય. અસાસની નાફરમાની નાતિકની નાફરમાની અને નાતિકની નાફરમાની ખુદાતઆલાની નાફરમાની છે અને અલ્લાહપાકની નાફરમાની કરનાર અધર્મી છે, કાફિર છે.

તદુપરાંત નબી (સ. અ. વ.) ફરમાવે છે કે ઝકાત ન આપનાર જહન્નમી છે. અર્થાત જે મુમિન શરીઅતના ભેદભરમો નથી જાણતો–કે જેને જાણવાથી જાન પાક થાય છે–તે ઝાહિરના ટોળામાં છે ફક્ત ઝાહિરને જાણે અને બાતિનનો અસ્વીકાર કરે તે અવશ્ય આગનો ઇંધણ છે.

ઝકાતને ખુદાએ સદકાથી પણ ઓળખાવી છે જેમાં તાઈદ (સંકેત) તરફ ઇશારો છે. તાઈદ (સાદા શબ્દોમાં ઈશ્વરી હુકમ અથવા દોરવણી પણ કહી શકાય) અકલે અવ્વલ તરફથી નતિકો, અસાસો અને ઇમામો તરફ પહોંચે છે જેના લીધે તેઓના જાનો શક–શોબોહતથી પાક હોય છે અંબિયા, અવસિયા અને ઇમામોને આ તાઈદ મળવાનું ખાસ કારણ એ છે કે તેઓના જાન બીજા સાધારણ મનુષ્યો કરતાં વધારે પાક–સાફ છે. તેઓનો જન્મ યકીન પર થયેલો છે તેમાં શંકાને રજમાત્ર પણ સ્થાન નથી.

સદકાથી મતલબ તાવીલની જાણકારી પણ છે કે જે

હોઆત, માઝૂનીન અને મુકાસેરીનને નસીબ થયેલું છે. સદકાત શબ્દની વ્યુત્પત્તિ સિદક એટલે સચ્ચાઈ પરથી લેવાયેલી છે અને એ અસાસ અને ઇમામો જે તાવીલ કરે તે સાચી જ છે.

ખુદાતઆલાએ કુરઆને મજીદમાં–મુસા (અ. સ.) અને હારુનના કિસ્સામાં ફરમાવેલું છે કે "ફઅરસિલુલ હુમએયા રિદઅન યુસદદેકુના" (મારા ભાઈ હારુનને મારી સાથે મોકલાવ કે જે મને સચાવે) મારા ઇલમની તાવીલ કરીને લોકોને સમજાવે. સરવરે કાએનાત (સ. અ. વ.)એ મૌલાના અલી (અ. સ.)ને ફરમાવ્યું કે, "અન્તા સિદ્દીકુલ અકબર" (આપ મહાનમાં મહાન, સાચા છો) કેમ કે અલીએ જ નબીના ઇલ્મો અનલની તસદીક કરીને અકલ મંદોને તેના સાચા ભેદથી વાકિફ કીધા છે. દરેક હકના વલી નબીને સચાવે છે નબી (સ. અ. વ.)એ અલી (અ. વ.)ને સાદિક જ નહીં પણ સિદ્દીકે અકબર–મહાન સાચા–કહેલાં છે જેમ રસુલે ખુદા (સ. અ. વ.) તમામ અંબિયાઓમાં શ્રેષ્ઠ અને ઊંચા છે તેજ, પ્રમાણે આપના વસી અલી (અ. સ.) તમામ અવસિયામાં બસ્તર અને આલા છે.

આ ઉપરથી એમ સાબિત થાય છે કે નબીએ રહેમત (સ. અ. વ.)થી દીનના હુદૂદને હકીકતનું જે ઇલમ મળ્યું છે તે અણીશુદ્ધ છે, સાચું છે તેથી જ મુમિન તેઓ તરફથી

જે તાવીલ બયાન થાય છે તેને જ સાચું ગણે છે અને તે સચ્ચાઈ નબીએ અકરમ (સ. અ. વ.) તરફથી જ છે એમ સમજી નબીને પણ સાચા જાણે છે આમ કહી સચ્ચાઈની કડી એકબીજા સાથે સંકળાએલી હોવાથી તેમાં શક કે વરવાંધાને કોઈ જગ્યા જ રહેતી નથી.

દઅવતુલ હકના હુદૂદમાંથી જે હદ-દરજ્જાની રૂએ બીજા હુદૂદ કરતા બરતર છે તે-પોતાના પછીના હદને સદકો આપે છે એટલે દરેક નીચલા હુદૂદ પોતાથી ચઢિયાતા હદ પાસેથી સદકો મેળવે છે. ખુદાતઆલા તરફથી તેઓ માટે આમ કરવું ફરજ છે કારણ અલ્લાહપાકનું ફરમાન છે કે દરેક હદ તેનાથી ચઢિયાતા હદની તાબેદારી કરે. આ હુદૂદના આઠ દરજ્જા છે. જેને વાજેબાતની આયતમાં નીચે પ્રમાણે વર્ણવેલા છે.

"ઈન્નમસ્સદકાતો લિલફોકોરાએ વલ મસાકીને વલ મુઅલ્લફતિલ કુલુબોહુમ વફીરેંકાબે વલગારેમીના વફી સબીલિલ્લાહે વબ્નસ્સબીલે ફરીઝતન મિનલ્લાહે વલ્લા હો અલીમુન હકીમ."

સદકો ફકીરો માટે છે અર્થાત રૂહાની હુદૂદો નાતિકોને લાભ આપે છે નાતિકોને ફકીરો એટલા માટે કહેલા છે કે તેઓ રૂહાની ફયઝના મોહતાજ છે. ત્યારે રૂહાની હુદૂદ આપનાર અને નાતિકો લેનાર ગણાયા. ખુદાતઆલા કુરઆને

પાકમાં ઇબ્રાહીમ ખલીલુલ્લાહની બાબતમાં ફરમાવે છે કે "વત્તખઝલ્લાહો ઇબ્રાહીમા ખલીલા" (ખુદાએ ઇબ્રાહીમને પોતાના–દરવીશ) ગણેલા છે અરબી ભાષામાં ખલીલનો અર્થ હાજતમંદ દોસ્ત થાય છે આ કારણે એક અરબે વસીયત કરેલી કે "ઇજઅતુન્નખલીફી ઉખલ્લીલ અકરબ" (મારી ખજૂરીઓને મારા સગાઓમાંથી જે વધારે હાજતમંદ હોય તેને આપજો).

ફકીરો પછી મિસ્કીનોનો ઉલ્લેખ છે તેનાથી ગરઝ અવસિયાની છે અંબિયા રૂહાની હુદૂદથી ફાયદો મેળવી અવસિયાને બક્ષે છે કારણ મિસ્કીન શબ્દ સકતન પરથી આવેલો છે જેનો અર્થ છે "સ્થિરતા" દરેક નબીની દઅવતની સ્થિરતા તેના વસીની તાવીલના કારણે છે.

"આમેલીનાઅલય" તેનું કામ કરનારાઓ, કારભારીઓ. આ બધા પાક ઇમામો છે. અંબિયા (અ. સ.) શરીઅત અને કિતાબ ભેગી કરે છે. અવસિયા, નબીના હુકમ મુજબ તેની તાવીલ સમજાવી ઈમામોને તેનો કારભાર સોંપે છે. કયામત સુધી ઈમામોના હાથમાં ખુદાની કિતાબ રહેનાર છે. નબી (સ. અ. વ.)એ ઉમ્મતને કહ્યું, "હું તમારા દરમિયાન બે કીંમતી વસ્તુ મૂકી જાઉં છું "ખુદાની કિતાબ અને મારી ઇત્તરત" આ બે વસ્તુ કદીયે છૂટી નહીં પડે એટલા સુધી કે હૌઝે કવસર પર સાથે જ આવશે. કિતાબ અને શરીઅત પર અમલ કરાવનાર પાક ઈમામો છે.

"મુઅલ્લફતે કુલુબોહુમ"થી ઇશારો હુજ્જતોની તરફ છે જેઓ મુમિનીનના દિલોને તાવીલના ઇલ્મથી જોડી રાખે છે. ખુદાતઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે કે "લવ અનફક્તા માફિલ અર્દે જમીઅન મા અલ્લફતા બયના કુલૂબેહીમ વલા કિન્નલ્લાહા અલ્લફા બયના હુમ" (અય મુહમ્મદ! જો કદી આપ સમસ્ત દુનિયાની વસ્તુઓને તેઓ માટે ભેગી કરી દેતે છતાં તેઓના દિલો જોડી ન શકતે પરંતુ ખુદાએ જ તેઓના દિલમા ઉલફત (મોહબ્બત) પયદા કીધી). અર્થાત નબીએ અકરમ (સ. વ. સ.)નું ઇલ્મ હુજ્જતોથી જ દિલોને જંબાવી શકયું છે. ઝાહિર સાથે બાતિનને સમજાવનાર હુજ્જતો જ છે.

"વફિર્રકાબ"થી મુરાદ દઅવતની નિગેહબાની કરનારા દાઈઓની છે તેઓ જ મુમિનોથી અહદ લઈ, દઅવતને તેના સમયમાં બાંધી રાખે છે.

"ગારેમીન"થી ઇશારો માઝૂને મુતલક તરફ છે જેઓ દઅવતના ફરઝંદોનું લેણું બખ્શી દે છે, તેઓને રૂહાની ઇલ્મ આપીને નવાઝી દે છે. અજ્ઞાનતા દૂર કરી જ્ઞાન અતા કરે છે.

"ફી સબીલલ્લાહ"થી મતલબ મુકાસિર છે કે જે દરેક સવાલનો તોડ કાઢી, જોડ કાયમ કરી મુમિનોને ખુદાની રાહ પર ચલાવે છે.

"વબ્નિસ્સબીલ" સામાન્ય મુમિન છે જે શરીઅતના

રસ્તે ચાલે છે. સારાંશ ઉપર જણાવેલી આઠ હદ, (૧) નાતિક, (૨) અસાસ, (૩) ઇમામ, (૪) હુજ્જત, (૫) દાઈલ મુત્લક, (૬) માઝૂને મુત્લક, (૭) મુકાસિર અને (૮) મુસ્તજીબ છે.

દરેક હદ પોતાના ઉપરવાળી હદથી સદકાત હાસિલ કરે છે અને પછી તેને પોતાથી નીચેની હદને સાંપે છે. દરેક ઉતરતા હદ પર તેના ચઢિયાતા હદની ફરમાંબરદારી લાઝિમ છે લખવામાં આવ્યું છે કે એક મર્દ નબી (સ. અ. વ.) પાસે આવ્યા અને આપ (નબી સાહેબ) જે વાજેબાતની વહેંચણી કરી રહ્યા હતા તેમાંથી કંઈ તેને (મર્દને) પણ આપવાની વિનંતી કરી. નબી સાહેબે ફરમાવ્યું, "શું તું આઠમાંનો એક છે? અથવા શું તારા પેટમાં દુઃખાવો છે? શું તારું માથું ઠણકે છે? તારો ભાગ આ વહેંચણીમાં શી રીતે હોય?"

આઠનો હક તો જાણીતો છે પેટના દુખાવા અને ઠણકવાની વાત શું? પેટથી ઇશારો બાતિની દઅવત તરફ છે અને માથાથી મતલબ ઇમામ છે. રસુલે અકરમ (સ.અ.વ.) તેને પૂછે છે કે શું તને બાતિની દઅવતમાં શક છે યા ઈમામનો ઇનકાર છે જો તેમ હોય તો રૂહાની ફયઝ તારા માટે ન હોય. સદકાતમાં તારો હિસ્સો ન હોઈ શકે.

એક હદીસમાં એવું આવેલું છે કે રસુલેખુદાએ ફરમાવ્યું કે મારા પર અને મારા એહલેબયત પર સદકો હરામ છે. તેમાં સંકેત એવો છે કે નબી અને નબીના

ઘરના લોકો, ઇમામો લોકોથી કશું શિખતા કે મેળવતા નથી. કેમ કે લોકો તો મોહતાજ છે, જ્યારે નબી, વસી, ઇમામ અને દાઈ તો ગની (માલદાર) છે. આ બાબતમાં ખુદા ફરમાવે છે કે, "વલ્લા હો ગનીયુન વ અનતુમા ફોકોરા" (ખુદા ગની છે અને તમે ફકીર છો).

આ રીતે ખુદાનું ફયઝ જેને મળે—નબી, વસી, ઇમામ અને દાઈ-તે બધા આકિલ છે જ્યારે સામાન્યજનો નાદાન છે. (બેહલોલ કે જે એક હદ છે તે દાતા હતા જ્યારે આપને નાદાન કહેનારા જ નાદાન હતા).

છેલ્લે એટલું જ ઉમેરવાનું કે ઝકાત એક શહાદતના રૂપ છે જેમ "લા ઈલાહ ઇલ્લલ્લાહ" શહાદતનો એક કૌલ છે તેમ ઝકાત પણ એક ઇબાદત છે. ઝકાત એ વસ્તુ પર લેવાય છે રોકડ અને મિલકત. તેજ પ્રમાણે કલેમતુ-શશહાદતના પણ બે ભાગ છે નફી (નકાર) અને ઈસ્બાત (હકાર) કલેમામાં ત્રણ અક્ષર છે. લામ, અલિફ અને હય. તેમ ઝકાત પણ ત્રણ પ્રકારની છે ખનીજ, વનસ્પતિ અને પ્રાણી. કલેમામાં ચાર શબ્દ છે જેમ ઝકાત પણ ચાર રીતની છે. ઝકાતુલ માલ, ઝકાતુલ ફિતર, ઉશર (દસમો ભાગ) અને ખુમુસ (પાંચમો ભાગ) કલેમએ શહાદત "લા ઈલાહા ઇલ્લલ્લાહ"માં બધા મળીને બાર અક્ષર છે તેમ ઝકાતુલ માલ પણ પર બાર મહિના પૂરા થયા પછી જ લેવાય છે.

પ્રકરણ ૨૯

સોનાચાંદી પર ઝકાત અને તેની સમજણ

ખુદાતઆલાની તૌફીકથી કહું છું કે દુનિયાના વેપાર–રોજગારનો આધાર સોનાચાંદીના સિક્કાઓ ઉપર રહેલો છે. સોનું અને ચાંદી એ ધાતુ છે અને તેનો ઇશારો એ રૂહાની અસલ તરફ છે. નાતિક અને અસાસ; આ બન્ને સાહેબો તરફથી પ્રથમ ફયઝ જારી થાય છે. ત્યાર પછી મુમિનો પોતાના દાઈ, હુજ્જત અથવા ઇમામથી તે ફયઝનો લાભ મેળવે છે.

જે શખ્સ ખુદાના વલીઓને ઓળખે છે, તેમની શરીઅતની છૂપી ખુબીઓથી જાણકાર હોય છે, હુદ્દની ફરમાન બરદારી કરે છે, તે પોતાના જાન અને માલને, એ રૂહાની આલા જવહરના હાથમાં સોંપી પોતાના માટે જન્નત ખરીદી લે છે, અને જહન્નમના અઝાબથી બચી જાય છે. તે પ્રમાણે દુનિયાની ઉપયોગી વસ્તુઓ સોના અને

ચાંદીના સિક્કા આપી ખરીદી શકાય છે. ખુદાતઆલા કુરઆને મજીરમાં ફરમાવે છે, "અલ્લાહ મુમિનોના જાન અને માલને લઈ તેઓને જન્નત બખ્શે છે.

આથી ઉલ્ટુ, જે શખ્સ ખુદાના વલીની મઅરેફત ધરાવતો નથી, શરીઅતને ગણકારતો નથી તેની છૂપી હકીકતો પર ઇમાન લાવી હુદુદની તાબેદારી કરતો નથી. તે પોતાના જાન–માલને જન્નત ખરીદવાના બદલે, દુનિયાની નાશ પામનારી વસ્તુઓ પાછળ વેડફી નાખે છે. દુનિયા ખાતર દીનને વેંચી દે છે. અલ્લાહ પાક કુરઆને મજીદમાં ફરમાવે છે કે, 'તેઓએ આખેરત (ઉપરની દુનિયાના લાભ) વેચી દુનિયવી જીવન અપનાવી લીધું છે.

ત્યારે સોનાથી મતલબ અકલે અવ્વલ છે કેમ કે તે ચાંદી કરતાં વધારે કીમતી છે. જેમ અકલે સાની કરતા અકલે અવ્વલનો મરતબો વધારે છે. ત્યારે જે શખ્સ પાસે વીસ મિસ્કાલ (એકમિસ્કાલ એટલે સાડાચાર માશા) સોનુ હોય, અને તેના પાસે વરસભર સચવાઈ રહે તો તેને વરસના આખરે અરધો દીનાર ઝકાત આપવી જોઈએ. વીસમાં બે દશક છે (૧૦+૧૦=૨૦) જેમ રૂહાની હુદૂદમાં દસ જણ છે તે જ, પ્રમાણે જીસ્માની હુદૂદમાં પણ છે. આ બન્નેનું ફયઝ નાતિક તરફ ભેગું થાય છે અને મૂમિનો તરફ એ લાભ (ફયઝ)નો ચાલીસમો ભાગ આવે છે. આ કારણે વીસ મિસ્કાલ સોના ઉપર અર્ધો દીનાર ઝકાત વાજીબ

થાય છે. આ રીતે માલ આપીને જન્નતનો સોદો થાય છે, તનઝીલ અને તાવીલના સબબો રોશન થાય છે. ખુદા તઆલા આ રીતે સંપૂર્ણ સમજ તમને આપે છે, તે દરેક વસ્તુનો જાણકાર છે. સોનુ નાતિકની શાન બતાવે છે. જે કોઈ એનાથી અજાણ છે તે ગુમરાહ (ખરા રસ્તાથી ભટકેલો) છે.

હવે જે શખ્સ પાસે બસો દિરહમ (ચાંદીના સિક્કા) એક વરસ સુધી સલામત રહે તેને વરસ પૂરું થતાં પાંચ દિરહમ ઝકાત આપવું લાઝિમ છે. બસો (૨૦૦) લખતી વખતે પણ બે (૨)નો અંક લખાય છે અહીં પણ બે રૂહાની અસ્લ તરફ ઈશારો છે. સોનામાં નાતિકનો હેતુ છે, તો ચાંદીમાં અસાસથી મુરાદ છે. બન્ને રૂહાની હુદૂદથી ફયઝ મેળવે છે. નાતિકનું જોડાણ અકલે કુલથી અને અસાસનું નફ્સે કુલથી છે. અસાસ પાંચ હદ કાયમ કરે છે તેથી પાંચ દિરહમ છે. તે પાંચોને રૂહાની હુદૂદનું ઈલ્મ પણ સોપવાનું હોય છે જેથી તેઓના જાન શક અને સંદેહથી પાક થાય.

હવે જે શખ્સ પાસે વીસ મિસ્કાલ સોનું ન હોય તેને ઝકાત આપવી ન હોય. આમાં સંકેત એ છે કે જ્યાં સુધી નાતિક રૂહાની અસલ પાસેથી કિતાબ અને શરીઅત, બન્ને મેળવી ન લે અર્થાત નાતિકના ઓહ્દા પર ન પહોંચે, ત્યાં સુધી અસાસને કાયમ કરી શકે નહીં એજ પ્રમાણે જે આદમી પાસે બસો દિરહમ ચાંદીના સિક્કા હોતા નથી

ત્યાં સુધી તેને પણ પાંચ દિરહમ ઝકાત આપવાની રહેતી નથી, સંકેત એ કે જ્યાં સુધી અસાસ, અકલ અને નફસથી તાવીલનું સંપૂર્ણ ઇલ્મ મેળવતા નથી, ત્યાં સુધી તેઓ હુદ્દદ કાયમ કરતા નથી.

અહીંયા એક બીજી બાબત પણ સમજવા જેવી છે : જેના પાસે બસો દિહરમ કે વીસ દિનાર મોજુદ છે તેના માટે સદકો લેવું હરામ છે કારણ તે તો બીજાને સદકો આપે છે. આમાં સકેત એ છે કે જે મરતબાના સાહેબે, રૂહાની હુદ્દદ પાસેથી તાવીલનું ઇલ્મ મેળવેલું છે, તેને બીજુ દીનનું ઇલ્મ, બીજા પાસેથી લેવાની જરૂર રહેતી નથી. જ્યારે તે પોતે બીજાઓને ઇલ્મની બક્ષિસથી નવાઝતા હોય તો પછી ઇલ્મ લેવાની વાત જ ક્યાં રહી?

સોનાચાંદીના મુકર્રર માલ ઉપર એક વરસ પસાર થાય, ત્યારે જ તેના ઉપર ઝકાત લેવાય. મતલબ જ્યાં સુધી તાવીલ સંપૂર્ણ ન થાય, ત્યાં સુધી, બન્ને સાહેબો પોતાનું ઝાહિર અને બાતિન જગતમાં પ્રકાશિત ન કરે.

પ્રકરણ ૩૦

અન્ય જાનવરો પર ઝકાત-અને તેની સમજણ:

ખુદાતઆલાની મદદથી કહું છું કે ત્રણ પ્રકારના પ્રાણીઓ પર ઝકાત લેવાય છે-ઊંટ, ગાય અને ઘેટાં-બકરા આ ત્રણ જાનવરોથી દલીલ છે દીનના ત્રણ મરતબાના સાહેબો ઉપર, નબી, વસ્ત. અને ઈમામ. આ ત્રણ મરતબાના સાહેબોથી જ દુનિયા અસ્તિત્વમાં છે આ ત્રણે દુનિયામાં, પોતાની હયાતી દરમિયાન, રૂહુલ કુદુસથી તાઈદ હાસિલ કરે છે.

ઊંટના સદકામાં સંકેત નાતિક (નબી)નો છે. ઊંટ લાંબી મુસાફરી દરમિયાન ભારી બોજ ઉપાડે છે. જાણીતી વાત છે કે જીસ્માની અને રૂહાની સાલમ વચ્ચેની મુસાફરી કરતાં લાંબી બીજી કોઈપણ મુસાફરી નથી. એ જ રીતે ખુદાતઆલાના કૌલ અને ફરમાન કરતાં ભારી બોજો કોઈ બોજ નથી. આ બોજ ફક્ત નાતિક જ ઉપાડવાને સમર્થ છે. કુરઆનમાં છે "ઈન્ના સનુલકી સલયકા કવલન સકીલા."

ઊંટની કુરબાની કરતી વખતે પહેલા ઊંટની છાતીમાં છૂરી ભોંકવામાં આવે છે આ ક્રિયાને અરબી ભાષામાં 'નહર' કહે છે તે પછી તેને ઝબ્હ કરાય છે ઊંટને નહર કરવામાં સંકેત એ છે કે પહેલાં મિસાક (અહદ) લેવાય અને પછી માથું જુદુ કરાય, મતલબ જ્યારે મૂમિન પોતાના દીનના સરદારો પાસેથી બાતિની ઈલ્મ મેળવી લે છે, ત્યારે બાતિલ (જુઠ્ઠાણુ) દૂર થઈ જાય છે જે શખ્સ હકીકતને પોંહચે છે તેને બાતિલના ધડની જરૂરત રહેતી નથી (ખરી વાત જાણી લીધા પછી ખોટી વાત નાબૂદ થઈ જાય છે.)

ઊંટનું જ્યારે હૃદય ચીરવામાં આવે છે ત્યારે તેમાંથી લોહી વહે છે એજ પ્રમાણે મૂમિન જ્યારે અહદ આપે છે ત્યારે તે રૂહાની હુદૂદના જોડાણથી માહિતગાર થઈ જાય છે આમ થવાથી તેના દિલમાંથી શક નીકળી જાય છે શકરૂપી ખૂન વહી જતાં દિલ આરસી જેવું સ્વચ્છ થઈ જાય છે.

બીજી રીતે જોઈએ તો પહેલા ઊંટનું સીનું ચીરવામાં આવે છે અને ત્યાર પછી માથું જુદું કરાય છે મતલબ-નાતિક પ્રથમ રૂહાની હુદૂદથી પોતાનું જોડાણ કરે છે જેના લીધે દરેક પ્રકારના શક સુબેરાત દૂર થઈ જાય છે ત્યાર બાદ નાતિક પોતાના બુલંદ દરજ્જાના લીધે દુનિયાના લોકોથી જૂદા પડે છે.

ગાય અને ઘેંટાની કુરબાની કરતી વખતે ઊંટની

કુરબાની કરતાં સદંતર જૂદુ બલ્કે ઉલટું જ અમલ કરવામાં આવે છે. ઢોરઢાંકર (ગાય, બકરા, ઘેટાં)નું પહેલા માથું જૂદું કરવામાં આવે છે અને ત્યાર પછી પેટ ચીરવામાં આવે છે આનો અર્થ એ છે કે વસી આને ઈમામ, પહેલા, વિરોધીઓથી જૂદા થાય અને ત્યાર પછી અહદ લે જેના લીધે નાતિક સાથે સંબંધ જોડાઈને રૂહાની હુદ્દદની ઓળખાણ થાય. ત્યાર પછી તેઓ લોકોને દઅવત કરે.

ઊંટની ઝકાતનો કાનૂન એવો છે કે જેના પાસે ઊંટણી હોય તો તે ઉપર એક ઘેટું ઝકાત વાજીબ થાય છે તે પછી વધારાના, દર પાંચ ઉપર એક એક ઘેટું આપવું જોઈએ. આ હિસાબે વીસ સાંઢણી પર ચાર ઘેટાં ઝકાત થાય. પરંતુ જો પચ્ચીસ સાંઢણીઓ હોય ત્યારે અરબો જેને "બિન્તુલ મખાઝ"ના નામે ઓળખે છે તે ઊંટણીના પેટમાંનું બચ્ચુ ઝકાતમાં આપવાનો નિર્ધાર કરી લેવો પડે છે.

વીસ ઊંટણી પર ચાર ઘેટાં આપવામાં આવે. એનો સંકેત છે કે ચાર હદની ઓળખાણ થાય. દાઈલ મુત્લક, માઝૂન, મુકાસિર અને મુસ્તજીબ. જ્યારે નાતિક પયગંબરના દરજ્જા પર પહોંચી જઈ અને પાંચ આલા હદથી તાઈદ મેળવી લે છે, ત્યારે તે દઅવતમાં બીજા ચાર હદ કાયમ કરે છે. જેને "અરબઅતિલ હુરમ" (માનવંત ચાર)થી ઓળખવામાં આવે છે હવે જેના પાસે પચ્ચીસ ઊંટણી

હોય તેને તો એક જન્મ લેનાર ઊંટ આપવાનો છે. અહીં પેટથી મતલબ બાતિની દઅવતનો છે અને જન્મ લેનાર બચ્ચાથી ઇશારો ગયર બાતિન ઇમામ તરફ છે. જ્યારે તે નાબાલિગ બચ્ચા બાલિગ થાય (પાકી વયના થાય) ઇલ્મ અને અમલથી આરાસ્તા (શોભાયમાન) થાય ત્યારે દઅવતનો મરતબો તેમને સોંપી દેવાય.

પરંતુ જો કોઈ શખ્સ પાસે પાંત્રીસ (૩૫) ઊંટણી હોય. પચ્ચીસમાં બીજા દસનો વધારો થયો હોય ત્યારે ઝકાતમાં એક દૂધ પીતું ઊંટણીનું બચ્ચું આપવું જોઈએ. આમાં ઇશારો ઇમામ તરફ છે દૂધ એટલે તાવીલ, ઇમામ અસાસ પાસેથી તાઈદ લે છે. જે ઇમામના નફસાની મા જેવા છે.

એથી આગળ જેના પાસે પીસ્તાલીસ ઊંટણી હોય ત્યારે તે શખ્સને ઝકાતમાં બોજ ઉપાડી શકે એવો ઊંટ આપી દેવો પડે છે, જેને અરબો 'હિક્કા' કહે છે. આમાં ઇશારો વસી તરફ છે. વસી નબીની શરીઅતનો ભાર ઉપાડી શકે છે. એટલું જ નહીં, પણ તેઓ નાતિકના ફરમાનથી ઉમ્મતના લોકોને તાવીલ સમજાવી, ઝાહિરી ઇલ્મની વાસ્તવિકતા રજૂ કરી બાતિલ શું છે તે ઓળખાવી હકના રસ્તાને રોશન કરી દે છે.

હવે જ્યારે કોઈ નસીબદાર પાસે પિસ્તાળીસમાં બીજા કોઈ પંદરનો વધારો થાય, ઊંટણી સંખ્યા સાઠ સુધી

પહોંચી જાય તો તેને જકાતમાં એક દાંતવાળું ઊંટ આપવું જોઈએ. જેમાં ઇશારો છઠ્ઠા ફરઝાનો છે કે જેનાથી વધીને જીસ્માની હદમાં બીજો કોઈ ફરઝો નથી. ૭ (૬) હદ તે માઝૂન, દાઈ, હુજ્જત, ઇમામ, વસી અને નબી. સાઠના અંકમાં ૬નો આંકડો આવે છે, જે નબીઓ સાદિક, મુહમ્મદ મુસ્તફા (સ. અ. વ.) કે જેઓ છઠ્ઠા નાતિક (નબી) છે તેની શાન પર દલાલત કરે છે. અરબો દાંતવાળા ઊંટને "જઝઅ" કહે છે વાજેબાતમાં જઝઅથી વધીને આપવા લાયક બીજી કોઈ વસ્તુ નથી. આ જગતમાં નબીથી વધીને બીજું કોઈ જ નથી.

ત્યારે દર પાંચ ઊંટે એક ઘેટું (વીસ સુધી ચાર) તે પછી પચ્ચીસથી સાઠ સુધી, એક એક પણ ચાર જુદા પ્રકારના ઊંટ, (બિન્તે મખાઝ, બિન્તુલ લબૂન, હિક્કા અને જઝઅ આપવાના છે.) ચાર ઘેટાંથી ઇશારો દાઈલ મુતલક, માઝૂને મુત્લક, મુકાસિર અને મુમિન મુસ્તજીબ તરફ છે. ઊંટથી ગરઝ નબી, વસી, ઇમામ અને હુજ્જત છે.

દર પાંચ ઊંટ પર ઘેટાં તેથી આગળ દર દસના વધારા પર ઊંટ; આનો અર્થ એ છે કે દાઈ, માઝૂન, મુકાસિર અને મુસ્તજીબ કરતાં નબી, વસી, ઇમામ અને હુજ્જતના મરતબાની શાન બમણી છે. દાઈ, માઝૂન, મુકાસિર અને મુસ્તજીબ તાઈદના સાહેબો છે, જ્યારે નબી, વસી, ઇમામ અને હુજ્જત, તાઈદ અને તાવીલ બન્નેના

ચવી છે.

આપણે જોયું કે જ્યારે ઊંટણીની સંખ્યા પિસ્તાળીસ પછી–પંદરના વધારા સાથે સાઠ પર પહોંચે છે, ત્યારે એક દાંતવાળો ઊંટ ઝકાતમાં આપવો પડે છે. આપણે જાણી લીધું કે આમાં નાતિકનો સંકેત છે અને નાતિકનો મરતબો સૌથી બુલંદ છે. ત્યારે ૫+૫+૫ એમ ત્રણ તાવીલ અને તનઝીલના તમામ દરજ્જા પર તે સફળ થાય છે.

એથી આગળ, જ્યારે સાઠની સંખ્યામાં જ્યારે બીજા પંદરનો વધારો થાય છે. પંચોતેર (૭૫) ઊંટ હોય છે ત્યારે બે દૂધ પીતા ઊંટ ઝકાતમાં આપવા પડે છે. જેનાથી ઇશારો ઇમામ અને હુજ્જત તરફ છે, દરેક ઝમાનમાં દઅવતની સલામતીનો આધાર આ બન્ને (ઇમામ અને હુજ્જત) ઉપર છે.

તે પછી જ્યારે બીજા પંદર ઊંટ પછી સંખ્યા નેવું (૯૦)ની થાય ત્યારે બે (૨) બોજ ઉપાડતાં ૨ ઊંટ, ઝકાતમાં આપવાના હોય છે જેનાથી મતલબ નાતિક અને અસાસ છે. આ બન્ને સાહેબો જ દઅવતનો બોજ ઉપાડે છે. નેવું (૯૦)માં નવ (૯)નો આંકડો છે તે ઇમામોના સાતરા, નબી અને વસી મળી નવ (૯) થાય છે.

તે બાદ વધારાના દર ચાળીસ (૪૦) ઊંટ પર ઉપર જણાવેલી ઝકાત ઉપરાંત, એક વધુ દૂધ પીતું ઊંટ આપવાનું હોય છે. આ ચાળીસમાં (૪૦) જે સંકેત છે,

તે પાંચ રૂહાની હદ, નબી, વસી, સાત ઇમામ, ચોવીસ હુજ્જત (બાર લયલી-રાતના, અને બાર નહારી દિવસના) દાઈલ મુત્લક અને માઝૂન, મળી, ચાળીસ (૪૦)નો છે. દૂધ પીતા ઊંટથી ગરજ દરેક ઝમાનના ઝિંદા (જીવંત) ઇમામની છે. એક દાનિશમંદ ઇન્સાન માટે, ઊંટોના જકાતનની, અહીંયાં જણાવેલી સમજણ બસ (કિફાયત) થશે.

ગાયના સદકા વિશે

એક અકલમંદ ઈન્સાન સાચી રીતે સમજી શકે છે કે દુનિયામાં ગાય અને બળદના હોવાથી અગણિત ફાયદાઓ છે, એટલા સુધી કે જગતમાં માનવ વસ્તીના વધારાનું એક કારણ પણ ગાય-બળદ જ છે.

સૌ પ્રથમ જમીનમાંથી જે વસ્તુ ઉત્પન્ન થઈ તે વનસ્પતિ છે. તે પછી પ્રાણીઓમાં નર-માદા સર્જાયા. હવે જો વનસ્પતિનું ઉગવું ઓછું થઈ જાય, તો લોકોની જિંદગી, જેનો આધાર અનાજ પર છે, તે ઓછું થવાથી તૂટી જાય. અનાજ ઉગાડવા માટે, પહેલા જમીન ખેડવી પડે છે. એમાં હળ ચલાવવા માટે ગાય-બળદની જરૂર પડે છે. આથી કહેવામાં આવે છે કે ખેડૂતનું ખરું ધન તેનાં ઢોર-ઢાંખર છે. ખરેખર આ કહેવતમાં જરાયે અતિશયોક્તિ નથી.

બીજી રીતે જોઈએ તો લોકોની જિંદગીનો આધાર

બે વસ્તુ પર છે-એક શરીર અને બીજો આત્મા. શરીરનું બંધારણ ખોરાકથી છે, અને ખોરાકની ઉપજ ગાય-બળદ પર છે. ત્યારે આત્માની સુખાકારીનો આધાર અસાસ પર છે.

ગાયને અરબી ભાષામાં 'બકર' કહે છે બકરનો એક સાથે સંશોધન કરવાનો પણ છે. અસાસ પણ કુરઆન અને શરીઅતનું સંશોધન કરે છે. લોકોને તેની તાવીલ અને હકીકત સમજાવે છે. ઈમામ મૌલાના અલી ઝેનુલ આબેદીન (અ.સ)ના શાહઝાદા, ઈમામ મૌલાના મુહમ્મદ (અ.સ.)ને બાકિર એટલા માટે કહે છે કે આપ એ ઇલમમાં સંશોધન કર્યું, ઝાહિરમાં અટવાયેલી દુનિયાને બાતિનની સમજણ આપી નબીએ અકરમ (સ.અ.વ.)એ પોતાની હયાતીમાં જ તેને લગતી જાણકારી આપી, ફરમાવેલું કે, 'મોહમ્મદ બાકિરને મારો સલામ અને પયગામ પહોંચાડજો.'

કહેવામાં આવ્યું છે કે, ગાયની કુરબાની હોય તો સાત ગાય ખુદાને ભેટ ચઢાવવી જોઈએ જ્યારે ઊંટ એક જ કુરબાન કરવામાં આવે છે. આમાં એમ સમજવાનું છે કે નાતિક એક જ હદને કાયમ કરે છે, જ્યારે અસાસ સાત હદ કાયમ કરે છે. તે સાત હદ એટલે ઈમામો કે તેના હયાલે તાવીલનું ઈલ્મ છે, દઅવતની પરવરિશ છે.

આમ ગાયમાં અસાસનો સંકેત છે. અસાસ સાત

ઈમામોથી નિમણૂંક કરે છે કે જેની તરફ સાત કુરબાનીનો ઈશારો કરવામાં આવ્યો છે. અકલમંદ માટે જરૂરી છે કે તે ઝાહિર અને બાતિન, બન્નેની સમજ રાખે.

ઘેટાં–બકરામાં એકની કુરબાની થાય છે. કારણ ઈમામ પોતાની જગ્યા પર એકને જ નીમે છે. અને મૂનિમોને તેની વધામણી આપે છે. નબી (સ.અ.વ.)એ ફરમાવ્યું કે બળદ એક ભેટ ચઢાવાય અને ગાય સાત આમાં ઇશારો નાતિક છે. નાતિક નર અને અસાસ માદા જેવા છે.

ઊંટના ગોશ્ત કરતાં ઘેટાંનો ગોશ્ત–ખાવા રાંધવામાં–સગવડવાળો છે. એ જ પ્રમાણે અસાસના મુકાબલામાં ઈમામ પાસે તાલીમ લેવી આસાન છે. કેમ કે નાતિકના કલામ ભેદથી ભરપૂર હોય છે. સાધારણ માણસો તેને સહેલાઈથી સમજી શકતા નથી. પરંતુ તે જ કલામ, ઇમામ મારફત, મુસ્તજીબ સુધી પહોંચે છે, ત્યારે તે સહેલાઈમાં ઢલાઈ જાય છે જગજાણીતી વાત છે કે બાળકનો પ્રથમ ખોરાક દૂધ છે, જેથી તેનું શરીર બંધાય છે. ત્યાર પછી તેને નરમ અને છેવટે સખ્ત ખોરાક આપવામાં આવે છે, જેમ તેમ બાળક મજબૂત બને તેમ તેમ તે ભારે ખોરાક પચાવી શકે. ઇલ્મની બાબતમાં પણ એવું જ છે.

ત્યારે ગાયની ઝકાતનો નિયમ એવો છે કે તેના પાસે ત્રીસ (૩૦) ગાય હોય તેને એક વાછરડું ઝકાતમાં આપવું જોઈએ. ત્રીસની સંખ્યા અસાસના હદ પર દલીલ

છે જેનો ખુલાસો ઊંટના પ્રકરણમાં આવી ગયો છે. ચાળીસેકનો આંક નાતિકની હદ પર દલીલ છે. વાછરડું દાઈ પર દલીલ છે અસાસ જયારે હુજ્જતની હદમાં હોય છે, ત્યારે નાતિકના ફરમાન મુજબ, દઅવતના કારોબાર માટે દાઈની નિમણૂંક કરે છે. જયારે ગાયની સંખ્યા ચાળીસ થાય; ત્યારે તેના પર એક ગાય ઝકાત તરીકે આપવાનો હુકમ છે. તેમાં ઈશારો હુજ્જત તરફ છે. '**હત્તાઈઝા બલગા અશુદદોહુ વ બલગા અરબઈના સનતન.**'

અસાસ જયારે હુજ્જતના દરજ્જા પર પહોંચે છે, ત્યારે દાઈની નિમણૂંક કરે છે. ત્રીસ ગાય પર એક વાછરડું છે જયારે અસાસ પોતાના ખાસ દરજ્જા પર પહોંચે છે ત્યારે નાતિકથી તેનું જોડાણ થાય છે. ચાળીસ ગાય પર એક ગાયનો તે રીતે હિસાબ છે.

જયારે ગાયની સંખ્યા સાઠ (૬૦)ની થાય, ત્યારે બે વાછરડા, ઝકાત તરીકે આપવાના છે. સાઠમાં (૬૦) છે (૬) ઈમામ પર દલીલ છે, અને બે વાછરડામાં હુજ્જત અને દાઈ તરફ ઇશારો છે. ગાયની સંખ્યા નેવું (૯૦) થાય તો ત્રણ ગાય ઝકાતમાં આપે. નેવૂંનો આંક નાતિક પર દલીલ છે, જે પોતાના ઇમામ અને અસાસથી નવમી હદમાં છે. ત્રણ ગાયમાં સંકેત, અસાસ, ઈમામ અને હુજ્જતનો છે, જે નાતિકના ઝેરે દસ્ત (હાથ નીચે) છે.

જ્યારે ગાયની સંખ્યા એકસોવીસ (૧૨૦) થાય, ત્યારે દર ચાળીસ (૪૦) ગાય પર એક ગાય અથવા દર ત્રીસ ગાય પર એક વાછરડું–જે પોતાની માવતરથી દૂર ન પડયું હોય–ઝકાતમાં આપે ચાળીસ (૪૦)નો આંક ઈમામની હદ બતાવે છે. ગાયથી દલીલ હુજ્જત અને વાછરડાંથી દાઈ છે. ચાળીસ પર એક ગાય અને ત્રીસ પર એક વાછરડું, ઝકાત તરીકે આપવામાં સંકેત એવો છે કે ઇમામ હુજ્જતને અને હુજ્જત દાઈને મુકર્રર કરે છે. ગાયની ઝકાતમાં શું મર્મ છે તે દરેક મૂમિનસે યાદ રાખવું જ જોઈએ.

ઘેટાં બકરાની ઝકાત

બકરાથી સંકેત ઇમામનો રખાય છે, જેના પાસે ચાળીસ બકરા હોય, તેને એક બકરો ઝકાત તરીકે આપવો જોઈએ. ચાળીસમાં સંકેત એ છે કે પાંચ રૂહાની હદ (અકલ નફ્સ, જદ, ફત્હ અને ખ્યાલ), નાતિક, અસાસ, સાત ઇમામ, ચોવીસ હુજ્જત (લયલી અને નહારી મળીને) દાઇ, અને માઝૂન–આમ બધા મળી સરવાળો ચાળીસ (૪૦) થાય છે. એક બકરો ઝકાત આપવામાં ઇશારો દાઈ તરફ છે જે પોતાના વકતમાં વલીયુલ અમ્ર છે.

જેના પાસે ચાળિસ કરતાં ઓછા ઘેટાં–બકરા હોય તેને ઝકાત નથી આપવી પડતી મતલબ કે. જ્યાં સુધી

ઈમામ પોતાના દરજ્જાની હદ પર પહોંચતા નથી, ત્યાર સુધી હુજ્જત કાયમ કરતા નથી. નોંધપાત્ર વાત એ છે કે જ્યાં સુધી ઘેટાં-બકરા ચાળીસથી (૪૦) એકસોવીસ (૧૨૦) સુધી થાય તોયે એક જ બકરો ઝકાતમાં આપવાનો હોય છે, ત્રણ ચાળીસથી મુરાદ નાતિક, અસાસ અને ઈમામ છે. એક બકરાથી ગરઝ હુજ્જતની છે. અર્થાત્ કોઈ સમયમાં નાતિક, અસાસ અને ઈમામ ભેગા હોય તો પણ દઅવત એક જ ગણાય છે. હુજ્જતોની નિમણૂંક એકથી જ થાય છે.

પરંતુ જ્યારે બકરાની સંખ્યા એકસોવીસથી વધીને બસો (૨૦૦) થાય ત્યારે બે બકરા ઝકાતમાં આપવા જોઈએ. આથી ઈશારો અસલ અને અને અસાસ બન્ને તરફ છે.

જ્યારે બકરાની સંખ્યા બસોથી વધારે થાય ત્યારે દર એકસો બકરા પર એક બકરો ઝકાત વાજીબ થાય છે બસો (૨૦૦)નો આંક સાનીના રૂત્બા પર દલીલ છે. મતલબ કે દરેક દૌર (સમય)ના અંત સુધી, તાઈદ સાનીથી મળે છે. મોટા બકરાથી મુરાદ મોટા હદની અને નાના બકરાથી મુરાદ નાના હદની છે.

ઝકાતમાં આપવાના બકરામાં નર અને માદાનો ખ્યાલ રાખવો જરૂરી છે, એ પણ ધ્યાન રાખવું કે બકરો કાણો, તેમજ હાથ, પગ, કાન, નાકની ખામીવાળો ન હોવો જોઈએ

મતલબ એ છે કે ખોડખાપણવાળા શખ્સ દઅવત કરી શકે નહીં. અર્થાત જેનું જોડાણ બે રૂહાની અસલથી ન હોય તે દઅવત ન કરી શકે. એ જ પ્રમાણે નાઈન્સાફી કરનાર પણ દઅવત કરી શકે નહીં.

ઝકાત વસુલ કરનાર માટે જરૂરી છે કે તે બકરાના બે ભાગ પાડે તેમાં બહેતર બકરાઓ તેના માલિકને સોંપે અને કમતર બકરાઓ પોતે રાખે. બહેતરથી મુરાદ ઝાહિરના લોકોની છે અને કમતરથી મુરાદ બાતિનના લોકોની છે, અસાસ બાતિન અને ઓછા છે, જ્યારે નાતિક ઝાહિર અને ઘણા છે. બાતિનની દઅવતના જવાબ દેનારા (માનનારા) ઓછા અને ઝાહિરના વધારે છે.

પ્રકરણ ૩૧

ખેતીવાડી બાબત અને તેની સમજણ

ખુદાતઆલાની તોફીકથી કહું છું કે, ખરો કિસાન (ખેડૂત) તે છે જે હંમેશા પોતાના માલમાં વધારો થાય એવું ચાહે છે. ઈન્સાનનો શરીર અને આત્મા બન્ને વધારો સ્વીકારે છે, એટલે કે બન્ને પ્રફુલ્લિત થાય છે. એટલા માટે ખુદાતઆલાએ જીસ્મ (શરીર)ને જીવન આપનાર વસ્તુ-અનાજ-પર સોમાંથી દસમો ભાગ ઝકાત તરીકે આપવાનો હુકમ કીધો છે.

દરેક મુમિન સમજે તો આમાં દલીલ છે, તે દસ હદ ઉપર, કે જેનાથી ઈન્સાનના આત્માનું ભરણ-પોષણ થાય છે. હવે જે કોઈ આ દસ હદની તરતીબ (ગોઠવણી)ને ઓળખે છે, તેના આત્મા અને શરીર બન્નેનું ભરણ-પોષણ પરવરદિગારની દોરવણી મુજબ થાય છે.

ઉપર જણાવ્યા પ્રમાણે, તે દસ હદ, કે જેનાથી

ઈન્સાનના આત્માને બળ મળે છે. તેમાંના પાંચ રૂહાની છે–કલમ, લોહ, ઈસરાફીલ, મીકાઈલ અને જીબ્રઈલ–બીજા પાંચ જીસ્માની છે. જેમ કે નબી, વસી, ઈમામ, હુજ્જત અને દાઈ.

જીસ્માની હુદૂદ પોતાના દૂન–એટલે પોતાથી ઉતરતા દરજ્જાવાળાને ફાયદો પહોંચાડતા રહે છે. જ્યારે રૂહાની હુદૂદ, પોતાના ઝિમ્ન–એટલે વર્તુળના લોકોને–ફયઝ આપવા માટે, શરીર ઉપર આધાર રાખતા નથી, તેઓ વહ્યે અને તાવીલથી મઅરેફત કેળવે છે. વળી આહદમાં પણ ઊંચો અને નીચો દરજ્જો છે જેમ કે ઝાડના પાંદડા અને ફળો, ઝાડ ઉપરથી ઉતર્યા પછી જ ખોરાકરૂપે કામમાં લેવાય છે. જેમ દરેક ખોરાક પોતાની કુવ્વત પ્રમાણે જીસ્મ અને રૂહ બંનેને બળવાન બનાવે છે.

શરીરને સૌથી વધુ તાકાત આપનાર ઘઉં છે જે ખાદ્યપદાર્થોમાં સર્વશ્રેષ્ઠ ગણાય છે. આ દસ હદોની પણ એવી જ શાન છે દાખલા તરીકે અસાસ માટે નાતિક, અને ઈમામ માટે અસાસ, ઘઉં રૂપે, વધુ અને વધુ તાકાત આપનારા છે.

દાઈ વાવનાર અને મુસ્તજીબ બીયાં જેવા છે. દાઈ માટે જરૂરી છે કે તે મુસ્તજીબના આત્માને પોતાના ઇલ્મના સાધનથી ઉપલા હદમાંથી એવા હદની સંપૂર્ણ ઓળખાણ આપે, જેના લીધે મુસ્તજીબનો એતેકાદ (માન્યતા) મજબૂત

થાય. બીજુ એ કે દાઈ જેમ મુસ્તજીબને ઈલ્મથી નવાઝે છે તેમ પોતાના વાવેલા એક બીજથી દસ ઉત્પન્ન કરી, તેઓને પોતાના ઈલ્મથી પાક કરે છે. ત્યારે આ દસ હદમાંના પહેલા અને છેલ્લા સિવાયના વચ્ચેના દરેક હદ ફયઝ આપનાર પણ છે અને લેનાર પણ. આ પ્રમાણે એક હદ પોતાના ઉપરવાળાથી ફયઝ લે છે અને પોતાથી નીચેવાળાને આપે છે. અલબત્ત સૌથી ઊંચા હદ નાતિક, હકીકતનું ફયઝ પુગાડનાર છે પણ લેનાર નથી, કારણ કોઈ જીસ્માની હદથી તેમને ફયઝ મળતું નથી. તેમને તો ખુદા તરફથી મળે છે. એજ પ્રમાણે છેલ્લામાં છેલ્લા જે મુસ્તજીબ છે, તે માત્ર હકીકતનું ઈલ્મ લેનાર છે પણ કોઈને આપનાર નથી.

આ સંકેતોના આધારે દરેક માલદાર માટે લાઝિમ છે કે તે પોતાની આવકનો દસમો ભાગ બાજુએ રાખે તેજ રીતે દરેક ખેડૂત માટે પણ વાજીબ થાય છે કે તે પોતાની જમીનમાં વાવેલા અનાજના ફાલામાંથી દસમો ભાગ ઝકાત તરીકે અદા કરે. આ કાયદો, વરસાદ અને નદીના પાણીથી ઉપજેલી ખેતીને લાગું પડે છે. હવે જે ખેતી, કૂવાથી પાણી ખેંચી કરવામાં આવેલી હોય ત્યારે સોમાંથી (૧૦૦) વીસમો ભાગ આપવાનો છે. સબબ વરસાદ અને નદી કુદરતી છે, જેનો સંકેત નબી, વસી, ઈમામ અને હુજ્જત તરફ છે, જેઓ કુદરતી રીતે તાઈદ મેળવે છે. કૂવા ખોદવા પડે છે. તેમાં સંકેત દાઈ, માઝૂન અને મુકાસિર અથવા મુસ્તજીબનો છે કે જેને પોતાના ઈન્તેહાદ

(કોશિશ)થી ફયઝ નસીબ થાય છે.

નાતિક, અસાસ, ઈમામ અને હુજ્જત લોકોને ઉલવી (રૂહાની–આત્મિ) હુદૂદની ઓળખાણ કરાવે છે; જ્યારે દાઈ, માઝૂન, મુકાસિર અને મુસ્તજીબ જીસ્માની (શારીરિક) હદની ઓળખાણ કરાવે છે.

ખ્યાલ રહે કે નમાઝ દરેક મુમિન પર વાજીબ છે, જ્યારે ઝકાત, ચોક્કસ રકમ, એક વરસ સુધી સલામત રહે. તે પર લાગુ થાય છે. ઓછામાં ઓછા ચાળીસ રૂપિયા, જેના પાસે વરસભર ન રહે તે પર ઝકાત નથી. આંમાં સંકેત એ છે કે નમાઝથી દરેક જણ પોતાની ઝાતને પાક કરે છે જ્યારે ઝકાત બીજાને પાક કરવા માટે છે. આમ કરવા માટે ચોક્કસ અધિકાર પયદા થવા જોઈએ અને ટકવો પણ જોઈએ.

નમાઝ સાથે ઝકાતનું જોડાણ છે. જે પોતે પાક ન હોય તે બીજાને પાક કરી શકતો નથી. જે અભણ હોય તે બીજાને ભણાવી શકતો નથી. ઝકાતૂલ ફિત્ર તો દરેક માણસને અપવાદ સિવાય આપવી જ પડે છે. દરેક મુમિન માટે જરૂરી છે કે તેને એક અથવા બીજી રીતે બીજાને લાભ આપવો જ જોઈએ. આનો બીજો અર્થ એ છે કે નમાઝ પઢનારાથી મુરાદ ઉમ્મતના તમામ લોકોની છે, જ્યારે ઝકાત આપનારાથી ગરઝ દીનના તમામ હુદૂદની છે.

ખુમુસ બાબત

ખુમુસ એટલે આવકનો (નફો) પાંચમો ભાગ. અગાઉના સમયમાં લડાઈના વખતે સામાવાળા જે અધર્મિ પક્ષથી, જે ગનીમત (કબ્જે થયેલો માલ) હાથ લાગતો, તેમાંથી પાંચમો ભાગ જુદો કરી લેવામાં આવતો. કુરઆને મજીદમાં ફરમાવેલું છે કે **"વઅલમૂ અન્નમા ગનીમતુમ મિન શયઇન ફઇન્ના લિલ્લાહે ખુમુસહુ વલિર્રસુલે વ લેઝિલ કુર્બા વલયતામા વલ મસાકીના વબનિસ્સબીલ"** (જાણો કે તમને જે કબ્જે કરેલો માલ મળે તેમાંથી પાંચમો ભાગ ખુદા માટે, તેઓના પયગમ્બર માટે, તેઓના કુટુંબીઓ માટે અને યતીમો તથા નિરાધારો માટે, તેમ ખુદાઈ સેવકો માટે છે).

લડાઈમાં હાથ લાગેલા માલ ઉપરાંત કોઈ શખ્સને છૂપો ખઝાનો હાથ લાગે, અથવા ખાણમાંથી રત્નો મળી આવે અથવા વેપારમાં ચોખ્ખો નફો રહે—જે ખુદાની જ બક્ષિસ છે તો તેમાંથી પણ પાંચમો ભાગ હકના ધણીને સુપર્દ કરવો જ જોઈએ.

ખુદાતઆલા ખુમુસમાંથી પહેલા પોતાનો ભાગ માંગી લે છે. અહીં ખુદાના હિસ્સાના હકદાર દરેક ઝમાનના નબી અથવા ઇમામ છે—નબી જેની હઅવત ... અને તેના દરેક ઈમામ જે મૌજૂદ છે. તે બન્ને ખુદાની ગંભીરતાઓના

પ્રદર્શક છે. આથી એવી રસમ થઈ કે લડાઇના સિપેહ-સાલારો પણ, ગનીમતનાં માલમાંથી પોતાનો ભાગ કાઢી લેતા હતા, કેમકે તેઓ પોતાને ઈમામની જગ્યાએ ગણતા હતા.

ખુદાના પયગંબરની બે અવસ્થા છે. એક તાવીલી અને બીજી તનઝીલી. તેમના કુટું બીથી મુરાદ રસીની છે. યતીમથી સંકેત ઈમામનો છે કે, ફહાની જગતમાં કોઈ મા–બાપ નથી. જેની પરવરિશ આલમે બાલામાંથી તાઈદથી થાય છે. મિસ્કીનથી મકસદ હુજ્જત છે કે, જેના ઝાહિરી અને બાતિની બયાનોથી મુમિનોના દિલોને સુકૂન નસીબ થાય છે. સબીલવાલાથી ગરજ દાઈઓની છે કે, જે ખુદાના દાઈના નાતે ગુમરાહોને હકનો રસ્તો બતાવે છે. જે અધર્મિ''નો માલ કબજે કરાય છે, તેનાથી મતલબ ઝાહિરી તબક્કાના લોકોની છે. જેઓના માલ મિલ્કતથી બાતિનના લોકોને નવાઝવામાં આવે છે.

ઉપર જણાવેલા પાંચ હુદૂદ, નબી, વસી, ઈમામ, હુજ્જત અને દાઈ, કબ્જે કરેલો માલ લઈને, ઝાહિરના લોકોનો માલ મુમિનોને બક્ષી દે છે કે જેઓ ખરી રીતે તેમના તાબેદારો અને ઉમ્મતના લોકો છે.

છુપા ખઝાનાથી ઇશારો અકલે અવ્વલ તરફ છે જે ખુદાઈ ફયઝના ભંડાર છે અને જેની શાન "અવ યુલકા ઇલયહે કનઝુન"ની આયાત, કુરઆને મજીદમાં આવેલી

છે, જેને ખઝાનો મળે તે તેનો પાંચમો ભાગ ખુદાની રાહમાં આપી જ દે, કેમકે સાચા અર્થમાં ખઝાનો મેળવનાર નાતિક છે કે જેણે અકલે કુલથી ફયઝ લીધું છે તે પછી નાતિકે અસાસને કાયમ કર્યા છે કે જેને (અસાસે) પાંચ હદને ફયઝ આપ્યું એટલે ઇમામ, હુજ્જત, દાઈ, માઝૂન, મુકાસિર અથવા છેલ્લે મુસ્તજીબ.

ખાણના રત્નો અથવા વેપારરોઝગારના નફાથી મુરાદ રૂહાની હુદૂદ છે. આમ અકલમંદ ઇન્સાન! શું તું નથી જાણતો કે ખાણમાંથી નીકળેલા રત્નો, જ્યાં સુધી ઘસાઈને સાફ થતા નથી ત્યાં સુધી તેની કિંમત અંકાતી નથી? આ રીતે કુલ આવકમાંથી ઝકાત કાઢયા પછી જે નફો રહે તે જ રત્નરૂપી ગણાય. જેમકે નાતિક, જે ઇલ્મ ઉલવી હુદૂદથી હાસિલ કરે છે, તેણે સારા શબ્દોથી શણગારે છે. ત્યારબાદ તેને અસાસને સોંપે છે. અસાસ તે ઇલ્મને પોતાના ખ્યાલમાં મઢી તેને દ્રષ્ટાંતો (દાખલાઓ) અને શિખામણથી ભરપૂર શબ્દોથી શણગારી, ઇમામને સોંપે છે. ઇમામ તે ઇલ્મને ફરી એકવાર કસી, સોના-ચાંદી જેવું નિર્મળ કરી ઉમ્મતના મિસ્કીનો-જે ઇલ્મવિહોણા છે- તેઓને આપે છે. સારાંશ ઇમામ પોતાને પ્રાપ્ત થયેલા ઇલ્મમાંથી અઘરા વિષયોને જુદા પાડી હુજ્જતને બખ્શે છે. અને હુજ્જત ને ઇલ્મને સજાવી દાઈના સુપુર્દ કરે છે. ત્યાર પછી દાઈ પોતાની દઅવતના હુદૂદને તેઓના દરજ્જા

અને ગ્રહણ કરવાની શક્તિ પ્રમાણે આપે છે. હુદૂદ પોતાની હયસીયત વિચારીને પોતાથી ઉતરતા વર્ગને આપે છે. આ પ્રમાણે "ઇલ્મેલદુન્ની" (ખુદાઈ વિદ્યા) એક પછી એક હદ્દો પસાર કરીને, વલોવાઈને, સરળ થઈને મુસ્તજીબ-સાધારણ મુમિન સુધી પહોંચી જાય છે. આ છે ખુદાતઆલાનું ફયજ અને બક્ષીશ.

પ્રકરણ ૩૨

ઝકાતુલ ફિત્ર બાબત

હર શખ્સ જાણે છે કે ફિત્રની ઝકાત હરેક ઇન્સાન પર અને માલની ઝકાત હરેક માલદારને વાજિબ છે. ફિત્રની ઝકાત અદા કરી. મુમિન પોતાના સમયના ઈમામના વુજૂદનો સ્વીકાર કરે છે, તે ઈમામ કે જેના માતેહત કેટલાક હુદૂદ છે અને તેમના જુદા જુદા દરજ્જાઓ છે.

હર કોઈને ખબર છે કે ઝકાતુલ ફિત્ર–નાના–મોટા, સ્ત્રી–પુરુષ, બાલિગ અને ગેરબાલિગ, અહીં સુધી કે બાળક માતાના ગર્ભમાં હોય–તેના તરફથી પણ આપવાની હોય છે. મતલબ એ કે આ બધા ઈમામના અનુયાયીઓ છે અને ઈમામના ફરમાન મુજબ વર્તનારાઓ છે.

જ્યારે કોઈ મુમિન બે જણની ઝકાતુલ ફિત્ર આપે છે ત્યારે તે માઝૂનની ઝકાત કહેવાય છે, જેમાં બે મરતબા સમાયેલા છે–એક માઝૂનનો અને બીજો મુસ્તજીબનો. ત્રણ

જણની આપેલી ઝકાત હાઈની ઝકાત કહેવાય છે, જેમાં ત્રણ મરતબા છે. હાઈ, માઝૂન, મુસ્તજીબ અથવા મુકાસિર. જ્યારે ચાર જણની ઝકાત આપે છે ત્યારે હુજ્જતના શાન ગણાય છે, જેના માતેહત ચાર મરતબા છે. હુજ્જત, હાઈ, માઝૂન, મુસ્તજીબ અથવા મુકાસિર.

ફિત્રા આપીને, મુમિન પોતાના ઇમામ પાસે આ વાત જણાવે છે કે "મારા આસરામાં પણ કેટલાક લોકો છે, જેમકે એક માલદાર, પોતાના માલની ઝકાત આપીને, દઅવતમાં પોતાનું જ્ઞાન (ઇલ્મ) કેટલું છે, તે જાહેર કરે છે.

જેની પાસે જેટલો વધારે માલ હોય, તેટલા પ્રમાણમાં તેને ઝકાત પણ વધારે આપવાની હોય છે. જેમકે નાતિકનું ઇલ્મ સૌથી વધારે હોય છે હવે ઝાહિરી દઅવત ઓછી હોય તો તેના પ્રમાણમાં ઝકાત પણ ઓછી છે. કેમકે દઅવતમાં જેનો દરજ્જો નીચો હોય તેની પરવરિશ પણ કમતર હોય છે. તવંગરી તો હકીકતમાં નાતિકને જ શોભે છે કારણ નાતિક જ બીજાઓની પરવરિશ કરે છે.

ઇલ્મના મદીના જેવા નાતિક (પેગંબરે ખુદા સ.અ.વ.) પોતાના અસાસ (અલી-અ.સ.)ને ઇલ્મથી નવાઝે છે એટલે કે નાતિકથી ઉતરતા દરજ્જાના બધા દુરવેશો (ફકીરો) છે જ્યારે નાતિક તવંગર છે. કુરઆન કહે છે: "**વલ્લાહુલ ગનીયો વ અન્તુમુલ ફોકોરા**" (ખુદા તવંગર છે.

અને તમે બધા ફકીરો છો. સારાયે જગતમાં ખુદા પછી, અગર કોઈ ગની (માલદાર) હોય તો તે નાતિક (નબી) છે અને નબીના દરેક હુદ્દદ ફકીર છે.

નોંધી લેજો કે હકની દઅવતમાં સૌથી ચઢિયાતો દરજ્જો અસાસનો છે કે જે નબી પાસેથી ઇલમ મેળવી બીજાને બક્ષે છે અસાસના ઇલમના વારસદાર ઇમામ છે કે જેને અસાસ ઇલમથી શણગારે છે એજ પ્રમાણે દાઈ હુજ્જતને, હુજ્જત માઝૂનને, માઝૂન મુકાસિરને અને મુકાસિર તમામ, આલા–અદના–હુદ્દદોની (ઇલમથી) પરવરિશ કરે છે. આ બધામાં છેલ્લા દરજ્જાના મુસ્તજીબ છે તે ફકીર છે, દુરવેશ છે.

ઉપર જણાવ્યા પ્રમાણે, જ્યારે મુમિન પોતાના દુન્યવી માલની ઝકાત ઈમામને અર્પણ કરે છે ત્યારે તે એમ કહે છે કે "મારા શરીરના પોષણનો આધાર મારી દુન્યવી પુંજી પર છે" એજ પ્રમાણે જ્યારે મુમિન ફિત્રની ઝકાત અદા કરે છે ત્યારે એમ કહે છે "જેમ બધા આલા–અદના હુદ્દદ ઈમામના તાબેદારો છે, તેજ પ્રમાણે મારા ઘરમાં પણ કેટલાક એવા છે કે જે મારા અંકિત છે" વળી ફિત્રની ઝકાત આપી મુમિન ખુદા અને ખુદાના વલીની તાબેદારી સ્વીકારી કહે છે કે "ખુદાનો શુક્ર છે કે તેઓ અને (ખુદાના બંદાને) કેટલાક બીજા બંદાઓ પર વડપણ આપ્યું છે."

દુન્યવી ધનદૌલત પર ઝકાત આપવામાં એક સંકેત એ પણ છે કે ઈમામ જાણે મુમિનને કહે છે કે "મારા માતેહત કેટલાક હુદૂદ છે કે જેઓની પરવરિશ હું ઈલ્મથી કરું છું" ત્યારે ફિત્રની ઝકાતનો સંકેત એ છે કે મુમિન પોતાના રબનો શુક્ર અદા કરીને કહે છે કે "તું એ તારી મહેરબાનીથી મને, મારા તાબાના લોકોનું પાલણ-પોષણ કરવાનું તેમજ તેમને શિક્ષણ આપવાનું માન આપી, તે બધાથી મારો દરજ્જો ચઢિયાતો કીધો છે."

હવે જ્યારે જે મુમિન, ધન-દૌલત તેમજ ફિત્રની ઝકાત અદા કરે છે, અને એમાં છૂપાએલા ભેદોને જાણે છે, ને મુખ્લિસ છે. આવા મુમિનને, ઈમામુઝ ઝમાન, ખુદાતઆલાના ફરમાન મુજબ તેની ઝકાત સ્વીકારી, તેને પરામી લે છે-એટલે ચોખ્ખો કરી દે છે. જેમકે ફરમાવેલું છે "**ઈનલ્લા હસ્તરા મિનલ મુમિનીના અન્ફો-સોહુમ વ સમવાલો હુમ બે અન્ના લહુમુલ જન્નતા**" (ખુદાતઆલા મુમિનોના જાન-માલને ખરીદીને વળતરમાં જન્નત આપે છે).

આ છે ધન-દૌલત અને ફિત્રની ઝકાતનો મર્મ. હવે આ ઝકાત આપવાથી શું લાભ મળે છે તે પણ જાણી લઈએ.

ફિત્રની ઝકાતનો ખુલાસો

ખુદાતઆલાની તવફીકથી કહું છું કે સરવરે કાએનાત

(સ. અ. વ.), ખુદાના ફરમાન મુજબ ફિત્રની ઝકાત આપવાનું દરેક નાનામોટા, મર્દ-ઔરત, નોકર-માલિક ઈત્યાદી પર વાજીબ કરેલું છે.

ઝકાતુલ ફિત્ર, ખજૂર, કિસમિસ, ઘઉં અને જવના એક સાઅ (૨૩૪ તોલા) પ્રમાણથી આપવી ઘટે. મક્કા અને મદીનામાં જ્યારે પણ ઉપર જણાવેલી ચાર વસ્તુની વિક્રી થતી ત્યારે ચાર મણના દરેક આંકડા પર એક સાઅ, સાએ નબીના નામે ફિત્રનો કાઢી લેવામાં આવતો.

ઉપર જણાવેલી ચાર વસ્તુમાં બે (ખજૂર અને કિસમિસ) ઝાડના ફળ છે. બીજી બે, (ઘઉં અને જવ) અનાજનો પ્રકાર છે. આ ચારમાં સંકેત એ છે કે દરેક મુમિન, દીનના ચાર હદનો સ્વીકાર કરે છે. જે ચારના લીધે દુનિયાનો વુજૂદ છે. દુનિયાનો નાશ થયા પછી પણ બધા આ ચાર તરફ જ વળશે. અકલે અવ્વલ, અકલે સાની, નાતિક અને અસાસ.

ખજૂરમાં સંકેત અકલે અવ્વલનો છે, જે પોતાની મેળે બીજાના આધાર વગર ઊભેલો છે અને જેનો મરતબો બીજા બધા કરતાં ઊંચો છે. જેમકે તમામ ઝાડપાનમાં ખજૂરનો મરતબો બુલંદ છે. તેનું ઝાડ બીજા ઝાડોથી જુદી રીતે સ્થિર અને સલામત રહે છે, કિસમિસ (દ્રાક્ષ)નું ઝાડ બીજાના આધારે રહે છે. વાડ વગર વેલ ચઢતી નથી. અકલે સાનીનો આધાર અકલે અવ્વલ ઉપર છે દ્રાક્ષ કરતાં

ખજૂરમાં જીવનતત્ત્વો પણ વધારે છે અકલે સાની કરતાં અકલે અવ્વલની કુવ્વત વધારે છે. એજ રીતે ઘઉંથી મુરાદ નાતિકથી અને જવથી મુરાદ અસાસની છે. જેમ જવ કરતાં ઘઉં વધીને છે તેમ અસાસ કરતાં નાતિક (નબી) પણ વધીને છે.

વળી બે સાઅ જવ, એક સાઅ ઘઉંના બરાબર છે. નબી તાલીફ અને તાઈદ બન્નેના ધણી છે ત્યારે અસાસ માત્ર તાવીલના છે.

ખજૂર, કિસમિસ, ઘઉં અને જવના ચાર મણ એક એક સાઅ ઝકાત આપવામાં સંકેત એ છે કે અકલે અવ્વલ, સાની, નાતિક અને અસાસના માતેહત બીજા ચાર હદ છે. ઈમામ, હુજ્જત, દાઈ અને માઝૂન. જેઓને ઉપરના ચાર હદથી તાઈદ મળે છે. ઈમામ અકલે અવ્વલ અને હુજ્જત અકલે સાની જેવા છે, ત્યારે દાઈ નાતિક અને માઝૂન અસાસ જેવા છે. આમ ચાર મણમા ચાર સાસ ઝકાતથી, ચાર ચાર હદનો ઈકરાર થાય છે.

ફિત્રની ઝકાત બધાને આપવી પડે છે તેમાં સંકેત એ છે કે આલાથી આલા અને અદનાથી અદના હદની જાણકારી મળે છે. મર્દથી ગરજ લાભ આપનાર અને સ્રીથી ગરઝ લાભ લેનારની છે. માલિકથી દલીલ માઝૂને મુત્લકની અને ગુલામથી ગરઝ મુમિનની છે. દરેક અદના પોતાથી આલાની તાબેદારી કરીને આલા બની શકે છે.

ઝકાતુલ ફિત્ર ઈદની નમાઝ પહેલાં આપી દેવી જોઈએ કેમકે ઈદથી દલીલ કાએમ (અ. ઝિ.)ની છે.

હવે જ્યારે ખુદાના પયગંબર (સ. અ. વ.)એ એક સાઅ ઘઉં કે ખજૂર ઉપર, સાડાચાર મણ ફિત્રની ઝકાત આપવાનું મુસલમાનો પર વાજીબ કર્યું—જે સાએ નબીના નામે જાણીતી છે તો તે સમયના વિરોધીઓએ ઈરાકના કેટલાક નાદાન અને ઝાહિર લોકોને ખોટા માર્ગ પર ચઢાવી દીધા. આ ફિત્નાખોરોએ પોતે હકના ઈમામ હોવાનો દાવો કર્યો અને ભોળા લોકોને એવું સમજાવ્યું કે નબી સાહેબ (સ. અ. વ.) ઝકાતનું જે પ્રમાણ નક્કી કરી ગયા છે તે બરાબર નથી સબબ કે મક્કા અને ઈરાકના તોલ–માપમાં મોટો તફાવત છે. મક્કાનો એક સાઅ ઈરાકના ત્રણ સાઅ જેટલો છે.

કેટલાક લોકોને આ વાત મનગમતી લાગવાથી તેઓએ એક સાસ ઘઉં પર અઢીમણ ઝકાત આપવાનું શુરૂ કર્યું. આ હવા ઈરાકથી ખુરાસાન પહોંચી અને ઠેર ઠેર ફિત્રની ઝકાત બાબત મતભેદ થયો. છતાં જે સાચા મુમિનો હતા તેઓ તો નબીના ફરમાન પર કાયમ જ રહ્યા. દીનના કાનૂનને જાળવી ગયા. ખુદાતઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે: "વ લકદ સદ્દકા અલયહિમ ઇબ્લીસો ઝન્નહુ ફત્તબઊહો ઇલ્લા ફરીકન મિનલ મુમિનીન" (તેઓએ ધાર્યું કે ઇબ્લીસ સાચો છે તો તેની તાબેદારી

કીધી, પરંતુ મુમિનોના સમુહે નહીં).

ઈમામુલ હક (અ. સ.)એ જ્યારે જોયું કે જુદા માપ-તોલના તફાવતના લીધે દઅવતના લોકોમાં મતભેદ ઉદ્ભવે છે ત્યારે આપે નબીના ઇલ્મથી વસ્તુના બદલે રકમ લેવાનું ફરમાવ્યું એક દિરહમ અને એક દાંગ (દિરહમ અને દાંગ સિક્કાઓ છે. છ દાંગનો એક દિરહમ થાય છે).

ઈમામુલ હકના આ ફત્વાથી તમામ ઈસ્લામી આલમમાં રાહતની લાગણી ફેલાઇ ગઈ. તેના લીધે વિરોધીઓએ જે માપ-તોલના ઝઘડા ઊભા લીધા હતા તે પણ શમી ગયા, મુમિનોમાં સંપ અને એકતાની લાગણીઓ થઈ.

ઇમામુઝ ઝમાન (અ. સ.)એ એક દિરહમ અને એક દાંગનું જે પ્રમાણ નક્કી કર્યું અને દાઈઓને તે મુજબ ફિત્ર વસુલ કરવાનું ફરમાવ્યું, તેમાં સંકેત છે તે આપણે જોઈએ. એક દિરહમ અને એક દાંગ મળી સાત દાંગ થાય છે અને તે નબી સાહેબ પછીના સાત ઇમામો તરફ ઇશારો કરે છે. બીજું એ કે એક દિરહમ અને એક દાંગ, એમ બે ભાગ છે. એક દિરહમના છ દાંગ હોય છે, તે ઇમામોના, સાતરાના પહેલા છ (૬) ઇમામ તરફ ઇશારો કરે છે અને સાતમો દાંગ તે સાતરાના કાયમી શાનના ઇમામનો છે.

વળી આસમાનમાં છ (૬) ફરતા તારાઓ છે-ઝોહલ, મુશ્તરી, મીરીંખ, ઝોહરા, અતારૂદ, કમર અને સૂરજ જે

સાતમો છે, તેની શાન જુદી છે, માન મોટું છે અહીં સુધી કે સૂરજના પ્રકાશ સામે બીજા બધા તારાઓ ઝાંખા દેખાય છે, દિવસના તો તે દેખાતા જ નથી.

એવી જ રીતે ઇન્શાનના શરીરમાં પણ સાત વસ્તુઓ છે. કલેજી, ફેફસાં, તિલ્લી, લીલી થેલી, ગુરદા મગજ અને દિલ. આ બધામાં દિલનો દરજ્જો મોટો છે. તેના હલન-ચલન પર જ, બાકીના બીજા બધાનું કામ છે. દિલ બંધ પડી જાય તો ઇન્સાન મરી જાય. દિલ ઉપર જ જીવનનો આધાર છે.

તો અય દાના મુમિન! અંતરની આંખો ખોલો અને સમજી લ્યો કે જ્યારે તમે તમારા દાઈને એક દિરહમ અને એક દાંગ ઝકાત (ફિત્ર) આપો છો ત્યારે તેમાં ઈમામોના સાતશનો તસવ્વુર લ્યો છો કે નબી પછી જેઓ એક પછી બીજા થતા રહ્યા છે. છેલ્લે કાએમ (અ. ઝિ. સ.) આવનાર છે જેનો પણ સ્વીકાર તેમાં સમાયેલો છે.

ઉપર કહ્યું તેમ છ દાંગનો એક દિરહમ થાય છે. તેમાં એમ પણ કહી શકાય કે બાર (૧૨) અધા દાંગનો એક દિરહમ થાય છે, અને બારનો આંક તે બાર હુજ્જતોની યાદ દેવડાવે છે કે જે ખુદાતઆલાના ફરમાન મુજબ, ઝાહિર અને બાતિનના ઇલ્મને ટકાવી રાખે છે. દર બે અધીં અધીં દાંગથી એક દાંગ બને છે, તે ઈમામ અને બાબ, નાતિક અને અસાસ, લયલતુલ કદ્ર અને કયામતના સાહેબ,

તનઝીલ અને તાવીલ, ઝાહિર અને બાતિન તરફ઼ ઇશારો કરે છે મુખ્લિસ મુમિન ફિત્રની ઝકાત અદા કરી આ બધાનો પણ સ્વીકાર કરે છે.

બાર હુજ્જત, નાતિક અને અસાસ કરતાં મરતબામાં જુદા છે, છતાં તેઓ જુદા નથી. બલ્કે એકબીજાથી સંબંધ રાખે છે. જેમકે દિરહમ દાંગ કરતાં જુદા છે છતાં દાંગ વગર દિરહમ હોતા નથી કેમ કે સાત દાંગ પૂરા કરવાનો બીજા એક દાંગની જરૂર રહે છે જ. વળી એક દિરહમ અને એક દાંગ મળી ચૌદ (૧૪) અર્ધી દાંગ થાય છે કે સાત ઈમામો અને સાત હુજ્જતો તરફ઼ ઇશારો છે. ખુદા તઆલા ફરમાવે છે કે "વ લકદ આતયના કા સબઅન મિનલ મસાની વલ કુરઆનિલ અઝીમ."

દિરહમ અરબી શબ્દ છે, ફારસીમાં તેને દિરમ કહે છે. દાંગ ફારસી શબ્દ છે અરબીમાં તેને દાનિક કહે છે અરબી લીપીમાં આ દરેક શબ્દના ચાર ચાર અક્ષર છે અને લખતી વખતે તે બે વચ્ચે 'વાવ' લખાય છે. દિરહમના ચાર અક્ષરથી ચાર અસલની તરફ઼ ઈશારો છે જેમકે અકલે અવ્વલ, અકલે સાની, નાતિક અને અસાસ, તેજ પ્રમાણે દાનિકના ચાર અક્ષર, દીનના ચાર ડાળાઓ તરફ઼ ઇશારો કરે છે, જેમકે હુજ્જત, દાઈ, માનૂન અને મુકાસિર અસલના ચાર અને ફરઅના ચાર વચ્ચે "વાવ" છે જેતો અબ્જદના હિસાબ મુજબ છ (૬)નો આંક છે

તે છે ઈમામ છે જેઓ પહેલા ચારથી ફાયદો મેળવી બીજા ચાર તરફ ફાયદો પુગાડે છે. (૧)

અમે એમ પણ કહીએ છીએ કે હિરહમ દલીલ છે એ રૂહાની અને એ જીસ્માની અસલ ઉપર, સબબ હિરહમ શબ્દના પહેલા બે અક્ષર (હ અને ર) છૂટા છે–અવ્વલ અને સાનીની રીતે જ્યારે છેલ્લા બે અક્ષર (હ અને મ) જોડાએલા છે, નાતિક અને અસાસની રીતે જેમકે જીન અને જીસ્મ (શરીર)નું જોડાણ છે.

હાનિક શબ્દઓં પણ પહેલાં બે અક્ષર (હ અને અ) જુદા લખાય છે. જેમકે હુજ્જત અને હાઈનો મરતબો એકબીજાથી અલગ છે હુજ્જત તાઈદના સાહેબ છે અને હાઈ તાવીલના ધણી છે. તે પછીના બે અક્ષર (ન અને ક) મેળવીને લખાય છે, જેમકે માઝૂન અને મુકાસિર આ બન્ને હાઈના માતેહત છે બન્નેનું હાઈથી જોડાણ છે.

---

(૧) હિરહમના ચાર અક્ષર (હ, ર, હ, અને મ) આ ચાર તે (અકલે અવ્વલ, અકલે સાની, નાતિક અને અસાસ) હિનાકના પણ ચાર અક્ષર (હ, ન, અ અને ક) આ બે શબ્દો વચ્ચે 'વાવ' એટલે 'વ' મુકાયો જેનાર્થી મુરાદ ઈમામ છે. હકીમનાસિર ખુશરૂના કહેવાનો અર્થ એ છે કે ઈમામ :– અકલે અવ્વલ, સાની, નાતિક અને ઈમામથી ફાયદો મેળવી–હિનાક શબ્દના ચાર અક્ષર હ, ન, અ, ક, જેનાથી મુરાદ–હુજ્જત, હાઈ, માઝૂન અને મુકાસિર છે, તેઓને ફાયદો પહોંચાડે છે.

આ સિવાય, અરબી મૂળાશરોમાં દાલ અને રે (દ અને ર) પહેલાં આવે છે અને હય, મીમ (હ અને મ) પછી આવે છે. તે બતાવે છે કે અવ્વલ અને સાની-નાતિક અને અસાસ-ના પહેલાં છે એ જ પ્રમાણે દાનિક શબ્દમાં, દાલ અને અલિફ (દ અને અ), નૂન અને કાફના (ન અને ક) પહેલા આવે છે કારણ કે હુજ્જત અને દાઈ, માઝૂન અને મુકાસિરના પહેલાં છે.

વળી અમે એમ પણ કહીએ છીએ કે લખવા બોલવામાં "દિરહમો દાનિક" શબ્દ સાથે બોલાય છે, તેમાં પહેલાં બે અક્ષરો છૂટા અને પછીના બે અક્ષરો જોડાયેલા છે તેમાં એવો સંકેત છે કે નબીએ અકરમ (સ. અ. વ.)નો દોર બે જાતનો છે આપણે તે બન્ને દોરથી જોડાએલો છે એજ પ્રમાણે દરેક કામની શરૂઆત, બે જુદા જુદા અસલ અવ્વલ અને સાનીથી છે. આપણે જે દોરમાં રહીએ છીએ તેના બે ભાગ છે. એક ભાગ અવલિયાઓનો છે અને તે ઈમામોનો સમય છે અને બીજો દોર, તે કયામતનો દોર છે, જે કાએમ (અ. સ.)નો દોર છે આ બન્ને સમયને અંતે બે રૂહાની અસલ તરફ વળવાનું જ છે.

વળી એમ પણ કહેવું જોઈએ કે કાએમી દોરના ઈલ્લત (સબબ) ઈમામો જ છે કેમકે જેવી શરૂઆત હશે તેવો જ અંત પણ થશે અંજામનો સબબ આગાઝ (શરૂઆત) છે અને દિરહમ અને દાંગની રચનામાંથી પણ

એજ વાત ફલિત થાય છે. બન્ને એકબીજાથી જોડાએલા છે. દાંગ દિરહમની દલિલ (સબબ) છે જેમકે બધા અંબિયા અને અવલિયા કાએમ (અ. ઝિ. સ.)ના માટે દલિલ છે.

જમલની ગણત્રી મુજબ દિરહમ શબ્દના, દાલના- ચાર અને રે ના બસો છે. ચાર તે નાતિક, અસાસ, ઇમામ અને હુજ્જત છે. જેઓ બન્ને રૂહાની અસલથી તાઇદ મેળવે છે. જેમકે 'રે'ના બસો (૨૦૦)માં મૂળ આંક બે (૨)નો છે. તે પછીના 'હય'ના પાંચ અને 'મીમ'ના ચાળીસ (૪૦) થાય છે. 'હય' હુજ્જતુલ જઝીરા, દાઇલ મુતલક, માઝૂન, મુકાસિર અને મુમિન તરફ ઇશારો કરે છે, જેઓને 'મીમ'ના ચાર (૪) મૂળવાળા, નાતિક, અસાસ, ઇમામ અને બાબુલ અબવાબ તરફ વળવાનું છે. હુજ્જત, દાઈ, માઝૂન, મુકાસિર અને હદ એ બધાને તેઓથી જ જોડાઈને દારૂસ્સલામમાં પુગવાનું છે.

એવી જ રીતે દાનિક શબ્દના, પહેલા બે અક્ષરની સંખ્યા, જમલ હિસાબે અનુક્રમે ચાર અને એકની છે. તે બતાવે છે કે દીનના ચારે અસલને એક જે વહદહુ લા શરિક છે તેના તરફ રજૂ થવાનું છે. તે પછી 'નૂન'ના પચાસ (૫૦) અને 'કાફ'ના એકસો (૧૦૦) છે જે દર્શાવે છે કે પાંચ હદની જાણકારી રાખીને-હુજ્જત, દાઈ, માઝૂન, મુકાસિર અને હદને ઓળખીને એકસો (૧૦૦) ઇમામોને ઓળખવાના છે તેના સરવાળા જે એક છે તે કાએમ છે.

આપણે તેને પણ માનવાના છે. ખુદા અને ખુદાના અવલિ-યાથી જ ઇલ્મની શક્તિ મેળવવાની છે.

મુમિન તે કહેવાય કે જે ખુદા અને ખુદાના વલીના ફરમાન મુજબ ફિત્ર અદા કરે અને તેમાં રહસ્ય શું છે તે જાણે, ફિત્નાખોરોથી બચે, જહાલતના વગડામાં ખોવાઈ જવાથી અલગ રહે અને ઇલ્મથી પોતાની પ્યાસ બૂઝાવે.

પ્રકરણ ૩૩

રોઝા રાખવાની ફરજ અને તેનું રહસ્ય

ખુદાતઆલાની તોફીકથી કહું છું કે રોઝાને અરબીમાં "સોમ" કહે છે. સોમનો અર્થ માણસ હરરોજ જે અવસ્થામાં રહેતો હોય, તેનાથી જુદી અવસ્થાવાળો છે. રમઝાન મહિનામાં હરેક હાજિર અને બાલિગ મુસલમાન પર રોઝા રાખવું ફર્ઝ છે. રમઝાન મહિનાના દિવસોની ગણત્રી ત્રીસની નક્કી છે. તેમાં વધઘટ થઈ શકે નહીં. જે દિવસનું રોઝુ રાખવાનું હોય તે દિવસની રાતના છેલ્લા અવસર – શહેરીના સમયથી રોઝાની નિય્યત કરી લેવી જોઈએ. અને જે વસ્તુઓથી રોઝુ તૂટતું હોય તે વસ્તુઓને રોઝાદારે તર્ક કરવી જ જોઈએ. તેમાં ખાવું-પીવું, સંભોગ, ગિબત (પીઠ પાછળ બૂરાઈ કરવી). બૂરા કર્મો વગેરેનો સમાવેશ છે. હરેક ઇન્સાને જાણી લેવું જોઈએ કે તેના દીનમાં તેના જાન અને જીસ્મ (શરીર)નો સંપૂર્ણ મેળ છે કે નહીં. જો તે તંદુરસ્ત હોય તો તેની તંદુરસ્તીનું

કારણુ ખાણીપીણી છે, અને જો બીમાર હોય તો ખાવા-પીવાથી પરહેઝ કરવાથી–દૂર રહેવાથી ફરી તંદુરસ્તી બની શકે છે, નબી (સ. અ. વ.) ફરમાવે છે કે "રોઝા તંદુરસ્તીના પ્રતીક છે." મતલબ કે ખાવા–પીવાથી પરહેઝ કરે તો જાન અને જીસ્મ બન્નેને લાભ થાય છે.

જેમ જીસ્મ માટે ખાવુંખાવું છે તેમ જાન માટે પણુ છે. તનઝીલ એટલે કે ઝાહિરી શરીઅતનું ઇલ્મ તે ખાણું છે અને તાવીલ તે પીણું છે. આ બન્નેથી જાનને લાભ મળે છે, તનઝીલ અને તાવીલ બયાન કરી બીજાઓને તંદુરસ્ત બનાવવા જ ઘટે. તંદુરસ્તીની નિશાનીઓ ચહેરાના ઉલ્લાસથી ખુલ્લી દેખાય છે. પરંતુ કોઈક વખતે શરીઅતના ઝાહિર અને બાતિનને છુપા રાખવામાં પણુ તંદુરસ્તી હોય છે. દાખલા તરીકે જ્યારે મુમિનને એમ લાગે કે પોતાના અકીદા (માન્યતા)ને ઝાહિર કરવાની અથવા શરીઅતના બાતિનને (તાવીલને) બયાન કરવાથી જાનનો જોખમ છે તો તકીય્યત કરે (પોતે કયા પંથનો છે અને પોતાની માન્યતા શું છે, તે બધું સંતાડે) તકીય્યત કરવું, ઈમામોના અને તેમના વડવાઓના દીનનો એક ભાગ જ છે.

રોઝા રાખવાનો એક ખુલ્લો મતલબ એ છે કે ઇન્સાન તે વડે ખુદાની ફરમાંબરદારી કરે છે, અને ફરિશ્તા-ઓનો પ્રતીક થાય છે. કેમકે ફરિશ્તાઓને ખાવા–પીવાની જરૂરત હોતી નથી. વળી રોઝાદાર, રોઝા રાખવાથી

જાનવરોથી પણ જુદો પડે છે, કારણ કેટલાક જાનવરોને ફરતાફરતા ખાવાની ટેવ હોય છે, જ્યારે થોડું ખાવું અને સમય પર ખાવું, તંદુરસ્તી માટે ઉત્તમ ગણાય છે. વળી થોડું ખાનાર માણસ બધાનો મનગમતો પણ હોય છે. રોઝામાં એક સંકેત દીનના હુદ્દની શરીઅતને તથા કિતાબના ભેદને છુપા રાખવાનો પણ છે. ખુદાતઆલા સુરયે મરયમમાં ફરમાવે છે કે "ફ ઇમ્મા તરય્યેન મિનલ બશરા અહદન ફકૂલી ઇન્ની નઝરતો લિરહમાને સૌમન ફલન ઉકલ્લેમલ યવમા ઇનસિયા" ખુદા આ આયાતમાં મરયમને કહે છે કે (જો તમે કોઈ પુરુષને જુઓ તો કહો કે "આજે હું એ રોઝો રાખવાની નીય્યત કીધી છે. આજે હું કોઈ મર્દ સાથે વાત કરીશ નહીં")

હદીસ શરીફમાં એમ પણ આવેલું છે કે 'રમઝાન' ખુદાના અનેક નામોમાંથી એક નામ છે. બીજા મહિનાઓ કરતાં રમઝાનનો મહિનો ઉત્તમ છે એમ પણ કહેવામાં આવેલું છે કે ખુદાના નેક અને ઈબાદત ગુઝાર બંદાઓને ફરિશ્તાઓના દીદારનો પણ લાભ મળે છે તેઓના (રોઝા રાખનારાઓના) નેક કામોના લીધે તેઓ માટે જન્નતના દરવાજા ખોલી દેવામાં આવે છે. ખુદા શિખામણ આપે છે કે આ મહિનામાં દરેક સબળ, નિબંળને મદદ કરે. ધનવાન–નિર્ધનને દાન આપે. દરેક મુમીન પોતાની શક્તિ પ્રમાણે નેકી કરે.

વરસમાં બાર મહિના હોય છે, તેમાં અગ્યાર મહિના

કરતા શહરૂલ્લાહ અફઝલ છે. તેમાં એવો સંકેત છે કે, દરેક નબી, વસી અને ઈમામના બાર હુજ્જત હોય છે, તેમાં એક હુજ્જત જે મનસુસ અલયહે છે તે સર્વોત્તમ છે. નબીના હુજ્જતમાં વસી અફઝલ છે, વસીના હુજ્જતમાં ઈમામ અફઝલ છે, ઈમામના હુજ્જતોમાં તેમના કાયમ-મુકામ અફઝલ છે. યઅકુબ (અ. સ.) માટે તેમના પુત્ર યુસુફ (અ. સ.) અફઝલ હતા. કુર્આને મજીદમાં ફરમાવેલું છે કે: **"ઈન્ની રઅયતો અહદા અશર કવકબન, વશ્શમસો વલ કમરો રઅયતહુમલી સાજેદીન"** અર્થાત (મેં અગ્યાર તારાઓને તથા ચાંદ-સૂરજને જોયા કે તેઓ મને સજદો કરી રહ્યા છે). અહીં સૂરજ તે ઈમામુલ હક છે, ચાંદ બાબુલ અબવાબ છે અને અગ્યાર તારા તેમની હુજ્જતો છે. જે સઘળા ખુદાની બંદગીમાં તલ્લીન છે.

શહરૂલ્લાહના મહિનાની શાન એક બાદશાહના વઝીરની શાન જેવી છે. નાતિક બાદશાહ અને તેના વસી વઝીર હોય છે. હવે જે શખ્સ દઅવતમાં દાખિલ થાય તેના માટે જરૂરી છે કે તે તાવીલ અને હકીકતના ઈલ્મને ઝાહેર ન કરે. અગર તે શખ્સ તાવીલ અને હકીકતનું ઈલ્મ મેળવે તો પણ પરદામાં રહીને (છુપી રીતે) મેળવે ખુલ્લી મજલિસમાં નહીં. દિવસથી સંકેત તન્ઝીલ તથા ઝાહેરી ઈલ્મનો છે. જ્યારે રાતથી મતલબ તાવીલ અને હકીકતનું ઈલ્મ છે.

શરહફલ્લાહમાં દિવસ દરમિયાન રોઝા રાખવાનો હુકમ છે. આ મુદત દરમિયાન ખાય-પી શકાય નહીં, માત્ર રાતના જ ખાય-પી શકાય. આ પ્રમાણે જે ધણી તાવીલ અને હકીકતની આગાહી (જાણકારી) મેળવે તો ઝાહેરી બાબતોને ઝાહેરી પદ્ધતિથી ચકાસે નહીં પણ તાવીલથી ચકાસે. દાખલા તરીકે કોઈ એમ જાણવા ચાહે કે ઇસ્લામમાં ડુક્કરનો ગોશ્ત શા માટે હરામ કરવામાં આવ્યો છે અને બકરાનો ગોશ્ત શા કારણથી હલાલ તો તેનો જવાબ "ડુક્કર એક નુકસાનકારક પ્રાણી છે તે માટે તેનો ગોશ્ત ખાઈ શકાય નહીં." એવો મળશે. "જ્યારે બકરાં-ઘેટાં ફાયદાકારક છે એટલે તે પ્રાણીઓને કાપી ખાવાં જોઈએ." આ જવાબથી એક સાધારણ સમજવાળો પણ કહેશે કે, "જે નુકસાનકારક હોય તેને તો પહેલા મારી નાખવા જોઈએ અને લાભ આપનાર જાનવરોને તો બચાવવા જોઈએ." ઉપર જણાવેલી બાબતનો નિર્ણય તો તાવીલ અને હકીકતથી જ લઈ શકાશે. માત્ર તાવીલથી જ જાણી શકાશે કે ડુક્કર કઈ રીતે હાનીકારક અને બકરો કઈ રીતે લાભકારક છે?"

તેજ પ્રમાણે રમઝાન શરીફના રોઝા રાખવાથી શરીર અને આત્માને કેવા લાભ થાય છે તે તાવીલની રોશની અને હકીકતના અજવાળામાં જ જાણી શકાશે. તેની ખરી મહત્તા ઝાહેરી જ્ઞાનથી નહીં મેળવી શકાય.

એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે ખુદા-તઆલાએ શરીર, આત્મા અને દીનમાં બાર દરજ્જા રાખેલા છે. શરીરના બાર (૧૨) દરજ્જા તે તેના બાર સુરાખ (કાણા) છે. બે નાકના, બે કાનના, બે આંખના, બે છાતીના, મોંઢા અને દુંટીના બે અને મળ-મૂત્રના બે.

એજ પ્રમાણે નફસ (આત્મા)ના પણ બાર (૧૨) ભાગ છે. અકલ, નફસ (સાસ), સમજ, વિચાર, ઝેહેન, ધ્યાન, યાદ-દાસ્ત, ખિયાલ, વહેમ, હલન-ચલન, તમીઝ અને તકરીમ.

દીનના બાર દરજ્જા તે બાર જઝીરા (ટાપુ)ના બાર હુજ્જત છે. તે દરેકને પોતપોતાના વર્તુળમાં બાતિનના આત્મા અને શરીરને લાભ કરતી વાતો સમજાવવાના અધિકારો આપવામાં આવેલાં છે. તેમાં ખાણી-પીણી, દવા-દારૂ, વેપાર-ઉદ્યોગ, શાદી-ગમી (સુખ અને દુઃખ), સંસાર-વહેવારની બાબતો સંકળાએલી છે. અગર કોઈ વસ્તુ એક જઝીરામાં ન મળે તે બીજા જઝીરામાંથી લાવી શકાય છે તેમ આપી પણ શકાય છે. જઝીરાના દાઈને આ બાબતની સંપૂર્ણ સત્તા હોય છે. દરેક સમસ્યાઓની તેને જાણકારી હોય છે એટલે દીનને લગતા દરેક સવાલનો જવાબ તેઓ જ આપી શકે છે.

તદુપરાંત બીજા પાંચ (૫) દરજ્જા પણ છે જે શરીરમાં હવાસે ખમસા (પાંચ તત્વો) કહેવાય છે. આ પાંચ

દરજ્જાની જાણકારી પણ દરેક મોમિનને મેળવવી જ જોઈએ. શરીરના પાંચ તત્વો તે સાંભળવાની, જોવાની, સ્પર્શવાની, સુંઘવાની અને ચાખવાની શક્તિ છે.

એજ પ્રમાણે આત્મા (નફસ)નાં પાંચ દરજ્જા, તમીઝ, તકસીમ, તનઝીલ, તાવીલ અને તાલીફ છે. નફસને દરેક વસ્તુની ઓળખ, તે વસ્તુના સ્થાનની સમજ, શરીઅતના ઝાહેર-બાતિનની ખબર અને જેણે મેળવી રાખવા હોય તેવા વિદ્વાન પુરુષોની માહિતી હોવી જ જોઈએ.

શરીર આત્માના દરજ્જા વિષે વાંચનારે જાણી લીધું હવે દીનના દરજ્જા બાબત પણ જાણી લે. દીનના પાંચ દરજ્જા તે નબી, વસી, ઈમામ, હુજ્જત અને દાઈ છે. પયગંબરોમાં પાંચ નબી-ઉલુલ અઝમ-એટલે કે શરીઅતના રચયિતા છે. એજ પ્રમાણે આલમે અરવાહ (આત્માઓની દુનિયા)માં કલમ, લાહે, મીકાઈલ, ઇસ્રાફીલ અને જીબ્રાઈલ છે.

જેમ શહેરે રમઝાનના ત્રીસ રોઝા છે. તેમ છ (૬) નાતિક, છ અસાસ અને એક નાતિક, બાર હુજ્જત, પાંચ રૂહાની હદ, અવ્વલ, સાની, જદ્દ, ફત્હ અને ખ્યાલ મળી ત્રીસ હદ છે. આ ત્રીસ હુદુદોમાંથી કોઈ એકની પણ નાફરમાની કરી ન શકાય. સાબિત થયું કે રમઝાન માસના ત્રીસ રોઝા રાખવા જ જોઈએ. એમાં વધઘટ કરી શકાય જ નહીં. દરેક જાણકારની ફરજ છે કે પોતે દીનની દરેક

બાબતો સમજે અને બીજાને સમજાવે. પોતે લાભ મેળવે અને બીજાને પણ લાભ આપે.

ત્યારે માહે રમઝાનના ત્રીસ રોઝાનો બાતેની અને ઝાહેરી મતલબ સમજી લીધા પછી મોમીનોને ઘટે કે તેઓ આ પવિત્ર અને સર્વશ્રેષ્ઠ માસમાં ખાવાપીવાથી પરહેઝ કરે. સૂર્યાસ્ત પછી જ ખાવુંપીવું જોઈએ તેમાં સંકેત એ છે કે સૌ પ્રથમ દીનનું ઈલ્મ કે જેનો આધાર કુર્આન અને શરીઅત પર છે તે જાણી લેવું જોઈએ અને ત્યાર પછી જ તાવીલ અને હકીકત તરફ વળવું જોઈએ.

રોઝા રાખનાર મુમીન સંપૂર્ણ રીતે જાણે છે કે ખુદાતઆલાએ જે અભેદ નબી ઉપર કુર્આન નાઝિલ કીધા છે તે નબી મુહમ્મદ મુસ્તફા (સ. અ. વ.) ખુદાના વહાલામાં વહાલા બંદા છે તેના નીમેલા ઈમામ દરેક યુગમાં મૌજુદ છે, કુર્આન અને શરીઅતથી જે માહિતગાર છે, કુર્આનનો મનફાવતો અર્થ કરનારાઓને તે રદીયો આપે છે. ખુદાતઆલા કુર્આન મજીદમાં ફરમાવે છે: "**શહેરો રમઝાનલ્લઝી ઉન્ઝેલા ફીહીલ કુર્આન હુદુન લિન્નાસે વ બય્યેનાતિન મિનલ હુદાવલફુર્કાન**" (તે શહેર રમઝાન છે કે જેમાં અમે કુર્આન ઉતારેલા છે, તે કુર્આન) લોકો માટે માર્ગદર્શક છે અને તે ખરા અને ખોટાને ચોખ્ખી રીતે સમજાવે છે), તો "ફમન શહેદા મિનકુમુશ્શહરા ફલ ય સુમહો" (તમારા દરમિયાન શહેરૂલ્લાહ

દેખાય ત્યારથી જ રોઝા રાખવાનું શરૂ કરો.)

અલી ઈબ્ને અબીતાલિબ પોતે જ બોલતા કુર્આન છે. એટલું જ નહીં પણ આપ પોતે જ રમઝાન પણ છે. તેઓ તનઝીલ અને તાવીલના ધણી છે, જે શખ્સ મૌલા-અલીને ઓળખી લે તેના માટે જરૂરી છે કે તે આ મહાન પાક વ્યક્તિના મહાન મરતબા ઉપર પરદો રાખે-એટલે કે અણસમજ અને અજ્ઞાનને તેની જાણકારી આપે નહીં. **"વમન કાના મરીઝ ન અવઅલા સફર ફઈદ્રતો મિન અય્યામિલ ઉખર"** (જેનો જાન બીમાર અથવા નબળો હોય, જે તાવીલના ઇલમને જીરવી શકતો ન હોય અથવા જે સત્યની શોધમાં એક ગામથી બીજે ગામ જતો હોય તેના માટે અલી (અ. સ.)ની વલાયતનો હક બાદમાં પણ વાળી દેવો જ જોઈએ, જે પ્રમાણે રમઝાનના ગુમાવેલા રોઝા વાળવા જરૂરી છે.

દરેક જણે હકીકતનું ઇલમ મેળવવાની તનતોડ મહેનત કરવી જ જોઈએ. હકીકતના ઇલમની શોધમાં રાત-દિવસ રહેવું જ જોઈએ. વિદ્વાન પુરુષથી પૂછ-પરછ કરવી જ જોઈએ અને પોતાના બીમાર જાનને તંદુરસ્ત કરી લેવો જોઈએ. આનો અર્થ આ છે કે બીમાર, તંદુરસ્ત થયા પછી અને મુસાફર ઘેર વળવા પછી રોઝા રાખે. સારાંશ અશક્ત અને શોધક માટે જ્યાર સુધી તે ફરી પાછો શક્તિ-વાન ન થાય અને પોતાની શોધ પૂરી ન કરી લે ત્યાર

સુધી અલી (અ. સ.)ના વસાયતના દરજ્જાને સંતાડી રાખે પરંતુ જાણકારી મેળવી લીધા પછી અલી મુર્તઝાના રૂત્બાને જાહેર કરવામાં જરાએ સંકોચ ન કરે.

બાર મહિનામાંથી એક મહિનામાં રોઝા રાખવાનો સંકેત એવો પણ છે કે બાર હુજ્જતોમાંથી એક હુજ્જત એવા છે કે જેના મરતબાને છુપાવવું જરૂરી છે. આ મહાન સર્વશ્રેષ્ઠ હુજ્જતની શાનોશૌકત બીજા અગ્યાર હુજ્જત કરતાં જ્વલંત છે જેમ વરસના બાર મહિનામાં રમઝાન મહિનાની શાન અનોખી અને જગજાહેર છે.

વરસના બાર મહિનામાં રમઝાન નવમો મહિનો છે. જે રીતે દીનના દરજ્જાઓ બાર છે. જેમાં નવમો દરજ્જો વસીનો છે, અને વસીનો મરતબો બીજા અગ્યાર દરજ્જાના ધણીઓ કરતાં ચઢીયાતો છે, તેજ પ્રમાણે બાર મહિનામાં નવમો મહિનો પણ બીજા મહિનાઓ કરતાં ચઢીયાતો છે.

રમઝાન પછીના ત્રણ મહિનાઓ અનુક્રમે શવ્વાલ, ઝિલકાદ અને ઝિલહજ્જા છે. જેમ નબી, અસાસ અને અકલ. બીજી રીતે કહીએ તો નવમા મહિના તે વસી છે, દસમા મહિના આશિર છે, અગ્યારમાં સાની છે અને બારમાં અકલ છે.

હવે રોઝા રાખનાર માટે જરૂરી છે કે તે રોઝાની શરૂઆતથી એટલે સહરીના સમયથી રોઝાની નિય્યત (પાકો ઈરાદો) કરી લે. અર્થાત પહેલા શરીઅતનું તનઝીલ જાણી

લે અને પછી તાવીલની જાણકારી મેળવે. તાવીલ જાણવા પછી દીનનો પ્રચાર કરે. નિય્યત કર્યા પછી જ રોઝુ રાખી શકાય છે. રોઝાદાર સૌ પ્રથમ રમઝાન મુબારકની મઅરેફત (જ્ઞાન) મેળવી લે, પછી રોઝુ રાખે એટલે દીનના દુશ્મનોથી વસીના મહાન મરતબાને છૂપું રાખે.

રોઝાની સંખ્યા ત્રીસની છે તેમાં શું સંકેત છે તે જાણવા પહેલા નીચે જણાવેલા દરજ્જાની માહિતી મેળવી લેવું અગત્યનું છે. આ દરજ્જાઓની શાનની શાક્ષી આકાશ અને ઝમીન બન્ને આપે છે. આ છ દરજ્જા માતાના ગર્ભમાં હોય છે જેમકે નુત્ફો, સુલાલો, અલકો, ગોશ્તનો લોચો, ગોશ્ત (માંસ) અને છેવટે હાડકા. આ છ હાલતમાંથી પસાર થયા પછી જ જે બાળક જન્મ લે છે તે જ જન્મ દુરસ્ત કહેવાય છે. આજ પ્રમાણે ઇન્શાનના શરીરમાં પણ છ મુખ્ય અવયવો છે. દિલ, જીગર, માથું, સિપર્ઝ, ઝહેસ અને ગુર્દા. જીવ (જાન) માટે–એટલે આત્માની ખોરાકના પણ ૬ દરજ્જા છે. તહારત (પાકીઝગી), નમાઝ, રોઝા, ઝકાત, હજ અને જેહાદ. નબી પણ છ છે. આદમ, નૂહ, ઇબ્રાહીમ, મૂસા, ઇસા (સ. અ. વ.) મુહમ્મદ છેલ્લા નબી છે આપના પછી કોઈ નબી આવનાર નથી એમ કુર્આન ખુલ્લા શબ્દોમાં કહે છે: '**લા નબી વ બઅદી**'

દરેક છ દરજ્જા પછી સાતમો દરજ્જો આવે છે. તે દરજ્જો એવો છે કે જેના ઉપર છ દરજ્જાઓનો આધાર

છે. ગર્ભમાં બાળક ઉપર જણાવેલા છ દરજ્જામાંથી પસાર થાય અને તેમાં સાતમો દરજ્જો (રૂહ) ફુંકાય તો જ બાળક જીવતું જન્મે. છ શરીરના અવયવોમાં જો દિમાગ સાતમાનો અભાવ રહી જાય એટલે ભેજુ ઠેકાણે ન હોય તો ઇન્સાન ઇન્સાન જ ન કહેવાય. તે જ પ્રમાણે દીનના છ દરજ્જાઓમાં સાતમો દરજ્જો **વલાયત** ઉમેરવામાં ન આવે તો બધું વ્યર્થ ગણાય. અંબીયા (ઉપર જણાવેલા છ પયગંબરોમાં) વસી એટલે અલી (અ. સ.)ને શામિલ કરવામાં ન આવે તો ઇસ્લામના દઆએમની કંઈ કિંમત હોઈ શકે જ નહીં. નબી પછી વસી અને વસીના ફરઝંદો ઇમામો એક પછી એક આવતા જ રહે છે. ઇમામ દુનિયામાં હાજર છે. જે છેલ્લા આવશે તે કાયમ (અ. ઝિ. સ.) હશે.

તહારતથી મતલબ જાનની ચોખ્ખાઈ છે, નમાઝ ખુદાની બંદગી છે, રોઝા રાખવાથી જાન નાપસંદ વસ્તુઓથી દૂર રહે છે, ઝકાત તે ઇલ્મનો પ્રચાર છે, હજથી મતલબ ઇમામ સુધી પહોંચવાની છે. જેહાદથી મતલબ દીનના દુશ્મનોને પરાજય આપવાનો છે. વલાયત ઉપર જણાવેલી વસ્તુઓનો આત્મા છે—એટલે 'રૂહ' છે. જેના દિલમાં રસુલિલ્લાહ (સ. અ. વ.)ના એહલે-બયત (અલી, ફાતેમા, હસન અને હુસેન)ની મોહબ્બત હશે તેજ શખ્સને કયામતના દિવસે કાયમ (અ. ઝિ. સ.) જહન્નમની આગથી બચાવી લેશે. જે સાહેબથી શરીઅતનો મતલબ ખુલ્લો થાય છે, જેની તમામ દુનિયા પર સત્તા છે તેનું જ નામ કાએમુલ

કયામત છે. (ખ્વાજા હાફિઝે ખરું કહ્યું છે.)

ઉનરા કે દુસ્તીએ અલી નીસ્ત કાફિરઅસ્ત– જેના દિલમાં અલીની મોહબ્બત નથી તે કાફિર છે. યા અલી મદદ–ભાષાંતરકારની નોંધ).

રોઝા દરમિયાન ખાવા પીવા, અને પરણેતર સાથે સંભોગ કરવાથી દૂર રહેવું જરૂરી છે. જો એમ ન કરે તો રોઝું ફૌત થાય, એટલે તૂટી જાય.

એજ સંકેતથી મુસ્તજીબનો અહદ લેતી વખતે તાકીદ થાય છે કે તન્ઝીલ અને તાવીલ જાહેર કરે નહીં, તેમ નફસાની (શારીરિક) સમાગમ કરવો નહીં. જેથી સ્ત્રીના ઉદરમાં નફસાની નુત્ફો સર્જાય છે. હવે જ્યારે આસમાની ફરમાનોનો ભંગ કરી મુસ્તજીબ વચનભંગ કરે છે એટલે કે તન્ઝીલ અને તાવીલનું વર્ણન કરે છે ત્યારે તેની સરખામણી તે ઉદર જેવી થાય છે. જે રોઝા રાખવાનો દેખાવ માત્ર કરે છે, પણ હકીકતમાં ખાતો–પીતો રહે છે, અને સમાગમ પણ કરતો હોય છે.

ખાવું–પીવું અને સોબત કરવું એ ત્રણેનું પરિણામ એક જ છે, કેમકે સમાગમથી સ્ત્રીના ઉદરમાં બાળકનો આકાર સર્જાય છે, આકારને ખાવાપીવાથી પુષ્ટિ મળે છે. આથી રોઝા દરમિયાન એ બાબતની મના કરવામાં આવી છે. એજ પ્રમાણે બાતેની રોઝા રાખનાર માટે અહદને તોડવાની તેમ જ તન્ઝીલ અને તાવીલને જાહેર કરવાની

મના કરવામાં આવી છે.

રોઝુ ઇફ્તાર કરવાનો અર્થ અસાસના દરજ્જાને જાહેર કરવાનો છે. હવે જે શખ્સ જાણીજોઈને રોઝુ ખોલી નાખે છે અથવા રોઝુ રાખતો જ નથી. તેના પર સાઠ (૬૦) રોઝાની કફ્ફારત છે અને તે પણ ખંડ પાડયા વિના, લગોલગ કરવાનો છે.[૧] મતલબ એ કે મુસ્તજીબ જ્યારે ત્રણ હદમાંથી કોઈ એક હદને પણ જાહેર કરી દે તો તેણે ફરઐન (ઝાડની સૌથી ઉપરની ડાળી) તરફ વળવું જોઈએ, અને તેઓ પાસે પશ્ચાત્તાપ કરી પોતાના અપરાધની માફી માંગવી જોઈએ.

રસુલેખુદા (સ. અ. વ.)એ ફરમાવેલું છે રમઝાન દરમિયાન મગરિબના સમયથી સહરીના સમય સુધી જ ખાઈ-પી શકાય છે. અર્થાત રાતમાં જ, રાતથી સંકેત બાતિન અથવા તાવીલ છે "ઈઝા અકબલલ લયલો મિન હાહોના વ અદબરન્નહાર મિન હાહોના ફકદ અફ્તરસ્સાયેમ" (જ્યારે રાત પૂર્વમાંથી પસાર થાય ત્યારે રોઝુ રાખો અને જ્યારે દિવસ પૂરો થાય ત્યારે ઇફ્તાર કરો) આનો બાતેની અર્થ એ છે કે અકલેકુલ તવહીદ (ખુદા એક છે)ના ઇલ્મના મશ્રિક (પૂર્વ) છે

---

૧. તંદુરસ્ત માણસ અગર જાણીજોઈને, કારણ વગર રોઝુ રાખે તો એક રોઝા બદલ, તેણે લગાતાર સાઠ (૬૦) રોઝા ફરજીયાત કરવા પડે છે. (લેખકની નોંધ).

મોમીનને તેમનાથી તાઈદ મેળવવી જોઈએ. જ્યારે અકલે-સાની તવહીદના નૂરના મગરિબ (પશ્ચિમ) છે. મતલબ જ્યારે જાહેરી શરીઅત 'સંપૂર્ણ' થાય ત્યારે સાની તરફ વળે. ખરેખર એકવાર જ્યારે હક (સત્ય) જાહેર થઈ જાય પછી મુમિનને દુશ્મનોથી ડરવાની જરૂર ન હોય. એટલે રાત દરમિયાન રોઝુ રાખવાનું ન હોય.

સરવરે આલમ (સ. અ. વ.)એ એમ પણ ફરમાવેલું છે કે મુસાફરીમાં રોઝા ફરજ નથી. અર્થાત્ જ્યારે મુમિન ઇલ્મની તલાશમાં ફરતો હોય ત્યારે તેના માટે જરૂરી છે કે તે તલાશને પડતી ન મેલી દે. ઉલટાને વધારે ઉમંગથી તેની શોધ કરતો રહે મતલબ કે તે જાહેરી અને બાતેની બન્ને વિદ્યાથી પૂરેપૂરી રીતે જાણકારી મેળવી લે અને પછી સમજીને બંદગી કરે.

હજી પયગંબર સાહેબે (સ. અ. વ.) ફરમાવેલું છે કે તંદુરસ્ત સ્થિતિમાં જ રોઝા રાખી શકાય. અર્થાત્ જાનની સલામતી ન હોય ત્યાર સુધી અસાસના મરતબાને જાહેર ન કરે.

વળી આપ (સ. અ. વ.)એ એમ પણ ફરમાવેલું છે કે જ્યાર સુધી ધન ન મેળવી લ્યો ત્યાર સુધી પ્રવાસ ચાલુ રાખો મતલબ હકીકતનું જ્ઞાન તે જ ખરી દવલત છે તેને મેળવવામાં આગળ વધતા જ રહો.

ખુદાતઆલાના પ્યારા રસુલ (સ. અ. વ.)એ એમ

પણ કહ્યું છે કે 'લયલતુલ કદ્ર' રમઝાન મહિનામાં આવે છે. આ રાતમાં ઈન્સાન, હયવાન, ઝાડ-પાન, જવાહેરાત ખુદાતઆલાને નમનતાઈની સજદો કરે છે. આનો અર્થ એ છે કે અસાસના ફરઝંદોમાંથી એક ફરઝંદ એવા છે કે, જેમની ફરમાનબરદારી દીનના ત્રીસે ત્રીસ હુદૂદ કરે છે. આ માનવંતા સાહેબ એક દિવસ ઝાહેર થશે અને જ્યારે આપ પધારશે ત્યારે દરેક ધર્મ અને પંથના લોકો તેમના તરફ વળી જશે. 'લયલતુલ કદ્ર' એક હજાર મહિના કરતાં અફઝલ (સર્વોત્તમ) છે. અર્થાત્ કાએમ (અ. ઝિ. સ.) તમામ ઇમામો કરતાં બરતર અને આલા છે.

માહે રમઝાનના ત્રીસ દિવસ છે જેની ત્રણ ભાગમાં વહેંચણી કરવામાં આવેલી છે અને તે દરેક ભાગ 'દસકા'ના નામે ઓળખાય છે. પહેલાં દસકાથી ગરઝ નાતિકની, બીજાથી અસાસ અને ત્રીજાથી ઇમામોની છે. વસી, ઇમામ, બાબ, હુજ્જત અને દાઈ આ પાંચ હદના મારફત જ મુમીન કાએમને ઓળખી શકે છે.

પ્રકરણ ૩૪

હજ બાબત

અલ્લાહ સુબ્હાનહુની મદદથી કહું છું કે હજ કરવાનો અર્થ માત્ર દેખાવ ખાતર નહીં પણ ખરા દિલથી કોઈ એક ખાસ વસ્તુ તરફ કસ્દ (ઇરાદો) કરવાનો છે. જગતમાં ખાસમાં ખાસ વસ્તુ અથવા જગ્યા બયતુલ્લાહિલ હરામ છે જેના તરફ મોઢું કરીને દુનિયાના બધા મુસલમાનો ભલે તેઓ ગમે તે દિશામાં વસતા હોઈ—નમાઝ પઢે છે.

નમાઝ પઢનારાઓના બે ભાગ છે. એક ભાગ તો તે કે જેઓ મક્કા મુઅઝઝમામાં રહે છે. તેઓ મસ્જીદે કઅબામાં જઈ, કઅબા તરફ મોઢું કરી, કોઈ પણ દિશામાંથી નમાઝ પઢી શકે છે. બીજો ભાગ મક્કા શહેરથી દૂરદરાઝ ફેલાએલા મુસલમાનોનો છે. તેઓ માટે જરૂરી છે કે તેઓ જ્યાં હોય ત્યાંથી કઅબા કઈ દિશામાં છે તે ચોક્કસ રીતે જાણી લે અને પછી તે દિશા તરફ રૂખ કરી નમાઝ પઢે,

કઅબા તરફ રૂખ કર્યા સિવાય બીજી દિશા તરફ રૂખ કરી પઢેલી નમાઝ જાએઝ નથી ગણાતી.

હજમાં બે અરકાન અને એહકામ અદા કરવાના હોય છે. જેમાં ખાનએ કઅબામાં દાખલ થવું અગત્યનું છે. આટલા ઉપરથી જાણી શકાશે કે, હજ અને નમાઝમાં એક જાતની સંયુક્તા છે. નમાઝ પઢનાર ખાનએ કઅબાને આંખે જોય કે ન જોય તો પણ કઅબાના રૂખ પર પઢેલી નમાઝ જાએઝ છે. જ્યારે હજમાં કઅબામાં આવવું, તેને તવાફ દેવું (તેના આસપાસ ફરવું) અને તેને આંખો ભરીને જોવું આવશ્યક છે. તે વિના હજ મુકમ્મલ થતી નથી, એટલે અધુરી ગણાય છે.

રસુલે અકરમ (સ. અ. વ.)ની હદીસ શરીફ છે કે ધરતી પર રચાએલા કઅબા આસ્માન ઉપર સ્થાપેલા કઅબાના મુકાબિલ છે. ધરતી પર (મક્કામાં) રચાએલા કઅબાના આસપાસ, રાત-દિવસ અને બારેમાસ ફરિશ્તાઓ અને આદમીઓ જ તવાફ દે છે જ્યારે બયતે મામૂરને (આસમાન ઉપર રચાએલા કઅબાને) ફરિશ્તાઓ જ તવાફ દે છે.

હવે દરેક શક્તિમાનના માટે હજ કરવું ફરજીઆત છે. શક્તિમાનની વ્યાખ્યા આ પ્રમાણે છે કે તેના પાછળ તેના ઘરના લોકો જેઓનો જીવનઆધાર તેના ઉપર હોય તેઓના ખાદ્ય ખોરાકની જોગવાઈ કરી રાખી હોય, હજ

કરવા જનાર માટે રાજ્યની, રસ્તાની ઈત્યાદી અડચણ ન હોય તે સંપૂર્ણ રીતે તંદુરસ્ત હોય.

એ પણ જરૂરી છે કે હજ કરનાર ગમે તો એકલો જાય, હાજીઓની વંજાર (કાફલા) સાથે જાય, વાહન (ખચ્ચર, ઊંટ, ઘોડા) પર બેસીને જાય, અને જો શક્તિમાન હોય તો પગપાળો જાય.

કઅબાને ખુદાનું ઘર (બયતુલ્લાહ) પણ કહેવામાં આવે છે. ખુદા ફરમાવે છે કે જગતની બધી મસ્જીદો મારા માટે છે તેમાં કઅબા મારું ખાસ ઘર અને મિલ્કત છે.

આથી એમ કહેવાય છે કે ઈમામ જાણે મસ્જીદે કઅબા છે. અને દાઈ તે મસ્જીદના કિબ્લા છે. હવે જેમ કિબ્લા કઅબાના રૂખ (દિશા) તરફ છે તેમ દરેક દાઈ પોતાના રૂખ (ચહેરા)ને ઇમામ તરફ રાખે છે અને તેનાથી જ દોરવણી મેળવે છે, જ્યારે મુસ્તજીબ એટલે સર્વ સામાન્ય મુમિન દાઈ તરફ રૂખ રાખે છે અને તેની ફરમાનબરદારી કરે છે.

ઉપર કહ્યું તેમ જે પ્રમાણે નમાઝીઓના બે ભાગ છે તેજ પ્રમાણે મુમીનોનાં પણ બે ભાગ છે હવે જે લોકો ઇમામની હઝરતમાં હોય એટલે કે ઇમામના નઝદીક હોય તેઓ દાઈ યા હુજ્જતની દરમિયાનગીરી વગર ઇમામથી ઇલ્મ મેળવી શકે છે જ્યારે જેઓ ઇમામથી દૂર હોય તેઓને તો પોતાના દાઈ મારફત જ ઇલ્મ મેળવવું પડે

છે. કિબ્લાથી જ કઅબા તરફ વળવું પડે છે.

ધરતી પર કઅબા છે અને ગગન પર બયતે મામૂર છે. આમાં સંકેત એ કે ગગનથી ઇશારો ઇમામ તરફ છે. જે આસમાનના ફેલાવમાં તમામ દુનિયા છે. એવી જ રીતે આખું જગત ઇમામની આંખો નીચે છે. બયતે મામૂર ઇમામનું ખાસ મકાન છે. જેને તવાફ દેનારા અને તેના આસપાસ વસનારા અમર છે. બયતે મામૂરથી જ ખુદાએ પોતાના ઇલ્મને ધરતી પર ઉતારેલું છે જે પ્રમાણે દુનિયાના લોકો પોતાના ધનને ઘરોમાં સંગ્રહી રાખે છે તેમ ઝમાનાના ઈમામ-ઇનસાનની સુરતમાં-દુનિયામાં હાજર હોય છે. **ઈમામથી જ દુનિયાનું અને મુમિનોનું જોડાણ છે.** ઇમામના તાબેદારો બશર (ઇન્સાન) હોવાના કારણે તેઓને જગતમાં મુસીબતો પણ ભોગવવી પડે છે અને મોતને પણ શરણે થવું પડે છે.

મક્કા મોઅઝઝમાં જતાં રસ્તામાં કેટલીક જગ્યાએ રાતવાસો કરવો પડે છે. આમાં ઇલ્મની મન્ઝીલો છે. મુમિનો ઇલ્મ મેળવી તે ઉપર અમલ કરવા માટે થોભતા હોય છે હવે હાજીઓ જેમ રસ્તા વટાવી છેવટે મક્કા પહોંચી જાય છે તે જ પ્રમાણે મર્દ મુમિન જીવન દરમિયાન વિરોધીઓના વિરોધોનો સામનો કરી તેઓને હરાવી પોતાના અમલ, મકસદ કે જે ઇમામ છે તેઓ તરફ પહોંચી જાય છે. **આ ઈમામ કોણ છે? તેઓ ખુદાના**

ઈલ્મના ખજાના છે. તેઓ સિરાતે મુસ્તકીમ છે.

મક્કા પહોંચવા પહેલા હાજીઓને હરમની નક્કી કીધેલી હદો આવે ત્યારે એહરામ બાંધવાનો હોય છે. તેને મીકાત કહે છે. આ બધી હદોથી મુરાદ ઈમામના હુજ્જતો છે, જેઓ ઈમામથી કોઈ પણ વખત જુદા પડતા નથી. તેઓ જ ઈમામથી ઇલ્મ મેળવી દુનિયાની ચારે દિશામાં તે ઇલ્મને ફેલાવે છે. આ હુજ્જતોના મારફત જ ઇમામના દરબારમાં પહોંચી શકાય છે. જેમકે હરમના મીકાત પર એહરામ બાંધ્યા વિના કઅબામાં દાખલ થઈ શકાતું નથી.

એહરામમાં બે કપડાથી શરીરને ઢાંકી, માથું ઉઘાડું રાખી સ્ત્રી સમાગમ, ખોટી વાતો અને ખોટા કામોથી દૂર રહેવાનું હોય છે. ઈમામની હજરતમાં પહોંચનારને પણ, એવી જ રીતે નિર્વિકાર થઈને, બીજાઓના સંબંધો ત્યાગીને, શંકા-કુશંકા છોડીને, માથું ઉઘાડું રાખીને-એટલે હુજ્જતથી અકીદો (માન્યતા) ખુલ્લો કરીને જવું જોઈએ.

દરેક શરીરમાં નફ્સ (આત્મા) છે અને તેની સુરત તે તેનો એતેકાદ છે. શરીરને કપડાથી ઢાંકવામાં આવે છે. એનો અર્થ એ કે મુમિન ગયરમુમિનથી પોતાના એતેકાદના જાહિર અને બાતિનને સંતાડે.

એહરામ બાંધેલો પોતાના શરીરને ભીંજુ કરી એમ કહે છે કે, 'મેં ઇલ્મ મેળવી મારા જાનને પાક-સાફ

કરેલો છે. પછી તે બે રકઆત નમાઝ પઢે છે તેનો અર્થ એ કે તે ઇમામ અને ઇમામના હુજજતોનો સ્વીકાર કરે છે. લબ્બેક તે તસ્બીહ છે અને હક તરફ વળવાનો તેમાં સંકેત છે.

હાજીને શિકાર કરવાની, મારવા-તોડવાની, સ્ત્રી સમાગમ કરવાની, ઝાડ-પાન ઉખેડવાની, નખ કાપવાની, કાતરવાની, તોડવાની, જૂ મારવાની, શરીરને ખુજાલવાની મના કરવામાં આવેલી છે. હેતુ એ કે ઇમામની હાજરીમાં બીજાનો અહેદ લઈ શકાય નહીં, બયાન કરી શકાય નહીં, સગા-વહાલાથી અલગ પડી પોતાના મવલા માટે વાદ-વિવાદ થાય નહીં. સારાંશ ઇનામની હાજરીમાં ઇમામની રજા વગર કશું જ કરી શકાય નહીં.

મક્કા શહેરનો ઘેરાવો સરેરાસ ચોવીશ (૨૪) માઈલનો છે. તેમાં બાર હુજ્જત દિવસનાં અને બાર રાતના લેવાયા છે. આ ઘેરાવામાં કયાંયે ચોક્કસ બારણા રાખેલા નથી. હરમની હદમાંથી ગમે તે રસ્તે અંદર દાખલ થઈ શકાય છે, પણ કઅબામાં બાબે બની શયબાથી જ આવવું પડે છે, જો કે તે દરવાજાના પણ બારણા નથી. મુમિનને ઘટે કે તે કોઈ પણ શર્તો અને બંધનો વગર હકની દઅવતમાં જોડાઈ જાય, હજરે અસ્વદ (કાળા પથ્થર) પાસે આવે અને અસાસના દરજ્જાનો એકરાર કરે.

કઅબાનો આકાર સમચોરસ છે. તેના ત્રણ ખૂણા

પડદાથી ઢંકાએલા રહે છે પણ હજરે અસવદવાળો ખૂણો ઉઘાડો રહે છે, મતલબ એ કે વસી ત્રણ અસલથી ઇલ્મ અને ફયઝ મેળવે છે. વસી પોતે તેના ચોથા બુરૂજ છે.

કઅબાને સાત ફેરા ફરવાના હોય છે તેનાથી ઇશારો અઇમ્મતના સાતરાનો એકરાર કરવાનો છે. તવાફ દેનાર કઆબાના ચારે ખૂણાને ધ્યાનમાં લે છે, જે ઇમામના ચાર હુજ્જતની ઓળખાણ આપે છે. જે અરબઅતુલ હુરૂમથી ઇમામની પહેચાન થતી હોય છે. મકામે ઇબ્રાહીમના ગોળાર્ધના બાહર નમાઝ પઢાય છે. આમાં સંકેત હાજીઓને મૂળ હદનો એકરાર કરવાનો છે. કઅબાના એકદમ અંદરનો ભાગ અને બાહરનો આ ગોળાર્ધ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

સફા અને મરવાની સાઅયે પ્રથમ સફાથી શરૂ થાય છે તે સમયે હાજી કઅબાને નિરખે છે. સફાલાહિક (જોડાણાર)નું મહત્ત્વ રાખે છે અને નિરખવું વસી તરફ છે. મરવા તરફ જોઈને સુદ્ધાં કઅબાને નિરખવાના છે. આ પ્રમાણે જે સાત ફેરા થાય છે તેમાં અઇમ્મતના સાતરા તરફ સાઅયે કરવાનો સંકેત છે, સાઅયે કરતી વખત ક્યાંક દોડવાનું હોય છે, ક્યાંક ઉતાવળ કરવાનું હોય છે અને ક્યાંક ધીમેથી ચાલવાનું હોય છે. આ બધામાં જીવનના દીની ભેદોનો શુમાર કરવામાં આવ્યો છે.

આટલું કર્યા પછી હાજી પોતાના માથાને ઢાંકી શકે છે. એનો અર્થ એ કે ઇમામ જ્યારે તાબેદારને પોતાના

ફરજ્જાથી વાકિફ કરી દે ત્યારે તાબેદાર માટે જરૂરી છે કે તે ઇમામના ફરજ્જાને બીજા ઉપર જાહેર કરે નહીં. હજ કરી લીધી, એહરામ ઉતારી નાખ્યા અને રોજીંદા કપડા પહેરી લીધા. જે બાબતોથી દૂર રહેવાની મના હતી તેની છૂટ મળી. દીન પછી દુનિયવી ઝીંદગી ગુઝારવાનું ફરમાન થયું. જાહેર અને બાતિન બન્નેની જાણકારી રાખવાનું લાઝિમ થયું, શરીર ઉપર કપડાં આવી ગયાં.

અરફાની હાજરી કયામતના સાહેબની જાણકારી કરાવે છે. તે પછી મીના જઈ કુરબાની કરવાની હોય છે. હાજી નક્કી કરી લે છે કે તે દીનના દુશ્મનોને પરાજય આપશે. હકને જાહેર કરશે અને બાતિલને કચડી નાખશે. સાચાને જાહેર કરી ખોટાને તેના જડમૂળથી ઉખેડી નાખશે.

પ્રકરણ ૩૫

જેહાદનો ગૂઢાર્થ

ખુદાતઆલાની મદદથી કહું છું કે જ્યારે ઇન્સાનના શરીરનો સંબંધ આ દુનિયા સાથે અને જાનનો સંબંધ રૂહાની (આત્મિક) દુનિયા સાથે છે ત્યારે આ દુનિયાની જરૂરીયાતો તેને આલમે ફાની (નાશવંત દુનિયા) તરફ ખેંચે છે જ્યારે તેના મઅકુલાત (આત્માની જરૂરીયાતો) તેને પેલી દુનિયા (આલમે બાકી) જે નાશ પામવાની નથી, તેના તરફ આકર્ષે છે.

આ દુનિયા (ફાની) અને પેલી દુનિયા (બાકી)ની રસાકસીમાં ખેંચાઈ રહેલા ઇનસાનોના ત્રણ ભાગ પાડવામાં આવ્યા છે. પહેલા વિભાગમાં એવા લોકોનો સમાવેશ થાય છે કે જેઓ દુનિયાની ખ્વાહેશાત (અયશ, આરામ, ખાવું-પીવું માત્ર)માં જકડાએલા છે. જેના લીધે તેઓ નફ્સે શહવાની તરફ વળે છે. બીજા ભાગના લોકો દીનદારો છે

જેઓ દુનિયાની મોહજાળમાં ન સપડાતાં અકલ અને નફ્સ તરફ વળે છે. ત્રીજી કક્ષાના લોકો બન્ને દુનિયા વચ્ચે અધ્ધર રહે છે તેઓ નેકી અને બદીમાં ભેળસેળ કરી દે છે, સવાબ (પૂણ્ય) અને અઝાબ (પાપ), ખરા અને ખોટા વચ્ચેનો તફાવત જોઈ શકતા નથી. આવી પરિસ્થિતિમાં ઇન્સાન માટે જરૂરી છે કે તે આલમે રૂહાની તરફ પોતાના વિચારોને કેન્દ્રિત કરી દે અને નફ્સે શહેવાથી (તામસ) ઉપર સંપૂર્ણ કાબૂ મેળવી લે. શહેવત ઉપર કાબૂ મેળવવાનો એક જ રસ્તો છે. ઇન્સાન પોતાના ગુસ્સાને કાબૂમાં રાખી શરીઅતના ફરમાનોનું પાલન કરે. દીન અને દુનિયા માટે શરીઅતે જે માર્ગદર્શન આપ્યું છે તેને માન્ય રાખે.

આ દુનિયાના લોકોમાંના કેટલાક એવા છે કે, જેઓ હંમેશા અયશ-ઇશરતમાં જ રચ્યાં-પચ્યાં રહે છે. તેઓને દીન કે શરીઅત સાથે લેશમાત્ર પણ સંબંધ હોતો નથી. બદી તરફ જ તેઓનું ધ્યાન હોય છે. નેક અને દીનદારો આવા બેદીન અને બદકાર માણસોથી દૂર રહે છે તેઓથી આવા કોઈ ગુનાહ ન થાય તે માટે તેઓ પોતાના હાથોને જાણે કાપી નાખે છે.

ખુદાતઆલા કુઆર્ને મજીદમાં ફરમાવે છે કે " **યા અય્યોહન નબીયો જાહેદિલ કુફ્ફારા વલ મુનાફેકીના વગલુઝ અલયહિમ** " (અય મુહમ્મદ ! અધર્મીઓ અને મુનાફેકો સાથે જેહાદ કરો અને તેઓને

ધિક્કારી કાઢો).

જેહાદનો હુકમ ઇમામ જ આપી શકે છે લોકોના માટે ઇમામ વિના જેહાદ કરવું વાજીબ નથી. ઇમામ જેહાદ કરે કે ન કરે, જઝિયો વસૂલ કરે કે ન કરે તેમાં કોઈને પણ આંગળી ચીંધવાનો હક નથી.

હવે જ્યારે ઉપર જણાવ્યા મુજબ ઇન્સાનનો સંબંધ શરીર અને આત્મા બન્ને સાથે છે ત્યારે જેહાદના પણ બે પ્રકાર છે.

એક જેહાદ શારીરિક છે જે દીનના જીસ્મ એટલે શરીઅત મેળવવા માટે છે. સરવરે કાએનાત (સ. અ. વ.)ની હદીસ છે : "ઉમીરતો અન અકાતિલન્નાસા હતમ યકૂલુ 'લા ઈલાહા ઇલ્લલ્લાહ'" (જ્યાં સુધી મને લા ઇલાહા ઇલ્લલ્લાહ ન કહે ત્યાં સુધી મને તેઓ સાથે લડવાનો હુકમ થયેલો છે.)

શરીર સદા કાયમ રહેવાનું નથી, એક દિવસ અવશ્ય નાશ પામશે. દીનના જીસ્મના ધણી નાતિક છે. પયગમ્બર પછી વસી, અને વસી પછી ઇમામ આવતાં રહે છે. તેઓ સઘળા જેહાદના સર્વાધિકારી છે.

બીજા પ્રકારની જેહાદ દીનના જાન એટલે તાવીલને મેળવવા માટે છે. આ રૂહાની જેહાદ કે જેના માટે ખુદાએ ફરમાવેલું છે કે : "લા ઈકરા હા ફિદ્દીન" (દીનમાં

કોઈ જબરદસ્તી નથી) તેનું કારણ એ છે કે આત્મા અમર છે તેના માટે કોઈ ઝવાલ (પડતી) નથી.

દીનના જાનના જેહાદના ધણી અસાસ છે. દરેક હુજ્જત કે જે અસાસને ઓળખે છે તેનો મરતબો એવો છે જેવો અસાસનો દરજ્જો નાતિકના સંબંધમાં છે. રસુલિલ્લાહ (સ. અ. વ.)ની આ હદીસ છે કે: **"બયનકુમ મિન યુકાતેલોકુમ અલા તાવીલલ કુરઆન કમા કાતેલતકુમ અલા તનઝીલા"** (તમારામાંથી ભલો તે છે કે જે કુરઆનની તાવીલ માટે ચળવળ કરે જેમ તેણે કુરઆનની તનઝીલ માટે ચળવળ કીધી છે.)

આત્મા જીસ્મ કરતાં ચઢિયાતો છે અને તે અસલ છે. જીસ્મ તે અસલની શાખ છે એ જ પ્રમાણે જીસ્માની જેહાદ કરવાનો ખરો મતલબ રૂહાની જેહાદથી છે, જે જીસ્માની જેહાદ કરતાં ઉત્તમ છે.

આથી દરેક મુમિન માટે જરૂરી છે કે તે મુનાફિકોને દીનના રસ્તાની સમજણ આપે તેઓથી ઈખ્લાસનો કલમો પઢાવે આમ કરવા છતાંય જો તે ન સુધરે તો પછી તેના સાથે શારીરિક (જીસ્માની) જેહાદ કરે.

જેમ જીસ્માની જેહાદમાં ચાલબાઝી રમી શકાય છે તે જ પ્રમાણે જાનની જેહાદમાં પણ છે. હદીસમાં છે કે લડાઈમાં દગો ફટકો હોય છે.

જાનની જેહાદમાં ચાલબાઝી કઈ રીતે કરી શકાય? જ્યારે કોઈ અધર્મીને દીન તરફ વાળવો હોય ત્યારે સૌ પ્રથમ તેના આગળ જાહેરી એતેકાદ (માન્યતા) રજૂ કરવો જોઈએ તે પણ એવી રીતે કે તે સમજી ન શકે તેના એતેકાદમાં અને દીન તરફ આમંત્રણ આપનારના એતેકાદમાં કંઈ તફાવત છે. હવે જ્યારે તે દીનનો સ્વીકાર કરી લે ત્યારે તેને દલીલોથી હરાવી હક તરફ વાળવો જોઈએ. પછી જ્યારે તે હકનાદીન તરફ બરાબર વળી જાય ત્યારે ચાલબાઝી તજી તેને સત્ય હકીકતથી વાકેફ કરી દેવો જોઈએ. જેમ ખુદાતઆલા કુર્આને મજીદમાં ફરમાવે છે કે: 'જ્યારે તમારી સંખ્યા અધર્મીઓ કરવા વધી જાય તો તેઓની ગરદનો ઉડાડી દો એટલા સુધી કે તેઓને કતલ કર્યા બાદ મજબૂતાઈથી કેદ કરી લો. ત્યાર પછી કયાં તો તેઓ ઉપર ઉપકાર કરી અથવા તેઓ પાસે કોઈ રકમ લીધા પછી તેઓને છૂટકારો આપો શરત એટલી જ કે તેઓ હથિયાર છોડી તમારા શરણે આવે.

જો આ બાબતનો માત્ર જાહેરી તરજુમો કરવામાં આવે તો તેનો કંઈ અર્થ થતો નથી, કારણ ઉપર જણાવ્યા પ્રમાણે જો માણસની ગરદન ઉડાડી દેવામાં આવે તો પછી તેને મજબૂતાઈથી બાંધી કેમ શકાય? તેનાથી વચન કે કબૂલાત કેમ લઈ શકાય? અહીં ગરદનથી સંકેત હવસનો રસ્તો છે. ગરદન સલામત હોઈ તો જ માણસ જોઈ શકે, સાંભળી શકે, સુંઘી શકે, સ્વાદ લઈ શકે પણ જો ગરદન

ન હોય તો ઉપર જણાવેલી બધી શક્તિઓ નકામી થઈ જાય. પાણી, ખોરાક ગરદન મારફત જ શરીરમાં જઈ શકે છે.

ત્યારે એક શખ્સ બીજા શખ્સને જ્યારે પોતાનો રહબર માની લે ત્યારે તેને ઘટે કે પોતાના રહેબર (ગુરૂ)ના ચીલે ચાલે. શિષ્યનું પોતાના ગુરૂ સાથેનું જોડાણ શરીર સાથે ગરદનના જોડાણ જેમ છે. શાગિર્દ શરીર છે અને ઉસ્તાદ માથું છે.

દરેક દાઈની પહેલી ફરજ એ છે કે, જે કોઈ સાથે તેઓ દલીલ કરતા હોય, તેમાં ઝાહેરી ઈલ્મના સાધનોથી તેને ઠસાવી આપે કે તેના એઠેલા દાઈ ખોટા છે. આમ કરવાથી વિરોધીઓનો એતેકાદ પડી ભાંગે છે. આવું થયા પછી જ દાઈને ઘટે કે પોતાના ઈમામથી મેળવેલા બાતેની ઇલ્મના સાધનથી તેના સાથે દલીલો કરે. એટલા સુધી કે વિરોધીઓને ખાત્રી થઈ જાય કે તેનો નેતા ખોટા ઈમામ છે અને તેનો ચીંધેલો રસ્તો પણ ખરો રસ્તો નથી. આવા સરેસ્તાથી વિરોધીને, હકના રસ્તા તરફ વાળવાના કામને નફસાની ગરદન મારી દેવાથી સરખાવેલું છે. ત્યારે મુખાલિફને તેની દલીલોનો રદિયો આપી જાહેરી હુજ્જતથી હકના તરફ વાળવા જોઈએ. અંકિત કરી લેવાનો એક અર્થ એવો પણ થાય છે કે જ્યારે વિરોધીને જાહેરી-બાતેની દલીલોથી જેર કરવામાં આવે અને તે સાચા

રસ્તાને પામી જાય તો ઇમામની ગેરહાજરીમાં હુજ્જત અથવા દાઈ તેનો મીસાક (અહદ) લે અને પછી તેને દીનની રીતસર તાલીમ આપવાની શરૂઆત કરે.

સમજુતી અથવા તાલીમ આપવાના પણ બે પ્રકાર છે. એક તો એ કે કોઈ સામેવાળાને વગર પૂછે સમજણ આપે. આવી રીતે જે સમજણ અપાય છે તેને અરબી-ભાષામાં 'મન' કહે છે કુર્આનમાં પણ તેનો એવો જ અર્થ લેવાયો છે અને જ્યારે દાઈ સામેવાળાના સવાલોના ઉત્તર આપે તેને 'ફિદા' કહે છે અરબી બોલચાલમાં કોઈ વાત જાણી લીધા પછી સવાલ પૂછનાર જવાબ દેનારને 'તમારા પર કુરબાન જાવું' એવું કહેતો હોય છે. આ સમજણ આપવાનો એક બીજો પ્રકાર છે.

અહદ લેનાર અને આપનાર વચ્ચે ઉપર જણાવેલા બન્ને પ્રકાર પર અમલ થવું જરૂરી છે. કોઈક વખત એવું પણ બને છે કે વિરોધી સવાલ કરવામાં પાછો પડે છે, અથવા કંજુસાઈ કરે છે અથવા તો તદ્દન જ ચૂપ રહે છે. આવી સ્થિતિમાં પણ અહદ લેનાર તેને વગર પૂછે તેને જે કહેવુ જોઈએ તે કહી જ દે છે, જેથી સામેવાળો હિમ્મત કેળવી પૂછતો થાય છે અને જવાબો મળતા શંકા તજી સંતોષી બને છે. બાતિલના (ખોટા) રસ્તાને છોડી હકનો રસ્તો અખત્યાર કરે છે. આવી ચર્ચા કે વાદવિવાદને 'હરબે નફસાની' એટલે કે 'આત્મિક યુદ્ધ' કહે છે જે

પૂરું થતાં બન્ને પક્ષ શાંતિ અનુભવે છે.

ખુદાતઆલા કુર્આને મજીદમાં ફરમાવે છે કે "વ **કુલ્લો ઈનસાનિન અલઝમનાહો તાએરોહુફી ઉનોકેહીવ નોખરેજો લહુ યવમલ કિયામતે કિતાબન યલકાહો મનશુરા"** અર્થાત્ દરેક માણસના ગળામાં તેની જવાબદારી અટકાવેલી છે, કયામતના દિવસે તે બાહર કાઢવામાં આવશે જેથી તે પોતાના કરતૂતને, ખુલ્લા જોઈ લેશે.

આ આયતની સમજણ એવી આપવામાં આવે છે કે દરેક ઈન્સાન અને પ્રાણીના ટકાવનો આધાર તેની ગરદન ઉપર છે. ગરદનનું જોડાણ માથા સાથે છે. માથાથી મુરાદ ઇમામ (અ. સ.) છે. હકના ઈમામ માસૂમ (ગુનાહ રહિત) હોવાથી તેમના ઉપર કશો વબાલ (આફત) હોતો જ નથી, જ્યારે ખોટા ઈમામથી સંબંધ રાખનારના ગળામાં વબાલના ટૂચા છે જે તેમના માટે આફતરૂપ છે. આ ઉપરથી સ્પષ્ટ થશે કે કોઈ પણ કોમની ખુશબખ્તી કે બદબખ્તીનો આધાર ઈમામની હક્કાનિયત કે કબુલાત ઉપર જ રહેલો છે. અગર ઇમામ ખરા છે તો સંપૂર્ણ શરીર સાજુતાજુ રહેશે પણ જો ઇમામ ખોટા હશે તો શરીરમાં હજારો પ્રકારની ખોડખાંપણો જન્મ લેશે.

ત્યારે જેહાદ બે જાતની છે, એક જીસ્માની અને બીજી રૂહાની મુમિનને લાયક છે કે અધર્મી સાથે તલવારથી

લડે અને તેનો નાશ કરી નાખે કારણુ તે જાહેરી શરીઅત અને ખુદાની કિતાબનો સ્વીકાર કરતો નથી.

જાણવું જોઈએ કે ખૂન પણ બે પ્રકારના છે એક જીસ્માની અને બીજુ રૂહાની. જીસ્માની તે કે જે હયવાનોની નસોમાં વહે છે. રૂહાની રક્ત તે છે કે જેને શક અને શુબ્હ (શંકા) કહે છે. આ રક્તની ધારા ઈન્સાનના વિચાર, ચિંતન અને મનનમાં વહેતી હોય છે.

ખુદાતઆલાએ રસુલિલ્લાહ (સ. અ. વ.)ને અધર્મીઓ સાથે લડવાનો અને તેઓને પાયમાલ કરવાનો આદેશ એટલા માટે આપેલો છે કે તેઓ મુનાફિક છે. શરીઅત કે જે હકના દીનના શરીરના સ્વરૂપમાં છે તેનો અસ્વીકાર કરે છે.

આ તો જીસ્માની જેહાદની વાત થઈ કે જે પોલાદ કિંવા બીજી અન્ય ધાતુઓથી બનાવેલ શસ્ત્રોથી થાય છે. પણ રૂહાની જેહાદ રૂહાની હથ્યારથી જ કરી શકાય છે.

કોઈ પણ લડાઈમાં જ્યારે યોદ્ધાઓ ધારાતિર્થ પડે છે ત્યારે તેમના શરીર ઠંડા પડીને સ્થિર થઈ જાય છે અને શારીરિક હિલચાલ થંભી જાય છે. એ જ પ્રમાણે જ્યારે મુનાફિકોને જેર કરવામાં આવે છે ત્યારે તેઓના દિલોમાં જે શક શુબ્હાત હોય છે તે ઠંડા પડીને કામકાજ કરતા અટકી જાય છે. વિરોધીઓની વિરોધતા અટકી જાય છે.

આ રીતે હરેક મુમિન માટે જરૂરી છે કે કે હકના ધણીની રજાથી બન્ને પ્રકારની જેહાદ કરે. અધર્મીને પીઠ દેખાડી અથવા તો તેનાથી ડરી કદીએ પાછો ન હટે કુર્આને મજીદએ આવું કરનારાઓને વખોડી કાઢયા છે. "યા અલ્લોહલ લઝીના આમનુ ઇઝા લકીતુમુલ લઝીના ઝહફા"વાળી આયતમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

સરવરે કાએનાત (સ. અ. વ.)ની જેહાદથી ડરીને ઘરમાં ભરાઈ બેઠેલાઓને બાહર આવી વીરતા બતાવવાની આજ્ઞા આપેલી છે. તેમાં આપે એમ પણ ફરમાવેલું છે કે અધર્મીઓના સાથે લડતી વખત એકબીજાના મોંઢા ઉપર ઘા કરવા નહીં. મતલબ ચહેરાથી મુરાદ બાતિનની છે. મોઢાને ખરાબ કરી તાવીલને જોખમાવું ન જોઈએ.

વળી આપે ફરમાવેલું છે કે બાળકો વૃદ્ધો તેમ સાધુપુરૂષોને લડાઈમાં મારવા નહીં, સબબ કે બાળકોમાં સમજશક્તિ ખીલેલી હોતી નથી. તેઓને શરીઅતના જાહેર અને બાતિન વિષેની જાણકારી હોતી નથી. વૃદ્ધોના વિચારો બંધાએલા હોય છે તેમાં ફેરબદલ કરી શકાતો નથી. હવે રહ્યા સાધુપુરૂષો (રાહબ) તો તેઓની સરખામણી માત્ર જાહેરી આલિમોથી કરવામાં આવે છે. તેઓમાંના ઘણા ભાગે વિદ્વાન હોવાનો ડોળ કરતા હોય છે પણ હકીકતમાં જગતની મોહજાળમાં જકડાએલા હોય છે.

લડાઈમાં બાળકો હાથ લાગે તો તેઓને મારી ન

નાખતાં કબ્જે કરી લેવાનો હુકમ છે. હેતુ એ કે તેઓને દીનની તાલીમ આપી પુખ્તા કરવા જોઈએ. પરંતુ વૃદ્ધ કેદીઓને તબલીગ (દીનનો પ્રચાર) કરવાનો અધિકાર અપાતો નથી.

ઇમામ (અ. સ.)ના હુકમ વગર કોઈ પણ પ્રકારની જેહાદ થઈ શકતી નથી. તેનો સંકેત એવો છે કે જ્યાં સુધી જુદા જુદા વર્તુળોમાં હુજ્જતો કાયમ ન થાય ત્યાર સુધી બીજા કોઈને તબલીગ કરવાનો હુકમ હોતો નથી.

જેહાદ એક બોલતી બાબત છે જેમાં હુદ્દના મરતબાઓ નક્કી થાય છે. લડાઈમાં ફોજની રચના પણ ચોક્કસ રીતોથી થાય છે. જે માટે અરબીભાષાના જુદા જુદા શબ્દો કામમાં લેવાય છે. દાખલા તરીકે આગલી હરોળને મુકદ્દમા કહે છે, વચલી હરોળને કલ્બ, જમણી પાંખને મયમના અને ડાબી પાંખને મયસરા કહે છે. રાખી લીધેલી (રીઝવર્ડ) ફોજને સાકા કહે છે.

મુકદ્દમામાં અસાસનો સંકેત છે. કલ્બથી ઈમામની ઓળખાણ થાય છે. કારણ તેઓ મુમિનોના જથ્થામાં દિલ (કલ્બ)ના સ્થાનમાં છે. જમણી પાંખ (મયમના) હુજ્જત છે. જેના લીધે મુમિનોને અઝાબથી નજાતી (છૂટકારો) મળે છે ડાબી પાંખ (મયસરા) તે દાઈલ મુત્લક છે. જે મુમિનોને તાવીલ અને તનઝીલના અર્થ સમજાવવાં સહેલાઈ કરી આપે છે. સાકા આઝૂન છે જે મુમિનોને ખુદાની રહેમત તરફ

બોલાવે છે.

હદીસ શરીફમાં છે કે ઘોડાની પેશાનીના વાળ સાથે કયામત સુધી નેકી બંધાયેલી છે. અર્થાત્ હુજ્જત વગર દઅવત કદી પણ અટુલી નહીં રહે. તેની પેશાનીના વાળ તે દુઆત છે, જેઓ કયામત સુધી એટલે કાએમના પધારવા સુધી દઅવત ચલાવશે. લોકોને નેકી તરફ દોરવી બદીથી દૂર રાખતા રહેશે.

આ છે જેહાદનો ગુહ્ય અર્થ. જેને ખુદાતઆલાના કરમ અને ફઝલથી મેં મારી શક્તિ મુજબ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

For M/s. A HIRANI AND CO.
Proprietor

પ્રકરણ ૩૬

હાજર ઈમામની તાબેદારી બાબત

ખુદાતઆલાની મદદથી કહું છું કે ઇન્સાન એક કિમતી રત્ન છે પણ તેનો મૂળ પાયો એક હલકી વસ્તુઓ ઉપર રચાએલો છે. મખ્લુકાત (એટલે જગતની જીવંત વસ્તુઓમાં) ઇન્શાન અશરફ (સર્વોત્તમ) ગણાય છે. અલ્લાહતઆલાની સર્જેલી દરેક વસ્તુઓમાં મનુષ્ય અશરફુલ મખલુકાત કહેવાય છે પણ તેની પયદાઈશ (જન્મ) એક નાપાક અને ગંદા વીર્યથી થયેલો છે. ઇન્સાન આલમે મહસૂસ (શરીર) અને આલમે મઅકૂલ (જાન)નું મિશ્રણ છે. તેનું શરીર (જીસ્મ) કે જેના લીધે તે બોલે છે, સાંભળે છે, નિરખે છે, સૂંઘે અને અનુભવે છે તે બે જણ વગર બની શકતું નથી. આ બે જણ તેનાં મા-બાપ છે.

જ્યારે ઇન્સાનના જન્મના મૂળ કારણ તેના માતા—

... AND CO.

પિતા છે તો માની લ્યો કે તેના જાનની પયદાઈશના મા-બાપ હશે જ. આ મા-બાપ રૂહાની (આત્મિક) છે. ખાદ્ય-ખોરાકથી જેમ ઇન્સાનનું શરીર તાજુ તવાનું થાય છે તેમ જાનને પણ તરો-તાઝગી બખ્શનાર ખોરાક પણ છે જ. ઇન્સાનના જીસ્માની બાપ ફાયદો આપનાર છે અને જીસ્માની માતા ફાયદો લેનાર છે એ જ રીતે તેના રૂહાની પિતા અને માતા પણ અનુક્રમે ફાયદો આપનાર અને લેનાર છે.

ત્યારે બહુ દૂર ન જતા નજદીકના દાખલાથી એમ કહીએ કે, માનવજાતના દીની અથવા રૂહાની પિતા રસુલે અકરમ (સ. અ. વ.) છે અને દીની અથવા રૂહાની માતા આપના વસી અલી (અ. સ.) છે તનઝીલ બાપના નુત્ફાથી સરખાવાય છે અને વસીની તાવીલ માતાના નુત્ફાથી આ એ સાહેબોના સંગમથી ઇન્સાનની રૂહાની સુરત આકારબદ્ધ થાય છે જેમ કે જાહેરમાં સ્ત્રી અને પુરૂષના વીર્યના જોડાણથી ગર્ભ રહે છે. ખુદ નબી (સ. અ. વ.) ફરમાવે છે કે: "એ ભાઈ અલી આપ અને હું બન્ને મુમિનોના મા-બાપ છે." આપના આ ફરમાનને કુર્આને પાકનો કૌલ પણ ટેકો આપે છે: "અન નબીયો અવલા બિલ મુમિનીના મિન અને ફોસેહિમ વ અઝવાજોહુ ઉમ્મહાતો હુમ" (નબી મુમિનના જાનો કરતાં ઉલા છે અને તેમની પરણેતરો માતાઓ કરતાં બહેતર છે.)

હજી નબી (સ અ. વ.) ફરમાવે છે કે: "અલ અરદો

"ઉમ્મકુમ વ હુય એકુમ બર્રતો." (ધરતી તમારી માતા છે અને તે તમારું ભલુ ઇચ્છનાર છે.)

નબી (સ. અ. વ.) આ રીતે મુમિનોના પિતા છે. ધરતી પર ધવાયેલા આકાશ છે આપની પરણેતરો મુમિનોની માતાઓ સમાન છે. ધરતીરૂપે છે. ભલાઈ શું છે તે તો જાણકારો અને સમજદારો જ જાણી શકે છે.

આકાશથી વરસતાં વરસાદ અને સૂરજની ગરમીના કારણે ધરતીનું પોષણ થાય છે જેના લીધે ધરતીથી ઇન્સાન અને હયવાન અનાજ-પાણી મેળવી શકે છે. ખાણોમાં તેના લીધે જ રત્નો અને બીજી ખનીજો પાકે છે. કુર્આને મજીદમાં ફરમાવેલું છે કે: **વ તરલ અર્દા હામેદતન ફઇઝા અનઝલના અલય હલમાઆ તર્રત વ રબત વ અમબતત મિન કુલ્લે ઝવજીન બહીજ."** મતલબ કે ધરતી પાંગરી, તે પર વરસાદ વરસ્યો જેથી તેને તરેહ-વાર ફાલ આપ્યો અને આમ જોડાણોથી જ બધું સર્જાય છે. તન્ઝીલ અને તાવીલના જોડાણથી જ ઇમામની સુરત (આકાર) પયદા થાય છે. નબી આકાશ અને વસી ઝમીન છે નબીથી ઇલ્મનો વરસાદ વરસે છે. વસી તે ઇલ્મની સમજુતી આપી તેના ઉપર કેમ ચાલવું તે બતાવે છે. તનઝીલ ઉપર જ તાવીલનો પાયો છે! નાતિક જ દીનની દરેક વસ્તુના રચયિતા છે. મરણને એમાં સ્થાન નથી અમર-પણુ એયાં જ છે. કુર્આનમાં લખેલું છે કે: "વ અન્ઝલના

મિનસ સમાયે માઅન તહુરન (લે નોહિયા મિનલ બલ-દતન મય્યતા) અને આકાશથી પાક પાણી ઉતાર્યું હેતુ એ કે મુર્દા ઝમીનો જીવંત થઈ જાય."

બીજી રીતે કહીએ તો શરીર તન્ઝીલ અને જાન તાવીલરૂપ છે. શરીરમાંથી જાનના નીકળી જતાં જ શરીર મુર્દા બને છે. માત્ર જાહેરી ઇલ્મ નકામુ છે તેના સાથે બાતેની ઇલ્મ પણ જાણવું જ જોઈએ. તાવીલ ધરતીરૂપે અને તન્ઝીલ આકાશ રૂપે છે. કુર્આનમાં લખેલું છે કે : "ધરતી મૌતને પોકારે છે. મય્યત દફન કરવાની પ્રથાનું મૂળ આમાં છે. આકાશ જિંદગી તરફ બોલાવે છે તેથી જ મરણ પામેલાના શરીરમાંથી તેની રૂહ (આત્મા) આકાશ તરત ઊડી જાય છે.

ઉપરના લખાણથી સમજી શકાશે કે જેમ ઇન્સાનનું જાહેરી વજૂદ મા-બાપ વિના શક્ય નથી તેમ દીનનું વજૂદ પણ આકાશ અને ધરતીના ફયઝ વગર શક્ય નથી. આ કારણે દરેક સમયના મુમિનો માટે કોઈ ને કોઈ રૂપમાં રૂહાની મા-બાપો મૌજૂદ હોય છે. નબી અને વસી, ઇમામ અને હુજ્જત, દાઈ અને માઝૂન આ સઘળા મા-બાપ છે અને તેમની તાઅત (ફરમાનબરદારી) વાજીબ છે. હદીસ શરીફમાં છે કે, "જે કોઈ શખ્સ પોતાના સમયના જીવતા ઇમામની ઓળખાણ વિના મરી જાય તો તેનું મરણ જાહેલિયત (અજ્ઞાનતા) કહેવાય- અને જાહિલ

જહન્નમી છે.

ત્યારે સમયના નબી અને વસી હાજર ઇમામ અને ઈમામની ગેરહાજરીમાં દાઈની મઅરેફત હોવી જ જોઈએ. ન ઓળખનારનું સ્થાન દોઝખમાં છે. ઓળખવાની સીમા તાઅત છે.

દુનિયાના તમામ ધર્મો અને પંથોમાં નજર કરીશું તો જણાશે કે તેમાં કોઈ ન કોઈ છેલ્લા નેતા હોય છે. નાસ્તિકો અને નેચરિયો અપવાદ રૂપે છે. નાસ્તિકો જ્યારે ખુદાને જ માનતા નથી તો તેના કાયમ મુકામને ક્યાંથી માનશો? નેચરિયો દરેક વસ્તુને પોતાની મેળે તેના ક્રમાનુસાર પયદા થયેલી માને છે. આ બન્ને વિચારના લોકોના કેટલાક અડસટ્ટાઓ હોય છે, પરંતુ તેમના ઇલ્મનો છેડો જોખમાતો જણાયેલો છે. દુનિયાના કોઈ પણ સમુહને જોશો તો જણાશે કે તેમાં કેટલાક નાદાનો અને અસંતુષ્ટો હોય છે જ. આવા માણસો ઉપર કાચી તસુવ્વરવાળાઓ કાબૂ કરી લે છે અને તેઓના નેતા બની બેસે છે.

મતલબ એ કે લોકો જાણકાર હોય કે અજાણ, તેઓ કોઈ ન કોઈને પોતાનો અંતિમ નેતા ગણી લે છે, અને તેનાથી જ પોતાની ગુંચવણોનો ઉકેલ માંગે છે. હવે જોવાનું એ રહ્યું કે ખોટા અને ખરા ઇમામને કઈ રીતે ઓળખવા જોઈએ. હાં જી હાં કરવું જુદી વાત છે અને સમજી વિચારીને વર્તવું સદંતર જુદી બાબત છે.

ઉપર કીધેલી દલીલ ઉપરથી સ્પષ્ટ રીતે સમજી શકાશે

કે જે હકના ઇમામ છે તેનો સંબંધ આકાશ અને પૃથ્વી બન્નેથી હોવો જરૂરી છે. ફક્ત દીનની વાત કરે અને દુનિયાને તરછોડે તે બરાબર ન કહેવાય. તેમ દીનને તજી ફક્ત દુનિયાદારીમાં જ રચ્યાપચ્યા રહે તે પણ ખોટું કહેવાય. કારણ જો ઇમામ દુનિયાદારીમાં જ માને અને દીનની અગત્યતાથી અજ્ઞાન રહે તો પછી દીન નકામું ગણાય, રૂહાની કદરોની કોઈ કિંમત ન રહે, નીતીરીતી જેવું કશું રહેવા પામે જ નહીં, તેમ આસમાનથી સંબંધિત રહેબર પણ ગણાય નહીં. ખુદાતઆલાના નઝદીક, દીન, બીજી બધી વસ્તુઓ કરતાં શરીફ અને અફઝલ છે. ઇમામ કોઈ પણ કાળે દીનને નકામું કરે જ નહીં.

જે ઇમામ ફક્ત દીનને જ પોકારતા રહે અને દુનિયાથી સદંતર જુદાયગી રાખે તો પછી સિયાસત (રાજમંત્ર) જ બાતિલ થઈ જાય કે જે કદી યે થવાનું જ નથી અલ્લાહપાક પોતાના ખાસ બંદાને ફક્ત દીન આપે અને દુનિયા તેનાથી ઝુંટવી લે એ બને જ કેમ ? હકના ઇમામ તો દીન અને દુનિયા બન્નેના માલિક છે. આથી ઇમામે ફરમાવેલું છે કે દીન ફક્ત રોઝા નમાઝનું નામ નથી બલ્કે દુનિયા અને આખેરતની આબાદીનું દરેક કામ દીન છે. કુર્આન કહે છે કે : "**ઓ જીન અને ઇન્સાની જમાઅત ! તમે ઇચ્છો તોયે સુલતાન વિના આકાશ અને ધરતીના છેડાઓમાંથી નીકળી શકશો નહીં. આ સુલતાન તે હકના ઇમામ છે.**"

હવે એ જાણવું જરૂરી છે કે ઇમામનું કામ શું છે? કુર્આનની આયતે મોહકમા (નિર્ધારિત ફરમાનો)નો અર્થ ખુલ્લો છે અને તે બધા સમજી શકે છે. જ્યારે આયાતે મુતશાબેહાત (ગુઢાર્થવાળી આજ્ઞાઓ)ને સમજવા માટે તાવીલની જરૂરત છે. જે તાવીલને ઇમામ (અ. સ.) થી જાણી શકાય છે. ઘરની વાત ઘરવાળા સિવાય બીજા કોણ અધિકારથી કહી શકે? એહલેબયતે નબુવ્વતનો મકામ અહીં છતો થાય છે "એહલેબયતથી શીખો અથવા એહલેબયતના શીખવેલાથી શીખો, તો કદાચ દોઝખથી બચી જવો." આ હદીસથી ઇમામ અને ઇમામના દુઆતોનો અધિકાર સાબિત થાય છે અને તેથી જ ફરમાને ઇલાહી છે કે: "**યા અય્યાહેલ લઝીના આમનુ અતીઉલ્લાહા વ અતીઉર્રસુલ વ ઉલિલ અમ્રે મિનકુમ**" (**એ ઇમાન લાવનારાઓ! ખુદાની, ખુદાના પયગંબરની અને તમારામાંના ઉલિલ અમ્રની તાબેદારી કરો**).

હકના ઇમામમાં સાત વસ્તુઓનું હોવું જરૂરી છે. (૧) ઇશારત, જે વડે ઇમામ ગુજરવા પહેલા લખી બોલીને અથવા પરોક્ષ યા અપરોક્ષ જગ્યા કાયમ કરી જાય (૨) તેનો સંબંધ નબીના એહલેબયતથી હોવો જોઈએ. (૩) દીનનું ઇલ્મ હોવું જોઈએ કે જેનાથી હિદાયત અને ઇમામતની વાડી લીલીછમ રહે છે. (૪) પરહેઝગારી કે જેથી તે તમામ લોકો વચ્ચે કરમવંતા ગણાય. "**ઇન્ના અકરમકુલ ઇનદલ્લાહે અતકીકુમ**" (ખુદાના કને કરીમ એ

જ છે કે જે તમારામાં સૌથી વધુ પરહેઝગાર હોય). (૫) હકના ઇમામ સમયાનુસાર જેહાદ કરે. હાથથી, ખુલ્લી લડાઈથી ઝબાનથી વાદવિવાદ કરીને હકને સાબિત કરે. (૬) સદવર્તાવ: "વ ઈન્નિકા લઅલા ખુલો કિન અઝીમ" (અય મુહમ્મદ આપના અખલાક ઘણા મહાન છે) ઇમામ અઘટિતથી પ્રભાવ સાથે પસાર થઈ જાય છે. (૭) બેનિયાઝી. ઇમામની નિમણૂંક ખુદાના ફરમાનથી થાય છે. એમાં તે પોતે દાવો કરવાની જરૂર જોતો નથી.

હર ઝમાનના ઇમામને ઓળખવાની ઉપર જણાવેલી સાત બાબતનો મર્મ પણ જાણી લેવો જોઈએ. આ સાત વસ્તુ ઇસ્લામના સાત સ્થંભ (દઆયેમ) ઉપર રચાયેલી છે. (૧) તહારત એટલી પાકિઝગી માત્ર તનની નહીં, મનની પણ કલેમતુશશહાદત (લાઈલાહ ઇલ્લલ્લાહ) ઉચ્ચારતી વખત દિલની ખાલિસ લગન અને દરેક અવયવમાં અમતેનું ચલન. (૨) નમાઝ જે દઅવત રૂપે છે. તેની રચના (સ. અ. વ)એ કીધી છે અને અકલે સાની એને સાચવે છે. નમાઝ શરીઅતની જાન (રૂહ) છે. (૩) ઝકાત જેનાથી જાન અને માલ બન્ને પાક થાય છે. નબી વસીને કાયમ કરી તેમના દ્વારા તન્ઝીલનું તાવીલ જાહેર કરી શકશો. બોહતને દૂર કરે છે. રોઝા-વસીના મરતબા તરફ ઇશારો કરે છે. દીનની પરીપૂર્ણતા પણ વસીથી જ છે. બરકત અને નેઅમતોની વિપૂલતા પણ તેઓના લીધે જ છે.

અવ્વલ, સાની, નબી અને વસી દીને ઇસ્લામના ચાર સ્થંભ છે, તેમના ઉપર જ દીનનો પાયો છે. (૫) હજ જે ઇમામની મઅરેફત (ઓળખાણ) કરાવે છે. ઇમામ જ લોકોને સંગઠિત કરે છે. તેઓના લીધે જ કોમનું બંધારણ છે. (૬) જેહાદ : હુજ્જતના પ્રતિકરૂપે છે. જેઓ દીનના કામને પરિપૂર્ણ કરવામાં આરામ લેતા જ નથી. રાતદિવસ સજાગ રહીને દઅવતને કાયમ રાખે છે. (૭) વલાયત : દીન મોહબ્બત છે, મોહબ્બત તાબેદારી વિના સિદ્ધ થતી નથી. દાઈ તરફ તેનો ઇશારો છે. મુમિનો જાણી લ્યો કે ઇમામ અને ઇમામના દાઈની તાઅત લાઝિમ છે. જેના વગર જાન અને જીસ્મનો છૂટકારો અસંભવિત છે.

પ્રકરણ ૩૭

હયઝ (માસિક માંદગી) બાબત

જ્યારે પુરુષનું વીર્ય સ્ત્રીના વીર્યમાં ભળી સર્વાંશે એક થઈ જાય છે ત્યારે સ્ત્રીના ઉદરમાં તે થોભીને તેમાં એક નવો જ વિકાસ થવા માંગે છે એ વિકાસ અથવા બીજને સંપૂર્ણ થવા માટે ખોરાકની જરૂર રહે છે. કુદરતે એના માટે સ્ત્રીના શરીરમાં ચોક્કસ તરીકાર તત્વો પયદા કીધા છે. ગર્ભ રહ્યા પછી તે તત્વો પેશાબ સાથે બાહર ન પડતા પેલા બીજના વિકાસ માટે કામ આપતા થઈ જાય છે. પ્રથમ બે વીર્ય, પછી તેનું એકરૂપ, તે પછી તેનો વિકાસ, એક લોચો, આકારબંધી પછી જાન અને છેવટે જન્મ સારાંશ એ કે જે સુરત પુરૂષ અને સ્ત્રીના વીર્યમાં હદદેકુવ્વત હતી તે હવે હદદે ફેઅલ બનીને બાહર આવે છે. (હદદે કુવ્વત એટલે પ્રારંભ, શરૂઆત અને હદદે ફેઅલ એટલે તે શરૂઆતનો અંજામ). એમાં જે ખૂનથી તેનું

પોષણ થયું હોય છે તે નિગર્ભા અવસ્થામાં હયઝ માસિક ઋતુ (રૂતુ) તરીકે ઓળખાય છે. તે ગર્ભનું પોષણ ન કરતું હોય ત્યારે અતી ગંદુ અને અપવિત્ર (નાપાક) ગણાય છે. અને તેના બાહર પડવાની ચોક્કસ મુદ્દત હોય છે. એ બાહર પડતું હોય ત્યારે સ્ત્રી નમાઝ પઢવાનું છોડી દે છે, રોઝા રાખતી નથી, મસ્જીદમાં જઈ શકતી નથી, કુઆંને પાકને પઢી કે અડી શકતી નથી. ચોખ્ખાઈ આવ્યા પછી નહાઈ–ધોઈ પાક થાય ત્યાર પછી જ મસ્જીદમાં જાય, નમાઝ પઢે, રોઝા રાખે અને કુર્આન પઢે. અલબત્ત હયઝ દરમિયાન ગુમાવેલી નમાઝ વાળવાની જરૂર રહેતી નથી પણ ગયેલા રોઝા પાછા વાળવા પડે છે. આમાં શરીઅતનો જે સંકેત છે તે પાક યઝહાનની મદદથી ટૂંકમાં નીચે રજુ કરું છું.

અય ભાઈઓ જાણી લ્યો કે દીનમાં મુસ્તજીબનું રૂપ સ્ત્રી સમાન છે ત્યારે દાઈ પુરુષ સ્વરૂપ છે. મુસ્તજીબના જાનની રોનક દાઈથી મેળવેલા ઈલમના લીધે છે. પણ જો મુસ્તજીબ દાઈથી ઈલમ ન લેતા પોતાના ખ્યાલથી વર્તે છે ત્યારે તેની સુરત જાનમાં જંખાતી નથી જેમ સ્ત્રી અને પુરુષના અવાદ એકરૂપ થતા નથી ત્યાર સુધી તેમાં વિકાસ સંભવિત થતો નથી. મુસ્તજીબ દાઈને છોડીને દીનમાં તોફાન જગાવનારાઓ પાસેથી લાભ લે, દીનના દુશ્મનો અને દાઈના વિરોધીઓથી સંપર્ક સાંધે, તો તેથી મુસ્તજીબના જાનમાં ગંદગી પયદા થાય છે જે હયઝની ગંદગી

જેવી છે, જે શરીરમાં ન રહેતા પેશાબ રસ્તે બાહર નીકળી આવે છે. આ કારણથી કહેવાય છે કે જેમ હયઝ સદંતર નાપાક છે તેમ ખ્યાલ અને ગયર લોકોથી મેળવેલું ઇલ્મ પણ નાપાક છે જ્યાં સુધી તે નાપાકી દૂર ન થાય. ત્યાં સુધી દીન અથવા દઅવતનો પ્રચાર કરવો કે તેનાથી લાભ મેળવવો મુસ્તજીબ માટે મના છે. જેમકે હયઝવાળી સ્ત્રી માટે રોઝા રાખવા ઇત્યાદી મના છે. ફિસાદી ખ્યાલાતોથી પાક થવું એ હયઝથી પાક થવા બરાબર છે.

જાણીતી વાત છે કે જ્યારે પુરુષનું વીર્ય સ્ત્રીના વીર્યથી ભળીને એક થઈ જાય છે ત્યારે હયઝનું ખૂન બંધ થઈને અંદર જ રહી જાય છે. એવી જ રીતે મુસ્તજીબ જ્યારે દાઈના ખ્યાનથી લાભ લે છે ત્યારે જાહેરી ખ્યાન મર્દના વીર્યમાં આવીને હકીકતના ખ્યાન સ્ત્રીના નુત્ફા (વીર્ય) જેવા બનીને મુસ્તજીબના જાનમાં એકરૂપ થઈ જાય છે અને એમ થતાં જ ફાસિદ ખ્યાલો આવતા બંધ થઈ જાય છે અને હકની સુરત ક્રમવાર પુખ્તા બનતી જાય છે અહીં સુધી કે તે કામિલ બને છે. એમાં દીનના એહકામ વ્યર્થ જતા નથી. દાઈનું ખ્યાન અમર થતું રહે છે. ઉન્નતિ તરફ આગેકૂચ કરતું રહે છે. હયઝદાર બાઈને મસ્જીદથી દૂર રહેવાની, કુર્આન ન પઢવાની, નમાઝ અને રોઝા છોડવાની આજ્ઞા આપવામાં આવી છે. દાઈ મસ્જીદના મમસુલ છે એની રજા વગર કોઈનું પણ એનાથી જોડાણ થઈ શકતું નથી. કુર્આનના મમસૂલ તે ઈમામ છે પોતાના મનથી કોઈ

ઈમામ તરફ પહોંચી શકે નહીં. દઅવત નમાઝની મયસૂલ છે. જેનું દિલ પાક ન હોય તે દઅવતના આંગણામાં દાખલ થઈ શકતો નથી. જેમ હયઝથી પાક થયા પછી જ નમાઝ પઢાય અને ગએલી નમાઝ વાળવામાં ન આવે. તેવી જ રીતે દઅવતના વર્તુળમાં દાખલ થયા પછી જરૂરી નથી કે થઈ ગયેલા બ્યાનો ફરી પાછા મુસ્તજીબને સંભળાવવામાં આવે તેનો ફયઝ (ફાયદો) ઝીલીને જ તેને પોતાના જ્ઞાનને પ્રકાશિત કરવાનો હોય છે. અલબત્ત જેમ રોઝા વાળવા પડે છે તેમ દઅવતના વર્તુળમાં હુદ્દદના જે મરતબાઓ છે તેને પોશીદા રાખવાની જરૂર હંમેશા રહે છે. હયઝ શુરૂ થવાની અને તેના પુરા થવાની ચોક્કસ મુદ્દત હોય છે તેમ દઅવતમાં આવવા માટે અહેદ આપવાની પણ ચોક્ક હદ છે. મુસ્તજીબ જ્યારે હુદ્દદને ઓળખતો ન હતો ત્યારે તે જીજ્ઞાસુ હતો હવે જ્યારે તે પાકસાફ થયો ત્યારે તેને હુદ્દદની ઓળખાણ થઈ ગઈ. ગયેલા રોઝા રાખવાનો આમાં સંકેત છે કેમકે હુદ્દદના માનમરતબાની પર્દાપોશીનું દઅવતમાં ઘણું ભવ્ય મહત્ત્વ છે.

હયઝદાર સ્ત્રીથી સંભોગ કરવાની પણ મનાઈ છે. તેમ શકશોઓહતવાલાને પણ ઇલ્મ આપવામાં આવતો નથી. શક અને શોઓહાતથી પાક થયા પછી જ મુસ્તજીબ ફરી અહેદ આપે, પાક થાય, ગંદા વિચારોને તિલાંજલી આપે. સારા તસવ્વુરાત અપનાવે ત્યાર પછી જ તેને રૂહાની ઈલ્મનો લહાવો આપી શકાય છે.

પ્રકરણ ૩૮

ઇસ્તેબરા બાબત

ખુદાતઆલાની તૌફીકથી કહું છું કે ઇસ્તેબરાનો અર્થ સ્ત્રીના રહમ (ગર્ભાશય)ને બીજાના નુત્ફેથી ખાલી કરવો છે. કોઈ પણ શખ્સ, કોઈ પણ સ્ત્રી કે જે હામેલા (ગર્ભવાળી) હોય અથવા હયઝ આવ્યા પછી પાક થવાની ખાત્રી ન હોય તેના સાથે નિકાહ કરવાનું વાજીબ નથી. આમાં તલ્લાકન, વિધવા તેમ ખરીદેલી ગુલામડીનો પણ સમાવેશ થાય છે. વિધવા અને તલ્લાકન બાઈ માટે હયઝની મુદ્દત છે. ખરીદેલી ગુલામડી પણ વગર નિકાહે અને તેની પાકીઝગીની ખાત્રી મેળવ્યા વિના જાએઝ થતી નથી.

મતલબ એ કે જે સ્ત્રીથી નિકાહ અથવા સંભોગ થાય તેના પહેલા તેણીના ગર્ભમાં બીજા કોઈનો નુત્ફો રહેલો ન હોવો જોઈએ. (એક સ્ત્રી, દાખલા તરીકે એક જણના નિકાહમાં હોય અને મર્દ તેણીને તલાક આપે

અથવા તો તલાક થવાની મુદ્દત પછી તે જ બાઈને ફરી પાછો પોતાના ઘરમાં લાવે તો પણ તે જાએઝ ન ગણાય. તે શખ્સને પેલી સ્ત્રીથી ઇસ્તેબરાની મુદ્દત પૂરી થયા પછી જ નિકાહ કરવા જોઈએ.) હેતુ એ કે તેણીના ગર્ભાશયના પવિત્રપણાની ખાત્રી કરી લેવી જરૂરી છે.

આમાં સંકેત એ છે કે સ્ત્રી ગુલામડી હોય કે આઝાદ, મુતલક્કા (તલ્લાકન) હોય કે વિધવા તે બધી મુસ્તજીબ જેવી છે અને મુસ્તજીબ માઝૂનના, માઝૂન દાઈના, દાઈ હુજ્જતના અને હુજ્જત નાતિકના માટે દીનના હકીકતના આલિમ છે. એટલે એક મર્દ જો પોતાની પરણેતર અથવા ગુલામડી (લોંડી) સાથે સંભોગ કરે તે જાણે એક હદ્દ પોતાથી ઉતરતા હદ્દને દીનની હકીકત સમજાવવા જેવું છે. એજ પ્રમાણે એક પરણેતર અથવા લોંડીનું પોતાના ધણીથી છૂટા પડવું, જાણે એક મુસ્તજીબનું પોતાના માઝૂનથી જુદા પડવું અથવા એક જઝીરા (પ્રદેશ)ના સાહેબથી બીજા જઝીરાના સાહેબ તરફ જવા જેવું છે.

હવે જયારે એક શખ્સ એક જઝીરાથી બીજા જઝીરામાં જાય તો બીજા જઝીરાના સાહેબના માટે અંગતુક સાથે દીનીચર્ચા કરવું વાજીબ ન ગણાય, જ્યાં સુધી કે તે સાહેબને ખાત્રી ન થઈ જાય કે આવનારે પોતાની હય્યા-માંથી પહેલાના સાહેબની તસવ્વુરને કાઢી નાખી છે. કારણ કે મુસ્તજીબને જુદા જુદા પ્રાંત કે મુલ્કના સાહેબોથી

અલગ તસવ્વુરાત લેતો રહે તો તેના દિલમાં શક-શોબોહત પયદા થાય અને તેનો જાન વિસામણમાં પડી જાય. એજ ન્યાયે એક મર્દ પોતાની કનીઝ કે અસીલ ઔરતથી નિકાહ ન કરે જ્યાં સુધી કે પરણનારની સંપૂર્ણ ખાત્રી ન થઈ જાય કે તે બાઈના ગર્ભમાં તેણીના પહેલાના ધણીનો નુત્ફો રહ્યો નથી.

વળી એ પણ યાદ રાખવું જરૂરી છે કે એ પુરુષ એક સ્રી સાથે સંબંધ બાંધે નહીં કારણ તાઅત એકની વાજીબ છે. મીસાક (અહદ) એકને જ આપવાનો છે. એ જઝીરાના દાઈઓને અહદ આપી શકતો નથી. એકથી જ ફયઝ મેળવવાનો છે, એકની જ તાબેદારી કરવાની છે. ઝાહેર અને બાતેન બન્નેને હરહાલમાં સરખા ગણવાના છે. સાચો મુમિન કદી પણ તેમાં હેરફેર કરે નહીં, નેકીમાં બદીને કલુષિત કરે નહીં.

પ્રકરણ ૩૯

નમાઝમાં પહેરવાનાં કપડાં અને દાગીના બાબત

ખુદાતઆલાની મદદથી કહું છું કે એવું લખવામાં આવેલું છે કે એક વખત નબીએ કરીમ (સ. અ. વ.) પોતાના અસહાબોની બેઠકમાં પધાર્યા તે વખતે આપના જમણા હાથમાં સોનુ અને ડાબા હાથમાં રેશમી કાપડ હતું. આપે ફરમાવ્યું કે આ મારી ઉમ્મતની સ્ત્રીઓ માટે હલાલ છે પણ પુરુષો માટે હરામ છે. હોશયાર! કોઈ પણ મર્દ સોનાની વસ્તુ-જેમ કે વીંટી, સોનાના હાથાવાળા ચાકુ, સોનાનું કામ કરેલા કમરપટા ઇત્યાદી પહેરી અથવા ખાલિસ રેશમના કપડા-જેમાં સુતરના તાર ન હોય-પહેરી નમાઝ પઢે નહીં કેમ કે હરામ વસ્તુ પહેરવાથી નમાઝ દુરસ્ત ગણાતી નથી.

ખુદાતઆલા કુર્આને મજીદમાં ફરમાવે છે કે: "વમા-

આતરકુસુરં સુલો ફખુઝુહો વમા નહયાકુમ અનહુ ફનતહુ" અર્થાત્ નબીથી જે વાત આવે તે અપનાવો અને જેનાથી તે રોકે તેનાથી રોકાઈ જાવો. નમાઝમાં સોનુ અને રેશમી કપડા પહેરવાની આપે મના ફરમાવેલી છે એટલું જ નહીં પણ મરદો માટે તેનો વપરાશ પણ હરામ કીધો છે.

સોનુ અને રેશમ પુરુષો માટે હરામ શા માટે થયું તેના સંકેતમાં એમ કહેવામાં આવે છે કે શરીરની શોભા લિબાસ અને ઘરેણા વગેરેથી છે. સૌથી ઉત્તમ પોશાક રેશમનો ગણાય છે તેમ ઓગળાવી શકાય એવી ધાતુઓમાં સૌથી ચઢીયાતું સોનુ છે. સોનુ અને રેશમ બન્નેમાં ઇશારો નાતિક તરફ છે જે તમામ માનવજાતમાં શ્રેષ્ઠતમ છે.

વળી રેશમ કીડા મારફત વનસ્પતિમાંથી પયદા થાય છે અને નમાઝ તો એવા કપડામાં પઢવી જોઈએ કે જે ખાલિસ વનસ્પતિમાંથી બનેલા હોય જેમ કે કપાસ અને ઘાસ, વનસ્પતિ માટીમાંથી ઉગે છે માટીથી ઇશારો મુમિનો તરફ છે અને વનસ્પતિથી મતલબ બાતેની શરીઅતનો છે. તેમાં સંકેત હકીકતનો છે. ત્યારે વનસ્પતિ કે જે માટીમાંથી બીજા કોઈના ઝરીયા (મારફત) વગર ઉત્પન્ન થાય છે. તેનાથી મુરાદ ઇમામ છે કે જે ઇમામનો વજૂદ અસાસના કારણે છે. હવે રેશમ દલીલ છે હુજ્જત ઉપર કે જે અસાસ અને ઇમામના મારફત નીમાયેલા છે. ઇમામ કે જે દઅવતમાં

નમાઝના પ્રતિક છે તે હુજ્જત કરતા આલા છે. આમ હોવાથી રેશમી કપડામાં નમાઝ પઢી શકાય નહીં.

બીજી તરફ ચાંદી પહેરી પઢી શકાય છે, જેમાં અસાસનો સંકેત છે. સોનાની કિંમત ચાંદીથી થાય છે જેમ કે તનઝીલની કદર તાવીલથી છે. દઅવતના વર્તુળમાં પુરુષો દીનના મોટા થાંભલાઓ સમાન છે જેમાં નાતિક (નબી), અસાસ (વસી), ઇમામ (હુજ્જત), દાઈ અને માઝૂન સ્ત્રી મુસ્તજીબ છે. નમાઝ હકના ધણીથી જોડાણ કરાવવાનું સાધન છે.

નબી (સ. અ. વ.) ફરમાવે છે કે મારી ઉમ્મતના લોકો ઉપર સોનુ અને રેશમ પહેરી નમાઝ પઢવું રવા નથી એમાં આપનો મતલબ નાતિકથી દીનના હુદૂદનું જોડાણ તાવીલથી દર્શાવવાનો છે. તનઝીલ અને તાવીલથી જ શરીઅત દ્વારા નબીનો મરતબો જાણી શકાય છે. સોનુ અને રેશમ સ્ત્રીઓ માટે હલાલ છે. આનો અર્થ એ છે કે મુસ્તજીબ આપથી ઝાહેરી જોડાણ રાખી શકે છે, એટલા માટે કે દઅવતના ધણી અને તાવીલના જાણકાર હુજ્જત અને દાઈ છે. તેઓ નાતિક અને અસાસને હકીકતા ઇલ્મથી જાણે છે. આ કારણે તેઓ મર્દના સ્થાનમાં છે. હવે જો મુસ્તજીબ ઝાહેરી ઇલ્મ પણ ન શીખે તો તેનું પ્રમાણ ન તો મર્દ જેવું છે ન સ્ત્રી જેવું કારણ કે તે ઝાહેર અને બાતિન બન્નેથી અજાણ છે.

મસ્જીદના મમસૂલ હાઈ છે. આ મસ્જીદમાં પુરુષનર સમાન ગણાય નહીં. મતલબ મુસ્તજીબ ઝાહેરી શરીઅત વગર હાઈથી પોતાનુ જોડાણુ કરી શકે નહીં. આ સોનુ અને રેશમ પહેરે તે આવકારદાયક છે. રેશમથી મુરાદ ઝાહેર છે કે જેનાથી બાતિન પયદા થાય છે. રેશમના કીડા જ્યારે વનસ્પતિ થાય છે ત્યારે જ પોતાના શરીરમાંથી રેશમ બાહર કાઢી શકે છે. અહીં કીડા દઅવતના વિરોધીઓ જેવા છે કે બાતિનમાંથી ઝાહેર અને લતીફમાંથી કસીફ પયદા કરે છે. રેશમમાં સુતરનો ભાગ હોય તો પહેરી શકાય છે કેમકે ઝાહેર અને બાતિન બન્નેનો સુમેળ ખુદાતઆલાની ઇબાદતમાં અગત્યનો ભાગ ભજવે છે.

પ્રકરણ ૪૦

ઝાનીને સઝા અને સંગસાર કરવા બાબત

ખુદાતઆલાની તવફીકથી અને ઈમામુઝ-ઝમાન (સ. અ.)ની મદદથી કહું છું કે ઝિના કરનાર (મર્દ અને ઓરત)ને એક સો (૧૦૦)ફટકા મારવાનો કુર્આન શરીફમાં હુકમ આવેલો છે : " **અઝ ઝાનીયતો વઝઝની ફજલિદ વા કુલ્લા વાહિદ મિનહોમા મેઆઅતો જલદતિન વલા નાખોઝકુમ બેહેમા ફી દીનિલ્લાહે ઈન કુન્તુમ તુમેનૂના બિલ્લાહે વલ યવમિલ આખેરે વલે યશહદ અઝાબેહા તાએફતુન મિનલમૂમિનીન.**" અર્થાત વ્યભિચાર કરવાવાળી સ્ત્રી અને પુરુષને એકસો ફટકા લગાવો અને જો તમે ખુદા અને કયામતના દિવસ (રોઝે આખેરત) પર ઈમાન રાખો છો તો ખુદાના દીનમાં તમને બન્ને ઉપર દયા આવવી ન જોઈએ. વળી તેઓને સઝા અપાય તે સમયે મૂમિનોનો સમુહ પણ હાજર રહેવો જોઈએ.

ઉપર મુજબનો હુકમ ખુદા તરફથી છે અને ખુદાના

પયગંબર મોહમ્મદ (સ. અ. વ.)એ જેમ નમાઝનો હુકમ થયો ત્યારે નમાઝ કેમ પઢવી તે બતાવ્યું, ઝકાત કેમ આપવી તે સમજાવ્યું. નમાઝના અરકાન અહેકામ ઇલ્હામથી બતાવ્યા, ઝકાતના કાનૂનો ખુલ્લા કર્યાં તેમ ઝાનીની સઝા બાબત પણ આપે ફોડ કરેલી છે કે જો વ્યભીચાર કરનાર મર્દ અને ઓરત બન્ને કુંવારા હોય તો તે બન્નેને એક સો ફટકા મારવા. જો બન્ને પરણેલા હોય અને બદકારી કરવાનું તેઓ પર સાબિત થયું હોય તો બન્નેને જમીનમાં અર્ધા ઊભા દાટી બાકીના ઉપર દેખાતા ભાગ ઉપર પથ્થર મારી, મારી નાખવા જોઈએ. આવી સઝાને રજમ (અરબી ઝબાનમાં) અથવા સંગસાર (ફારસી ભાષામાં) કહે છે. શરીઅતનો આ એક જગજાહેર હુકમ છે, મુમિતાન તેમાં દયામયા દાખવી શકે નહીં. બલ્કે સઝા થતી વખતે હાજર રહી તેના સાક્ષી બને.

આ ફરમાનનાં તાવીલમાં એક કહેવામાં આવેલું છે કે દુનિયાના તમામ લોકોના દરમિયાનમાં રસુલિલ્લાહ (સ. અ. વ.) ખુદાના દીનમાં હકીકત, છે, તેથી જ ઉમ્મત આપથી ફાયદો લે છે. ખાસ કરીને દીની ઇલ્મમાં આપનો મરતબો મર્દ જેવો છે જેમ કે ખુદાતઆલાએ ફરમાવેલું છે: "**અર્રીજાલો કવ્વામુના અલનનિસાએ બેમા ફઝ્ઝલલ્લાહે બઅઝોહુલ અલા બઅઝ.**" અર્થાત મર્દ ઔરત ઉપર હુકુમત ધરાવે છે એટલા માટે કે ખુદાએ કોકને કોકથી ચઢિયાતા ઠરાવેલા છે. બીજી જગ્યાએ છે

કે: "યા અય્યોહલ મુદસ્સિરોકુમ ફઈનેઝિર."
(અય મોહમ્મદ) જે ચાદરમાં લપટાયેલા છે (ઊઠો અને હિદાયત દો).

આથી સાબિત થયું કે તમામ જગતરૂપી સ્ત્રીઓમાં નબીએ અકરમ (સ. અ. વ.)નો મરતબો મર્દનો છે. આપને જ હિદાયત દેવાનો હક છે. તો આપથી હિદાયત લઈ જે બીજાને હિદાયત આપે તે પણ મર્દ કહેવાય. આમ દરેક ઉસ્તાદ પોતાના શાગિર્દો માટે મર્દના સ્થાનમાં છે અને શાગિર્દો સ્ત્રીના કેમ કે ચેલા ગુરૂથી ફાયદો મેળવે છે એથી આગળ નફસાની દરજ્જામાં નબી વસી માટે મર્દ છે. એજ ન્યાયે ઈમામ મર્દ અને હુજ્જત ઓરત છે. દાઈ માગૂનના અને માઝૂન મુસ્તજીબના મુકાબલામાં મર્દ છે. સારાંશ દરેક ઊંચા મરતબાવાળા પોતાથી નીચા દરજ્જાવાળા માટે મર્દ અને દરેક નીચેના સ્થાનવાળા પોતાથી ઉપરના સ્થાનવાળાના મુકાબલામાં ઓરત છે.

તાવીલના એક અર્થમાં ઝબાન જેથી ઇલ્મ અપાય છે તે મર્દ જેવી છે અને કાન જે બયાન સાંભળે છે તે સ્ત્રી જેવી છે બયાન કરવા અને સાંભળવાનો અર્થ સોબત થાય છે. ત્યારે કુંવારા અને કુંવારી જાતી તે કહેવાય કે ને રઝા અથવા નિકાહ વગર એકબીજાને લાભ આપે. આવાઓની સઝા એકસો ફટકા છે.

તાવીલતા સંકેતમાં દસથી દસને ગુણીએ તો એકસો

થાય છે જે કોઈને તાવીલ અને હકીકત સમજાવવાની રજા ન હોય અને તે સમજાવે તો તે બન્નેને (સંભળાવનાર અને સાંભળનાર) રૂહાની અને જીસ્માની બન્ને દરજ્જા ઉપરથી ઉતારી પાડવામાં આવે છે. ફરીથી તેઓને અવ્વલ, સાની, જડ, ફત્હ, ખ્યાલ, નબી, વસી, ઇમામ, હુજ્જત અને દાઈ તરફ રજૂ કરવા જોઈએ. નવેસરથી અહેદ લઈને દઅવતમાં લેવા જોઈએ.

પરંતુ જો વ્યભિચાર કરનાર પરણેલા હોય તો તેમણે સંગસાર કરી મારી નાખવાનો હુકમ છે. આમાં સંકેત એ છે કે જે લોકો દાઈ યા માઝૂનને અહદ આપવા પછી તેનો ભંગ કરી બીજા સાથે થઈ જાય અને ત્યાં શરીઅત અને તાવીલની ચર્ચામાં પડી જાય તો તેવા (મુરતદોને) મારી નાખવાનો હુકમ છે. કારણ તેઓના જાન ખરાબ થયા એટલા માટે તેઓને ફરીથી ખુદાના કિતાબ, સુન્નત અને શરીઅત તરફ વાળવા જોઈએ. આ એક પ્રકારનું નફસાની રજા અથવા સંગસાર છે.

સંગસાર કરતી વખતે મર્દ અને સ્ત્રીના શરીરનો અર્ધો ભાગ જમીનમાં દાટવાનો હોય છે, તેમાં શરીઅતના જાહેરનો સંકેત છે. ખુદાની કિતાબ જમીન જેવી છે જમીનથી શારીરિક સ્વાદો અને નેઅમતો લેવાય છે હવે ઉપરના અર્ધા ભાગ ઉપર પથ્થર મારવાના હુકમથી મતલબ દીનની અઘરી સમસ્યાઓ સમજાવવાનો છે. અર્થાત્ મુરતદ (દીન તજી

દીધેલા) આદમીને અઘરા મસાયેલા (સમસ્યાઓ) કહેવાથી તેનો જાન વિમાસણમાં પડી મુર્દા થઈ જશે અને આમ થવાથી તેના દિલમાં જે ખોટા ખ્યાલો પયદા થયા છે તે ખતમ થઈ જશે.

ખ્યાલ રહે કે જેને શારીરિક શિક્ષા કરવામાં આવે છે તે સઝાની અસર તેના શરીર ઉપર થાય છે. દુન્યવી લઝઝતોથી તે વંચિત રહે છે પણ જેને રૂહાની સઝા કરવામાં આવે છે તેને પોતાની નાદાની અને અજ્ઞાનતાનું દુ:ખ થાય છે. રૂહાની આલમના લાભથી તે મરહુમ રહે છે, બલ્કે હંમેશાના અઝાબમાં સપડાઈ જાય છે. આથી કોઈ એવો ખ્યાલ ન બાંધી લે કે આત્મિક સઝા શારીરિક સઝા કરતાં સહેલી છે. શરીરના ઘા તો રૂઝાય પણ શકે છે જ્યારે રૂહાની સઝા તો ઘણી ગંભીર છે, તેનાથી જાનની ખરાબી થાય છે જેનો જાન ખરાબ થયો હોય તેને સુધારવાનું ઘણું મુશ્કિલ છે. અય દૃષ્ટિવંત સજજનો બોધપાઠ લ્યો.

ખુદાતઆલાએ દુનિયાના લેનદેન અને બીજા વહેવારમાં સર્વ સામાન્ય રીતે બે સાક્ષીની જરૂર દર્શાવી ફરમાવેલું છે કે: "વસ્તશહદુ શહીદઈ ને મિન રિજાલેકુમ" (મર્દોમાનાં બે સાક્ષીથી સાક્ષી પૂરવી), પરંતુ સ્ત્રીના ગુનાહની સાબેતીમાં બે સાક્ષી પૂરતા ગણેલા નથી. તેમાં ચાર સાક્ષી લાવવાનો હુકમ છે. કુર્આને મજીદમાં ફરમાવેલું છે કે: "લવલા જાઉ અયહે બેઅરબઅતે શાહોદો ફઈઝલમ યાતુ બિશ્શોહદાએ

ફઉલાએકા અનેહલલાહે હુમુલ કાઝેબૂન " અર્થાત્ તે પોતાની વાતની સાબેતીમાં ચાર શાક્ષી કેમ ન લાવ્યા ? જો નથી લાવ્યા તો ખુદા કને તેઓ જુઠા છે.

વિચારવાની વાત છે કે જો ચાર શાક્ષી ન હોય તો બદકારી સાબિત થતી નથી. પરંતુ એવું બની શકે કે એક જણે વ્યભિચાર કર્યો હોય, બે-ત્રણ જણા તે જાણતા હોય પણ જો ચોથો સાક્ષી ન મળે તો શું વાત મૂળથી જ ખોટી ગણાઈ. ખુદાતઆલા તો જાણે છે કે શું બન્યું છે પછી ભલે પૂરતા સાક્ષી ન હોય. સાચું બોલનાર અગર એક જ હોય તો પણ ખુદા તેની કદ્ર કરે છે. પછી આમ કેમ ? વાત એ છે કે, શરીઅતના કાનૂન મુજબ જે જાહેરમાં હોય તે ઉપર જ નીવેડો કરી શકાય છે પણ ગેબની છૂપી વાતો પર કોઈ જાહેર ન્યાય તોળી શકતો નથી.

ખૂનોની બાબતમાં બે જ સાક્ષી લેવાય છે. સરવરે આલમ (સ. અ. વ.) ફરમાવે છે કે ' એક આદમી બીજા આદમીને કતલ કરે તો તેના બે સાક્ષી જોઈએ, પણ ઝિનામાં ચાર હોવા જોઈએ. લેનદેનમમાં પણ બે શાક્ષી છે. ઝિનામાં ઝિના કરનાર બન્ને-સ્ત્રી-પુરુષ-ઇનકાર કરે તો નજરે જોનાર ચાર સાક્ષી જોઈએ.

ઉપર જણાવેલી બાબતો એક અકલમંદ ઇન્સાનના સમજવા માટે પૂરતી છે. અકલની કસોટી મોહમ્મદ (સ. અ. વ.) અને આલે મોહમ્મદની (પવિત્ર ઈમામો)

મોહબ્બત ઉપર અવલંબે છે. શરીઅતની રચના નબી અને આપના એહલેબયતથી છે. એટલે અહીં તેમના તરફની દિલી માન્યતા (અકીદા) જરૂરી છે.

ખ્યાલ રહે કે ઝાહિર અને બાતિનનો સંબંધ, ચામડી અને માંસના સંબંધ જેવો છે. માંસપીંડ ઈન્સાનનું છે તો તેના ઉપરની ચામડી સુધ્ધાં ઈન્સાન જેવી જ રહેશે. ગાયની ચામડી ગાયના માંસપીંડ જેવી જ હોય છે. આ ન્યાયે શરીઅતના હુકમોનો સંબંધ પણ શરીઅતના ભેદ-ભરમો મુજબ હોય છે સમજદાર મુમિન ઝાહિરને પણ તે રીતે જ જોઈ છે અને માને છે કે બાતિનના લીધે જ તેના ઝાહિરના ફરમાનો છે.

તો પછી જાહિર ફરજમાં છૂપા ફરજનો શું હેતુ છે? એક ઉસ્તાદ પોતાના શાગિર્દના ઇલ્મને જેમ ચકાસી જોઈ છે તેમ દાઈ પોતાના તાબેદારને આપેલા ઈલ્મની પણ ચકાસણી કરે છે. આ ઇલ્મની લહાની ફરજનો જ એક પ્રકાર છે. જેમ કરજદારના કરજના કજીયામાં બે સાક્ષી છે તેમ ઈલ્મની લહાનીમાં દાઈના પણ બે સાક્ષી છે, અને તે હુજ્જત અને ઇમામ છે. આ બન્ને સાહેબો બન્ને જહાનના સાક્ષી છે. તેઓ જાણે છે કે દાઈ તાબેદારને જે તસવ્વુર આપે છે તેની અસલીયત શું છે? બે સાક્ષીઓની રજા વગર લેણદેણની સફાઈ થતી નથી. તે જ પ્રમાણે હુજ્જત અને ઇમામની ગવાહી (સાક્ષી) વગર દાઈની દઅવત

ખરી ગણાતી નથી.

મકતૂલ (જેનું ખૂન થયું હોય તે)માં સંકેત છે કે માર્યો ગયેલો આદમી (બાતિનમાં) કુર્આને મજીદના તાવીલથી અજાણ હોય છે, જે તાવીલથી જ કાયમી જિંદગી મળે છે. ત્યારે કત્લ કરવું તે બાતિનના અર્થમાં એક આદમીને ઝાહિરથી રંજાડવું છે. દાખલા તરીકે બ્યાન સાંભળનારો એવો ખ્યાલ કરી લે કે આમાં ઝાહિર જેવું કંઈ છે જ નહીં. બધું બાતિન જ છે. આમ થવાથી તે હકીકત અને હકીકત (ઊંડાણ) સાંભળશે ત્યારે કુર્આને મજીદ બાબત તેના દિલમાં વસવસો (શંકા) આવી જશે. (નઉઝોબિલ્હા-ખુદા એવું ન કરે). પણ કુર્આનમાં વસવસા જેવું કંઈ જ નથી, બાતિન સાથે કુર્આનના ઝાહિરને નહીં માનનારો હલાક જ થવાનો છે, જેમ કોઈ ઉસ્તાદ પરાણે કોઈ ને કોઈ વસ્તુ શીખવી શકતો નથી. તેમાં તેને મમતાથી પણ કામ લેવું પડે છે. તેમ દાઈ પોતાના ઇલ્મને તાવીલ અને તાલીફ બન્નેથી શણગારીને બીજી તરફ પુગાડે છે અને આ બન્ને તેના સાક્ષી છે.

ત્યારે ઝિનામાં ચાર સાક્ષી હોવા જ જોઈએ તેમાં શું ભેદ છે? ઝિના કરનાર અને કરાવનાર બે જણા છે અને તે બન્નેને મારી નાખવાના છે. ઇમામની રજા વગર શરીઅતના હકાએકને બ્યાન કરનાર અને સાંભળનાર બન્ને વ્યભિચાર કરનાર જેવા છે. દીનના ઇલ્મનું મૂળ

નબી, વસી, ઇમામ અને હુજ્જત આ ચાર હદની જાણકારી (મઅરેફત)માં છે. આ ચારમાં નબી અને વસી ગુઝશતા ઝમાન (ભૂતકાળ)થી સંબંધ રાખે છે ત્યારે ઇમામ અને હુજ્જત મવજૂદા ઝમાન (વર્તમાન કાળ)થી જોડાયેલા છે. તો જે શખ્સ રજા વગર તાવીલ અને હકાએક બ્યાન કરે તો તેને બદકારી કીધી એમ કહેવાય, જેના સાક્ષી ઉપર જણાવેલા ચાર હદ છે. તેઓની ગવાહીથી તે ગુનેહગારને ગંભીર સજા થશે. ખુદાતઆલાનું ફરમાન છે કે : "**વમા યઝનૂથા વમન કેફઅલ ઝાલેકા યલક અસામા**" મતલબ કદીએ બદકારી કરશો નહીં, જો કરશો તો ઘણો ગંભીર ગુનાહ તમારા ગળે વળગશે.

વ્યભિચારના મૂળ ગુપ્ત ભાગ છે. પીઠમાં વીર્યનું સ્થાન છે તેની વ્યભિચારીની પીઠ પર ફટકા મારવાના હોય છે. હેતુ એ કે તેની પીઠ ખોખલી થઈ જાય, અને તેની બધી શક્તિ નાશ પામે. ગુપ્ત અવયવો પેટના પાસે છે પેટથી મતલબ બાતિન અને પીઠથી ઝાહિર છે ત્યારે તાવીલમાં વ્યભિચાર કરવાનો અર્થ હકના ધણીની રજા વગર બાતિન બ્યાન કરવાનો છે. આવું કરનારની પીઠ જ ભાંગી નાખવી જોઈએ.

પ્રકરણ ૪૧

હીજડાઓ અને અકુદરતી કામો કરવા બાબત

ખુદાતઆલાની મદદથી લખું છું કે જે મર્દ ઔરત બનવાનું પસંદ કરે છે અને જે સ્ત્રી પુરુષ બનવાની હોંશ રાખે છે તેમાં જરાયે તફાવત નથી. રસુલેખુદા (સ.અ.વ.)એ ફરમાવેલું છે કે: "લઅનતુલ્લાહ અલલ મોતશબ્બેહીના મિનર્રેજાલે બિન્ને સા વ [લ મુતશબ્બેહાતે મિન] નિઆએ બિર્રેજાલ" અર્થાત્ જે મર્દ સ્ત્રી જેવો બને અને જે સ્ત્રી મર્દ જેવી બને તે બન્ને ઉપર ખુદાની લઅનત છે.

તો જે મર્દ બીજા મર્દને પોતાના શૌહર તરીકે ઇખ્તેયાર કરે છે તે જાણે તેની સ્ત્રી બનીને રહે છે અને જે સ્ત્રી બીજી સ્ત્રીને પોતાની પત્ની તરીકે ગણે છે તે "સહાકા" કહેવાય છે. આમ પુરુષ-પુરુષ વચ્ચે સ્ત્રી-સ્ત્રી વચ્ચેના અકુદરતી જોડાણ કરનારાઓને સંગસાર કરવા જોઈએ એવો હુકમ મૌલાના અલી (અ.સ.)એ ખુદાના

ફરમાન મુજબ આપેલો છે.

ખુદાતઆલાએ લૂત નબીના અનુયાયીઓ બાબત કુર્આને મજીદમાં ફરમાવેલું છે કે: "ઇન્નકુમ લતાતુનર્રેજાલા શહવતન મિન દૂનિન નિસા" (તમે સ્ત્રીઓના બદલે પુરુષોથી સંભોગ કરો છો) લૂત નબીએ પોતાના અનુયાયીઓને આ બાબત સમજાવી પણ કૌમે તેમનું કહ્યું માન્યું નહીં. એટલે "જઅલ્લના આલીયહા સાફેલહા વ અમરતના અલયહા હિજારતન મિન સિજ્જી લિન મન્ઝૂદ" (અમોએ તે વસ્તીને કે જેના રહેવાસીઓ લફંગાઈ પર ઉતરી ગયેલા હતા, તેને દોઝખના પથ્થરો વરસાવી વેરાન કરી નાખી).

લૂત નબીના સમયના લોકો પર જ્યારે અકુદરતી કામોના લીધે ખુદાએ સિજ્જીનના પથ્થરો વર્સાવ્યા હતા, ત્યારે પયગંબર મોહમ્મદના સમયના પાક ઈમામોએ પણ તેને અનુસરીને અકુદરતી કામોમાં સંગસાર કરવાનો કાયદો જાહેર કર્યો. એક પુરુષ બીજા પુરુષને સ્ત્રી તરીકે ગણે, અથવા એક પુરુષ-પુરુષ હોવા છતાં જાણીબૂજીને સ્ત્રી સ્વરૂપે રહે તે એક પ્રકારનો ઝુલમનો જ તરીકો ગણાય અને ખુદા-તઆલાએ ઝાલિમો ઉપર લઅનત બોલેલી છે "લઅનતુલ્લાહ અલઝ ઝાલેમીન" ખુદ નબી (સ. અ. વ.)એ લવાતતમાં મુબ્તેલા થનાર અને સહાકા બનનાર ઉપર લઅનત બોલી છે. હવે જેના ઉપર નબીએ અકરમ (સ. અ. વ.) લઅનત બોલે તેના ઉપર ખુદા અને તમામ ખુદાઈની લઅનત વરસે

એમાં નવાઈ નથી.

હવે જ્યારે અકુદરતી કામો કરનારા પુરુષો અને હીજડાઓ સંગસારની સજાને પાત્ર થયાં છે ત્યારે સહાકા સ્ત્રીઓને પણ તેવી જ સજા આપવાની હોય છે કેમકે જ્યારે મરદો સ્ત્રી બનવાનો ગુનોહ કરે છે ત્યારે તે સહાકાઓ પણ મરદોના રૂપમાં બાહર પડે છે એટલે બન્ને પ્રકારમાં તફાવત રહેતો નથી. તાવીલના સંકેતમાં જોઈએ તો જે પુરુષ પોતાને બીજાની સ્ત્રી ગણાવે છે તે એક એવા જૂઠા ધર્મી નેતા જેવો છે કે જે લોકોને ખુદા અને ખુદાના પયગંબરોના કલામ સંભળાવે છે પણ પોતે ખોટો હોવાના લીસે દુનિયાના લોકોને રાજી રાખવા માટે પ્રવાહ ભેગો તણાઈ જાય છે. લોકો જે કહે તે તે કરે છે અને તે લોકોનો સરદાર બનવાંના બદલે લોકો તેના સરદાર બની જાય છે. આવા નેતાઓ લોકો ઉપર અધિકાર જમાવવાની પોતાની ફરજ ચૂકવી લોકમતને આધીન થઈને વર્તે છે. આવા આગેવાનોની શિખામણો એક એવા નૂત્ફા જેવી છે કે જે નૂત્ફો સ્ત્રીના ગર્ભાશયમાં જવાના બદલે પુરુષના મુહદ્વારમાં દાખલ થાય છે આવા અકુદરતી કામથી કોઈ પ્રજાની ઉત્પત્તિ સંભવતી નથી. ખુદાની લઅનત છે. સ્વેચ્છાચાર પોષીને લોકોની મરજી પ્રમાણે વર્તનારાઓ પર આવા લોકો શહેવતમાં લપટાઈને પોતાની પ્રતિષ્ઠા ખોઈ દે છે. ખુદા અને ખુદાના રસુલની તાબેદારીથી દૂર થઈ સમયના ઇમામથી પણ છેટા પડી જાય છે.

ઇમામ (અ. સ.)ના વજૂદ વગર આ ધરતી એક પળ પણ ખાલી રહેતી નથી ખુદાના એ ખલીફાની કુરબત (નઝદીકી) હરેકને મેળવવી ઘટે. જો ઇમામથી દૂર રહીએ તો જાન અને જીસ્મ બન્નેની હલાકી થાય. આ કારણે ઇમામ પોતાના ઝુહૂર (હાજરી)માં અને સતર (પરદા)માં પોતાના પ્રતિનિધિઓ મારફત લોકોને નજાતના રસ્તા તરફ બોલાવે છે.

હવે જે સ્ત્રી કે પુરુષસ્વરૂપે બાહર પડે છે તે એક એવા ખોટા નેતા જેવી છે કે જે લોકોને પોતાના શબ્દ-જાળમાં ફસાવીને હકના રસ્તાથી અલગ પાડી દે છે. આવા ખોટા નેતાઓ પોતાની જાત પર જુલ્મ કરે છે અને પોતાના અનુયાયીઓ ઉપર પણ. ત્યારે આવા સહાકા સમાન સત્તા પિપાસુને ખુદાની કિતાબ અને શરીઅતના તનઝીલ અને તાવીલ બાબત સવાલ કરવામાં આવે છે તો તે તેના ઇનકાર કરીને પોતાની અજ્ઞાનતાને છૂપાવી દે છે. આવા ખોટા નેતા અને તેના માનનારાઓ કે જેઓએ ખુદાની કિતાબ અને શરીઅતને નકારી કાઢી છે તેઓ ગુનેહગાર કહેવાય છે. પછી તેઓના ઉપર જો ખુદાનો કોપ વરસે તો એમાં અજબ થવા જેવું નથી.

સહાકા એવી સ્ત્રીને કહે છે કે જે મૂળમાં સ્ત્રી હોવા છતાં પોતાને પુરુષ તરીકે માને છે અને બીજી સ્ત્રીઓને

પણ પોતાના ચીલે ચલાવે છે. શરીઅતના અર્થમાં પુરુષ નાતિક જેવા છે એટલે સહાકા જે સ્રી છે પણ પોતાને પુરુષ તરીકે ગણાવે છે તે બાતિલના નાતિક જેવી છે આવા જૂઠા નાતિક અને તેની હામાં હા મેળવાં તાબે થનારાઓ પણ સજાને પાત્ર ઠરે છે. આ ધરતી પર જેમ ખરા હકના ઇમામો છે તેમ તેઓના મુકાબલામાં ખોટા ઇમામો પણ છે જ. સાચાજૂઠા સહાકા સ્વરૂપીનો સાથ આપનાર પણ લઅનતને પાત્ર ઠરે છે.

જેમ એક સ્રીને દુનિયામાં પુરુષ વિના ચાલી શકતું નથી, તેમ ઇલ્મ મેળવ્યા વગર પણ ચાલી શકતું નથી. ઇલ્મ આપનાર (ઉસ્તાદ) પુરુષ જેવા અને ઇલ્મ લેનાર (શાગિર્દ) સ્રી જેવા છે. સહાકામાં બન્ને સ્રીઓ છે અને બન્નેનું સ્વરૂપ બાતિલ છે. જે સ્રી રીતસરના પુરુષને આધીન રહેવાના બદલે સહાકા જેવી સ્રીને આધીન રહે તેના ઉપર ખુદાની લઅનત છે આવા અકુદરતી જોડાણો ખુદાના ફરમાન અને નબી (સ. અ. વ.)ની શરીઅત મુજબ જાએઝ (માન્ય) નથી. એમાં જાન અને જીસ્મ બન્નેની ખરાબી છે, બદનામી છે, બરબાદી છે એટલું જ નહીં પણ વંચિત રહેવાનું છે. ખુદાતઆલા મુમિનોને હક ઉપર કાએમ રાખે. હકના ધણીઓના છાયામાં રાખે. ખોટા અને દંભી નેતાઓની જાળમાં ફસાવાથી બચાવે આમીન યા રબ્બુલ આલમીન.

(કુઆનને મજીદમાં લૂત નબીને લૂત નામથી સંબોધેલા

છે અને બાઈબલમાં Lot નામ આપવામાં આવ્યું છે લૂત નબી, ઈબ્રાહીમ નબીના વંશમાંથી છે. જે લોકો લવાતતની બદીમાં સપડાયેલા હતા અને જેમના ઉપર આસ્માનથી મુસીબત ઉતરેલી હતી તેઓના વસ્તીસ્થળો (ગામડાઓના) નામ બાઈબલમાં SODOM અને GOMORRAH બતાવેલા છે. SODOMવાળા લવાતતમાં મુબ્તેલા હતા. એટલા માટે જે બુરા કામને અરબીમાં 'લવાતત' કહે છે તેને અંગ્રેજીમાં સોડોમી કહે છે, અને જે સ્ત્રી બીજી સ્ત્રી સાથે મોજ કરે તેને અરબીમાં સહાકા અને અંગ્રેજીમાં લેસ્બીયન લવ LESBIAN LOVE) કહે છે. ભાષાંતરકાર].

પ્રકરણ ૪૨

આકિલાને ખૂનનો બદલો આપવા બાબત

ખુદાતઆલાની મદદ અને શરીઅતના સાહેબ (સ. અ. વ.) ની તાઈદ (ગયબી ફરમાન)થી કહું છું કે એક શિકાર કરવા નીકળે અને કામઠા પર તીર ચઢાવી કોઈ શિકાર પર નેમ સાંધે પણ તીર શિકારના પ્રાણીને ન લાગતાં શરતચૂકથી કોઈ આદમીને લાગી જાય અને તેમાં તેનું મરણ નિપજે અથવા કોઈ બીજી રીતે ભૂલચૂકથી કોઈનું મરણ થઈ જાય તો મરનારના વારસદારોને તે ખૂનનો દિયો (બદલા) રોકડા નાણામાં આપવો જોઈશે. કુર્આને મજીદમાં છે કે: "વમન કતલા મુમેનન ખતાઅન વ દિયતુન મુસલ્લમતુન ઇલા અહલેહી" અર્થાત જે કોઈ ભૂલચૂકથી કોઈ દીનદારને મારી નાખે તો તેના ઉપર એક મુમિન ગુલામને આઝાદ કરવાની ફરજ પાડવામાં આવી છે તદુપરાંત મરનારના વારસદારોને દિયો આપવાનું પણ નક્કી કરવામાં આવેલું છે).

હવે આ બાબતમાં જે ફરમાન છે તેની સમજ તો રસુલેખુદાની (સ. અ. વ) સુન્નતથી જ મળી શકે છે, કેમ કે ખુદાની કિતાબમાં મુમિન મકતૂલ (મરનાર) માટે એક મુમિન ગુલામને આઝાદ કરવાનું લખેલું છે પણ દિયાની રકમ કેટલી આપવી. તે જણાવેલું નથી. વળી મરનાર શખ્સ નિર્ધન હોય તો બદલામાં આપવાની રકમ લાવે કયાંથી ?"

રસુલેખુદા (સ. અ. વ.)એ જે સુન્નત ઠરાવેલી છે તેમાં એક મુમિનના જાનનો બદલો એક હઝાર ચોખ્ખા સોનાના સિક્કા (દીનાર)નો છે, અથવા તો ચાર હઝાર ચાંદીના સિક્કા (દિરહમ) છે, કે જે દિરહમની કિંમતનું પ્રમાણ ગણેલું છે. આ રકમ મરનાર અગર મર્દ હોય તો તેના માટે છે અને જો મકતૂલ સ્ત્રી હોય તો તેનો બદલો તે રકમ કરતાં અર્ધો છે કેમ કે શરીઅતમાં સ્ત્રીનો હક મર્દ કરતાં અડધો જ નક્કી કરેલો છે.

(અગાઉના સમયમાં ગુલામોને ખરીદ કરવા, વેચવા અથવા તેઓને મુક્ત કરવાની પ્રથા હતી. હાલના સમયમાં તેવું નથી એટલે હકના કાઝી તેને લગતી રકમ ઠરાવે તે આપવાની હોય છે—અનુવાદક).

જો કાતિલ (મરનાર) દિયાની રકમ ન આપી શકે તો તે રકમ તેના સગાઓ પાસેથી લેવામાં આવે. આ રકમને અરબી ભાષામાં 'આકીલા' કહે છે. ભૂલથી મારી

નાખનાર કાતિલના 'આકીલા'માં (દિયા આપનાર) મારનારના ભાઈઓ, પીત્રાઈઓ અને બીજા નઝદિકના સગાઓનો સમાવેશ થાય છે. વળી દિયાની રકમ એક સાથે નહીં પણ ત્રણ હફતામાં (ઇન્સતોલમેંટ) ચૂકવવાની હોય છે. (મરણ ન થયું હોય ને જો શારીરિક ઇજા થઈ હોય તો તે ઇજાના પ્રમાણમાં પણ હકના કાઝી નાનીમોટી રકમ નક્કી કરી શકે છે. અનુવાદક). હેતુ એ કે કોઈનો જાન અને જીસ્મની ખરાબી એળે ન જાય અને મરનાર પર આધાર રાખનારા સગાઓ રખડી ન જાય.

રસુલિલ્લાહ (સ. અ. વ.)ના ઉપર જણાવેલા ફરમાનોમાં શું હિકમત સમાયેલી છે તે તાવીલ વગર સમજી શકાય નહીં. માત્ર ઉપર ટપકે જોઈએ તો તેમાં એકબીજા સાથે મુનાસિબત (સરખામણી) પણ જણાતી નથી. એક જણ બીજાને ભૂલથી મારી નાખે, વળી મરનાર નિર્ધન હોય અને તેના સગાસંબંધીઓને દંડવામાં આવે એ અજુગતું લાગે, એવું છે પરંતુ શરીઅતના કાનૂનો અને ફેસલાઓ રૂહાની છે તેની રચના રૂહાનીયત છે અને રૂહાનીયત હંમેશાને માટે બાકી રહેનાર છે, જીસ્માનીયત જેમ તે ફના થનાર નથી. આ કારણે જાહેરી જણાતા હુકમો બાતિની ફલસફા ઉપર રચાયેલા છે.

અહીં ભૂલચૂકથી કતલ કરી નાખવામાં તાવીલનો અર્થ એવો છે કે મોઅલ્લીમ (દીનનો પ્રચાર કરનાર) એક શિકારી

જેવો છે હવે જો તે નવ-મુસ્લિમ (મુસલમાન થનાર)ને
કોઈ એવી વાત કહી દે કે જેથી તે અજાયબીમાં ડુબી
જાય અને હકનો રસ્તો છોડી ભળતા રસ્તે ચઢી જાય તો
તે પ્રચારકે તે ઇસ્લામ સ્વીકારનારાને ભૂલથી કતલ કરી
નાખ્યો એવું ગણાય કેમકે તે ભટકી ગયેલો મુસ્તજીબ
હવે તેના મોઅલ્લીમ પાસેથી કંઈ સમજી શકે એવો રહ્યો
નથી હવે તેની જિંદગી સીધા રસ્તે ચઢે એ બનવું
મુશ્કેલ છે.

આવું બને ત્યારે બીજો પ્રચારક તે મુસ્તજીબને
માર્ગદર્શન આપે છે અને સાચી વસ્તુસ્થિતિની તેને સમજ
પાડી તેના દિલને શાંતિ થાય એવી રીતે તેણે સમજણ
આપી ફરીથી તેના સીધા માર્ગ ઉપર લઈ આવે છે એટલે
તેને ફરીથી મુસ્તજીબના આત્માને જીવતો કર્યો એમ
ગણાય છે.

એક જઝીરામાં કામ કરતા દાઈ બીજા જઝીરામાં
કામ કરનાર દાઈના પિત્રાઈ ભાઈ જેવા છે. આમ એક
દાઈથી થયેલી ભૂલ બીજા દાઈ સુધારી લે છે. જેમ મારનાર
નિર્ધન હોય તો તેના આકિલાથી દિયો વસૂલ થાય છે.
શરીઅત ઇચ્છે છે કે કોઈ પણ જાન વ્યર્થ ન જાય તે જાન
સુધરવો જ જોઈએ. દરેક ભટકેલાને ફરી પાછાં દીનના
રસ્તા પર લાવવા જ જોઈએ જેથી તેને નજાતી મળે.
ખ્યાલ રહે કે જેમ એક જઝીરાના દાઈ બીજા

જઝીરાના દાઈના પિત્રાઈ ગણાય તેમ એક જઝીરાના માઝૂન પણ બીજા જઝીરાના માઝૂનના પિત્રાઈ ગણાય.

મકતૂલના ખૂનના બદલાની રકમ ત્રણ હફ્તામાં વસુલ કરવામાં આવે છે. આમાં સંકેત એ છે કે જે દાઈ ભટકેલાને ફરી પાછા ખરા રસ્તા પર લાવે છે ત્યારે સૌ પ્રથમ તે ભટકેલાને નાતિકના મરતબાની ઓળખાણ કરાવે છે ત્યાર પછી તેને ખુદાની કિતાબ અને નબી (સ. અ. વ.)ની સુન્નતથી આગાહ કરે છે અને તે બન્નેનો મર્મ સમજાવે છે. નબી (સ. અ. વ.)ની હિદાયત દેહ સ્વરૂપી છે, જેમાં પ્રાણસમા વસીની પણ મઅરફત છે. આ સમજણ બીજા હફ્તામાં અપાય છે. ત્યાર પછી ત્રીજી બેઠક અથવા ફેરામાં ઇમામતના મરતબાની મઅરેફત આપવામાં આવે છે. આમ નાતિક દેહ, અસાસ, પ્રાણ અને ઈમામ આ બન્નેનું સંગમ કરનારા છે.

જાનની નજાત ઉપર જણાવેલા ત્રણે સાહેબોની મઅરેફતથી જ છે એનાથી જ નૂર પ્રકાશે છે. જેમ ત્રણ હફ્તાના બદલાથી, ભૂલથી મરેલાના જાનના દિયાથી તેની અને તેને ભૂલથી મારનારની નજાત થઈને રૂહાનીયતનો ફલસફો ચમકી રહે છે. દિવ્ય ચક્ષુ (દિલની આંખો)થી અગર જોવામાં આવે તો ઉપર લખેલી બાબત જાણી અને સમજી લેવા પછી આંખોમાં નૂર અને દિલમાં આનંદ પયદા થાય છે.

એક હજાર સોનાના અથવા બાર હજાર ચાંદીના સિક્કા આપવામાં એવો સંકેત છે કે સોનાથી ઇશારો નાતિકના મરતબા અને ચાંદીથી ઇશારો અસાસના મરતબા તરફ છે. ઇમામ કે જે નાતિક અને અસાસનું જોડાણ કરનારા છે. તે સોના અને ચાંદીના મજમઅ છે નબી અને વસીની ગેરહાજરીમાં ઇમામ જ ઉમ્મતમાં સર્વોપરી છે તેમનો મરતબો એક હજાર હુજ્જત કરતા આલા અને અફઝલ છે. હાજર ઇમામ બારે જઝીરાના હુજ્જત કરતાં પણ શ્રેષ્ઠ છે.

પ્રકરણ ૪૩

ગુનાહ-કબીરા (મોટા ગુનાહો) અને તેની તાવીલ બાબત

અલ્લાહતઆલાની મદદથી કહું છું કે રસુલિલ્લાહ (સ. અ. વ.)ને લોકોએ અરજ કીધી કે "ગુનાહોમાં સૌથી મોટા ગુનાહ કયા છે?" ખુદાના પયગંબરે ફરમાવ્યું કે, "ખુદા સાથે બીજાને ભાગીદાર બનાવવું એટલે શિર્ક કરવું" ભરણપોષણ કરી ન શકાય એવી બીકથી પોતાના બાળકોને મારી નાખવું, તેમ કોઈ સ્ત્રી સાથે વ્યભિચાર આદરવું એ મોટામાં મોટા ગુનાહ છે."

નબીએ કરીમ (સ. અ. વ.)એ જ્યારે આ ફરમાવ્યું ત્યારે તેના ટેકામાં કુર્આને-મજીદની આ આયત પણ પઢી: "વલ લઝીના લા યદઉના મઅલ્લાહે ઈલાહા આખર વલા યકતુલુનન નફસલ લતી હર્રમલ લા હો ઈલ્લા બિલ હકકે વલા યઝનૂન વમન યફઅલ ઝાલેકા યલકા અસામા" અર્થાત

અને તે કે જે બીજા સાથે ખુદાને હાંક નથી દેતા અને જે જાનદારને મારવાની મના આવેલી છે તેને હક વિના નથી મારતા તેમ વ્યભિચાર નથી કરતા અને જે કોઈ આવું કરશે તે મહાપાપમાં સંધાવાશે.

હવે ખુદાતઆલાની બાબતમાં તો ભાગ્યે જ કોઈ શિર્ક કરે છે ખરું શિર્ક તો ખુદાતઆલાના નિમેલા ખલીફામાં જ થાય છે. હકના ઇમામના બદલે ખોટા ઇમામને માનનારા જ શિર્કના ગુનાહમાં મુબતિલા થાય છે બાળકોને મારી નાખવામાં સંકેત એ છે કે કોઈ આલિમ આમિલ મુસ્તજીબને ઇલ્મ પઢાવવામાં એટલા માટે આનાકાની કરે છે કે ભણીગણીને મારાથી આગળ વધી જશે. તેમ કોઈ સ્ત્રી સાથે વ્યભિચાર કરવાનો અર્થ એ છે કે એક જઝીરાના અધિકારી બીજા જઝીરામાં રહેનારને ઇલ્મ પઢાવે.

મૌલાના અલી (અ. સ.) ફરમાવે છે કે ગુનાહોમાં સાત (૭) ગુનાહ ઘણા ભયાનક છે. (૧) ખુદા સાથે કોઈને ભાગીદાર જાણવા. (૨) પોતાના હાથે પોતાનો જાન લેવો-આપઘાત કરવો. (૩) પરણેતર-પાકીઝા ઓરત પર ઝિનાનો આરોપ મૂકવો. (૪) યતીમનો માલ ખાઈ જવું. (૫) વ્યાજ ખાવું. ખાસ કરીને અમુક વજનના ઘઉં આપી તેના બદલામાં વધારે વજનના ઘઉં લેવા. (૬) જેહાદથી પીઠ ફેરવવી. ખાસ કરીને અધર્મી સાથે લડવામાં પાછીપાની

કરવી. (૭) નબી (સ. અ. વ.) સાથે હિજરત કરી, આપના સાથે વસવાટ કર્યા પછી ફરી પાછા ગામડામાં ચાલ્યા જવું.

જે શખ્સ આવા મોટા ગુનાહોથી બચીને રહે છે, ખુદા તેના નાના ગુનાહો માફ કરી દે છે. જેમ કે કુર્આનમા લખેલું છે કે: "ઇન તજતનીબુ કબાએરા મા તુનહવના અનહુ નુકફ્ફિર અનકુમ સય્યેઆતેકુમ વ નુદખિલકુમ મુદખલન કરીમા" (તમે મોટા ગુનાહો કે, જેની તમને મના કરવામાં આવી છે, જો તે નહીં કરો તો અમે તમારી નાની ભૂલચૂકોને માફ કરી દેશું અને તમને કરમવંતા ઘરોમાં વસાવી દઈશું.)

સમજદાર માણસ જો ધ્યાનથી જોશો તો તેને જણાઈ આવશે કે કુર્આને પાકની ઉપર લખેલી આયતના ચાર કલેમા છે. જે બાર હુજ્જતની તરફ ઇશારો કરે છે. આ બાર હુજ્જતો મારફત મોટા ગુનાહ શું છે તે જાણી શકાય છે. હેતુ એ કે લોકો તે ગુનાહોથી બચે અને નજાત પામે.

હવે અલી આલાએ જે સાત (૭) મોટા ગુનાહો ગણાવેલા છે તેનો ભેદ ઉકેલવાની કોશિશ કરીએ.

(૧) ખુદાતઆલા સાથે બીજાને ખુદા માની તેની પરસ્તિશ કરવી એટલે શિર્ક કરવું. આનો અર્થ એ છે કે હાઝર ઈમામ કે જે ખુદાના ખલીફા છે તેના બદલે ખોટા

બની બેઠેલા ઇમામને ખરા માનવા, ને ખરા સાથે ખોટાને ભેળવવું એટલે શિર્ક કરવું છે આ એક એવો ગુનોહ છે કે જે કદીએ માફ થઈ શકશે નહીં દરેક સમજદારને ઘટે કે તે ખરાખોટામાં શું તફાવત છે તે જાણી લે બાતિલને છોડી હકના સાહેબ તરફ વળે તેમાં જ તેની નજાતી છે.

(૨) આપઘાત (ખુદકુશી) કરવામાં એવો સંકેત છે કે હસદ, લાલચ તેમજ કીના (બદલા)ના ખ્યાલથી મુમિનને જ્ઞાનથી વંચિત રાખવો નહીં. એટલી હદ સુધી કે તેના દિલમાં શક પયદા થાય અને તેના લીધે તેનો એતેકાદ માન્યતા નાશ પામે. તેનો જાન ભટકી જાય અને તે ઊંધે રસ્તે ચઢી જાય. એક મુમિનને લાયક છે કે તે બીજા મુમિનને ગુમરાહ કરે નહીં.

(૩) પાક અને અસ્મતવંતી બાઈ ઉપર ઝિનાનો આરોપ મૂકવાનો અર્થ એ છે કે દાઈ પોતાના જઝીરાના લોકોને નજાતીનો રસ્તો બતાવે છે, તેમ હુજ્જત પાસેથી ઇલ્મ મેળવી તેના મારફત મુસ્તજીબોના હૈયાઓને ઇલ્મની રોશનીથી અજવાળે છે. આવા મુસ્તજીબો દાઈથી ઇલ્મ લઈ બીજા અહદ આપનારાઓને પઢાવે છે. હવે જો મુસ્તજીબો છટકી જાય, દાઈની ગીલત કરે અને દાઈ ઉપર એવો આરોપ મૂકે કે તે તો માત્ર ઉપરછલ્લું જાણે છે અને જેઓએ અહદ તોડી નાખ્યો હોય અથવા તો આપ્યો જ ન હોય એવાઓને ઇલ્મ શિખવાડે તો તેઓએ ત્રીજા

પ્રકારનો મોટો ગુનોહ કીધેલો કહેવાય.

(૪) યતીમનો માલ હજમ કરી જવામાં મતલબ એ છે કે એક આદમી એટલી હદ સુધી મગરૂર (ઘમંડી) થઈ જાય કે તે દાઈની હજરતમાં જવાથી ઈનકાર કરે પછી તે દૌલતના નશામાં કે પોતે ઘણો વિદ્વાન છે એવી ખોટી સમજ અથવા તો સત્તાના મદમાં અથવા બીજા કોઈ કારણે દાઈની ખિદમતમાં ન જાય અને કોઈ મુસ્તજીબને પૂછે કે દાઈ શું કરે છે, અને તે મુસ્તજીબ તેની તેણે ખબર કરી દે અને આ બધું જાણ્યા પછી તે ઘમંડી માણસ તે મુસ્તજીબને કહે કે, "હવે તું દાઈ પાસે જા અને અમુક સવાલો કર અને દાઈ શું જવાબ આપે છે તે મને આવીને કહે." આ પ્રમાણે કોઈ માણસ કોઈ મુસ્તજીબને હથ્યાર બનાવી દાઈના ઈલમથી વાકિફ થઈ જાય તો આવા ઘમંડી પુરુષને યતીમનો માલ ખાઈ જનારો કહેવામાં આવે છે. દાઈ ને જ્યારે આવા મુસ્તજીમની ખબર પડી જાય છે ત્યારે તે દાઈ પેલા મુસ્તજીબને ફાયદો આપવાનું બંધ કરી દે છે અને 'પરિણામે તે મુસ્તજીબ ઈલમથી ફાયદો મેળવી શકતો નથી.

(૫) વ્યાજ બાબતનો અર્થ એવો છે કે મુસ્તજીબ માઝૂન પાસેથી એવી સમસ્યાઓનો ઉકેલ માંગે છે કે જેમાં ઘણા અર્થ નીકળતા હોય અને માઝૂનના દિલમાં એવી બીક ઉત્પન્ન થઈ જાય કે જો હું બધી સમસ્યાઓને ઉકેલી

કઈશ. તો મુસ્તજીબ આલિમ થઈ જશે અને જો તે આવી બીકના કારણે થોડું બતાવે અને ઘણું રહેવા દે તો તે માજૂનની આવી વર્તણૂંક વ્યાજની લેવડ-દેવડ જેવી ગણાય.

જેહાદમાંથી પીઠ ફેરવવાની બાબતમાં એવું કહેલું છે કે દીનના કોઈ હદને ઝાહેરના કોઈ લોકો સાથે ચર્ચા કરવાનો પ્રસંગ આવે અને તે સમયે તે હદ ચર્ચા કરવાના બદલે શાંત રહે અથવા ચર્ચા કરતી વખતે મનમાં નબળાઈ રાખે અથવા તો બેદિલી પોષે જેના લીધે ઝાહેરના લોકોમાં હિંમત આવી જાય ત્યારે એમ કહેવાય કે તે હદએ હકની જેહાદથી મોઢું ફેરવી લીધું તે હદનો ખરી ફરજ તો એ છે કે તે હિમ્મતથી બહસ કરે અને વિરોધીઓને પરાજય આપવામાં પૂરી કોશિશ કરે જેથી હકની જીત અને બાતિલની હાર થાય.

(૭) હિજરત કર્યા પછી ફરીથી ગામડયા થઈ જવાનો અર્થ એવો છે કે મુસ્તજીબ હકના સાહેબને અહદ આપ્યા પછી અને દઅવતના મદીના (શહેર)માં વસ્યા પછી ફરી પાછો અહદ તોડી ગામના લોકોમાં ભળી જાય અર્થાત શહેરયત છોડીને ગામડિયો થઈ જાય. આ છે સાત મોટા ગુનાહ.

રસુલિલ્લાહ (સ. અ. વ.)ની હદીસ છે કે: "**મિનલ કબાયેરિલયાસ મિન રવહલ્લાહે વલ આમનો મિન મકરિલ્લાહ**" એટલે ખુદાની રહેમતથી નાઉમ્મીદ

થવું અને તેની વેતરણથી પનાહ માંગવું આ પણ મોટા ગુનાહોમાંથી છે.

ખુદાની રહેમતની નાઉમ્મી થવાનો અર્થ એ છે કે ઇસ્લામ અને ઇમાનમાં કોઈ એવો નાદાન આદમી હોય કે જે એમ કહે, "આ દુનિયામાં બધું અંધાધુંધ છે; ઇન્સાફ જેવું કંઈ જ નથી, જ્યાં ત્યાં અજાયબીઓ છે, સચ્ચાઈનું નામોનિશાન નથી, મઝહબો અને પંથો વેગળા થઈ ગયા છે, અસલિયત રહી નથી. મઝહબનો ખરો મકસદ રહ્યો નથી." આવી બકવાસ કરનારો ખુદાની રહેમતથી નાઉમ્મીદ થયેલો ગણાય. તેને ખુદા અને ખુદાના પયગંબર ઉપર દુનિયાને નાબૂદ કરી નાખવાનો આરોપ મૂકેલો કહેવાય. જે મોટો ગુનોહ છે.

ખુદાતઆલાની વેતરણથી સલામત રહેવાનો અર્થ એ છે કે કોઈ આદમી એમ કહે કે સવાબ અને અઝાબ પૂણ્ય અને પાપ જેવું કંઈ છે જ નહીં; જો એવું હોત તો બધા ગુનેહગારોને સઝા મળતે, નેકી કરનારને ભલો બદલો મળતે, ખુદા જો શક્તિમાન હોત તો ગુનેહગારોને પકડીને નેકી કરનારાઓને બિદરાવતે" આવું કહેનારો ખુદાની હિકમત, મસ્લેહત, મશીઅત અને મકરનો ઇનકાર કરી મોટું પાપ કરાવે છે.

ઉપર જણાવેલા સાત મોટા ગુનાહ ઉપરાંત એવું પણ લખાયેલું છે કે (૧) ખોટી સાક્ષી આપવી. (૨) મા–

બાપની નાફરમાની કરવી અને (૩) ખોટા કસમ ખાવું પણ મોટા ગુનાહ છે. આની તાવીલ આ છે. હકના ઈમામના બદલે ખોટા ઈમામને માનવું તે ખોટી સાક્ષી આપવા જેવું છે. મુસ્તજીબ, દાઈ અને માઝૂન સામે ઝબાનદરાઝી કરે (જેમતેમ બોલે) તે મા-બાપની નાફરમાની કીધેલી કહેવાય. કોઈ અન્યનો માલ અથવા ધન પચાવી પાડે અને સોગંદ લઈને કહે કે મેં આવું કર્યું નથી ને ઈમામને અહેદ આપી, ઈમામથી ફાયદો અને ફયઝ મેળવી તેનાથી ઈન્કાર કર્યો ગણાય.

ત્યારે જે કોઈ એમ ચાહે કે ગુનાહે કબાયરથી બચીને રહે તો તે ખુદા, ખુદાના વલી અને ઈમામુઝે ઝમાનને અંકિત થઈ જાય. આ સાહેબોનો જ દેખાડેલો રસ્તો જન્નતનો રસ્તો છે સાચો મુમિન તે જ કહેવાય કે જે જન્નતની ઉમીદ રાખે અને મોટા ગુનાહોથી બચે, ઝાહિરી (દેખાતા) ગુનાહોથી પોતાની જાતને બચાવે તેમજ બાતેની ગુનાહોથી પણ દૂર રહે (બાતેની ગુનાહ કે જેનો મર્મ ઉપર તાવીલના અર્થમાં સમજાવવામાં આવ્યો છે). બારીતઆલા સઉને નેક તૌફીક આપે-આમીન.

પ્રકરણ ૪૪

હરામ અને હલાલ ગોશ્ત વિષે થોડીક સમજણ

વલીયુઝ ઝમાનની મદદથી હકના હરમમાં રહેના-રાઓને કહું છું કે, મૂમિનોને ખુદાતઆલાના ઝાહિર અને બાતિન બન્ને પ્રકારના ફરમાનો માથે ચઢાવવા જોઈએ, તે પર અમલ કરવો જોઈએ. કારણ સમજદાર માણસ જ્યાં સુધી ઝાહિરનું બાતિન નહીં જાણે ત્યાં સુધી હલાલ અને હરામમાં શું તફાવત છે તે પણ તે જાણી નહીં શકે. દાખલા તરીકે ખુદાતઆલા કુર્આને-મજીદમાં ફરમાવે છે. "ફકુલૂ-મિમ્મા ઝુકેરસ્માહો અલયહે ઈન કુનતુમ બેઆયાતે હી મૂમિનીન" (જે વસ્તુ પર ખુદાનું નામ લેવાયું હોય તે ખાવો તેમાં તમો મૂમિનીન માટે નિશાની છે).

પરંતુ આપણે સારી રીતે જાણીએ છીએ કે ખન્ઝીર (ડુક્કર) પર એકતો શું પણ એકસો (૧૦૦) વખત પણ બિસમિલ્લાહ બોલી હોય તો પણ તેનો ગોશ્ત હલાલ

થઈ શકતો નથી. હવે દેખીતી રીતે બકરા, ગાય, ડુક્કર વગેરે જાનવરોને ઝબ્હ (કાપવા) કરવામાં કોઈ નવીનતા નથી. ગળુ કાપતી વખતે આવા જાનવરો જમીન પર તરફડે છે, તેમનાં શરીરમાંથી લોહી વહે છે. ત્યારે હલાલ શું અને હરામ શું ? તેનો ગુપ્ત ભેદ અને સમજ તાવીલની જાણકારી વગર સમજી શકાય નહીં ડુક્કર સદંતર હરામ છે અને જો બકરાને વિધિ પ્રમાણે રીતસર કાપવામાં આવે તો હલાલ છે. પણ જો કાયદેસર ઝબીહત ન થઈ હોય તો બકરા જેવા હલાલ પ્રાણીઓ પણ હરામ થઈ જાય છે.

ખુદાતઆલા ફરમાવે છે કે "હુર્રેમત અલયકુમુલ મયતતો વદ્દમોવ લહમલ ખન્ઝીર....બિલ અઝલામ" અર્થાત તમારા ઉપર મુરદાર જાનવર, ખુન, ડુકકરનો ગોશ્ત ખુદા સિવાય બીજાના નામથી ઝબ્હ કીધેલા (હલાલ) જાનવરોનો ગોશ્ત, લાકડી ખોસીને મારેલો, ઊંચાઈથી પડીને મરી ગયેલો, એક જાનવરે બીજા જાનવરને શીંગડા મારીને મારી નાખેલો, વિકરાળ પશૂએ ફાડી ખાધેલો (પરંતુ જાન બાકી હોય તે વખતે રીતસર ઝબ્હ કર્યો હોય તે હલાલ છે.) મૂર્તી સામે ભેટ ચઢાવેલો તથા પાસા નાખીને હલાલ કરવા ધારેલો આવા પ્રકારના જાનવરોનો ગોશ્ત હરામ છે.

ઉપર દર્શાવેલી વિગત ઉપરથી સાફ જણાઈ આવશે કે કોઈ પણ જાનવર રીતસરની કુરબાની સિવાય બીજી રીતે મરે તો તેનો ગોશ્ત ખાવાની મનાઈ છે. કોઈ પણ

જાનવરનું લોહી પણ હરામ છે. બિસ્મિલ્લાહ બોલાયા વગર થયેલી ઝબીહત, ઝબીહત નથી તેમજ પથ્થર ઉપર સુવાડી કાપેલા જાનવરની કુરબાની પણ જાએઝ નથી, ઝટકાથી અથવા લાકડીથી મારવું પણ રવા નથી. ઊંચાઈથી પડી અથવા બીજા કોઈ અકસ્માતથી મરી ગયેલા જાનવરનો ગોશ્ત પણ ખાવો ન જોઇએ. એક જાનવરે બીજા જાનવરને મારી નાખેલાનો ગોશ્ત પણ હરામ છે અલબત્ત, આવા અકસ્માતમાં સંઘોવાયેલો જાનવર હજી જીવતો હોય અને તેનું મોઢું કિબલા તરફ રાખી તેની રીતસર કુરબાની કરી હોય તો તે જુદી વાત છે. છતાં દાંતથી ફાડી ખાધેલા અથવા શીંગડાથી જખ્મી કરેલા જાનવરમાં, મારનાર જાનવરનું ઝહર પેસી જાય છે તેથી તેવા જાનવરને ન ખાવું સારૂં મૂર્તી સામે ભેટ ચઢાવેલા અથવા પાસા ફેંકી (અરબોમાં પાસા ફેંકી નિર્ણય લેવાનો રિવાજ હતો કે કુર્બાની કોણ કરે) હલાલ કરેલા જાનવરો હલાલ હોવા છતાં તેનો ગોશ્ત હરામ છે.

આમ કુર્આને મજીદમાં લખેલી આયતમાં અગ્યાર પ્રકારનો ગોશ્ત હરામ છે, માત્ર બારમા પ્રકાર–કિબ્લા સામે મોઢું રાખી સુવાડેલા જાનવર કે જેને બિસ્મિલ્લાહ અલ્લાહો અકબર બોલી ઝબ્હ કીધો હોય તેનો જ ગોશ્ત હલાલ છે.

પયગંબર યઅકૂબ (અ.સ.)ના ચાર દિકરા (હુફ્ફદ) હતા તેમા યુસુફને અગ્યાર જણાએ સજદો કર્યાનો કુર્આનમાં

ઉલ્લેખ છે, જે ઉપરથી જણાશે કે એકની તાબેદારી વગર અગ્યારનું મહત્ત્વ રહેતું નથી. "ઈન્ની રઅયતો અહદા અશરા કવકબન વશશમ્સા વલ કમરા રઅયતોહુમ લિસ સાજેદીન"ની આયત શરીફ તૌહીદના સરિસ્તાને રૌશન કરે છે કિબ્લા તરફ મોઢું કરવું, દઅવતના મહેરાબમાં રહેવું, ખુદાના વલીને માનવું દરેક મૂમિનની પ્રથમ ફરજ છે.

હવે આપણે ઉપર જણાવેલા અગ્યાર પ્રકારના ગોશ્તમાં તાવીલી મર્મ (સંકેત) શું છે તે જોઈએ.

(૧) મુરદારનો ગોશ્ત હરામ છે મતલબ જે આદમી પોતાના દૌરના નાતિક (નબી)ની નાફરમાની કરે તે રૂહુલ કુદ્દુસના ફયઝથી વંચિત રહે તે મરે તોયે તેની મૌત હરામ ગણાય. તે ખુદાની બારગાહમાં પણ પહોંચી શકે નહીં. શયતાન ઘણોયે બંદગીગુઝાર હતો પણ ખુદાના હુકમનો અનાદર કરી આદમને સજદો કીધો નહીં અને તે કારણે હંમેશાની લઅનતમાં ગિરફતાર થયો.

(૨) ખૂન હરામ છે એટલે ઝબીહતના વખતે જે ખૂન વહે છે તે અથવા બીજા કોઈ કારણના લીધે શરીરમાંથી ખૂન ટપકે તેનું ખાવું-પીવું હરામ છે મતલબ જે કોઈ શખ્સ હકના સાહેબને આપેલા એહદનો ભંગ કરી અલગ પડે, તે હકથી જૂદો ગણાય.

(૩) ડુક્કર એટલા માટે હરામ છે કે ન તો તેના

માટે ઝબીહત છે ન હલાલની કોઇ સૂરત તે તો લોકોની ખેતી–વાડીને ખરાબ કરનારો છે. આખો દિવસ ખાતો ફરે છે. દુનિયાની લાલચમાં લપટાઇને દીનને ફના કરનારનો હાલ પણ ડુક્કર જેવો જ હોય છે. જેમ ખેતીવાડી બરબાદ થવાથી માનવજાત મુસીબતમાં આવી પડે તેજ પ્રમાણે જો દીન બરબાદ થાય તો બધું જ ફના થઇ જાય.

(૪) અલ્લાહ સિવાય બીજાના નામથી થયેલી ઝબીહત એટલા માટે હરામ છે કે જે કોઈ હકના ઈમામને છોડી બાતિલના ઈમામ તરફ લોકોને બોલાવે તે મુરતદ ગણાય એનો સંગાથ હરામ કહેવાય.

(૫) ચટાણ અથવા પથ્થર પર કરેલી ઝબીહત હરામ છે. આમાં સંકેત એ છે કે જે ધણીના એહદનો હાલ પથ્થર પર જડ જેવો હોય, જરા જરામાં ઉમબાઈ પડતો હોય તેવા શખ્શની દોસ્તી ખતરનાક છે.

(૬) લાકડીથી મારેલા જાનવરનો ગોશ્ત હરામ છે. મતલબ જે શખ્ત બાતિનને નકારતો હોય, ઝાહિરથી હયરત અનુભવતો હોય, સાંભળેલા વચનોનો તોલ ન કરી શકતો હોય તેવો શખ્સ ઝટકાથી મારેલા જાનવર જેમ નકામો છે.

(૭) ઉંચાઇથી પડીને મરેલો જાનવર એવા માણસ જેવો છે કે જે દીનના ઊંચા દરજ્જા પર ચઢવા પછી નીચે પટકાઇ જાય છે. (કોઈ ગુનાહના કારણ) આવા આદમી પાસેથી ઈલ્મ ન શીખવું જોઈએ.

(૮) શીંગડા મારેલા જાનવર હરામ છે. મતલબ કે કોઈ બે જણુ ઈમામની રજા વગર મઝહબને લગતી ચર્ચામાં ઉતરી જાય, એકબીજાને શીંગડા મારે આવા લોકો પાસેથી ઈલ્મ મેળવવું જાએઝ નથી કારણુ તેઓનું ઝહર ઈલ્મ મેળવનારના શરીરમાં પેસી જશે અને ને અનેક ગુચવાડાઓમાં પડી જશે.

(૯) વિક્રાલ પ્રાણીએ ફાડી ખાધેલા જાનવરનો ગોસ્ત હલાલ નથી. કારણુ જે શખ્શ નાસ્તિકો, ખોટા ફિલસુફો અને ઉટપટાંગ વાતો કરનારાઓની શેહમાં તણાયો હોય તેના ઇલ્મમાં શિફા નથી ઉલટું તેમા હકથી ભટકાઈ જવાનું જોખમ છે અલબત શીંગડા મારેલા કે ફાડી નાખેલા જાનવરમાં જાન હોય અને તેની રીતસર ઝબીહત થાય તો જુદી વાત છે. મતલબ ભટકેલા અને ભૂલા પડેલા લોકો ફરી પાછા હક તરફ વળે તો તેઓને દઅવતમાં સમાવી શકાય છે. શિકારીઓ શીખવેલા કુતરાઓને દોડાવી શિકાર પકડે છે, ગોળીથી વીંધે છે યા તીરથી મારે છે આવી રીતે મારેલા જાનવરમાં જાન હોય, તો બિસ્મિલ્લાહ બોલી ઝબીહત કર્યા પછી તેનો ગોશ્ત ખાઈ શકાય છે.

(૧૦) મૂર્તિને ભેટ ચઢાવેલા પ્રાણીઓ હલાલ નથી મતલબ ખુદા સિવાય બીજાને ખુદા માનનાર ભૂલાવામાં છે એટલુ જ નહીં પણુ હકના સાહેબને ભૂંડુ બોલી તે સાહેબના ફ્ઝલનો ઈન્કાર કરનારાઓ છે, આવા શખ્સો પોતાને ભલે

શિઆ કહેવડાવે પણ તેઓ શિઆ નથી જેમ કે મૂર્તિનો ચહેરો ઈન્સાન જેવો છે પણ તે ઈન્સાન નથી.

(૧૧) પાસા નાખીને મારેલું જાનવર હલાલ નથી અરબોમાં, ઈસ્લામ પહેલાં એવો રિવાજ હતો કે એક લાકડા પર એક તરફ ખુદાનું નામ લખતા અને બીજી બાજુ કોરી રાખતા પછી તે લાકડાને ઉછાળતા અને ખુદાના નામવાળી બાજુ જો સીધી પડે તો તે જાનવરને હલાલ ગણી લેતા અને જો કોરી બાજુ સીધી પડે તો તે જાનવરને છોડી દેતા ઈસ્લામે આ રીતની કુરબાની હરામ કીધી છે. રીતસરની બીહતનો કાનૂન ઘડી અટકળથી વહેવાર કરવાની મના કરી છે. આમાં અનુમાન (કિયાસ)થી ફતવા આપનારાઓથી દૂર રહેવાનો સંકેત છે. ખુદા અને ખુદાના કાયમ મકામના ફરમાન મુજબ જ ચાલવું જોઈએ આમાં અનુમાન કે અટકળને જરાએ સ્થાન નથી.

મુમિનો જો તમે હલાલ અને હરામના ઝાહિર અને બાતિન બન્નેને ઓળખીને ચાલશો તો તમને નજાતનો રસ્તો મળી જશે.

પ્રકરણ ૪૫

દજ્જાલ બાબત

ખુદાતઆલાની તૌફીકથી કહું છું કે રસુલિલ્લાહ (સ.અ.વ.)ની ઉમ્મતના બધાજ લોકો દજ્જાલને લાગતી આપની હદીસથી જાણકાર છે અને બધા કબૂલ પણ કરે છે કે દજ્જાલના ફિત્નાથી આપણે સાવધ 'રહેવું' જોઇએ. પણ જ્યાં સુધી ઈન્સાનને કોઈ પણ વસ્તુની મૂળ બાબતની જાણકારી હોતી નથી ત્યાર સુધી તે તે બાબતથી સાવચેત રહી શકતો નથી.

દાખલા તરીકે કોઈ શખ્સ કોઇ જહેરી વસ્તુ અજાણે ખાઈ લે તો તેણે નુકસાન થયા વગર રહે નહીં આ સિવાય બીજી એવી ઘણી વસ્તુઓ છે કે જે જહેરી ન હોય છતાં તેના ખાવાની રીતમાં અથવા તેની મેળવનીમાં ફરક પડી જાય તો તે અવશ્ય હાની પહોંચાડે, જેમ કે ખાલિસ દુધનું ઘી અથવા ખાલિસ શહદ-મધ આ બન્ને વસ્તુઓ ખાવામાં

સ્વાદિષ્ટ અને પૌષ્ટિક છે. પણ જે કોઈ આ બન્ને વસ્તુઓને તેનો ઠરાવેલા પ્રમાણ કરતા વધારે મેળવી દે તો તે હાનીકારક સાબિત થાય છે.

ત્યારે એક સમજદાર માણસ માટે જરૂરી છે કે તે જે શખ્સને સારી રીતે ઓળખી લે જેના માટે સરવરે આલમે ચેતવણી આપેલી છે. આપ ઈરશાદ ફરમાવે છે કે "એહઝરૂ ફિત્નતિલ આવરિદ દજ્જાલ" (કાણા દજ્જાલની ફિત્નતથી બચીને રહેજો).

હવે જે કાણા દજ્જાલને ઓળખી લેશે તે કદી પણ તેની જાલમાં સપડાશે નહીં, કારણ ખુદાતઆલાના ન્યાયના વિરૂદ્ધ છે કે તે એક મુમિનને એવી બાંહેધરી આપે કે જો તે તેને (ખુદાને) વળગી રહેશે તો નજાત પામશે અને પછી તે મુમિનને હલાકીના રસ્તાની ખબર પણ ન કરે.

આ બન્ને બાબતની ખુદાતઆલાએ કુર્આને મજીદમાં ચોખવટ કરેલી છે કે: "લા તયાસુ મિન રવહિલ્લાહે, ઈન્નહુ લાયઅસો મિન રવહિલ્લાહે ઈલ્લલ કવમુલ કાફેરૂન" અર્થાત્ ખુદાની ખુશનૂદીથી નાઉમ્મીદ ન થાય કેમ કે ખુદાની ખુશનૂદીથી નાઉમ્મીદ તો અધર્મીઓ જ પોષતા હોય છે. આ આયતથી ખુદાતઆલાએ મુમિનને વધામણી દીધી છે કે ધરતી ખુદાની રહેમતથી ખાલી નથી. તેના માર્ગદર્શનથી કોઈ વંચિત રહેતો નથી. અલબત્ત ખુદાથી ફરી ગયેલા લોકો ખુદાની રહેમતમાં માનતા નથી. વળી

એક બીજી આયતમાં ફરમાવેલું છે કે: **"અફામેનુ મકરલ્લાહે ફલાયામનો મકરલ્લાહે ઇલ્લા કવમુલ ખાસેરૂન"** (શું એ લોકો ખુદાના દાવથી ડરતા નથી જાણજો કે ખોટિયાઓ જ ખુદાના દાવથી નિડર રહે છે) આ આયત સૂચવે છે કે નબી (સ. અ. વ.)ની ભવિષ્ય-વાણીઓ હર જમાનમાં સાચી પડે છે. આથી ખુદાના મકરથી સાવધ રહેવું જ જોઈએ.

હવે રસુલેખુદા (સ. અ. વ.)ની હદીસ કે કાણા દજ્જાલથી ચેતીને રહેજો. તેમાં શું સંકેત છે તે જોઈએ. શરીઅતમાં જમણી આંખ અને જમણા હાથ અને જમણા હાથની કિતાબથી ઇશારો શરીઅતના બાતિન તરફ કીધો છે. જ્યારે ડાબી આંખ અને ડાબા હાથની કિતાબથી મતલબ શરીઅતના ઝાહિર છે. ત્યારે દજ્જાલ જેની જમણી આંખ નથી. તે દુનિયાના લોકોને ફક્ત શરીઅતના ઝાહિર તરફ બોલાવે છે એટલે ડાબી તરફ લઈ જાય છે. નબી સાહેબે ફરમાવેલું છે કે: **"અલ અવરો બિલ યમીન મલઊના બિલ યકીન"** (જમણી આંખનો આંધળો ખાત્રીથી લઅનતી છે). મતલબ કે જે બાતિનને રદ કરી ફક્ત ઝાહિર પર ભરોસો રાખે છે તેની જમણી આંખ બંધ છે. જ્યારે એક બીજો દજ્જાલ કે જેની ડાબી આંખ નથી. તે લોકોને ફક્ત બાતિન તરફ દોરવે છે. શરીઅતના ઝાહિર હુકમો જેવા કે નમાઝ, રોઝા, વુઝુ, ગુસલ કફન-દફનને ફગાવી દે છે. નબી (સ. અ. વ.) ફરમાવે છે કે: **"લા અવરો બિસ**

શિમાલ મલઉન" (ડાબી આંખનો આંધળો પણ મલઉન છે).

ત્યારે શરીઅતના ઝાહિરને પણ છોડી દેનારા લઅનતી છે. તેના તાવીલના ઇનકાર કરનારાઓ ઉપર પણ ખુદાની લઅનત છે. ઉપર જણાવેલા એ પ્રકારના કાળા દજ્જાલો હર ઝમાનમાં મૌજુદ હોય છે. બાતિનનો અસ્વીકાર કરી ઝાહિર પર ચાલનારા અને બાતિનને વળગી ઝાહિરને તજી દેનારા બન્ને જાતના લોકો કાણા દજ્જાલ જેવા છે, બન્નેનું દીન અધુરું છે, નાશકારક છે, ગુમરાહ છે આવી માન્યતા રાખનારાઓના સાથે થનારા પણ તેઓના દોરવણી આપનારા જેમ ધિક્કારના લાયક છે.

તો જે લોકોએ ખુદાની કિતાબને તરછોડી દીધી, નબી (સ. અ. વ.)ની શરીઅતને મૂકી દીધી, તેના ઝાહિર અને બાતિન બન્નેનો અસ્વીકાર કીધો તે બધા દોઝખના ઇંધન છે, ઇર્ષા અને ગર્વએ તેઓને દુનિયાના લંપટ બનાવી દીધા છે. તેઓ દુનિયાની જાહોજલાલી અને ધન-દૌલતની લાલચમાં ફસાયેલા છે. તાવીલ અને તન્ઝીલ બન્નેને તેઓએ તિલાંજલી આપી દીધી છે, તેઓ બન્ને આંખે આંધળા છે. એવી જ રીતે જેઓએ ફક્ત કિતાબ સાચવી અને રોઝા-નમાઝ જાળવ્યા તેઓએ પોતાની જમણી આંખ બંધ કરી દીધી અને જેઓએ કુર્આન, રોઝા અને નમાઝ તર્ક કરી માત્ર બાતિન પર જ ભરોંસો કીધો તેઓએ પોતાની ડાબી

આંખ બંધ કરી દીધી. આ પ્રકારના દરેક આંધળા અને કાણા ખુદા અને ખુદાના શત્રુ છે. કુર્આને-મજીદમાં ફરમાવેલું છે કે: "વ કઝાલેકા જઅલના લેકુલ્લે નબીય્યીન અદુવન શયાતિનલ ઇન્સે વલ જીન્ને યુહી બઅ-દોહુમ ઇલા બઅદિન ઝુખરફુલ કવલેગુરૂરા" (અને એ જ રીતે દરેક નબી માટે માનવ અને દાનવના શયતાનોને દુશ્મન ઠરાવેલા છે. તે શયતાનો દિલોને ધોકો દેવાનો એકબીજામાં ખોટી વાતો સીંચતા રહે છે.)

ત્યારે હકના દીન પર તે જ છે કે જે ઝાહિર અને બાતિન બન્નેને સાચવે છે અને ખુદાના ફરમાન મુજબ વર્તે છે. કિતાબ અને એહલેબયતના (પાક ઇમામો) જોડાણમાં મોટો ભેદ સમાયેલો છે અને શરીઅતના જીસ્મમાં એ જ વસ્તુ જાન બનીને રહેલી છે.

લખવામાં આવેલું છે કે જ્યારે અમીરૂલ મુમિનીન મવલાના અલી (અ. સ.)ને પકડી-જકડીને વિરોધીઓની સભામાં લાવવામાં આવ્યા અને બયઅત માટે જબરદસ્તી કરવામાં આવી ત્યારે આપે ડાબો હાથ આગળ કર્યો હતો અને મુઠ્ઠી બંધ રાખી હતી. એ વખતે સવાલ કરનારને આપે ફરમાવેલું હતું કે, "હું મારો જમણો હાથ નબીના હાથમાં આપી ચૂકયો છું હવે તે બીજાને અપાય નહીં."

આપ (સ. અ.)ના આ જવાબમાં ઘણો લુત્ફ છે, નબી તન્ઝીલના અને અલી તાવીલના ધણી છે. મૌલાના

અલીએ ડાબો અને તે પણ બંધ મુઠ્ઠીવાળો હાથ આગળ કરીને બતાવી દીધું કે હું જેઓને ડાબો હાથ આપું છું તેઓ ઝાહિરને પણ સમજનારા નથી પછી બાતિનથી તેઓને નિસબત હોય જ ક્યાંથી ?

આટલા વિવેચન ઉપરથી જે સાચો દીનદાર હશે તે કાળા દજ્જાલથી અને બન્ને આંખના આંધળાઓથી જરૂર બચીને ચાલશે. કારણ તે બન્ને લઅનતને પાત્ર છે.

પ્રકરણ ૪૬

નિકાહ અને સિફાહ બાબત

ખુદાતઆલાની તોફીકથી કહું છું કે નિકાહ તેને કહે છે કે જેમાં એક મર્દને એક ઓરત સોંપાય છે. તે પછી ઓરત મર્દની તાઅત કરે છે જેનો લાભ લઈ મર્દ પોતાનો ઘરસંસાર ચલાવે છે.

નિકાહમાં દરેક પરણનાર સ્ત્રી માટે તેના વલીનું અને બે સાક્ષીઓનું હોવું જરૂરી છે. વલી અને બે સાક્ષી વિના અગર હકના કાઝીએ પણ નિકાહ પઢાવેલા હોય તો તે જાએઝ ગણાતા નથી. કાઝી ઉલહક, વલી અને બે સાક્ષીથી નિકાહની વિધિ થાય તો જ શરીઅત પરણનાર મર્દ અને ઓરતને સમાગમ કરવાનો અધિકાર આપે છે. આ વિધિ સિવાય બીજી રીતે થયેલા જોડાણ સિફાહ એટલે અઘટિત છે.

રસુલિલ્લાહ ફરમાવે છે કે: "**લા નિકાહ ઇલ્લા એ બલીય્યીન વ શાહેદીને અદલીન**" (વલી અને

એ શાહિદે આદિલ વિનાના નિકાહ નિકાહ નથી). વળી કુર્આને મજીદમાં ફરમાવેલું છે કે: "**ફનકેહુહુન્ના બે ઇઝ્‌ને અહલેહિન્ના**" (નિકાહ બાઈના પાલકની પરવાનગીથી જ થાય.)

હવે જે બાઈના પાલક ન હોય તે બાઈના વલી સાહેબે દઅવત છે. નબીએ અકરમે ફરમાવેલું છે કે: "**અસ્સુલતાનો વલીય્યો મન લા વલીયા લહુ**" (જેના કોઈ વલી ન હોય તેના વલી સુલતાન છે.)

હવે ઉપર જણાવેલી બાબતોની તાવીલ શું છે તેમાં શું સંકેત છે તે હવે જણાવું છું.

ત્યારે જાણી લ્યો કે નિકાહ બે પ્રકારના છે. એક જીસ્માની અને બીજા રૂહાની. નબી (સ. અ. વ.) ફરમાવે છે કે, "અય અલી તમે અને હું બન્ને મુમિનોના મા–બાપ છીએ. હવે જ્યારે નબી અને વસી બન્ને મુમિનોના મા અને બાપ છે તો દરેક ઝમાનમાં આ બન્ને વારસદાર ઇમામ અને હુજ્જત પણ મુમિનોના માતા–પિતાના સ્થાનમાં છે. આપણે બધા (ઇમામ અને હુજ્જતના) તાબેદાર અને રૂહાની બાળકો છીએ. જ્યારે ઇમામ દૌર શત્રમાં હોય ત્યારે જગતના લોકો માટે ઇમામ ખુદાના હુજ્જત છે. જઝીરાના સાહેબ ઇમામના હુજ્જત છે, અને દાઈ જઝીરાના સાહેબના હુજ્જત છે ત્યારે ઇમામ અને હુજ્જત બન્ને સુલતાન છે; હવે નફસાની નિકાહ માટે દીનના હુદૂદોમાંના દરેક હદ

મુમિનોના પાલક (વાલી) છે જેમ નબી (સ. અ. વ.)એ ફરમાવેલું છે કે, "જેના કોઈ વલી ન હોય તેના સુલતાન વલી છે."

આ સિદ્ધાંતના રૂએ રસુલેખુદા (સ. અ. વ.) પોતાના સમયમાં ખલ્કના વલી હતા. જ્યારે આપનો દુનિયા છોડી જવાનો સમય નઝદીક આવ્યો ત્યારે આપે અલી ઇબ્ને અબી તાલિબ (સ. અ.)ને ઉમ્મતના વલી કીધા. ગદીરે-ખુમમાં હજારો મુસલમાનોના દરમિયાન અલીને બે હાથથી ઊંચા કરીને આપે ફરમાવ્યું : "**મન કુન્તો મવલાહો ફેહાઝા અલીય્યુન મવલાહો**" (જેનો હું મવલા છું તેના આ અલી પણ મવલા છે), પછી આપે અજબ શાનની દુઆ ફરમાવી અને અલીના ફઝલને ઝાહેર કીધું.

અમીરૂલ મુમિનીન અલી (સ. અ.) જ્યારે વફાત થયા ત્યારે આપે વલાયતની જવાબદારી ઇમામ હસનને સોંપી. હસન ઇમામે શહીદે આઝમ હુસેન (સ. અ.)ને સોંપી ત્યારથી આજ સુધી બાપ પછી દીકરામાં ઇમામત જારી છે. હર ઝમાનમાં ઇમામ મુમિનોના વલી છે: "**વ કઝાલેકા જઅલનાકુમ ઉમ્મતન વસતન લેતકુનુ શોહદાઆ અલન્નાસે વ યકુનુર્રસુલો અલયકુમ શહીદા**" અર્થાત્ અને એ જ રીતે અમોએ તમને વચમાર્ગી ઉમ્મત કરેલી છે કે લોકો પર શાક્ષી બનો અને રસુલ

તમારા સાક્ષી બને) આ ફરમાનનો આધારે અઈમ્મત (ઇમામો) બધા મુમિનોના શાહિદ (સાક્ષી) છે. અને નબી (સ. અ. વ.) બધા ઇમામોના શાહિદ છે.

ગદીરે ખુમમાં નબી (સ. અ. વ.)એ હાજર રહેલાઓને એમ પણ પૂછેલું કે: "શું હું તમારા કરતાં ચઢિયાતો નથી?" લોકોએ તરત જ જવાબ આપેલો કે, "કેમ નહીં, અય ખુદાના પયગંબર! આપ અમારા શરીર, જાન અને માલમિલકતો કરતાં પણ આલા અને અફઝલ છો."

અફઝલીયતનો આવો ખુલ્લો એકરાર લઈને નબીએ કરીમે સૌના માટે નફસાની સાથી અર્પણ કરવાની જાણે ખુદા પાસે પરવાનગી મેળવી લીધી. હેતુ એ કે, તેના લીધે આપની તસવ્વુર અને આપનો અકીદો દુનિયામાં હંમેશા કાયમ રહે. બાપ પછી વલાયત સોંપાતી જ રહે. ઇદે ગદીરના દિને રસુલિલ્લાહ (સ. અ. વ.)એ રૂહાની નિકાહ બાબત મુમિનોના વલી હતા. અલી આલા ઉમ્મતના જીવનસાથી હતા. એ જોડાણના અકલેકુલ અને નફસેકુલ જેવા બે સાચા શાક્ષી હતા. બે શાક્ષી વગર નિકાહ દુરસ્ત થઈ શકતા નથી એ હદીસ તે દિને સાકાર થઈ નબી અને વસી મુમિનોના મા-બાપ છે. એમની અતા ફરમાવેલી સુરત-જે હૂર કરતાં ઊંચી છે તેનાથી મુમિનોની શાદી થઈ છે. અકલ અને નફસ, લોહ અને કલમ તેના ગવાહ છે. જેનો જન્મ દીનના મહેલમાં રીતસર થયો હોય તે હલાલના ફરઝંદો

છે. મા–બાપની મોટી વિરાસતમાં તે સૌનો હક છે. તેઓને જ નમાઝ કાયમ કરવાનો અધિકાર છે.

ત્યારે અલી (અ. સ.)ની વલાયત અને મોહબ્બત અને આપ એ બક્ષેલી સુરત અને અકીદતથી આપના વંશની પવિત્રતાનો માપ નીકળે છે. એ વિનાના જોડાણો સિફાહ છે, અઘટિત છે, ગેરકાયદાના છે. રસુલેખુદા આખા જગત માટે ખુદા તરફથી પયગંબર થઈને પધારેલા છે. આપે જ દુનિયાના લોકોને તાલીમ અને તરબિયત આપેલી છે. આપ મુમિનોના બાપ છે કેમ ન હોય? દીનની દૌલતથી આપે જ મુમિનોને માલામાલ કીધા છે ત્યારે દિકરીનો પતિ તે જ થઈ શકે કે જેના માટે બાપની સંમતિ હોય. દિકરીની પોતાની પસંદગી કામ લાગતી નથી. તેના વલીની ખુશનુદી પણ જોઈએ જે દિકરીઓ પોતાના પિતા અને કાયદેસરના વાલીઓની મંજુરી વગર નિકાહ કરશે અને તેમાં બે સાચા શાક્ષી પણ નહીં રાખે તો તે નિકાહ નાજાએઝ ગણાશે અને એના જોડાણથી પયદા થયેલી ઓલાદ પણ 'અલા ગયરે રૂશદિન' ગેરકાયદેસર ઠરશે.

એ જ સિદ્ધાંતના રૂએ જે કોઈ પોતાના મનથી નબીજીની ખુશી વગર કોઈને પોતાના ઇમામ બનાવી લેશે તો તેણે દીનમાં નિકાહના બદલે સિફાહ કર્યા એમ કહેવાશે કારણ એવા નાજાએઝ નિકાહમાં અકલ અને અદલની ગવાહી મૌજૂદ નથી.

એ અકલમંદ ઇન્સાનો કે તમારા મા-બાપ, નબી અને વસી છે એના બાદ ઈમામ અને હુજ્જત છે. આ સઘળાએ આકાશ, પૃથ્વી અને અનફૂસની શક્તિથી ખુદાઈ દીન પેશ કીધો છે. આ દીનમાં કાયમી ફયઝ છે. મલકુતના અનવાર (ફરિશ્તાઓનું નૂર) અને હયાતે તૈયબા (પાક અને હલાલ જીવન)નો એમાં નકશો છે.

આ ખુદાના પસંદ કીધેલા દીન સિવાય બીજો કોઈ દીન નથી. ખુદાને જે દીન પસંદ ન હોય તે દીનમાં ઉછરેલું બાળક પાકીઝા ગણાશે નહીં. એના માટે આફાક અને અનફૂસ ગવાહી નહીં આપે. અકલ અને અદલનું નૂર એમાં નહીં પ્રકાશે. એવી જ રીતે ગેરકાયદેસરના બની બેસેલા તેમજ લોકોએ નીમેલા ખોટા ઈમામની શાક્ષી પણ કબૂલ નહીં કરવામાં આવે. ખુદા ફરમાવે છે કે: "**મા અશહદતોહુમ ખલકસ્સમાવાતે વલ અર્દ વ લા ખલકા અનફુસેહિમ.**"

તો ઇમામુઝ ઝમાન, હર ઝમાનમાં દુનિયાના વલી છે. આપ દીની રચનાનુસાર જઝીરાઓમાં હુજ્જતો કાયમ કરે છે. ઇલ્મ તલબ કરનારાઓને આપ તે હુજ્જતોથી જોડી દે છે. એ જોડાણના શાક્ષી નબી અને વસી છે. નબી આ દુનિયામાં અકલના સ્થાનમાં છે અને વસી નફસના.

આ બે મહાન હદની શાક્ષી એટલા માટે છે કે તેઓના વંશવેલા વધે રૂહાનિયતના બોલબાલા થાય.

હુજ્જતના ઈલ્મથી દાઆત તૈયાર થાય છે.

હવે જે શખ્સ કે ખુદાના પસંદ કીધેલા દીનને છોડીને ઈમામતનો દાવો કરશે યા ખોટા ઈમામથી સંબંધ રાખશે તો તેણે જાણે વલી અને એ શાક્ષી વગર લગ્ન કરી લીધા એમ કહેવાશે એનો વંશવેલો હલાલ નહીં ગણાય. એ સોની માન્યતા પણ પાકીઆ નહીં કરે.

જે સાચો મૂમિન છે તે ખોટાથી દૂર રહી સાચાને પસંદ કરશે. પોતાના આત્માનું જોડાણ બ રાહે રાસ્ત નબી અને વસીની પરવાનગી અને ખુશીથી કરશે નબી (સ.અ.વ.) ફરમાવે છે કે: "**તના કેહુ તકસોરૂ ફઇન્ની ઉબાહી બેકુમ યવમલ કિયામા સલા સાયેરૂલ ઉમમ**" (શાદીખાના આબાદી કરો જેથી તમારી વંશાવલી વધે અને કયામતમાં તમારાથી હું બીજાઓથી ગર્વ લઉં.

આ ફરમાનમાં આપનો ઈશારો રૂહાની જોડાણથી પણ છે જ આપ ઈલ્મના વધારાને પસંદ કરે છે. એટલું જ નહીં પણ ગર્વ પણ લે છે. પોતાને ઈલ્મના મદીના (શહેર) કહે છે અને ફરમાવે છે કે અલી તે મદીનાના બાબ (દરવાજા) છે. તદુપરાંત આપે એમ પણ ફરમાવેલું છે કે "મારાથી, યા મારા એહલેબયતથી યા તેઓનાં શિખવાડેલાઓથી શીખો. "**અલ ઓલેમાઓ વેરોસતુલ અંબિયા**" (અંબિયાનો વારસો આલિમો છે.)

નફસાની નિકાહના પરિણામ સારા આવે છે એમ બાબે

એક સંવાદ વિચારવા જેવો છે. લખવામાં આવેલું છે કે એક વખતે રસુલે ખુદા (સ.અ.વ.)એ એક નૌજવાનને જોયો અને પૂછ્યું, "તું પરણેલો છે કે નહીં ?" પેલાએ જવાબ દીધો કે "ના સાહેબ હજી હું કુંવારો છું." નબીજીએ પેલાને કહ્યું, "ઝટ પરણી લે કેમકે હાલમાં તું શયતાનના ભાઈઓમાંથી છે." (તરવવું જો ફઈન્નકામિન ઈખવા (નિસ શયાતીન)

હવે જો આ સંવાદનો માત્ર ઝાહિરી અર્થ લઈએ તો એવું ઠરે કે દરેક અપરણિત માનવી શયતાનનો ભાઈ થઈ જાય અને દરેક પરણિત ફરિશ્તાનો ભાઈ કહેવાય પરંતુ અંબિયાના ફ્રશબ્દોનો ફક્ત ઝાહિરી અર્થ લેવાતો નથી, એમાં સંકેત હોય છે. દુનિયામાં હજારો બલ્કે લાખો કુંવારા માણસો છે. અને તેઓમાનાં ઘણા પારસા અને પરહેઝગાર પણ છે. બીજી તરફ લાખો માણસો પરણેલા છે જેમાં ઘણા શરારતી અને ફસાદી છે. વળી ઇસા (અ. સ.) અને યાહ્યા (અ. સ.) પરણેલા નહોતા. આ બન્ને નબીઓને શયતાનના ભાઈ કહેવાય નહીં. ખુદાએ કુર્આનમાં આ બંનેને 'સરદાર' કહ્યા છે બીજી તરફ ફિરઓન પરણેલો હતો તેથી તે કંઈ ભલો ગણાતો નથી.

આથી ઉપલા સંવાદમાં ઝાહિરમાં પેલા જવાન પુરતો અર્થ લેવાય અને બાતિનમાં નબીનો પેલા જવાનને પૂછેલા સવાલનો અર્થ એ છે કે "તું ઈલ્મ પઢેલો છે કે નહીં ?"

જ્યારે પેલાએ નકારમાં જવાબ આપ્યો તો નબી (સ.અ.વ.) એ તેને શયતાનના ભાઈ કહ્યો કેમકે આપ (સ. અ. વ.)ના પાસે એ જ પ્રકારના ઇન્સાન હતા. ફરમાવેલું છે કે! "**અન્નાસુન્નાસે આલેમો વમુત અલ્લેમો વ સામે રેહુમ કલ હમજ**" મતલબ કે: લોકોમાં બે જ ભાગ છે, એક શીખવનાર અને બીજો શીખવનાર તે સિવાયના બાકી બધા ઢોર જેવા છે.'

તો સાબિત થયું કે સાચી માણુસાઈ વિદ્યા મેળવવામાં અને તેના ફેલાવવામાં છે. ઇન્સાનને ઘટે કે સારામાં સારા આલિમ પાસેથી ઇલ્મ મેળવે અને બીજાઓને પણ શીખવાડે. આ ફરમાવે છે કે: 'શીખનાર અને શીખવાડનાર જ્યારે ઇલ્મ માટે બેસે છે ત્યારે ફરિશ્તા તેઓ પર પોતાના પાંખોથી સાયો કરે છે. વળી જાણવું જોઈએ કે મૂમિન મૂમિનનો ભાઈ છે. નબીએ વસીને પોતાના ભાઈ કહ્યા છે શારીરિક (જીસ્માની) દુનિયામાં નબી અને વસી ઇન્સાનના રૂપમાં ફરિશ્તા છે. આ સર્વે ઓલોમાયે રબ્બાની (ઇશ્વરી વિદ્વાનો) છે. જેઓને ફરિશતાના ભાઈ બનવું હોય તો બે શાક્ષીવાળા વલીની ખુશનુદીથી ઇલ્મ હાસિલ કરે, એટલે ઇલ્મી શાદી કરે.

જાણી લ્યો કે રૂહાની જોડાણમાં મહેરથી મુરાદ તે તાવીલ છે કે દુનિયાની તમામ વસ્તુઓ કરતાં કીંમતી મતા છે. તાવીલનું ઇલ્મ હાઈઓ, હુજ્જતો અને તેઓની રજાથી

કાયમ થયેલાઓ જઝીરાના મૂમિનોમાં ઇલ્મનો પ્રચાર કરે છે. જે મર્દ પોતાની પરણેતરની મહેર ન ચૂકવે તો પરણેતરની ફરજ છે કે હકના કાઝી પાસે તેની ફરયાદ કરે. કાઝી તે મર્દને તે વિષે સવાલ કરશે અને જો મહેર અદા નહીં કરે તો બાઈને તે મર્દથી દૂર કરી દેવે તલ્લાક અપાવશે જેથી તે બાઈ બીજી શાદી કરી શકે.

એજ નિયમ મુજબ હકના આલિમો મુસ્તજીબને વખતો વખત તાવીલના ભેદ સમજાવતા રહેશે જો તેઓ આ પ્રમાણે નહીં કરે તો હકના સાહેબ પાસે તેઓની ફરયાદ કરવામાં આવશે હકના ધણી આ બાબતની તપાસ કરી મૂમિનોને બીજા કોઈ ઈલ્મ પઢાવનારા સાથે જોડી દેશે અને તેઓની ઈલ્મ મેળવવાની પ્યાસ બુઝાવશે.

ઈમામ અને દાઈને હક છે કે તેઓ મૂમિનોને ઇલ્મ આપવા માટે જેને ચાહે તેને નિમે અને જેને ચાહે તેને દૂર કરે.

આટલા શબ્દો પર નિકાહ અને સિફાહનું પ્રકરણ સમાપ્ત કરું છું જે હુંએ મારી શક્તિ મુજબ મૂમિનોને સમજાવવાનો પ્રયાસ કીધો છે ખુદા પાક મૂમિનોની તૌફીકમાં વધારો કરે અને સૌને નબી, વસી, ઇમામોના ચાહકો અને મિત્રો બનાવે.

પ્રકરણ ૪૭

વાજેબાત બાબત

ખુદાતઆલાની તૌફીકથી કહું છું કે દરેક બંદા પર ખુદાતઆલાની ત્રણ પ્રકારની તાઅત વાજીબ છે.

(૧) પાંચ વખતની નમાઝ કે જે તેના નક્કી કીધેલા સમય પર પઢવી જ જોઈએ. (૨) વરસમાં એકવાર આવતા શેહરૂલ્લાહ (શાહર એટલે મહિનો, અને અલ્લાહ એટલે ખુદા) એટલે રમઝાન કે જે ખુદાનો મહિનો છે તે મહિનાના રોઝા અને ઝકાત, (૩) જિંદગીમાં એકવાર હજ.

એ જ રીતે ખુદાની ખિલકતના પણ ત્રણ પ્રકાર છે. (૧) રૂહાની (આત્મિક) એટલે પેહલી દુનિયા, (૨) જીસ્માની (ભૌતિક) એટલે આ દુનિયા અને (૩) તાલીફ એટલે માનવ સમાજની રચના.

એ જ રીતે દીનના પણ ત્રણ દરજ્જા છે. (૧) નાતિક,

જે તનઝીલના સાહેબ છે. (૨) અસાસ જે તાવીલના ધણી છે અને (૩) ઈમામ જે તનઝીલ અને તાવીલ બન્નેનું જોડાણ કરનાર છે.

એ જ પ્રમાણે દીનના પણ ત્રણ પ્રકાર છે (૧) તફસીર ખુદાઈ કિતાબોની સમજણ. (૨) હદીસ–અંબિયા (નબીઓના) ફરમાનો. (૩) ફિકહે–શરીઅતના કાનૂનો જેને અંગ્રેજીમાં ISLAMICJURISPRUDENCE કહે છે. જે શખ્સ આ ત્રણે વિદ્યા (ઇલ્મ)માં પારંગત હોય છે તે ઊંચા દરજ્જાનો ગણાય છે અને બીજા લોકો તેને આલિમ હોવાના કારણે માન અકરામ આપે છે.

અલ્લાહ પાકે કુર્આને મજીદની સૌથી પહેલી સુરત જેને સુરયે ફાતેહા (OPENING SURA) કહે છે તેમાં ફરમાવેલુ છે કે: "**અલહમ્દુલિલ્લાહે રબ્બીલ આલમીન**" (વખાણ (હમ્દ) તે અલ્લાહ માટે જે બન્ને દુનિયાનો રબ (ધણી) છે). ઉપર જણાવેલી ત્રણે પ્રકારની દુનિયાઓનો સર્જનહાર તે પાક પરવરદિગાર છે, જેને ત્રણ તાઅત–દરરોજ સમયસર અદા કરવાની નમાઝ, રમઝાનના રોઝા–ઝકાત અને હયાતીમાં એકવાર હજ–વાજીબ કીધી છે. કુર્આને પાકની એક જ આયતમાં આ બાબત તરફ ઈશારો કરવામાં આવેલો છે: "**વ અકીમુસ્સલાતા વ આતુઝ ઝકાતા વ અકરેઝુલ્લાહ કરઝન હસનહ**" (નમાઝને કાયમ કરો, ઝકાત અદા કરો અને ખુદાને કર્ઝે હસના આપો.)

સર્વ સામાન્ય રીતે આમ પ્રજાએ (મુસલમાનોએ) આ આયતમાંથી બે ફરમાન, નમાઝ અને રોઝા-ઝકાતને અપનાવી લીધા છે, પણ ત્રીજો હુકમ કે જે ઘણો મહત્ત્વનો છે. તેની અવગણના કરી છે એટલું જ નહીં પણ તે 'ખુદાઈ ફર્ઝ' શું છે તે બાબતે વિદ્વાનોને પૂછીને તે બાબતમાં જાણકારી મેળવવાની કોશિશ કીધી નથી. એક જ આયતમાં ત્રણ હુકમ આપીને ખુદાએ ત્રણેનો એકબીજા સાથે શું સંબંધ છે તે દર્શાવી દીધું છે. દાખલા તરીકે જે નમાઝ ન પઢે તેની ઝકાત કબૂલ નથી. રસુલેખુદાએ ફરમાવેલું છે કે: "**લા સલાતા લેમન લા ઝકાતા લહુ વ લા ઝકાતા લેમન લા અલાતા વહુ.**"

ત્યારે જે ખુદાઈ ફર્ઝ અદા ન કરે તેની નમાઝ અને ઝકાત બન્ને કબૂલ ન જ થાય કેમ કે નબી, વસી અને ઈમામથી જોડાણની માન્યતા રાખીને ત્રણેની તાબેત કરે તો જ તે તાબેત ગણાય અને આ ત્રણ સાહેબોની તાબેતથી જ ખુદાની તાબેત ગણાય. જે ઈમામને ન માને તેનું નબી અને વસીનું માનવું અકારત (વ્યર્થ) છે. વસીને ન માને તો તેનો નબીને માનવાનો એકરાર પણ નકામો ગણાય અને જે નબીનો રીતસર એકરાર ન કરે તેને ખુદાનો ઈન્કાર કરી લીધેલો કહેવાય. આવો માણસ હકીકતમાં કાફિર જ ગણાય. કાફિરનો અર્થ 'કોઈપણ વસ્તુ પર ઢાંક-પિછોડો કરનાર' એવો થાય છે.'

આથી હકીકતના જાણકારોએ જ્યારે નબી (સ.અ.વ.)ને

ઉપર લખેલી આયતની તાવીલ (તેમાં શું મર્મ) છે તે બાબત વિશે સવાલ કીધો ત્યારે તેઓએ નબીએ અકરમે જે જવાબ આપ્યો તે ઉપર તેઓએ અમલ કર્યો. તેઓએ જાણી લીધું કે નમાઝ અને ઝકાતની અદાયગી સાથે વાજેબાત (ખુદાનું લેણું) ચુકવવું પણ જરૂરી છે. ઝકાતુલ માલ ખુદાનો હક છે અને તે સિવાયના બીજા બધા વાજેબાત ખુદાના કર્જમાં દાખિલ છે. આ કર્જમાં બીજા ઘણાઓના અધિકાર છે. વળી ધ્યાનમાં રાખવું જરૂરી છે કે કોઈને કર્જ આપવા કરતા તેનું કર્જ મુક્ત કરવામાં અર્થાત્ તેનું દેવું ચુકવી આપવામાં વધારે સવાબ (પૂણ્ય) છે.

હવે જ્યારે આ આયત નાઝિલ થઈ ત્યારે સૌથી પહેલા તેના ઉપર અમલ કરી ખુદાને કર્જ આપ્યું તે અમીરૂલ મુમિનીન મૌલાના અલી (અ. સ.) હતા. લખવામાં આવેલું છે કે એક સમયે મૌલાના અલી (અ. સ.) ક્યાંક કામસર જઈ રહ્યા હતા. રસ્તામાં આપે એક અરબને જોયો કે જે પોતાના ઊંટને દોરવી જતો હતો. અલી (અ. સ.)ને જોઈ તે ઊભો રહ્યો અને અરજ કીધી, "અય અમીરૂલ મુમિનીન! મારો આ ઊંટ વેચી દેવાનો છે, આપ ખરીદી લ્યો તો આભાર."

અલી (અ. સ.)એ જવાબ દીધો, "હાલમાં મારા પાસે રકમનો જોગ નથી."

પેલાએ અરજ કીધી, "તેમાં કંઈ વાંધો નથી. આપના

પાસે જ્યારે પણ પૈસાની જોગવાઈ થાય–કોઈ ગનીમત મળે ત્યારે આપજો."

"કેટલામાં વેચવો છે?" અલી (અ. સ.)એ પૂછ્યું.

"એકસો ઓગણીસ દિરહમમાં." તે અરબે જવાબ દીધો."

"જા મેં તારા ઊંટને ખરીદી લીધો." અલીએ ફરમાવ્યું.

"મેં આ ઊંટ આપને વેચી દીધો." કહી અરબે ઊંટની લગામ અલી (અ. સ.)ના હાથમાં મૂકી દીધી.

આપ તે ઊંટ લઈ આગળ વધ્યા તો સામેથી આવતો એક બીજો અરબ મળ્યો. તેણે અલી (અ. સ.)ને અરજ કીધી, "યા અલી! આ ઊંટ વેચવો છે? હું લઈ શકીશ."

અલી (અ. સ)એ ફરમાવ્યું, "હા."

"શું લેશો?"

શેરે ખુદાએ ફરમાવ્યું, "હાલમાં જ મેં તેને એકસો ઓગણીસ દિરહમમાં લીધો છે."

"લ્યો એકસો ઓગણીસ દિરહમ." એમ કહી અરબે રકમ ગણી આપી, ઊંટનો કબ્જો લીધો અને રસ્તે પડયો.

અલી (અ. સ.) સીધા નબીએ અકરમ (સ. અ. વ.)ની હજરતમાં આવ્યા તો નબીજીએ ઉપલી આયત પઢી સંભળાવી.

અમીરૂલ મુમિનીન તરત તેનો ભાવાર્થ સમજી ગયા

અને તરત જ એકસો ઓગણીસ દિરહમ નબી (સ. અ. વ.)ના સામે મૂકી દીધા.

"ઓ ભાઈ અલી! આ ચાંદીના સિક્કા ક્યાંથી આવ્યા?" સરવરે આલમે પૂછ્યું.

મૌલા અલીએ ઊંટની ખરીદી–વેચાણનો પૂરો કિસ્સો કહી સંભળાવ્યો. નબી સાહેબે ફરમાવ્યું, "ભાઈ અલી! ઊંટ ઉધાર વેચનાર જીબ્રઈલ હતા અને રોકડેથી ખરીદનાર મીકાઈલ હતા.

આ પછી અમીરીલ મુમિનીન એ લોકોને ઉપલી આયતની તાવીલથી જાણકાર કર્યા જે સાંભળી સક્તવાળાઓએ વાજેબાત અદા કરવાનું સવાબ લીધું.'

હવે જ્યારે ખુદાતઆલાનું ફરમાન આવ્યું કે: "વ અકરઝુલ્લાહ કરઝન હસના" (અને ખુદાને કરઝન હસના આપો) તો મુસલમાનોને ખબર નહોતી કે વાજેબાતની રકમ કેટલી હોય. અલીએ આલા જે તાવીલના સાહેબ છે તેઓએ સંખ્યા બતાવી આપી કે તે એકસો ઓગણીસ છે. (પછી તે કોઈ પણ ચલનમાં હોય, દીનાર દિરહમ અથવા ફિલ્સ).

બીજું એ કે જમલના હિસાબથી 'હસના'ના અદદ (સંખ્યા) એકસો ઓગણીસ થાય છે.

'હય'ના આઠ, (૮), 'સીન'ના (૬૦), 'નૂન'ના

પચાસ અને 'અલિફ'ના એક (૧) આ બધા અક્ષરો (હે, સ, ન, અને અ)નો સરવાળો એકસો ઓગણીસ (૧૧૯) થયો. વળી 'હસના' શબ્દ બારીતઆલાની વહદાનીયતનો પણ પૂરાવો આપે છે કે ખુદા એક છે–વાહેદ–છે વાહેદ શબ્દના ચાર અક્ષર છે, (વાવ, હય, અલિફ અને દાલ) જેનાથી ગરજ દીનના ચાર અસલ છે એ રૂહાની, એ જીસ્માની. આ અસલથી દીનની દુનિયામાં એકસો ઓગણીસ હુદૂદ થતાં હોય છે. ગુઝિશ્તા (થઈ ગયેલા) ઝમાનમાં અને હાલના ઝમાનમાં પણ તે સંખ્યા કાયમ રહેલી છે.

ગુઝિશ્તા ઝમાનમાં–કે જે અંબિયાઓનો (નબીઓનો) દોર કહેવાય છે તેમાં થયેલા એકસો ઓગણીસ હુદૂદ આ પ્રમાણે છે; નાતિક–આદમ, નૂહ, ઇબ્રાહીમ, મુસા, ઇસા, મોહમ્મદ, સાતમા સાહેબ કાએમ (અ. ઝિ. સ). આ સાતે હસ્તીના પાંચ અઝીમ મદદગાર છે. અવ્વલ, સાની, જદ, ફત્હ અને ખ્યાલ. આ પાંચેથી દરેક સાહેબ ફયઝ લઈને પોતાના બાર હુજ્જતને સોંપે છે અને તે હુજ્જતો દ્વારા તમામ જગતને ફાયદો મળે છે. દરેક નાતિકના દૌરમાં જે ઈમામતનો સિલસિલો કાયમ થાય છે તેમાં સાતરાનું ઘણું મહત્વ છે. દરેક નબી, દરેક વસી અને દરેક ઇમામના પાંચ મોટા મદદગાર છે અને દરેકના બાર હુજ્જત છે. સાતને સત્તરથી ગુણીએ તો એકસો ઓગણીસ થાય છે. (૭×૧૭=૧૧૯) અંબિયામાં સાત અઝીમ નાતિક છે ઇમામોમાં સાત ઇમામની પાંચ મોટા હયકલ છે, દરેકના બાર હુજ્જત છે જેનાથી પાંચ મોટા

મશ્તબાવાળા સાહેબોનું ફયઝ જગતમાં ફેલાય છે. તવહીદની દઅવત કાયમ કરવાનો શુરૂથી આખર સુધી આ એક જ તરીકો છે.

હજી જાણવું જોઈએ કે અઠવાડિયાના દિવસ સાત છે. દરેક દિવસમાં ફરજ થયેલી નમાઝની રકઆત સત્તર (૧૭) છે. આમ એક અઠવાડિયામાં દરેક મુસલમાન એકસો ઓગણીસ રકઆત ફર્ઝના નમાઝની અદા કરે છે.

દરેક ઇન્સાન પોતાની કુવ્વતનો ઉપયોગ ત્રણ વસ્તુથી જ કરી શકે છે–તન, મન અને ધન. આ ત્રણ વસ્તુઓ વડે આદમી પોતાની શક્તિ પ્રમાણે ખુદાની તાઅત કરે છે. ખુદા કોઈ પણ શખ્સથી તેની શક્તિ ઉપરાંતની આશા રાખતો નથી. "**લા યો કલ્લેફુલ્લા હો નફસન ઇલ્લા વોસોઅહા**"ની આયત તેના પૂરાવારૂપે મૌજૂદ છે.

પ્રકરણ ૪૮

એહલે કિતાબથી જઝીયો લેવા બાબત.

ખુદાતઆલાની તૌફીકથી કહું છું કે ઈસાઈઓ, યહુદીઓ, મજુસીઓ (ઝરદુશ્ત) અને કુફફાર સાથે મુસલમાનોનો પ્રસંગ આવે, ત્યારે જેહાદ કરવું વાજીબ છે. ઈમામને, ઉપર જણાવેલાં લોકો પાસેથી જઝીયો લઈ તેઓને અમાન આપવાનો અધિકાર છે. આ રીતે જઝીયાથી વસુલ કરેલી રકમમાંથી ઈમામ ચાહે તે રીતે સમસ્ત મુસલમાનો માટે, અથવા મૂમિનો માટે અથવા તો જેથી ઇસ્લામ અને ઈમામની કુવ્વત વધે, ફોજ સાધનસંપન્ન બને, અથવા દુશ્મનોના કાવાદાવાથી બચી શકાય તેવા દરેક કામ માટે વાપરી શકે છે. ઉપરાંત ઈસ્લામ અને ઇમાનની જે સાધનોથી ફતેહ થઈ શકતી હોય એવા દરેક સાધન પ્રાપ્ત કરવા માટે પણ આ રકમનો ઉપયોગ કરી શકાય છે.

જાણવું જોઈએ કે શરીઅતની દરેક બાબતનું બાતિન દુનિયાના આત્મામાં તાદશ્ય થાય છે બાતિન ઉપર જ ઝાહિરનો દરજ્જો અવલંબાયેલો છે, નબી (સ. અ. વ.) ફરમાવે છે કે: "**અલગોલાતો નસારય હાઝેહિલ ઉમ્મતે વન્નવાસેલો યાદોહાવલ ખ્વારિજો મજૂસોહા" અર્થાત "આ ઉમ્મતમાં ગોલાત** (સૌથી વધી ગયેલા) તે ઈસાઈઓ છે. નવાસિબ (ત્રાસવાદીઓ) તે યહૂદીઓ છે."

યહૂદીઓ અને ઈસાઈઓ એહલુલ કિતાબ કહેવાય છે કારણ તેઓ પાસે તોઅત અને ઈન્જીલ જેવી, આસ્માનથી ઉતરેલી કિતાબ છે. નવાસિલ અને ગોલાત ખુદાઈ કિતાબને માનવા છતાં પોતાના મનથી ઈમામમુકર્રર કલીલીયે છે. જ્યારે ખ્વારિજ (મનૂસીઓ) પાસે આસ્માનથી ઉતરેલી કોઈ કિતાબ નથી.

તો જેઓ પાસે કિતાબ નથી તેમનાથી જઝીયો લેવામાં આવતો નથી, પણ જેના પાસે કિતાબ છે તેઓ પાસેથી જઝીયો વસુલ કરાય છે. આમા સંકેત એ છે કે જેઓ પોતાના મનથી ઈમામ મુકર્રર કરે છે તે ઈમામની કેટલીક વાતો માની શકાય છે. અને પછી તેઓએ માન્ય રાખેલી વાતથી જ તેઓ સાથે બહસ કરી તે લોકોને માત કરી શકાય છે, જેમ કે એહલેકિતાબથી જઝીયો લઈને તેઓ પાસેથી વસુલ કીધેલી રકમ તે બધાના ફિત્ના ફસાદ દૂર

કેરવાના કામોમાં વપરાય છે. પણ જે લોકોના ઈમામ જ નથી, ખરાખોટા નેતાઓ નથી તેઓના કોલની કોઈ કીંમત જ નથી તેઓ તો પોતાની અકલ, સમજશક્તિ બધું જ ગુમાવી બેઠા છે એટલે તેમના પાસે છે શું કે તે લઈ શકાય.

જઝીયા શબ્દ જઝા (બદલા) ઉપરથી બનેલો છે. જે પ્રજાને અમાન અપાય છે તેનાથી માથાદીઠ બાર દિરહમના હિસાબે આ રકમ ઉઘરાવાય છે બાર દિરહમથી ઈશારો બાર હુજ્જત તરફ છે જેઓ ઇમામુલ હકના હુકમથી બારે જઝાયિરમાં વસનારાઓની સલામતી વિચારતા હોય છે. જઝીયાની રકમ એવા જ કામમાં વપરાય છે.

પ્રકરણ ૪૯

કાલુ ઈન્નાલિલ્લાહ વ ઈન્ના ઈલયહે રાજેઉનના સંકેત બાબત

ખુદાતઆલા કુર્આને મજીદમાં ફરમાવે છે કે : " અલ્લઝીના ઈઝા અસાબતહુમ મુસીબત કાલુ ઈન્નાલિલ્લાહ વ ઈન્ના ઈલયહે રાજેઉન " અર્થાત જ્યારે પણ તેઓ પર મુસીબત આવી પડે તો કહે કે અમે ખુદા માટે જ છીએ અને તેના તરફ જ વળનારા છીએ.

ખુદાતઆલાની તૌફીકથી આ વિષે કહું છું કે જ્યારે પણ કોઈ મુસ્લિમ યા કોઈ મૂમિન મુસીબતમાં આવી પડે, યા દુઃખ-દર્દમાં મુબતેલા થાય તો ઉપર લખેલી આયત (ઈન્નાલિલ્લાહ....) પઢે અરબો મુસ્કિલ કામોની સરખામણી રાતના અંધકારથી કરે છે એમાં તેઓની કલ્પના આવી છે કે જેમ અંધારામાં કશું સુઝતું નથી તે જ પ્રમાણે આફત

ત્યુ એક એવી વસ્તુ છે કે તે ક્યારે અને કેવી રીતે આવશે તેનો ખ્યાલ જ કરી શકાતો નથી. જેમ અંધારામાં આદમી ઓળખી શકાતો નથી તેમ જ્યારે કોઈ તકલીફ આવી પડે છે ત્યારે કશી સમજ પડતી નથી.

હવે અંધકાર બે પ્રકારના હોય છે. (૧) જીસ્માની અને (૨) નફસાની. જીસ્માની અંધકાર તે રાત છે જે સૂરજ ઉગતા દૂર થઈ જાય છે. નફસાની અંધકાર તે જહાલત (અજ્ઞાનતા) છે જેને ઇન્સાન પોતાની અક્લ અને હોશયારીથી નહીં પણ ખુદાના વલીના સબબથી જ દૂર કરી શકે છે. આ કારણે ઝમાનના વલીને સમ્સ (સૂરજ) કહેવામાં આવે છે. હર ઝમાનાના ઇમામ બસીરત (દિવ્ય ચક્ષુ)ના આફતાબ (સૂરજ) હોય છે. જેઓની હિદાયત (દોરવણી)ની રોશની (પ્રકાશ)થી નફસાની (આત્મિક) અજ્ઞાનતાનું અંધારૂ દૂર થાય છે. ઇમામની મદદબાની અને તાઈદના (માર્ગદર્શન) લીધે અઘરા સવાલોના જવાબ પણ સુઝી આવે છે. જ્યારે પણ ઇન્સાન જીસ્માની (શારીરિક) દુઃખ દર્દમાં ઘેરાઈ જાય તો તેના પર વાજીબ છે કે તે પોતાની ઝાતને ખુદા તરફ રજૂ કરી દે ખુદાની ખુશીમાં પોતાની ખુશી માને અને કહે **"ઇન્નાલિલ્લાહ વ ઈન્ના ઇલયહે રાજેઉન."**

એજ રીતે મૂમિનને ઘટે કે જ્યારે તે કોઈ દીનની મુશ્કિલ સમસ્યાને ઉકેલી શકતો ન હોય તો ઉપર મુજબ કહે કે: 'હું ખુદાના ખાતિર છું અને ખુદા તરફ જ

વળનાર છું એમાં સંકેત એ છે કે નફસ (જાન)ના માલિક સમયના ઇમામ છે કેમ કે દરેક મૂમેનોની રૂહાની ઝિંદગીનો આધાર આપની પાક ઝાતના લીધે જ છે. જાન પર કોઈ મુસીબત આવી પડે તો તેને દૂર કરનાર પણ ઈમામ જ છે. જે વાતને સામાન્ય ઇન્સાનો સમજી ન શકે તે સમજાવવાનું ઇલ્મ પણ ઇમામ પાસે છે અને દરેક તકલીફોને દૂર કરનાર પણ આપ જ છે.

સૈયદુલ અવલિયા મૌલાના અલી (અ.સ.) આખા આલમના મુશ્કિલ કુશા છે. ફક્ત મુસલમાનોની જ નહીં બલ્કે સમસ્ત ઈન્સાનોની દીની અને દુનિયવી સમસ્યાઓનો ઉકેલ અલીએ આલા જ કરી શકયા છે. અને આપના પછી આપના વંશજનો (ઈમામો) અલીમુર્તુઝાની રીતે પોતાના માનનારાઓને તમામ દુઃખોને સુખમાં ફેરવવાનો નુસ્ખો દેખાડતા રહે છે.

આ ન્યાયે મૂમિન દીનના હુદૂદમાંથી કોઈ પણ હદ કે જેનાથી રજા જોડાયેલી છે, તેના પાસે જશો તો તે હદ તેના સવાલોનો જવાબ આપી દેશે. હવે દીનના હદ તરફ કોઈ ગુંચવાડાભર્યો સવાલ આવી પડે તો તેના માટે જરૂરી છે કે તે ઈમામ તરફ તે સવાલ રજુ કરે તેથી તેની ગુંચવણ દૂર થઈ જાય.

કોઈવાર એવું પણ બને છે કે સવાલ રજુ કરવા

છતાં તેનો જવાબ મળતો નથી. આવું બને ત્યારે મૂમિનની ફરજ છે કે તે, પોતાનો ઈમાન સલામત રાખે અને કહે "ઈન્ના લિલ્લાહુવ ઈન્ના ઇલયહે રાજેઉન" મતલબ કે મૂમિન પોતાના જાનની નજાતીના સવાલોને દુનિયાવાળાઓ તરફ રજુ કરતા ખુદાવાલાઓ તરફ રજુ કરવાનો આગ્રહ રાખે કે જેઓ ઝાહિર અને બાતિન બન્નેના જાણકાર છે અને એમાં જ હરેક દુઃખ-દર્દનું છેવટ છે.

પ્રકરણ ૫૦

રસુલિલ્લાહ (સ. અ. વ.) અને આપની આલ ઉપર સલવાત બોલવું જરૂરી છે તે બાબત

ખુદાતઆલા કુર્આને મજીદમાં ફરમાવે છે કે: "**ઈન્નલ્લાહા વ મલાયેકતોહુ યુસલ્લુના નબીહે યા અય્યોહલ લઝીના આમનુ સલ્લુ અલયહે વ સલ્લમુ તસ્લીમા**" (ખરેખર ખુદા અને તેના ફરિશ્તાઓ નબી ઉપર સલવાત પઢે છે. ઓ ઈમાનવાળાંઓ તમો પણ તેઓ ઉપર સલવાતપણે અને દરૂદો તસ્લીમ કહો.)

આ આયતમાં સલવાત પઢવાનો હુકમ થયો છે. પરંતુ તેના અનુસંધાનમાં નબીએ અકરમ (સ. અ. વ.) એ ફરમાવેલું છે કે: "**લા તસલ્લુ અલય્યા સલાતન અર્શ.**" (મારા ઉપર પૂંછડી વિનાની સલવાત ન હોય.)

અરઝ લઈ કે "યા રસુલિલ્હાહ! પૂંછડી વિનાની સલવાત કેવી હોય?"

ઈર્શાદ ફરમાવ્યું કે: "અલ્લા હુમ્મા સલ્લે અલા મોહમ્મદિન કહે અને આલે મોહમ્મદિન ન કહે તેવી સલવાત પૂંછડી વગરની કહેવાય અને અધુરી ગણાય."

હજી આપ (સ. અ. વ.)એ ફરમાવેલું છે કે, "તમે મારા ઉપર અને મારી આલ ઉપર એવી સલવાત પઢો કે જેવી ઈબ્રાહીમ અને તેની આલ ઉપર પઢાવેલી છે.'

અરબી ભાષામાં સલવાતનો અર્થ અનુસરવાનો, જોડાણ કરવાનો થાય છે. સલવાતની તફસીર (સમજુતી)માં ઈસ્લામના બધા ફિર્કાના લોકોએ ઘણું લખ્યું છે તેનો સર્વસાર એ છે કે સલવાત ખુદા તરફથી અપાર રહેમત છે, ફરિશ્તાઓ તરફથી ઈસ્તેગફાર (માફી) દો અને મુસલમાનો તરફથી દુઆ (પ્રાર્થના) છે. વળી ખુદા ફરમાવે છે કે: ખુદા અને તેના મલાએકનો (ફરિશ્તાઓ) નબી (સ. અ. વ.) ઉપર સલવાત પઢે છે તો અય મૂમિનો તમે સઘળા પણ તેમના ઉપર સલવાત અને દરૂદ પઢો. આના જવાબમાં આપણે જ ખુદાને કહીએ કે: "અય પરવરદિગરાનુ નબી અને નબીની આલ ઉપર સલવાત પઢ," તો તે કેટલું અજુગતું કહેવાય." આ તો જાણે એવું થયું કે કોઈ આપણને હુકમ કરે કે ફલાણુ કામ કરો અને આપણે તને જ હુકમરૂપે કહીએ કે તું જ કર.

પણ ખરી વાત તો એ છે કે સૈયુદુલ અંબિયા (સ.અ વ.) એટલે તે બધા નબીઓના સરદારના મહાન મરત-

આની આપણે પૂરેપૂરી જાણકારી નથી. આપ (સ. અ. વ.)ના દરજ્જા બાબત આપણે આપણી સમજ મુજબ માત્ર થોડું જ જાણીએ છીએ. આપી ખુદાતઆલા જ્યારે સલવાત પઢવાનું ફરમાવે છે ત્યારે આપણે આપણી અજ્ઞાનતાના લીધે ખુદાને જ વિનંતી કરવી પડે છે કે : "અય ખુદા ! તારા હબીબનો દરજ્જો, તારા નજીક જેટલો ઊંચો છે તે કરતાં પણ અઝીમુશ્શાન સલવાત તું તારા હબીબ અને તેની આલ ઉપર પઢ."

નિર્વિવાદ રીતે ઇસ્લામના બધા ફિર્કાના લોકો કબુલ રાખે છે કે સૈયદુલ અંબિયા શફાઅતના ધણી છે. વળી ઈબ્રાહીમ અને આલે ઈબ્રાહીમ કરતાં પણ મોહમ્મદ (સ.અ.વ.) ચઢિયાતા છે. કેમ કે આપ સૈયદુલ કવનયન છે બધા નબીઓના સેનાપતિ અને સરદાર છે. ખાતેમુન નબીઈન (છેલ્લા નબી—આપના પછી બીજા કોઈ નબી આવનાર નથી) અને લવલાકના તાજદાર છે. ખુદાએ રસુલિલ્લાહ (સ. અ. વ.)ને રહેમતુલલિલ આલમીન—આખા જગતની ભલાઈ માટે—બનાવી આ ધરતી ઉપર મોકલાવેલા છે.

ત્યારે અયમૂમિનો ! જાણી લ્યો કે સલવાતનો અર્થ અનુસર્વાનો છે. એક કડીથી બીજી કડીને જોડવાનો છે. એમાં અસાસ (વલી) પહેલા છે. તે પછી હકના ઈમામો છે. જે સઘળાની તાબેદારી કરવાથી જ નબી (સ. અ. વ.) સુધી પહોંચી શકાય છે.

જ્યારે સલવાત પઢનાર મૂમિનનો અકીદો (માન્યતા) એવો હોવો જોઈએ કે તેના માટે નબીએ અકરમના વારસદાર અર્થાત ઈમામોની તાબેદારી તેના માટે જરૂરી છે. જેવી અલીની એનાયત છે જેવી જ ઈમામની પણ છે. જેવી ઈમામની છે, તેવી જ દાઈની પણ છે. આ પ્રમાણે નીચેથી ઉપર સુધીના હુદૂદને માનીએ તો જ ખુદાની તાઅત દુરસ્ત ગણાય. મૂમિનો માટે લાઝિમ છે કે પોતાના પુર્વજનોના ચીલે ચાલે, જેથી પહેલેથી છેલ્લે સુધીનો, અદના આલા બધાનો સ્વીકાર કાયમ રહે. આનું જ નામ સલવાત છે.

વળી મુખ્લિસ મૂમિનની એક ફરજ એ પણ છે કે તે પોતાની નમાઝ અને દુઆમાં સલવાતને દાખલ કરે. દરેક લખાણ અને બ્યાનને સલવાત પઢી શોભાવે. સલવાત વગરની નમાઝ અને દુઆ કબુલ નથી થતી, સબબ મુહમ્મદ (સ. અ. વ.) અને આપની પાક આલની જાણકારી અને તાઅત વગરની દઅવત હકની દઅવત ગણાય જ નહીં. સલવાત પઢનાર પોતાના મનમાં આ વાત સંપૂર્ણ રીતે ઠસાવી દે કે તે નાતિક (નબી)ના ફરમાનને માથે ચઢાવીને, અસાસ (વસીથી) જાનમાલથી જોડાઈને, ઈમામ અને ઈમામના દાઇની તાબેદારી કરનારો છે અને તેના લીધે જ તેની આ દુનિયા અને આખેરત–બીજી અને કાયમની દુનિયા જ્યાં તેને જવાનું છે–ઉજળાં બનનાર છે અને તેને નજાત મલનાર છે. ઇન્શાઅલ્લાહ.

પ્રકરણ ૫૧

લા હૌલા વલાકુવ્વતા ઈલ્લા બિલ્લાહિલ અલીયીલ અઝીમ

ખુદાતઆલાની તૌફીકથી કહું છું કે નબીએ અકરમ (સ. અ. વ.)એ મૂમિનોને માર્ગદર્શન આપ્યું કે તેઓ દરેક આફતમાં અથવા ગર્દિશમાં, કિંવા મુસીબતમાં "લા હૌલાવ લાકુવ્વતા ઈલ્લા બિલ્લાહિલ અલીયીલ અઝીમ"ની તસ્બીહ કરે. તદુપરાંત આપે ફરમાવેલું છે કે લા હૌલાના કલેમાન જન્નતના ખઝાનાઓમાંથી એક ખઝાના રૂપે છે. તેને તમારા બચ્ચાઓને શિખવાડો જેથી કરીને તેઓ શયતાનના વસવસાઓથી બચીને રહે અને તેઓને કોઈની નજર પણ લાગે નહીં.

આ એક ઘણો કારગર મંત્ર છે લા હૌલા....નો અર્થ એ છે કે હૌલા (ગભરાટ) અને લાકુવ્વાત (કોઈ શક્તિ પણ નથી), અરબી ભાષામાં 'હૌલ' શબ્દનો અર્થ 'પૂરા

એક સાલ વીતી જવાનો ' પણ થાય છે. તેમ ' હૌલ 'નો એક અર્થ "પાછા વળવાનો" પણ છે લોકો પર એક વરસ સારી રીતે પસાર થઈ જાય તેને એક સગન ગણવામાં આવે છે. માલ પર ઝકાત પણ એક સાલ સુધી સલામત રહે ત્યારે જ અપાય છે. કોઈ વાત અથવા કામ કરતી વખતે ભારે ગુંચવણ આવે ત્યારે એમ બોલાય છે કે : "પેટમાં હૌલ પડી ગયો છે."

આ કલેમાને જો તાવીલની રોશનીમાં જોઈએ તો તેનો અર્થ એવો થાય છે કે જ્યારે મૂમિન આ કલમો પઢે છે ત્યારે તે એમ સમજતો હોય છે કે ભારે ગભરાટમાં નાખનારી ગુંચવણો, શક શોબોહાત, બીક અને ચિંતાના સમયે ગભરાટ અને બીજી જે કંઈ અડચણો આવે છે, તેનાથી જાનને બચાવી રાખવાની તાકાત ખુદાતઆલા સિવાય બીજા કોઈનામાં નથી. દીનના દુશમનોના પેતરા, છળકપટ અને કાવતરાથી પણ ખુદા જ બચાવી શકે છે. જેના વલી અને ખલીફા, હર હાલતમાં દુનિયામાં મૌજૂદ હોય છે. ખાસ કરીને અલીયે અઝીમ (મહાન અલી) કે જે ધરતીમાં અકલે અવ્વલના મઝહર છે, બધા હુદ્દદો કરતા આલા અને અફઝલ છે. અલી (અ. સ.)ના ફયઝથી બચવાના દરેક રસ્તાઓ નીકળી શકે છે. હર ઝમાનના ઈમામને પણ હિદાયત અને ફયઝ અલી (અ. સ.) તરફથી જ મળે છે કે જે ફયઝ અને હિદાયત ઈમામ અલીએ આલાથી મેળવી પોતાની ઉમ્મતના લોકો તરફ પુગાડે છે.

"અલહમ્દુ લિલ્લાહે રબ્બિલ આલમીન વસલાતો સલામુન અલા રસુલેહી વ આલેહિત તય્યેબીનત તાહેરીન."

અદના અનુવાદક ખુદાના હમ્દ કરે છે અને શુક્ર ગુજારે છે કે ઇમામ મુસ્તનસિર બિલ્લાહના તાબેદાર, કામદાર, હુજ્જતે ખુરાસાન, હકીમ નાસિર ખુસરૂ અલવીની જગવિખ્યાત કિતાબ 'વજહેદીન'નો ગુજરાતી તરજુમો અહીં સમાપ્ત થાય છે. વાંચકો આ કિતાબ વાંચી તેમા આપેલા માર્ગદર્શન ગ્રહણ કરી તેનાથી ફાયદો મેળવશે. પવિત્ર મઝહબ ઈસ્લામ સુંધે, નાતિક, અસાસ, ઈમામ, દાઈ, હુજ્જત ઈત્યાદી સાહેઓના શું મરતબા છે તે સંપૂર્ણ રીતે સમજી લેશે તો ફારસી સાહિત્ય પ્રેમી ગુલામ અબ્બાસ પોતાની મહેનત સફળ થઈ એમ સમજી ભવિષ્યમાં પણ હકીમ નાસિર ખુસરૂના બીજા પુસ્તકોનો તરજુમો કરવાની હિમ્મત કરશે.

દુઆ અઝ મન વ અઝ શુમા આમીન.

[સમાપ્ત]